**અષાઢ વદ ૧૪, ગુરુવાર તા. ૧૦-૦૮-૧૯૬૧**
**શ્લોક - ૧૦, ગાથા-૧૪, પ્રવચન - ૩૩**

હવે ૧૪મી ગાથાની સૂચના કહે છે. હવે શું આવવાનું છે એ વાત અહીં ઉપોદ્‌ઘાતમાં કહે છે. '**આગળ શુદ્ધનયનો ઉદય થાય છે...**' અનંત કાળથી શુદ્ધ સ્વભાવ, જે નય શુદ્ધ બતાવનાર એ પ્રકાશ થઈને પ્રગટ થાય છે. એની સૂચનારૂપ શ્લોક કહે છે.

**आत्मस्वभावं परभावभिन्न-**
**मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।**
**विलीनसङ्कल्पविकल्पजालं**
**प्रकाशयन् शुद्धयोऽभ्युदेति।।१०।।**

શુદ્ધનય એટલે કે અહીંયાં આખી ચીજને બતાવનાર જ્ઞાનનો ભાગ. વર્તમાન જ્ઞાનનો ભાગ આખી ચીજ પરમાત્મસ્વરૂપે સ્થિત વસ્તુ છે એને બતાવનારી એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે કે જે સમ્યગ્દર્શનનું કારણ (છે).

'**શુદ્ધ આત્માના સ્વભાવને પ્રગટ કરતો...**' '**अभ्युदेति**' નામ પ્રગટ થાય છે. શું કહ્યું? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્યમાત્ર પિંડ વસ્તુ છે એને પ્રકાશતી શુદ્ધનય પ્રગટ ઉદય થાય છે. શું આમાં કહ્યું? શુદ્ધનય શું અને આમાં નય શું હશે? આ આત્મા એક સમયનો શુદ્ધ ચૈતન્ય પરમ સ્વભાવરૂપ એક, એને જે જ્ઞાનનો અંશ એકાકાર થઈને પ્રસિદ્ધપણાને પામતો શુદ્ધ સ્વભાવને પ્રકાશે છે એટલે કે ત્યાં સમ્યગ્દર્શન થાય છે એવી ચીજને એ બતાવી રહ્યું છે. સમજાય છે કાંઈ આમાં?

શુદ્ધનય આત્માના ત્રિકાળી નિરૂપાધિ એકરૂપ સ્વભાવ જે પરમપારિણામિકભાવ (તેને પ્રકાશે છે). વર્તમાનમાં એને સંયોગે કર્માદિ, એને નહિ. એની દશામાં વિકલ્પો આદિ (થાય તે) એને નહિ. એની દશામાં ક્ષયોપશમ ઉઘાડ કાંઈક વિકાસ (હોય તે) એને નહિ. એકરૂપ જે આત્માનો ત્રિકાળી પરમ સામાન્ય પારિણામિક સ્વરૂપ સત્ત્વ એને બતાવતું તે એને પ્રકાશતી નય પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? ભારે ધર્મનો માર્ગ, ભાઈ! શુદ્ધનય પ્રકાશતી ઉદય થાય છે. જ્યાં હોય ત્યાં ઉદય થાય છે. લ્યો! ઉદય થાય ચારિત્રનો. આ ઉદય થાય નયનો.

અનાદિથી એ શુદ્ધનયનું સ્વરૂપ એ વસ્તુ અખંડ એમાં એ વ્યવહારનયના લક્ષે એ શુદ્ધનય આથમી ગઈ હતી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્ય શુદ્ધ સ્વભાવ એને દૃષ્ટિમાં ન લેતાં વ્યવહારુ વર્તમાન ક્ષયોપશમનો ભાગ જરી

જ્ઞાન-દર્શન, વીર્યનો અંશ અને વિકાર, એને લક્ષમાં લેતાં એ વર્તમાન વ્યવહારનય અનાદિથી એકાંતપણે પ્રસિદ્ધ થઈ રહી હતી. સમજાય છે કાંઈ? એ શુદ્ધનય જ્ઞાનના અંજવાળે જે પ્રગટ સ્વભાવ અંતરમાં પૂર્ણ છે તેને પ્રકાશતી એ શુદ્ધનય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

હવે એ તો આત્માના સ્વભાવને એટલે નિરૂપાધિ ત્રિકાળ ભાવને બતાવતી-પ્રકાશતી-પ્રસિદ્ધ કરતી-પ્રગટ થાય છે. હવે એ આત્મસ્વભાવ કેવો છે? એમ કહે છે. આત્મા તો દ્રવ્ય છે અને એનો સ્વભાવ તેનો પરમપારિણામિક ત્રિકાળ એકરૂપ ભાવ છે. એને પ્રગટ કરતી શુદ્ધનય પ્રસિદ્ધપણાને, ઉદયપણાને પ્રાપ્ત કહો, પ્રસિદ્ધપણાને પ્રાપ્ત કહો (તે પ્રગટ થાય છે).

'**તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે?**' એટલે કે આત્મસ્વભાવ કેવો એ જણાવે છે? ભગવાન આત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન પર્યાયના અંશ ઉપરથી લક્ષ છૂટી અને ત્રિકાળી આદિ-અંત વિનાની ચીજ જે ધ્રુવ સામાન્ય વસ્તુ છે એને કઈ રીતે પ્રગટ કરે છે? '**પરદ્રવ્ય,...**' એ જ્ઞાનનો નય પુરુષાર્થથી, પુરુષાર્થથી અંતરમાં વળેલો ભાગ, જ્ઞાનના વર્તમાન પુરુષાર્થથી અંતર વળેલો નયનો ભાગ તે વસ્તુ અને તે જ્ઞાન એકરૂપ કરતી પ્રગટ થાય છે. એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કેવી બતાવે છે નય વસ્તુને? કે પર શરીર, કર્મ, વાણી આદિથી જુદું. એનું જુદું સ્વરૂપ છે. સ્વરૂપ કહો કે એનો સ્વભાવ કહો. શરીર, આ કર્મ, વાણી, મન એવા પરપદાર્થો.. બહારના તો ક્યાંય આઘા રહી ગયા, એનાથી તે આત્માનો ત્રિકાળી નિરૂપદ્રવ નિરૂપાધિ કલ્યાણમય સ્વભાવ, તેને પરદ્રવ્યથી ભિન્ન બતાવે છે. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યના ભાવો...**' અને જે કર્મનો ઉદય એ એનો ભાવ છે પરદ્રવ્યનો. શરીરનો પર્યાય કે એની અવસ્થા એ બધા પરદ્રવ્યના ભાવ છે. એનાથી પણ તે સૂક્ષ્મ જ્ઞાનનય જે અંતરમાં વળતાં એને પરભાવથી ભિન્ન બતાવે છે. સમજાય છે કાંઈ? '**તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો-**' કર્મ એક જડ દ્રવ્ય છે, શુદ્ધનય એનાથી ભિન્ન બતાવે છે. કર્મના ભાવ વિપાક જે અનુભાગ છે એનાથી પણ આત્માને જુદો બતાવે છે અને કર્મના વિપાકમાં જોડાવાથી જે પુણ્ય અને પાપ ને કામ ને ક્રોધ ને દયા ને દાન શુભાશુભભાવ થાય એવા '**વિભાવો-એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે.**' સમજાણું કાંઈ?

અંતરની દૃષ્ટિ એને અહીંયાં જ્ઞાનનો નય ગણીને જ્ઞાનપ્રધાનથી એ આત્મા એકરૂપ સ્વભાવ, એના મહેલમાં પેસતાં એ નય એટલે કે વસ્તુના સ્વભાવને બતાવનાર જ્ઞાનભાગ. એ કેમ છે? કેવી રીતે બતાવે છે? કે પરવસ્તુથી પ્રભુ ચૈતન્ય સ્વભાવ જુદો છે. પરદ્રવ્યના ભાવથી, વિકારથી, પરના વિકાર. કર્મનો વિપાક કે શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, એની વર્તમાન

ભાવ દશા એનાથી એ આત્મતત્ત્વ જુદું સમ્યગ્દર્શનના વિષયમાં બતાવે છે. અને કર્મના નિમિત્તથી.. સમજાણું? પરભાવો પરદ્રવ્યના નિમિત્તથી. નિમિત્તથીનો અર્થ? કે પોતાના સ્વભાવમાંથી નહિ થયેલા. પણ નિમિત્તના લક્ષે નયની ચીજ જે આત્માના પર્યાયમાં-અવસ્થામાં જેટલો શુભ અને અશુભભાવ થાય એ બધા પોતાના વિભાવો '**એવા પરભાવો...**' વળી પહેલું કીધું કે પોતાના વિભાવો. પોતાની દશામાં થતાં વિકારી દશા. એ પોતાના વિભાવ. એવા પરભાવ. પણ સ્વભાવની અપેક્ષાએ તેને પરભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ધર્મ પામવાની કળા કોઈ અલૌકિક છે! એ કાંઈ બહારના કોઈ લક્ષણે પ્રગટ થાય એવી નથી. ચૈતન્યબિંબ પ્રકાશનો પુંજ એક જેનો સ્વભાવરૂપ જેની શક્તિનું રૂપ અદ્‌ભુત છે. એવા આત્મસ્વભાવને આ શુદ્ધનય, અંતર વળેલું જ્ઞાન એને પોતામાં થતાં કર્મના નિમિત્તના સંગે ચડેલો વિકારભાવ, પોતાની અસ્તિમાં એ છે. પોતાની હયાતીમાં એ છે. એવા જે ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ તે પરભાવ, એનાથી જુદો ભગવાન આત્માના સ્વભાવને એ પ્રગટ કરે છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણું પણ. ફૂલચંદભાઈ! શું કાંઈક બોલે છે? કીધું ઝીણું ખરું ને? અરે..! ઝીણો પણ એ છે ને? ઝીણો પણ એ છે ને? એ ઝીણી દૃષ્ટિથી પકડી શકાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વર્તમાન દૃષ્ટિ અને જ્ઞાનના અંશને અંતરમાં વાળતાં એ વસ્તુને એવી રીતે પ્રતીતમાં બતાવે છે કે આતમ પદાર્થ પરવસ્તુથી જુદો, પરના વિપાક આદિ ભાવથી જુદો અને એના નિમિત્તથી થતાં પોતાના અપરાધના ભાવો એવા જે પરભાવો એનાથી જુદો આત્મા છે, એમ એ સમ્યગ્જ્ઞાનનો ભાગ સ્વભાવ સાથે એક થતાં આમ પ્રસિદ્ધપણાને પામે છે. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્દર્શન.

'**વળી તે આત્મસ્વભાવ...**' એ તો કીધું, આત્મસ્વભાવ '**प्रकाशयन् शुद्धयोऽभ्युदेति**' પછી કહ્યું '**परमभावभिन्न**' '**परमभावभिन्न**' એ પરભાવમાં બધું નાખી દીધું. પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવ અને પોતાના વિભાવ. હવે કહે છે, કેવો પ્રગટ કરે છે? '**मापूर्णमाद्यन्तविमुक्तमेकम्**' હવે એના વિશેષણ ચાલે છે. '**આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે-...**' બધી રીતે તેનો સ્વભાવ જ્ઞાયકભાવ, પરમસ્વભાવ એ પૂરો છે. વસ્તુ છે એ વસ્તુનો તાદાત્મ્ય ભાવ, આત્મા ચીજ જ છે એનો તાદાત્મ્ય ત્રિકાળી સાથે એકરૂપ ભાવ એ તો પૂર્ણ જ હોય. '**आपूर्णम्**' આ-એટલે સમસ્તપણે. '**आपूर्णम्**' શબ્દ છે ને એમાં? આ એટલે સમસ્તપણે પૂર્ણ આત્માનો સ્વભાવ. એટલે કે '**સમસ્ત લોકાલોકને જાણનાર છે-**' બધાને જાણવાની તાકાતવાળો ભાવ (છે) એમ તે સમ્યગ્દર્શન અથવા શુદ્ધનય પ્રગટ કરે છે. સમજાણું કાંઈ?

દૃષ્ટિમાં શુદ્ધનયથી આત્મા આવતાં તે આત્મા એકલો પૂર્ણ જ્ઞાયક ત્રણ કાળ ત્રણ લોકને

પ્રકાશવાના સામર્થ્યવાળું એ સત્ત્વ છે. એમ શુદ્ધનય સમ્યગ્દર્શનની પર્યાય, અંતર્મુખ એકાગ્ર થતાં એ આ રીતે વસ્તુને પ્રકાશી રહી છે. કહો, સમજાણું? '**કારણ...**' કૌંસમાં એનો જે ખુલાસો ઓલો પૂર્ણ છે એની વાત કરે છે. '**જ્ઞાનમાં ભેદ...**' એટલે ઓછા-વત્તાનો પ્રસંગ એ '**કર્મસંયોગથી છે,...**' કર્મના નિમિત્તના સંગમાં એનું ઓછા-વત્તાપણું પર્યાયમાં જ્ઞાનનું, દર્શનનું, વીર્યનું જણાય. થાય તો પોતાને કારણે પણ કર્મના સંગમાં એની દશામાં ઓછા-વત્તાપણું જણાય. પણ '**શુદ્ધનયમાં કર્મ ગૌણ છે.**' એનો સંગ અને સંગથી થતી ઓછી-વત્તી દશા એ બધો એક ચૈતન્યના તરફના વલણની દૃષ્ટિએ જોતાં એમાં એ ઓછા-વત્તાના ભાવ અને એ કર્મ જ જ્યાં ગૌણ છે એટલે ઓછા-વત્તાનો ભાવ તેમાં ગૌણ (છે). એકરૂપ ચૈતન્ય '**आपूर्णम्**' એટલે પૂર્ણ જ્ઞાયક છે. '**एकम्**' વ્યાખ્યા હવે પછી કરશે. સમજાણું કાંઈ?

'**વળી તે, આત્મસ્વભાવને...**' '**आपूर्णम्**'ની એટલી વ્યાખ્યા થઈ ગઈ. હવે '**आदि-अन्त-विमुक्तम्**' એની વ્યાખ્યા થાય છે. કેવો છે ભગવાન આત્મસ્વભાવ? દ્રવ્ય સ્વભાવ તાદાત્મ્યરૂપ જેનું એકરૂપ ત્રિકાળ છે એવો આત્મા કે જે શુદ્ધનયથી જણાય છે. '**આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે...**' એ સમ્યગ્જ્ઞાન અંતર વસ્તુને જોતાં એ અનાદિ અનંત એવી ચીજને પ્રગટ નામ પ્રસિદ્ધપણાને બતાવે છે. સમજાણું કાંઈ? આહા..! ભાષા અને બધી વાત જ જુદી જાતની, લ્યો!

કેવો છે આત્મા? એટલે કે એનો સ્વભાવ? અહીં તો સ્વભાવની વાત ચાલે છે ને નિરૂપાધિ. ઉપાધિનો અંશ, પ્રગટ અંશ એ નહિ પણ નિરૂપાધિ ત્રિકાળ સ્વભાવ કે જે આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે. સમ્યગ્જ્ઞાન શુદ્ધનય અંતર વળતાં તે વસ્તુ આદિ અને અંત વિનાની અનાદિ અનંત વસ્તુ ધ્રુવ છે એને આદિ અને અંત નથી એમ શુદ્ધનય પ્રસિદ્ધપણાને બતાવે છે. સમજાય છે કાંઈ? ભારે! ગ્રીક-લેટિન જેવું લાગે, લ્યો! કુંવરજીભાઈ! ગ્રીક-લેટિન. માંડ માંડ ઓલામાંથી આવ્યા હોય એમાં આ વાત આવી સાંભળવાની મળે. ક્યાંય મોં-માથું સૂઝે નહિ. કોઈ દિ' રસ્તો લીધો નથી. લાલજીભાઈ! આ .. છે કે નહિ?

વસ્તુ ચૈતન્ય સૂર્ય, ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ સૂર્ય, આદિ-અંત વિનાનો તે જ્ઞાયક સૂર્યનો સ્વભાવ છે. એની આદિ નથી, એનો અંત નથી એટલે કે અવિનાશી અને અનુત્પન્ન એવો ત્રિકાળી જેનો પરમસ્વભાવ જ્ઞાયકભાવ છે એ સમ્યગ્દર્શન તેને પ્રસિદ્ધ કરે છે, એને માને છે, શુદ્ધનય તેને પ્રસિદ્ધ કરીને કહે છે. જાણે છે પણ શુદ્ધનય એને કહે છે. આવો આત્મા છે. સમજાય છે કાંઈ?

કેવો છે આત્મસ્વભાવ? આદિ-અંતથી રહિત એવો શુદ્ધનય તેને પ્રગટ બતાવી રહ્યો છે. અર્થાત્ કોઈથી શરૂઆત એની નથી. એ ચીજની કોઈથી શરૂઆત નથી, કોઈ ઈશ્વર એનો

કર્તા હોય કે બીજો કોઈ એનો બનાવનાર, રચનાર હોય (એમ નથી). એ **'આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ...'** નથી. એવો ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ સ્વરૂપ ભાવ તેને શુદ્ધનય પ્રગટ કરે છે. એવા પારિણામિકભાવને. આત્મસ્વભાવ લેવો છે ને? આત્મા, એનો સ્વભાવ ત્રિકાળી પારિણામિકભાવ, એને એ શુદ્ધનય અંતર્મુખ થતાં એ એકરૂપ પારિણામિકભાવને આદિ-અંત વિનાને પ્રગટ કરે છે. સમજાણું કાંઈ?

હવે એક વિશેષણ રહી ગયું. **'एकम्'** છે ને?

**आत्मस्वभावं परमभावभिन्न-**

ત્યાં મીંડુ ગયું.

**मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।**

હવે **'एकम्'**ની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મસ્વભાવ... લ્યો! ભગવાન આત્માને ભગવાન આત્મસ્વભાવ. મહિમાવંત પ્રભુ આત્માનો સ્વભાવ જે શુદ્ધનય પ્રસિદ્ધ કરીને બતાવે છે, એ આત્મસ્વભાવ ધ્રુવ કેવો છે? કે **'આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત...'** ગુણ-ગુણીનો ભેદ નહિ, પર્યાય-પર્યાયવાન, અવસ્થા અને અવસ્થાવાળો એના ભેદ નહિ, ગુણ-ગુણીનો ભેદ નહિ. એક.. એક. શુદ્ધનય સમ્યગ્જ્ઞાન જે વાસ્તવિક જ્ઞાનનો ભાગ અંતર વસ્તુમાં વળતાં, તન્મય થતાં તે એકરૂપપણાના આત્મસ્વભાવને બતાવી રહ્યો છે. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનની શરૂઆત. આ સમ્યગ્દર્શનની ભૂમિકામાં આવો આત્મસ્વભાવ છે, જણાય, પ્રતીતમાં આવે એને સમ્યગ્દર્શન કહે છે. આ સમ્યગ્દર્શનની ગાથા આવશે. ચૌદમી સમ્યગ્જ્ઞાન પછી પંદરમી. સમજાણું કાંઈ? આ ધર્મની અહીંથી શરૂઆત થાય છે. ભારે ધર્મ, ભાઈ! ...લાલજી! પૂજા, ભક્તિ, દયા, દાન ને એવા કહે છે કે વિકલ્પથી તો એ જુદું તત્ત્વ બતાવે છે. એમ કહે છે. આ કહે છે કે એનાથી અમને સાધન થાય. એનાથી અમને લાભ થાય.

તને વસ્તુને બતાવનાર સમ્યગ્દર્શન કે શુદ્ધનય એની ખબર નથી. સમજાય છે કાંઈ? તેથી વચમાં આવતા જે દયા, દાન, કામ, ક્રોધ આ શુભાશુભભાવ એનાથી આત્માને સમ્યગ્દર્શન થાય અને એનાથી આત્માને સ્વસંવેદનજ્ઞાન ધર્મ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. કારણ કે જ્ઞાન નામ શુદ્ધનયનો વિષય એકરૂપ છે એવી દૃષ્ટિ થયા વિના સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર ત્રણ કાળમાં થાય નહિ. સમજાણું કાંઈ?

**'આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી...'** ઓછી-વત્તી અવસ્થાઓ જ્ઞાનની, દર્શનની, વીર્યની કે અનેક પ્રકાર બીજા ગુણોની, કર્તાકર્મ આદિની પર્યાયો ઓછી-વત્તી આદિ. એ બધા ભેદના પ્રકારથી, દ્વૈત અવસ્થાથી, બે પ્રકારથી રહિત એકાકાર પ્રગટ કરે છે. એક

સ્વભાવ. એકાકાર એટલે એક સ્વભાવ. એને અંતર્મુખ શુદ્ધનય આવા સ્વભાવને પ્રગટ કરે છે. એટલે કે બતાવે છે. એટલે પ્રતીતમાં આવો આવે છે. સમજાણું કાંઈ?

હવે રહી ગયું ત્રીજું પદ. ત્રણ પદના અર્થ થઈ ગયા.

**विलीनसङ्कल्पविकल्पजालं**

**प्रकाशयन् शुद्धयोऽभ्युदेति**

આ તો બધા મંત્રો છે. આચાર્ય અમૃતચંદ્રાચાર્ય ચૈતન્યના અંતરમાં પ્રવેશ કરવાની વિધિ અને એ વસ્તુ કેવી છે, એમ ઘણા જ ટૂંકા શબ્દોમાં મળતો માહાત્મ્યવાળો પદાર્થ બતાવી રહ્યા છે. ઘણાં જ ટૂંકા શબ્દોમાં ઘણાં માહાત્મ્યવાળો આત્મા કે જે શુદ્ધનય બતાવે છે એ આ ચીજ છે એમ બતાવી રહ્યા છે. સમજાણું કાંઈ? વળી કેવો બતાવે છે? એ શુદ્ધનય એટલે સમ્યગ્જ્ઞાન આત્મા તરફ વળેલો તે કેવો આત્મસ્વભાવ બતાવે છે? કે જેમાં, જે સ્વભાવમાં **'સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે...'** એટલે કે જેમાં સંકલ્પ અને વિકલ્પ છે નહિ. એ સ્વભાવનું ભાન થતાં જેની પર્યાયમાં સંકલ્પ-વિકલ્પનો નાશ થયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા એક સમયનો પૂર્ણ એની અંતર દૃષ્ટિ અને જ્ઞાયકપણાનું વલણ પર્યાયનું થઈ, એકાકાર થયો તો કહે છે કે પર્યાયમાં પણ સંકલ્પ અને વિકલ્પનો જે ઉદય થતો હતો તેનો વ્યય થઈ ગયો. સમજાણું કાંઈ?

**'જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે.'** દ્રવ્યમાં તો નથી, એકમાં તો નથી, પણ આમ થતાં જેની પર્યાયમાં સંકલ્પ-વિકલ્પ રહેતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? હવે એની વ્યાખ્યા કરે છે જરી. સંકલ્પ એટલે શું અને વિકલ્પ એટલે શું? આ જડ કર્મ પરમાણુઓ અંદર જે આઠ કર્મની ધૂળ એ દ્રવ્યકર્મ છે અંદર. ભાવકર્મ જે વિકલ્પ શુભ-અશુભભાવ, વિકલ્પ કાર્ય, વિકલ્પનું કાર્ય, વિકલ્પરૂપ કાર્ય. વિકલ્પનું નહિ. વિકલ્પરૂપ કાર્ય અને જડના કર્મની અવસ્થા એવું દ્રવ્યકર્મ અને નોકર્મ-વાણી અને શરીર **'આદિ પુદ્‌ગલ દ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે...'** સમજાણું કાંઈ?

જડ કર્મમાં અને ભાવ વિકારી પર્યાયમાં અને શરીર, વાણી, મનની અવસ્થામાં પોતાની કલ્પના કરવી કે 'આ હું છું' એવો મિથ્યાત્વભાવ તેને સંકલ્પ કહે છે. એ શુદ્ધનય સ્વભાવ તરફ ઢળતાં એ સંકલ્પનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? પુદ્‌ગલ દ્રવ્યોમાં એ બધા પુદ્‌ગલ દ્રવ્ય કીધા. કોને? ઓલા ભાવકર્મને પણ. જડકર્મ પરમાણુ જે માટી, આઠ કર્મની ધૂળ. ભાવકર્મ એટલે દયા, દાન અને વ્રત આદિના પરિણામ અને નોકર્મ એટલે શરીર અને વાણી આદિ. એ બધા પુદ્‌ગલ દ્રવ્યોમાં. એ બધા પુદ્‌ગલ દ્રવ્ય છે. ખરેખર એ આત્મદ્રવ્ય

છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એમાં એકપણું મનાવનાર જે મિથ્યાત્વભાવરૂપી સંકલ્પ હતો એ ચૈતન્યના જ્ઞાયકભાવ શુદ્ધ સ્વભાવને જાણતાં તેને આવા જે દ્રવ્ય, ભાવ અને નોકર્મ એટલે કાર્યો ત્રણ પ્રકારના, એમાં પોતાપણાની માન્યતાનું અસ્તિત્વ હતું એ સંકલ્પ, એ સંકલ્પનો નાશ કરતી શુદ્ધનય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભાઈ! આમાંથી ને આમાંથી... હવે આમાં દાખલા-બાખલા બહુ નથી આવતા. પહેલા બહુ આવતા દાખલા. તેરમી ગાથા એક ફેરી ૨૨ દિવસ ચાલી હતી. અહીં તો છ દિવસ ચાલી. માખણ ઉતરે છે ને અત્યારે તો! સમજાણું કાંઈ?

સંકલ્પ (અર્થાત્) ભગવાન આત્મા પોતાનું ત્રિકાળી રૂપ ભૂલી અને વિકારની દશા કલ્પના, અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એમાં પોતાની કલ્પના, એમાં હિતબુદ્ધિ અથવા આ અસ્તિત્વમાં હું છું એવો જે ભાવ, તેને મિથ્યાત્વરૂપી સંકલ્પ કહેવામાં આવે છે. એ સંકલ્પનો, અંતર ચૈતન્ય સ્વભાવનું અવલંબન લેતાં એ સંકલ્પ સ્વભાવમાં નથી, દ્રવ્યમાં નથી, તો પર્યાયમાં પણ રહેતો નથી. સમજાણું કાંઈ? આ વાતું અલૌકિક છે! પણ એનું માહાત્મ્ય તો એને અંદર આવવું જોઈએને? એ માહાત્મ્ય કાંઈ કોઈ કરાવી દે એવું નથી. ભગવાન ઉતરે તીર્થંકર તો પણ કાંઈ કરાવી દે એવું નથી. એમ હશે કે નહિ? કુંવરજીભાઈ! કોઈ કહે છે કે આ મહારાજ એના છે તો કરાવી દેશે. એને વળી એમ કહેતું હતું. એમ બોલે છે તમારા વતી કેટલાક. માટે આ સમજવાની દરકાર કરતા નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! '**विलीनसङ्कल्पविकल्पजालं**' ભગવાન આત્મા પોતાના જ્ઞાનની અવસ્થા પર્યાયથી અંતર પર્યાયવાન વસ્તુ જે છે એનો જે સ્વભાવ, એમાં વળતાં એ વસ્તુમાં તો સંકલ્પ નથી, પરદ્રવ્યને રાગને, પુણ્યને, વ્યવહારને, નિમિત્તને એટલે દ્રવ્યકર્મ અને નોકર્મ, એ બધાને પોતાનો મનાવે એવો દ્રવ્યમાં સ્વભાવ નથી પણ પર્યાયમાં જે અનાદિ વિકલ્પથી માની રહ્યો હતો એ શુદ્ધનયના અંતર્મુખ થતાં એ સંકલ્પનો નાશ થઈ જાય છે.

'**અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો...**' અનંતાનુબંધી લેશે જરી. એ શુદ્ધનય, સમ્યગ્જ્ઞાન, સ્વભાવ સન્મુખ વળતાં એમાં જે પરજ્ઞેયો જાણવાયોગ્ય, જ્ઞેય જાણવા યોગ્ય વસ્તુ પ્રમેય, એને લઈને અંદર ભેદ જાણે મારામાં પડે છે એવી અસ્થિરતાનો વિકલ્પ જે અનંતાનુબંધીનો.. સમજાણું કાંઈ? અનંત સંસારના અનુબંધ અથવા મિથ્યાત્વ સાથે વિશેષ અવસ્થા જે અનાદિની અસ્થિરતાનો ભાગ જે અનંતાનુબંધીનું અસ્તિત્વ છે કે જે એને લઈને જ્ઞેય જણાવાયોગ્ય અને જુદી.. જુદી.. જુદી ચીજ જ્ઞેયોના અનેક પ્રકારથી જ્ઞાનમાં અનેક પ્રકારપણે ભાસ થઈ જવો એને અનંતાનુબંધીનો અનંત સંસારનો ઉત્પાદક વિકલ્પ કહેવામાં

આવે છે. ઓહો..! હવે આ અનંતાનુબંધી ને આ ક્યાં ગોખવા કે દિ'? ગોખવાની ક્યાં વાત છે? આ તો ભાવની વાત છે.

ભગવાન આત્મા જે જ્ઞાનની અવસ્થામાં વર્તમાન દશામાં અનેક જ્ઞેયોને જાણતાં જાણે મારા જ્ઞાનની પર્યાયમાં ખંડ ખંડ થઈ જાય છે, ભેદ ભેદ પડી જાય છે એવી બુદ્ધિ જે વ્યવહારનયના એકાંત વિષયમાં પડી હતી ત્યાં વિકલ્પ આવો અનંતાનુબંધીનો, અસ્થિરતાનો ઉત્પન્ન થતો (હતો), એ શુદ્ધનય સ્વભાવ તરફ ઢળતાં એ જ્ઞેયના અનેક પ્રકારથી જ્ઞાનમાં અનેક પ્રકાર થઈ જાય છે એ બુદ્ધિ રહેતી નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ...'** આમ એકાકાર થઈ ગયો હતો અસ્થિરતાથી. અહીં અનેકતાથી આ અનેકતા થઈ. એવો જે વિકલ્પથી ખંડ ખંડ થતો (હતો), એ શુદ્ધનયનો સ્વભાવ એણે એકાકાર ચૈતન્ય બતાવ્યો એને લઈને એકાગ્રતા એવી થઈ કે એ ભેદ ત્યાં માલૂમ થતો નથી. ક્ષણે ક્ષણે જ્ઞાનની એક્તાપણાની દશા થાય છે. કહો, આવા સંકલ્પ વિકલ્પને નાશ કરતો શુદ્ધનય આત્માના પ્રકાશને પ્રકાશ કરી રહ્યો છે.

**'આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.'** લ્યો! આ વાત હવે વિશેષપણે ૧૪મી ગાથામાં (કહેશે). આ તો ઉપોદઘાતની સૂચના કરી આગળની વાત હવે જે કહેવું છે એ વિસ્તારથી (કહે છે). આવો શુદ્ધનય પ્રકાશરૂપ **'प्रकाशयन्'** પ્રગટ પ્રસિદ્ધ પામે છે.

**'એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે :-'** લ્યો! હવે ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ એ શુદ્ધનય એટલે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનની પ્રધાનતાએ આમાં કથન છે અને શુદ્ધનયનો વિષય શું એ બતાવે છે.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं**
**ि ण य द ं ।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

ઓહો..! આચાર્ય મહારાજ એને આદેશ કરે છે. લ્યો! હે આત્મા! આને તું શુદ્ધનય જાણ, હોં! આને તું શુદ્ધનય જાણ.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

૧૧મી ગાથામાં ભૂતાર્થ ત્રિકાળ સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન થઈને બધા ભેદોને કાઢી નાખ્યા. ૧૨મીમાં એ અભેદ દૃષ્ટિની ઉત્પત્તિ થવા છતાં કાંઈક અંદર ભેદ રહી જાય છે તેનું સામાન્ય રીતે જ્ઞાન કરાવ્યું હતું. ૧૩માં નવ તત્ત્વના ભેદોના વિકલ્પરહિત એકલો અભેદ તેને બતાવ્યું. પ્રમાણ ને નય ને નિક્ષેપના ભેદરહિત એકલો અભેદ બતાવ્યો. આમાં દ્રવ્ય-

ક્ષેત્ર-કાળ-ભાવ અને વિકારથી, દુઃખથી રહિત એવો બતાવશે. સમજાણું કાંઈ?

આત્મા.. ઓલો કહેતો હતો, હમણાં આવ્યું હતું. બદ્ધસ્પૃષ્ટ છે, બદ્ધસ્પૃષ્ટ છે એનું જુઓ આવ્યું. નિમિત્તનો ખુલાસો કરો. અરે.. ભગવાન! સાંભળને, ભાઈ! આત્માનું કર્મ નિમિત્ત છે અને તેમાં નૈમિત્તિક એવો સંબંધ વ્યવહાર એનું જ્ઞાન પણ અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિ થયા વિના આ વર્તમાન આટલો ભાગ છે એનું વ્યવહારું જ્ઞાન પણ અજ્ઞાનીને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અમને કર્મબંધ છે, કર્મનો સંબંધ છે, સંબંધમાં અમે પડ્યા છીએ, એ ક્યાંથી જાણ્યું? કેમ જાણ્યું? એ કેમ તને ખબર પડી કે અમે કર્મના સંબંધમાં પુણ્યમાં છીએ. એ તો વર્તમાન કર્મનો ઉદય ફક્ત નિમિત્તરૂપ ઉપસ્થિત અને એના સંગમાં થયેલી વર્તમાન બદ્ધસ્પૃષ્ટ આદિ પર્યાયો, એનું વાસ્તવિક ભાન અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા (છે) એવી દૃષ્ટિ થયા વિના વાસ્તવિક વ્યવહારજ્ઞાન એનું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ કહે છે ને કે ગોમ્મટસારમાં કર્મથી સંબંધવાળો કીધો છે. એને બંધ કીધો છે, આમાં આમ કીધું છે, જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય એમ કીધું છે, દર્શનાવરણીથી દર્શન રોકાય એમ કીધું છે, અંતરાયથી વીર્ય રોકાય એમ કહ્યું છે. પણ અરે..! સાંભળ, પ્રભુ! એ બધા વર્તમાન કર્મનું નિમિત્ત અને એમાં વળેલી વર્તમાન દશા પોતાના અપરાધની. એ બેનું વાસ્તવિક જ્ઞાન અબદ્ધસ્પૃષ્ટ એવો ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાયક સ્વભાવે બિરાજમાન એની દૃષ્ટિ થયા વિના એ વ્યવહારનું જ્ઞાન, આ થાય છે અને છે, એવું જ્ઞાન પણ અજ્ઞાનીને સાચું હોતું નથી. સમજાણું કાંઈ?

'**ટીકા :- નિશ્ચયથી...**' એટલે ખરેખર. ખરેખર '**અબદ્ધ...**' ભગવાન આત્મા કર્મના બંધન રહિત છે. '**અસ્પૃષ્ટ,...**' વિસ્તા પરમાણુ પણ જોડે (રહેલાં છે) એનાથી પણ સ્પૃષ્ટ રહિત છે. એને પણ સ્પર્શેલો નથી. '**અનન્ય,...**' એની પર્યાયમાં અનેકતા દેખાય (છે) એવો તે નથી. એ અનન્ય છે, અનન્ય છે. અનેરો-અનેરો એ નથી. એનો ખુલાસો બધો આવશે, હોં! આ તો શબ્દો છે પહેલાં સાધારણ.

'**નિયત,...**' ઓલું દ્રવ્યથી કહ્યું હતું અબદ્ધસ્પૃષ્ટ. દ્રવ્યથી, પરના દ્રવ્યથી તદ્દન જુદો છે. ક્ષેત્રની અનેકતાથી પણ તદ્દન અનેરો-અનેરો નથી પણ અનન્ય એનો એ એકરૂપે છે. નિયત એની અવસ્થા. આત્માની અવસ્થામાં અગુરુલઘુને કારણે અનેક પ્રકારની પર્યાય ગુણોની હોય એનાથી રહિત નિયત છે. નિયત એકરૂપ જેનું સ્વરૂપ છે કાળથી પણ. '**અવિશેષ,...**' એનામાં અનેક પ્રકારના જ્ઞાન, દર્શન આદિ ગુણો વિશેષ-ભેદ-પ્રકાર છે. છતાં એ બધો વર્તમાન વ્યવહારનયનો વિષય છે. ભગવાન આત્મા સમ્યગ્દર્શન અને શુદ્ધનયનો વિષય જોતાં તેમાં એ વિશેષપણું છે નહિ, ભેદભાવ છે નહિ, ભાવના ભેદ નથી. '**અસંયુક્ત...**' અને એ દુઃખથી સંયુક્ત સંબંધવાળો છે જ નહિ. સમજાણું કાંઈ? એ દુઃખના સંબંધવાળો છે જ નહિ. એટલે

કે રાગ અને દ્વેષની વિકૃત અવસ્થા એવું જે દુઃખ એ એનામાં નથી. સમજાણું કાંઈ? **'એવા આત્માની જે અનુભૂતિ...'** આવો જે ભગવાન આત્મા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને વિકાર, એને ખાસ વિકાર દુઃખનું કારણ છે એટલે એનાથી ભિન્ન એકાકાર કહ્યો. જગતને દુઃખ જોઈતું નથી અને સુખ જોવે છે. ઈચ્છા તો આ છે ને? આખા જગતને તપાસે તો આ એક જ વાત (છે)-સુખ જોઈએ અને દુઃખ જોઈતું નથી. એ બે એક જ વાત થઈ. જેને સુખ જોવે એને દુઃખ જોઈતું નથી અને જેને દુઃખ જોઈતું નથી અને સુખ જોઈએ છે. અને એ સુખ તો પરમાનંદરૂપી મોક્ષ એ સિવાય સુખ હોઈ શકે નહિ. અને એ સુખ જેમાં હોય એમાંથી પ્રગટ થાય.

કહે છે, ભગવાન આત્મા અંદર એકલો આનંદ (સ્વરૂપ છે અને) પરથી સંયુક્ત, વિકાર સંયુક્ત રહિત છે. એવો જે આત્મા, શુદ્ધનય એટલે વર્તમાન જ્ઞાનનો અંશ અંતર્મુખ વળતાં એ આવા આત્માની અનુભૂતિને બતાવે છે. **'એવા આત્માની જે અનુભૂતિ...'** લ્યો! અત્યાર સુધી આવ્યું હતું (કે) શુદ્ધનયે આખા ત્રિકાળી સ્વભાવને બતાવ્યો. એકરૂપ સ્વભાવ. અહીં કહે છે કે એવા આત્માની જે અનુભૂતિ. એવા આત્માનો વર્તમાનમાં થવો અનુભવ. અબદ્ધસ્પૃષ્ટ છે, ભેદરહિત છે, ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ(થી રહિત છે). એવો ચૈતન્ય ભગવાન એકરૂપનો અનુભવદૃષ્ટિ ત્યાં પડતાં, જ્ઞાનનો પર્યાય ત્યાં વળતાં દશામાં જે અનુભૂતિ થાય તે શુદ્ધનય છે એમ કીધું છે અહીં. સમજાણું કાંઈ? કારણ કે આ પ્રગટ કરવું છે એને. મોક્ષ હિતરૂપ છે, સુખરૂપ છે એ એને પ્રગટ કરવું છે એટલે પહેલો વિષય આખો બતાવીને, શુદ્ધનયનો આખો બતાવીને એને સુખદશાનો અનુભવ થાય એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવી છે. સમજાણું કાંઈ?

બધા પ્રકાર ઝીણા પડે હોં! નવા નવાને. પણ ભાઈ! ધ્યાન રાખે ને. ધ્યાન રાખે ને. ધ્યાન રાખે તો કેવળજ્ઞાન લે એવો પ્રભુ છે. હવે આ તે સાધારણ વાતમાં શું? આમ એક ક્ષણમાં ઝળહળ જ્યોતિ અસંખ્ય પ્રદેશે અનંતસૂર્ય (પ્રગટે એવો છે). પ્રદેશ અસંખ્ય અને જ્ઞાનનો પ્રકાશ અનંત. એવી ચૈતન્ય તાકાતથી ભરેલો પ્રભુ છે. એને એની જાતને સમજવા માટે પણ એમ કહે કે મને આ સમજાય નહિ. સમજાય છે? ઝીણું પડે. અરે..! પ્રભુ! પણ તને ઝીણું શું પડે? તું એવડો મોટો કે લોકાલોકને જાણ. એવડો નાનો કે કોઈ માપથી તારું માપ આવી શકે નહિ. ઝીણામાં ઝીણો (અને) એવડો મોટો હોય તો તું. સમજાણું કાંઈ? પણ ખબર ન મળે. કિંમતુ બહારની આ ધૂળ ને આ ને આ ને આ. સમજાણું?

બહારના બગાડની વાતું કરે. એક શાક બગડ્યું તો દિ' બગડ્યો એમ કહે. આથણું બગડ્યું તો વરસ બગડ્યું કહે. બાયડી બગડી તો ભવ બગડ્યો કહે. પણ આ ભવમાં અનાદિનું ભાન

નથી અને ભ્રમ પડ્યો એનાથી અનંતા ભવ બગડ્યા. એને કાંઈ સમજ્યો છો? સરખી બાયડી ન આવી તો કહે, આખી જિંદગી એની સાથે પનારા. ભવ ગયો. સમજાણું? પણ આ અનંતા ભવ બગડ્યા એનું કાંઈ ખરું? કુંવરજીભાઈ! આ બધા કહે છે, બધા વાતું કરે છે એવી.

આ પ્રભુ, અરે..! બગડેલી દશાવાળો એને આત્મા માનવો અને કર્મના સંગમાં એકલો રોકાઈ ગયો એને માનવો, એ ભવ બધા બગડ્યા એ તો કહે છે. સમજાય છે કાંઈ? અનંતા ભવ બગાડમાં તું પેસી ગયો. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવો જે આત્મા પરના સંયુક્ત-યુક્ત વિનાનો. સંયુક્ત-સંબંધ વિનાનો. ઓલું તો અબદ્ધમાં કીધું. પણ આ તો એમાં વિકારની પર્યાયનો જરીએ સંબંધ નથી.

**'એવા આત્માની જે અનુભૂતિ...'** એટલે કે વિકારનું સંયુક્તપણું નથી. એટલા ચૈતન્યના ત્રિકાળ ઉપર જતાં ધ્રુવ સ્વભાવની અંતર દૃષ્ટિ પડતાં એની દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં અને રમણતામાં આનંદનો અનુભવ, જ્ઞાનનું સ્વસંવેદન થવું એવી જે અનુભૂતિ એ પર્યાય છે. આત્મા તે દ્રવ્ય છે-વસ્તુ અને આની જે અનુભૂતિ તે તેની પર્યાય છે-અવસ્થા છે-હાલત છે-દશા છે. તે શુદ્ધનય છે એમ કહેવામાં આવે છે. સમજાણું? કેમ કે સુખ જોવે છે ને? મોક્ષને હિત કરીને જાણીને, આ દ્રવ્ય તરફ વળ્યો છે ને સુખ માટે? મોક્ષને હિત જાણી, છૂટવું તે હિતકર છે. છૂટવું તે હિતકર છે, બંધાવું તે હિતકર નથી. એટલે કે સંસાર હિતકર નથી. સંસાર એટલે બંધાવાની દશા. મોક્ષ એટલે છૂટવું હિતકર છે. એવું જેનું લક્ષ થયું કે જેમાં છૂટેલો પદાર્થ છે એમાં એકાકાર થતાં એની દશામાં સુખની અનુભૂતિ, સુખનો ભાગ આવે એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અને એ અનુભૂતિ આત્મા જ છે;...'** જે સુખસાગર પ્રભુ, જેને માટે એના સુખને માટે જેની ધગશ અને જિજ્ઞાસા હતી.. સમજાણું કાંઈ? પોતાને ખોઈને પણ સુખ લેવા માગે છે, લ્યો! મરીને પણ સુખ લેવા માગે છે. મરીને પણ. હયાતી ખોઈને. ગળાફાંસો ખાઈને મરી જાય. સુખ જોઈએ. તો ક્યાંક સુખની સત્તા તો નક્કી (થાય છે). સુખની સત્તા તો ક્યાંક નક્કી થાય છે. અને એના ઉપાય લેવા માગે છે તો ઉપાય પણ નક્કી થાય છે. પણ સુખની સત્તા ક્યાં? અને એની પ્રગટતા કઈ દશામાં? અને એનો ઉપાય શું? એની ખબર નથી. સમજાણું કાંઈ? હિન્દીવાળાને થોડી થોડી ભાષા ખ્યાલ આવે તો સમજાય એવું છે, ભાઈ! આ તો બધું એકલું ગુજરાતી ચાલે છે ને. સમજાય છે કાંઈ?

કહે છે કે **'અનુભૂતિ આત્મા જ છે;...'** એ અનુભૂતિ તે આત્મા છે. એ નિર્મળ

પર્યાય તે જ આત્મા છે. વિકારનો સંબંધ તેને આત્મા કહેતા નથી. એમ કહે છે અહીંયાં. પુણ્ય-પાપનો વિકલ્પ કર્મના સંબંધવાળી દશા એને અમે આત્મા કહેતા નથી. '**એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' એ રીતે. આ પ્રકાર કહ્યો તે પ્રકારે આત્મા એક જ પ્રકાશમાન છે. એ અનુભૂતિ સહિત આત્મા એકલો પ્રકાશમાન છે. સમજાણું કાંઈ? એમાં કાંઈ વિકાર અને ફિકાર ને (કાંઈ નથી). એ તો આ એક અનુભૂતિના પ્રકાશમાં બીજું કાંઈક બાકી રહેલું એનું જ્ઞાન એમાં આવી જાય. એક જ પ્રકાશમાન છે. આ રાગ પ્રકાશે છે, નિમિત્ત પ્રકાશે છે ને એ પ્રસિદ્ધપણે અધિક વધી જાય છે, એવું અનુભૂતિમાં આત્માના ભાનમાં એ છે નહિ. સમજાણું કાંઈ?

'**એ રીતે આત્મા...**' આ પ્રકારે જે કીધો એ રીતે ભગવાન આત્મા '**એક જ...**' સ્વભાવથી '**પ્રકાશમાન છે.**' એક જ સ્વભાવથી આત્મા પ્રકાશ... '**प्रकाशयन् शुद्धयोऽभ्युदेति**' પ્રકાશમાન (છે). જાણતો-દેખતો પ્રગટ્યો. અનુભૂતિ સહિત આત્મા પ્રસિદ્ધ પામ્યો એ રીતે આત્મા પ્રકાશમાન છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, આને સમ્યગ્દર્શન કીધું. ભારે વ્યાખ્યા, ભાઈ! હજી ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન, અવિરત સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? સમજાય છે? અવિરત સમ્યગ્દર્શન. આહા..!

ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશના અનંત કિરણના પુંજનો પ્રભુ. આ તો હજાર કિરણ અને ફલાણું કિરણ વાતું કરે છે ને? પ્રભુ આત્મા અનંત ચૈતન્યના પ્રકાશના કિરણો એટલે શક્તિનું સત્ત્વ ઝળહળતું, એની દૃષ્ટિ થતાં એ ભગવાન અનુભૂતિમાં આ રીતે પ્રકાશમાન થાય છે. કહો, સમજાય છે કાંઈ? આને અનુભવ કહો, અનુભૂતિ કહો, સમ્યગ્દર્શન કહો, નિર્વિકલ્પ શાંતિ કહો, નિર્વિકલ્પ સમાધિ કહો, મોક્ષમાર્ગના ત્રણ અવયવો અંશે પ્રગટ્યા, દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ્યો એમ બધું જે કહો તે આ છે. સમજાય છે કાંઈ?

એને '**શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-**' લ્યો! આ વાત. ઓલા કહે, નયનો વિચાર કરો તમે. નય અને નયનો વિષય જુદો છે. એવા પ્રશ્ન ઉઠ્યા હતા ઘણાં વખત પહેલાં. અરે..! ભગવાન! સાંભળને, પ્રભુ! એ નય જ્ઞાન અને એનો વિષય એવા બે ભાગલા પડતાં વચમાં વિકલ્પ ઉઠે છે. સમજાય છે કાંઈ? આ જ્ઞાનનો અંશ અને આ જ્ઞાયક એવા બે ભાગ પડતાં એ ભેદ ઉઠે છે એ તો. એ વિષય અને વિષયનો કરનાર બે એકરૂપ થઈ ગયું એ અપેક્ષાએ અહીંયાં એને શુદ્ધનય કહો, સમ્યગ્દર્શન કહો, આત્માની અનુભૂતિ કહો કે એને આત્મા કહો. સમજાણું કાંઈ? આને આત્મા કહ્યો. સંકલ્પ-વિકલ્પ ને ચોર્યાસીના અવતારના કારણ કે રાગ-દ્વેષ કે દ્રવ્યકર્મ કે જડકર્મ આત્મા નહિ, એ આત્મા નહિ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ જૈન પરમેશ્વર ત્રિલોકનાથના જ્ઞાનમાં આવ્યો એ આત્મા શુદ્ધનયનો આ સ્વભાવ છે. જૈન પરમેશ્વર વીતરાગભાવે જગતની કરુણાથી એ વાણી નીકળી એ ભગવાનને કરુણા હતી. વીતરાગી કરુણા. પ્રભુ! જરી કરુણા પૂર્ણાનંદ થઈ અને પૂર્વે વિકલ્પ હતો કે હું પૂર્ણ થાઉં, એવા રજકણો બંધાણા એ તો પૂર્ણની પ્રાપ્તિ માટેની જ ધ્વનિ આપી છે. આપની ધ્વનિ અને આગમો... આ માટે જ આગમ છે. સમજાણું કાંઈ? અમે જે રીતે પ્રાપ્ત કર્યો તે રીતે તું પ્રાપ્ત કર. એ જ ભગવાનની વાણીમાં ચાર અનુયોગમાં આ જ આવ્યું છે. વિવિધ પ્રકાર, ગમે તે પ્રકાર આવ્યા હોય પણ એનું મૂળ પ્રયોજન તો આ આવ્યું છે. સમજાણું કાંઈ? આ તો ઝઘડા-બગડા મટી જાય એવી વાત છે, કેવળચંદભાઈ! ઓલા કહે, આમ કરો, ઓલા અમારા મહારાજ આમ કહે. ભાઈ! તમારા ને ફમારા રહેવા દયો. ફલાણા મહારાજ આમ કહે અને ફલાણા આમ કહે. ભાઈ! વસ્તુ આમ છે. હવે ફલાણો કહે અને ફલાણો કહે એ મૂકી દેને.

જૈન પરમેશ્વર જેની વીતરાગતાની ઈશ્વરતા હતી. વીતરાગ ઈશ્વરતા હતી. જિન પરમેશ્વર. તેણે આત્મા આવો શુદ્ધનયના વિષયવાળો પહેલો એમણે જોયેલો, પછી સ્થિર થઈને વીતરાગપણે પ્રગટ્યા ત્યારે વાણીમાં આ જ વાત આવી. ભાઈ! પ્રભુ તું મોટો, હોં! તારી વાણીમાં અમારા કથનો પૂરાં ન પડે. એવી ચૈતન્યની ચીજ અંતરમાં ઝબકાર જ્ઞાનના લઈ જો અને અનુભવ થાય એને અમે આત્મા કહીએ છીએ, એને શુદ્ધનય કહીએ છીએ, એને અનુભૂતિ કહીએ છીએ અને એ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? આ થયા પછી ચારિત્ર ને વ્રત ને તપ પછી હોય. આ વિના સાચું એકેય હોય નહિ. કેમ બરાબર છે? ચારિત્ર-બારિત્ર પહેલા લઈ લે તો? સમ્યગ્દર્શન પહેલા ચારિત્ર લઈ લે. ચારિત્ર હોય ક્યાંથી પણ? જે વસ્તુ છે એનો અનુભવ સત્તાના સ્વભાવના સામર્થ્યને પ્રતીત ને જ્ઞાનમાં આવ્યો નથી, ક્યાં તું રમીશ? ક્યાં તું રમીશ? ચારિત્ર એટલે રમવું. સત્તાનો સ્વભાવ સામર્થ્યવાળો પૂર્ણ એવી અનુભૂતિની પર્યાયમાં ભાસ્યો નથી કે આમાં રમવા જેવું છે, ઠરવા જેવું છે એમ ભાસ વિના રમીશ અને ચારિત્ર લાવીશ ક્યાંથી? સમજાણું કાંઈ? એટલે આચાર્ય મહારાજ ૧૪મી ગાથામાં આ રીતે કહે છે. ત્યારે શિષ્ય એવો લીધો છે ને.

**'અહીં શિષ્ય પૂછે છે...'** આવું સાંભળી અને શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો. જુઓ! પાત્ર એટલો લીધો છે કે કીધેલી વાત એના લક્ષમાં આવી. કીધેલી વાત એના ખ્યાલ ઉપર તરવરી. આ આમ કહેવા માગે છે, આમ કહેવા માગે છે. અબદ્ધસ્પૃષ્ટ અને અનન્ય. ભગવાન! **'અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો...'** જેવો આપે કહ્યો, આપે કહ્યો એ લક્ષમાં લીધો ત્યારે આપે કહ્યો એમ કહે છે. સમજાય છે કાંઈ? અહીં તો એવા જ સાંભળનારા લીધા.

આચાર્યની શૈલી જ એવી કોઈ છે. અદ્‌ભુત! અદ્‌ભુત વાત!! કહે છે કે આમ કીધું, શિષ્યે પૂછ્યું, પ્રભુ! જેવો ઉપર કહ્યો, આપે કહ્યો કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત છે એને આત્મા કહીએ, એને અનુભૂતિ કહીએ. પ્રભુ! એ ઉપર કહ્યો એ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? સમજાણું? ભૂતાર્થ આવો સ્વભાવ છે તો એની અનુભૂતિ કેમ થાય? આ બધું છે એ નીકળી કેમ જાય? સમજાય છે? પણ આ છે ને બધું? બદ્ધસ્પૃષ્ટ છે, આ છે, આ છે આ છે.. આ છે. વિકાર સંયુક્ત છે, ભેદો છે ને. આપે કહ્યો એવો આત્મા એની અનુભૂતિ કઈ રીતે થાય? એવી શિષ્યની અંતરની ધખશ અને જિજ્ઞાસા છે તેનું સમાધાન આચાર્ય મહારાજ કરે છે. સમજાય છે? એ આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૦)), શુક્રવાર તા. ૧૧-૦૮-૧૯૬૧**
**ગાથા-૧૪, પ્રવચન - ૩૪**

સમ્યગ્દર્શન કોને કહેવું? એ અધિકાર છે આમાં. આત્માનું સ્વરૂપ જે પરિપૂર્ણ છે એનું અંતરમાં ભાન થઈને પ્રતીત થવી એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન પામવાની રીત શું છે? એમ કહ્યું, ખરેખર આત્મા '**અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત-એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે,...**' શુદ્ધનય કહો કે અહીંયાં સમ્યગ્દર્શન કહો, બધું એક છે. ભગવાન આત્મા કર્મના સંબંધ વિનાનો, ક્ષેત્રના અનેક પ્રકારના ભેદ વિનાનો, કાળની અગુરુલઘુ આદિ અનેક પર્યાયના ભાવ વિનાનો, ગુણના ભેદના વિશેષ વિનાનો અને વિકારના સંયુક્ત સંબંધ વિનાનો, એવા આત્માની અનુભૂતિ. એમાં એ સ્વરૂપમાં... શબ્દો આટલા બધા ભલે યાદ ન હોય. એનું કાંઈ નહિ. અહીં તો સમજાવવાની શૈલીમાં એ બધા શબ્દો કાંઈ યાદ રહે અને આ શબ્દો હોય તો આ.. એવું કાંઈ નથી.

વસ્તુ પોતે એક સમયમાં પરના સંબંધ વિનાની અસંબંધી ચીજ એકલી ચિદાનંદ જ્ઞાનાનંદ પરિપૂર્ણ કોણ છે, એનો અંતરમાં અનુભવ થવો એને અનુભૂતિ અને સમ્યગ્દર્શન કહે છે. '**એ અનુભૂતિ આત્મા જ છે;...**' અભેદથી એને એક જ વાત કરી છે. ચૈતન્યમાં તદ્રૂપ થયો. જેવો એનો સ્વભાવ ત્રિકાળ છે એમાં એકરૂપ થયો, તદ્રૂપ થયો. તદાકાર સ્વભાવની શક્તિમાંથી પરિણતિ પ્રગટ અંશે થઈ. એને આત્મા ગણીને, અભેદ ગણીને આત્મા કહ્યો છે. '**એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' સમ્યગ્દર્શનમાં આત્મા એક જ પ્રકાશમાન છે. શિષ્યનો પ્રશ્ન. ક્યાં ગયા સ્વરૂપચંદજી? રાત્રે તમારો પ્રશ્ન હતો ને?

'**અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા...**' ઉપર કહ્યો તેવો. આ લક્ષ છે અહીં. એ વાત એણે સાંભળી છે. સાંભળી છે એટલે લક્ષમાં રાખી છે. એમ ને એમ કાને સાંભળીને કાઢી નાખી છે એમ નથી. આ આત્મા પરથી ત્રિકાળ સ્વભાવ એનો ભિન્ન છે. ભેદથી પણ તે ભિન્ન છે. પાંચ બોલે એમ આચાર્ય કહેવા માગે છે. પ્રભુ! '**જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?**' આવો જે આત્મા પરથી નિરાળો, અહીં સંબંધમાં તો દેખાય છે, સંબંધમાં દેખાય છે, ભેદ દેખાય છે, વિકારથી સંબંધ દેખાય છે અને તમે કહો છો એનાથી ભિન્ન ભગવાન આત્મા (છે). એનો અનુભવ કઈ રીતે થઈ શકે? એમ શિષ્યને શંકા થઈ. શંકા એટલે સમજવા માટે આશંકા થઈ. ખોટું છે એમ નહિ.

'**તેનું સમાધાન :-**' આવી જેને જિજ્ઞાસા (થઈ છે). પણ આ બધું પરથી સંબંધ...

સંબંધ... સંબંધ... વિકાર સંબંધ ભેદ એ જ પ્રકારમાં દેખાય છે. અને એનાથી રહિત આવો આત્મા એનો અનુભવ સમ્યગ્દર્શન કે શુદ્ધનયનો વિષય, એમાં તન્મયતા કઈ રીતે આવે? '**તેનું સમાધાન :-**' એનું સમાધાન કરે છે. જુઓ! ઓલાના ખ્યાલમાં તો છે કે આ કાંઈક દેખાય છે ને આ બધું? બદ્ધવાળું, કોઈ સંબંધવાળું ને.

કહે છે કે, ભાઈ! '**બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી...**' એ કાયમ ટકે એવી ચીજ નથી. સમજાણું કાંઈ? ભલે આમ સંબંધ દેખાય. પોતાની દશા પરના સંબંધે વિકારવાળી, ઉણી, ભેદવાળી, અનેક દેખાય છતાં એ બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવ એ અભૂતાર્થ હોવાથી એ કાયમ ટકતી ચીજ નથી. સમજાણું કાંઈ? એ કાયમ ટકનારી નથી, એ તો અનિત્ય ક્ષણિક ભાવ છે બધા. તેથી તેનો નાશ થઈ શકે છે. આ ઉત્તર આવ્યો. સમજાણું કાંઈ?

બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવ, ભાવ પાંચ કહ્યા હતા ને? એ કહ્યા છે એનાથી વિરૂદ્ધ કાઢ્યું છે. એણે કીધું કે આવો કેમ જણાય? આવો કેમ જણાય બદ્ધરહિત? અને આ બધું દેખાય છે ને બધું? ભાઈ! ભગવાન આત્મા ચૈતન્ય અખંડ આનંદનો પિંડ, એ આ બદ્ધસ્પૃષ્ટપણું જે દેખાય છે એમાં એ તો અસત્ય અને ખોટું છે. એ કાયમ ટકે એવી ચીજ નથી. એ તો ફૂ થઈને ઉડી જાય એવી ચીજ છે. સમજાણું કાંઈ? બદ્ધસ્પૃષ્ટ અને અનેરી અનેરી અવસ્થા અને અનિયત દશા અને ભેદવાળો ભાવ અને રાગ ને વિકારથી સહિતપણું, એ બધા ભાવો અભૂતાર્થ છે. અભૂતાર્થ નામ કાયમ ટકે એવા નથી. કાયમ ટકે એવા નથી. એ કાયમ રહે એવું એનું સ્વરૂપ જ નથી આ બદ્ધસ્પૃષ્ટનું, એમ કહે છે. સમજાણું કાંઈ? એ અસત્યાર્થ હોવાથી. એટલે કે કાયમ ત્રિકાળ સ્વભાવ જેમ ટકી રહેલું તત્ત્વ છે, એવો એ તત્ત્વભાવ નથી. ટકી રહેલું એ તત્ત્વ નથી. ક્ષણિક ભાવ છે. નિમિત્ત કર્મનું અને નૈમિત્તિક ભાવ, ભેદભાવ બધો ક્ષણિક ભેદભાવ દેખાય તે ટકે એવી ચીજ નથી. એને કારણે '**અનુભૂતિ થઈ શકે છે.**' કારણ આપ્યું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરથી નિરાળું એક જેનું ટકતું તત્ત્વ આખું, એમાં અટકતા જે ભેદભાવ આદિ જે સંબંધ એ કાયમ ટકે એવા નથી માટે તેનો અભાવ થઈને અનુભૂતિ થઈ શકે છે. સમજાણું કાંઈ? એટલે કે વ્યવહારનયનો જે વિષય (છે) એ અભૂતાર્થ છે. કાયમ ટકે એવું એ સ્વરૂપ જ નથી. ભગવાન આત્મા એક સમયનો જ્ઞાયક ચિદાનંદ પ્રભુ, પરથી અસંગ નિરાળો એવી દૃષ્ટિ કરતાં એ અભૂતાર્થ એટલે દૃષ્ટિમાંથી વ્યવહારનો વિષય ખસી જાય છે. એ રહેતો નથી. સમજાણું કાંઈ આમાં? શું ખસી જાય છે આમાં? ક્યાં ખસી જાય છે આમાં? ફૂલચંદભાઈ!

મુમુક્ષુ :- મુંઝવણ ટળી જાય છે.

ઉત્તર :- ટળી જાય છે? ટળવા માટે તો વાત છે આ. એવો જ અહીંયાં શિષ્ય લીધો છે સામે. ગૌણપણે બીજી વાત ગમે તેટલી હોય. મુખ્ય આ વાત (લીધી છે). અમે આમ કહીએ છીએ અને આમ છે. તું એકવાર જો, નજર કર ચૈતન્યના જ્ઞાયક એકરૂપ ભાવ ઉપર, એ ક્ષણિક ફૂ જેવા ઘાસપુસ જેવા છે. અનિત્ય અને અસ્થિર છે. એ તારી દૃષ્ટિના વિષયમાંથી ખસી જશે. સમજાય છે કાંઈ? લ્યો, આ સમ્યગ્દર્શન કહ્યું.

'**બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો...**' ભાવ છે તો ખરા. નથી એમ નહિ. પણ તે અભૂતાર્થ નામ ક્ષણિક છે. સંયોગે દેખાય છે. સ્વભાવની દૃષ્ટિ થતાં એ ભાવો બધા ખોટા થઈ જશે. એકલો ચિદાનંદમૂર્તિ ભગવાન તે દૃષ્ટિમાં શુદ્ધનયનો વિષય આવશે. માટે અનુભૂતિ થઈ શકે છે. કહો, બરાબર છે? શશીભાઈ! બિલકુલ બદ્ધસ્પૃષ્ટ નથી એમ નહિ. પર્યાયમાં નથી એમ નહિ. પર્યાય-અવસ્થા-હાલત-એમાં કર્મનો સંબંધ છે, એમાં ભેદ પણ છે ક્ષેત્ર અને કાળના, ગુણભેદ પણ છે અને રાગ-દ્વેષનું યુક્તપણું કષાયનું પણ દેખાય છે. પણ એ પર્યાયે વર્તમાને સંયોગે સંબંધે (દેખાય છે), વાસ્તવિક સ્વભાવમાં એ નથી. જેથી દૃષ્ટિ પલટતા વર્તમાન ક્ષણિક ઉપર તારી જે દૃષ્ટિ છે એ ગુલાંટ ખાતા ચૈતન્યમૂર્તિનો સ્વભાવ પકડતા અભૂતાર્થ જૂઠા (છે) માટે દૃષ્ટિમાં એ રહેશે નહિ. એની એક્તા તૂટી અને પૃથક્ જ્ઞાયકભાવનો અનુભવ થશે. સમજાણું કાંઈ?

તિર્યંચને તો આવા શબ્દોની પણ ખબર ન હોય, લ્યો. સમ્યગ્દર્શન થાય છે કે નહિ તિર્યંચને? અબદ્ધસ્પૃષ્ટની ખબર ન હોય, બદ્ધસ્પૃષ્ટ શું અને અબદ્ધસ્પૃષ્ટ શું? વાત એ કે એકવાર એણે શબ્દ સાંભળ્યો હોય, ભગવાન ચૈતન્ય આનંદ શુદ્ધ સ્વરૂપ પવિત્ર છે. એના અંદરમાં વિચારો બીજા ન આવતા ફડાક... આ વસ્તુ છે એ સુખરૂપ છે, આનંદરૂપ છે. એની પૂર્ણ દશા પણ આનંદરૂપ જ મોક્ષ થાય. શબ્દ ભલે આવડે નહિ. અને આ બહાર દેખાય છે જરી એ વિકાર આકુળતા આકુળતા છે. એ સંબંધમાં, પરના સંબંધવાળુ આમ લક્ષ જતાં આ આકુળતા છે. એનાથી હટવું અને પૂર્ણ અનાકુળ સ્વભાવમાં આવવું, આવો વિવેક થતાં તેને અનુભૂતિ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'**આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :-**' દાખલાથી તેને પ્રસિદ્ધિ દેવામાં આવે છે. જુઓ! આ દાખલે આ વાત સિદ્ધ થાય છે. એના દાખલા પણ મળી રહે છે. વસ્તુને સિદ્ધ કરવા એના દૃષ્ટાંતો પણ મળી રહે છે. '**જેમ...**' શેની વાત ચાલે છે આ? આત્મા કર્મ અને રાગ વિનાનો છે, એનો અનુભવ થઈ શકે કે કેમ? આ એમ પૂછતા એનો ઉત્તર દેવામાં આવે છે. કેમ કે એનો અનુભવ થવો એ જ પ્રથમ ધર્મ અને સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? જાધવજીભાઈ! બહુ ઝીણું આ. આ ક્યાંયથી હાથ આવે એવું નથી. પણ

ક્યાં છે તે હાથ આવે? જ્યાં છે સત્તા સ્વભાવ એકરૂપ વસ્તુ, એને દૃષ્ટિમાં લેતા આ વર્તમાન સંયોગભાવ એ જૂઠા થઈને કાયમ નહિ ટકતા અનુભૂતિ થશે, સમ્યગ્દર્શન થશે અને તને ખ્યાલમાં આવશે કે આત્મા બંધાયેલો નથી, સ્પર્શાયેલો નથી, ભેદવાળો નથી. ભાષા-બાષા ભલે ઓછી આવડે. કહો, સમજાણું કાંઈ?

'**જેમ કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય...**' કમલિનીનું પાંદડું કહે છે. એ પાણીમાં ડૂબ્યું દેખાય '**તેનો...**' પાણીમાં ડૂબ્યું હોય, અંદર હોય કમલિનું પાંદડું. '**તેના જળથી સ્પર્શાવારૂપ...**' પાણીથી અડવારૂપ, જળથી '**અવસ્થાથી અનુભવ કરતાં...**' સ્પર્શાવારૂપનો અર્થ એક કોર કહેવું કે એક પુદ્‌ગલ બીજા પુદ્‌ગલને સ્પર્શે નહિ. સમજાણું કાંઈ? એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહિ. ત્રણ કાળમાં અડે નહિ. અહીં તો ઓલો સંબંધ પૂરતો સ્પર્શાવાની વ્યાખ્યા કરી છે. સંબંધથી વાત કરી છે. પાણીમાં એ કમલિનું પાંદડું આમ ડૂબેલું પાણીમાં હોય એને નીચે એનો સ્વભાવ ઝીણી ઝીણી રૂંવાટી, કોરી રૂંવાટી હોય. પણ એને પાણીના સંબંધે દેખીએ, પાણીના સંબંધે ડૂબેલું એને દેખીએ તો કહે છે, એ '**જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' એટલે કે પાણીમાં તે કમલિના પાંદડાની નીચલી દશા જાણે પાણીમાં ડૂબેલી અને અડેલી હોય એમ જોઈએ તો. એમ. '**જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-**' એટલે કે વર્તમાનમાં એનો સંબંધ છે. નીચે પાણીમાં ડૂબેલું એ પાંદડું છે એટલો સંબંધ એ વ્યવહારે તે ભૂતાર્થ નામ સાચો છે. બિલકુલ સસલાના શિંગડા જેવું કે આકાશના ફૂલ જેમ નથી. સમજાણું કાંઈ?

'**તોપણ...**' હવે એ આવ્યું ઉડાડવા. આમ પાણીમાં તે પાંદડું એની નીચલી છાલ એટલે એની ભાત ઝીણી ઝીણી રૂંવાટી હોય. આમ પાણીમાં જાણે ડૂબ્યું છે એમ દેખાય છે. એવો સંબંધ સંયોગે છે. એ વ્યવહારે છે, ઉપચારે છે. સમજાણું કાંઈ? '**તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' પાણીને અને એ પાંદડાના સુંવાળું રૂંવાટું જે બિલકુલ પાણીને અડતું નથી. આમ ઊંચું કરો તો એકેય પાણીનો બિંદુ એને અડ્યો ન હોય. આમ પાણીમાં ડૂબ્યું છે એટલે સંબંધ દેખાય છે. આમ ઊંચું કરો તો કાંઈ ન મળે. અડે ને આભડે. લુવું ન પડે એ પાંદડાને. એ પાંદડાને પાણીમાં પડ્યું હોય તો ઉંચું કરે તો લુવું ન પડે, જરીએ રજ ન રહી જાય. એવો જ એ પાંદડાનો સ્વભાવ છે.

'**જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' જરાય નહિ સ્પર્શાવાયોગ્ય. ઓલો કહે છે કે પાંદડું ત્યાં સ્પર્શાવાયોગ્ય છે એ વાત સાચી છે વ્યવહારે. વ્યવહારે સાચી છે એટલે સંબંધ છે. સમજાણું? એ એના વાંધા. વ્યવહાર એટલે ઉપચરિત નહિ પણ સદ્‌ભાવ છે. પણ સદ્‌ભાવનો અર્થ અહીં કહે છે ને. છે ત્યાં એક નિમિત્ત પાણીનું. અને તેની રૂંવાટી આમ જાણે પાણીમાં

હોય એવા સંબંધે દેખાય છે, એ વ્યવહાર છે, એ ઉપચાર છે, એ આરોપ છે, વાસ્તવિકતા નથી. પણ તેના સ્વભાવને જોઈએ, એનો અંતર સ્વભાવ એટલે કે એ પાંદડાની રૂંવાટીનો સ્વભાવ પાંદડાનો જોઈએ (તો એ) જરાય અડવા યોગ્ય નહિ (એવો સ્વભાવ છે).

**'એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...'** એટલે કમલિનીના પાંદડાનો સ્વભાવ જોતાં, સ્વભાવ સમીપ નામ સ્વભાવને જોતાં. ઓલાને સંયોગને જોતા હતું. આ સ્વભાવને જોતાં, **'અનુભવ કરતાં...'** એ પાંદડાનું સ્વરૂપ જ એવું છે. બિલકુલ લુખ્ખું, બિલકુલ લુખ્ખું. એવા સ્વભાવની સમીપ જઈને. એટલે ત્યાં ખ્યાલમાં તેનો સ્વભાવ લેતાં, એનું જ્ઞાન કરતાં... **'સમીપ જઈને અનુભવ...'** એટલે એનું જ્ઞાન. વેદવું છે ક્યાં એને. એનું જ્ઞાન કરતાં **'જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-'** એ જળને તે કમળનું પાંદડું બિલકુલ અડ્યું નથી. અડ્યું જ નથી. વ્યવહારથી અડ્યો છે, નિશ્ચયથી અડ્યો નથી. ભારે બે વાત. કહો, સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એની વાણીમાં આ રીતે બદ્ધસ્પૃષ્ટ પર્યાયમાં સિદ્ધ કરવાનો આ દાખલો આ રીતે આવ્યો. સમજાણું કાંઈ? કે જો એ પાંદડાની નીચલી ભૂમિકા, નીચલી ભૂમિકા જાણે પાણીને અડી છે સંયોગ સંબંધે એમ દેખાય છે. છે ભલે. વ્યવહારથી વર્તમાન પૂરતી દૃષ્ટિથી સંયોગ સંબંધે છે. એનો સ્વભાવ જોતાં પાણીને બિલકુલ અડ્યું નથી. એ એના પાંદડાના સ્વભાવથી પાણી બિલકુલ એને અડ્યું નથી. અને એનો સ્વભાવ પણ પાણીને અડ્યો નથી. પાણીનું અડવું તે જૂઠું છે. આ દાખલો થયો.

**'એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...'** જરીક જૂનામાં સુધાર્યું છે. નવામાં. આત્માનો.. અનાદિ શબ્દ છે ને? એના કરતા એમ લેવું **'અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...'** પાણીમાં પડ્યું હતું કમળ, એ દૃષ્ટાંતને અહીંયાં સિદ્ધાંત સિદ્ધ કરવો છે ને? અનાદિ કાળનો બંધાયેલો આત્મા કર્મના સંબંધથી. **'બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ...'** સમજાણું? નવામાં સુધાર્યું છે ને? હા. નવામાં સુધાર્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્માને જોઈએ તો કહે છે કે પર્યાયથી, વર્તમાનથી, સંયોગથી, સંબંધથી જોઈએ તો **'અનાદિકાળથી બંધાયેલા આત્માનો પુદ્‌ગલ કર્મથી બંધાવા-'** બંધાયેલા આત્માનો પુદ્‌ગલ કર્મથી. એમ. અનાદિકાળથી બંધ-સંબંધના દૃષ્ટાંતે જોઈએ તો પુદ્‌ગલ કર્મથી બંધાવા અને સ્પર્શાવારૂપ અવસ્થાથી જ્ઞાન કરતાં, એનું જ્ઞાન કરતાં બદ્ધસ્પૃષ્ટપણું તેનામાં છે. કર્મના સંબંધપણું વ્યવહારે-વર્તમાને-સંયોગે છે. પણ એ દૃષ્ટિ એના લક્ષમાં લઈને એટલો માનવો એ મિથ્યાદૃષ્ટિ છે-એ અધર્મદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કર્મનું નિમિત્ત અને એનો સંબંધ આમ

છે ખરું. એમ પણ એટલો એને એ લક્ષે અને તે પ્રકારના સંયોગથી જીવને એવો જ માનવો (એ મિથ્યાત્વ છે). છતું છે એને માનવામાં મિથ્યાત્વ શેનું વળી? સમજાય છે? એવો છતો છે ને માનવો એમાં મિથ્યાત્વ શેનું? પણ એ અંશમાં તેનો સંબંધ છે. કાયમનું સ્વભાવ સ્વરૂપ તો એનાથી ત્રિકાળ ભિન્ન છે. સમજાય છે? એ વખતે ભિન્ન છે. એ વખતે ભિન્ન ન હોય તો પછી થાય કે દિ'? સમજાણું કાંઈ? આ વાંધા મોટા કરે છે અત્યારે. પુદ્‌ગલથી નહિ... પુદ્‌ગલથી સંબંધ છે. બદ્ધસ્પૃષ્ટનું જ્ઞાન કરો. પણ બદ્ધસ્પૃષ્ટનું જ્ઞાન ક્યારે થાય? સાંભળને!

કર્મ વસ્તુ આ છે વસ્તુ. એ એક ચીજ બીજી છે તેના લક્ષમાં અનાદિથી ગયેલો એનો સંબંધ છે. એવો સંબંધ જોતાં તેનું જ્ઞાન કરતાં તે કર્મના સંબંધનું જ્ઞાન તે વ્યાજબી છે. એટલે તે પ્રકારનો વ્યવહારે વ્યવહાર બરાબર છે. ઉપચારથી કર્મનો સંબંધ છે તે બરાબર છે. કહો, સમજાય છે કાંઈ? પણ એટલો અનુભવવો એટલે એટલામાં આત્માને કલ્પવો કે આ આત્મા (છે), એ તો અંશ અને સંબંધનો સ્વીકાર બેનો થયો. એ સ્વીકાર એ મિથ્યાદૃષ્ટિનો સ્વીકાર છે. એમાં મિથ્યા અધર્મદૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. એને તોડવા માટે... પેલી વાત એથી અહીં લીધી ને? લોકો કહે કર્મ. જીવમાં જૈન પરમેશ્વર કર્મ કહે છે, કર્મ કહે છે. પણ કોણ ના પાડે છે, સાંભળને! એ કર્મ આઠેય છે. એના ઘરમાં. અને તેના વલણવાળી... દાંત કાઢે છે. કેમ .. એના ઘરમાં નથી? ત્યારે કોના ઘરમાં (છે)? આત્માના ઘરમાં ગરી ગયા છે? એના ઘરના છે? કોના ઘરના છે? આત્માના ઘરના છે? એના સંબંધમાં જે લક્ષ ગયું છે એવો જે વલણનો સંયોગી ભાવ અને સંયોગ, બે વ્યવહારે યથાર્થ છે. વ્યવહાર તે સંબંધ ઉપચારથી બરાબર છે. પણ એ તો અનાદિનો વ્યવહાર આદરણીય માન્યો છે એણે. એટલે એને ખરેખર એનું વ્યવહારું જ્ઞાન પણ એને યથાર્થ છે નહિ. સમજાણું કાંઈ?

'**તોપણ...**' આમ હોવા છતાં પણ. આમ પર્યાયના લક્ષમાં કર્મનો સંબંધ જાણે છે એટલે જાણે બંધાયેલો આત્મા છે, સ્પર્શાયેલો છે, ઉપચારે તે વ્યવહાર કહેવામાં આવે છે. એ વાત બરાબર છે વ્યવહારથી. '**તોપણ...**' પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય. એ જડ તરફમાં લક્ષ કરવાની લાયકાત જ એના મૂળ સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય. નિમિત્તનો સંબંધ થવો એ વસ્તુમાં જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યપ્રભુ એકલો જ્ઞાયક ગોળો, એનો જ્યાં સ્વભાવ જોઈએ તો પુદ્‌ગલથી જરાય અડ્યો પણ નથી. અડ્યો એટલે સંયોગ સંબંધ જ એને નથી. સંયોગ સંબંધ તે વ્યવહારનો વિષય ત્રિકાળના સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય. કોણ? એવા આત્મ સ્વભાવની સમીપ જઈને.

પુદ્‌ગલથી જરીએ નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મા સ્વભાવની સમીપ જઈને. જે સમીપપણું

વર્તમાન અંશ ઉપરના સંબંધ ઉપર હતું, એને શુદ્ધનય જ્ઞાનના અંશે ત્રિકાળ સ્વભાવ સમીપમાં એકાકાર થતાં, જોતાં તે બદ્ધસ્પૃષ્ટપણું જૂઠું છે. આત્મામાં બદ્ધ અને સ્પૃષ્ટ કર્મનો સંબંધ તે તદ્દન અસત્યાર્થ, તદ્દન અસત્યાર્થ (છે). લે! સમજાણું કાંઈ? આ તો કથનની પદ્ધતિએ સમજાવે છે. પાંચ બોલ કહે છે એ કાંઈ પહેલો આ (છે) અને પછી આ (છે) એમ નથી કાંઈ. અથવા પહેલા વાત કરી હતી ૧૩મી ગાથામાં કે નવ તત્ત્વના વિકલ્પો તે ભેદ વ્યવહાર છે અને ત્રિકાળી જ્ઞાયકભાવમાં એ વસ્તુ છે નહિ. એમ સમજાવ્યું હતું. પણ આ બધું અનુભવ થતાં બધા બોલો એક સાથે જ પરના અભાવરૂપ પરિણમે છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું. બહુ ઝીણું આ ફેરી આવ્યું છે.

એવું કહ્યું હતું. પાછા પ્રમાણ, પ્રમેયને કહ્યું હતું એનો અભાવ. પણ એ આ એક થાય તો એ થાય અને એ થાય તો આ બધા એક સાથે બધાનો ભુક્કો વળે છે. પણ સમજાવવાની પદ્ધતિની શૈલીએ ભિન્ન ભિન્ન પ્રકારે એને વ્યવહારના પ્રકાર અને એનો એનામાં અભાવ, એમ સમજાવ્યું છે. પ્રમાણ-પ્રમેયનો ભેદ તૂટે અને આ પાછો એનો પરનો સંબંધ ન તૂટે એમ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? પહેલા એ નવ તત્ત્વના વિકલ્પથી રહિત બતાવ્યો હતો, પછી પ્રમાણ-પ્રમેય ને એના ભેદથી રહિત બતાવ્યો, નયના એક એક નયના ક્રમે ક્રમે અનુભવ કરતો હતો, આ દ્રવ્ય અને આ પર્યાય એનાથી (ભેદથી) રહિત (બતાવ્યો હતો), પછી નિક્ષેપના લક્ષણથી રહિત, બધાનું સ્વરૂપ એક ક્ષણે આ રીતે ભાનમાં આવે છે.

અહીંયાં જે વસ્તુ છે... આ પહેલો બોલ દ્રવ્યનો છે. સમજાય છે કાંઈ? કે જે પાંદડાનો સ્વભાવ એકલો વસ્તુ છે. સ્વભાવ એટલે કાયમી વસ્તુ. એનો-પાંદડાનો તદાત્મ્ય સ્વભાવ એ વસ્તુ. એમ ભગવાન આત્માનો સ્વભાવ કાયમનો જ્ઞાયકભાવ તે આત્મા. એવા આત્માના સ્વભાવની અંતર દૃષ્ટિએ જોતાં તે કર્મનો સંબંધ જરાય અડ્યો નથી, જરાય તેના સંબંધમાં નથી. એ બદ્ધ અને સ્પૃષ્ટપણું જૂઠું છે. સમજાય છે કાંઈ આમાં? આ ધર્મ કહેવાય છે. આ પણ કઈ જાતનો ધર્મ! આ ધર્મ કેમ થાય અને અધર્મ કેમ તૂટે? સમજાણું કાંઈ? પ્રથમ ધર્મની શરૂઆત કેમ થાય? અને અનાદિનો અધર્મ કેમ હતો આ એની વાત ચાલે છે. સમજાય છે?

કર્મ જડ સંયોગી ચીજ. એના સંબંધમાં વર્તમાન પૂરતી દૃષ્ટિ કરવી એ અધર્મ દૃષ્ટિ છે, એ દુઃખ દૃષ્ટિ છે, એ વિકાર દૃષ્ટિ છે, એ આત્માની અનાકુળતાની શાંતિને લૂંટનારી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આનું નામ અધર્મ છે. અને તેના રહિત આમ સ્વભાવ આત્માનો જોતાં દ્રવ્યથી-વસ્તુથી એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે એમ શુદ્ધનયથી બોધ થતાં એનામાં અંતર વળતા તે બદ્ધસ્પૃષ્ટ અને સંયોગ વિસ્તાનો કે કર્મનો એ એના સ્વરૂપમાં છે જ નહિ. એવી અંતર્મુખની દૃષ્ટિ થવી, એ દૃષ્ટિને સમ્યગ્દર્શન ધર્મ કહે છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ મોંઘો કર્યો, કેટલાક

એમ કહે છે. જેમ છે એમ છે. એ કર્યો કોઈનો નથી અને કોઈનો ટાળ્યો ટળે એવો નથી. ધર્મ તો જેમ છે તેમ છે. સમજાણું કાંઈ? પણ લોકોને ઓલું સોંઘું બતાવી દીધું છે ને. આમ થઈ જાય, આમ થઈ જાય. અરે..! પણ જેમાંથી ધર્મ નીકળે એ ખાણ કેવી છે? એ વસ્તુ કેવી છે? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, જેમ એ પાંદડાનો સ્વભાવ લુખ્ખો-લુખ્ખો એકલો (છે), એમ ભગવાન આત્માનો સ્વભાવ વીતરાગી વિજ્ઞાનઘન છે. સમજાય છે? લુખ્ખે-લુખ્ખો પરની સાથે સંબંધ થાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આવી દૃષ્ટિ કર્યા વિના ત્રણ કાળ ત્રણ લોકમાં આત્માના સમ્યગ્દર્શનની શરૂઆત ધર્મની થતી નથી. સમજાય છે? બીજી કોઈ રીતે પકડવા જાય અને બીજા પ્રકારથી કરવા જાય (તો) ત્રણ કાળમાં ધર્મ થાતો નથી. કહો, સમજાણું આમાં?

શાસ્ત્રમાં તો કેટલા પ્રકાર આવે વ્યવહારના. આ છે... આ છે... પૂજા, ભક્તિ, આ કરો, જાત્રા, ફલાણું. એ બધા શુભભાવના કાળે એ બધા સંયોગો ભજવાના હોય એમ ભજે. પણ તે શુભ અને તે પર, એનો સંબંધ જે છે પર સાથેનો, એ સંબંધને છોડવાની અંતર્મુખની દૃષ્ટિએ આવા આત્માનું સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યા વિના એને ધર્મ નામ સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. સમજાણું કાંઈ? અને એના જન્મ-મરણના ફેરા કોઈ દિ' મટતા નથી. પછી સ્વર્ગમાં જાવ, ધૂળમાં કે નીચે નરકમાં જાવ, ઢોરમાં જાવ કે માણસમાં જાવ. બધા ચાર ગતિના અવતાર છે. એમાં ક્યાંય નિરવતાર અવસ્થા છે નહિ. આ તો અવતાર વિનાની અવસ્થા કેમ થાય એની વાત ચાલે છે. કહો, બરાબર છે આ? શિષ્યે પૂછ્યું કે આ કેમ થાય? એ એમ થાય કે કાયમની ચીજ નથી માટે એમ થાય. તેં ઊભી કરેલી છે કલ્પનાથી.

ખાજાના છોડ. નથી કહેતા? સાંભળ્યા છે કે નહિ? ખાજાના છોડ સમજાય છે કે નહિ? ..ભાઈ! નથી કહેવાતા? ગામડામાં જોયું ન હોય ને. ગામડામાં માટીના ઘર હોય ને? ખડકી ઉપર હોય ને ઓલું તાજું? એમાં નાખ્યો ઓલા કાંઈક કાંટા-બાટા સહેજ નાખ્યા પછી એમાં નીકળે ઝાડ નાના નાના પાણી બહુ પડે તો. લાલજીભાઈ! જોયા છે કે નહિ? એ ખાજાના છોડ એને પાણી ઊંડા મળે નહિ અને મૂળિયા ઊંડા જાય નહિ. .. ફૂ થઈ જાય. એ તો સૂકાઈ જાય ફુ થઈને.

એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંબંધમાં એ ખાજાના છોડ છે. સમજાણું કાંઈ? લાલજીભાઈ! તમે જોયું હોય ગામડામાં તો. ઘણાં ગામડામાં માટીના જ ઘર હતા ને. હવે આ બધા સફાઈના થઈ ગયા. પથરા-બથરા, સીમેન્ટ, કોંક્રીટને ઢીંકણું-ફીંકણું. માટીનું વાસણ. તે દિ' બધા માટીના વાસણ ને માટીના ઘર ને બધું એવું જ હતું ને. આમ માથે .. આટલા આટલા મૂકેલા.

ભીંડો ઉગે ભીંડો. વડની પાસે એક આવે છે ને વાત? ભીંડો ભાદરવા માસનો વડકુ કહે જરૂર. ફાલ્યો એકદમ પણ. જ્યાં આઠ દિવસ, દસ દિવસ, પંદર દિવસ બે મહિના ત્યાં તો ત્રણ હાથનો લાંબો. વડને કહે, મારગ દે. આ બે મહિને આટલો ફાટ્યો તો આઠ વર્ષે કેટલો થશે? તારાથી વધી જઈશ. ધીરો થા.. ધીરો થા. એ બે મહિનાનું બી જ્યાં બીજો વળ્યો ત્યાં ફૂ થઈ જઈશ તારું. તારી શીંગુ અને તારા મૂળિયા. આ ભીંડો વાવે છે ને કે નહિ? લાલજીભાઈ! બહુ લાંબો બહુ થઈ જાય, હોં! એકદમ બે મહિનામાં આવડો મોટો લાંબો, મોટી લાંબી શીંગું. પણ એની મુદત કેટલી? વડને કહે કે ખસી જા હવે હું એકદમ વધવા માંડયો છું.

એમ કર્મના સંબંધનો સંબંધ ભલે અનાદિનો હો, અનાદિનો હો પણ એ ક્ષણિકનો સંબંધ છે એનો. સમજાણું કાંઈ? એ ખાજાના છોડ દૃષ્ટિ ચૈતન્ય ઉપર કરી, ફૂ થઈને ઉડી જાશે. મારામાં કર્મના સંબંધનો ભાવ અને સંબંધ મારે છે જ નહિ. કર્મનો નિમિત્તનો સંબંધ સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ? લ્યો, ખાજાના છોડ ન સમજે. આવા નાના નાના થાય. પછી હવે તો બહુ નાખી દેતા કાંટા ને કાં તો .. શું કહેવાય આ? વાડા ને આ કપાસની શું કહેવાય? સાંઠીયું. સાંઠીયું-સાંઠીયું ખૂબ નાખે. તોપણ અંદરમાં ઊગીને થોડું નીકળે ત્યાં ઓહોહો..! વધ્યો જાણે વેલો. ફૂ થઈ જઈશ, બાપા! એ કાયમ ટકે નહિ. મૂળ નહિ નાખે. ક્યાં મૂળ ત્યાં ઊંડા જાય એવા છે.

એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે કર્મના નિમિત્તના સંબંધમાં પ્રવાહ જાણે અનાદિનો (ચાલ્યો આવે), પણ એ ક્ષણિક... ક્ષણિક.. ક્ષણિક... ક્ષણિક.. ક્ષણિક જ અનાદિનો છે. અનાદિના એના મૂળિયા છે જ નહિ. અનાદિના મૂળિયા છે જ નહિ. પાઠ તો એમ લીધો હતો, અનાદિકાળથી બંધાયેલો. સમજાણું કાંઈ? પણ એ સમયે સમયે નિમિત્તનો સંબંધ નવો નવો ઊભો કરતો પ્રવાહ અનાદિ કાળનો ચાલ્યો છે. એ ક્ષણિક છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. સ્વભાવ સમીપ દ્રવ્યનો સ્વભાવ જોતાં એ દૃષ્ટિમાં એ રહેતો નથી. તેનો સંબંધ તૂટી જાય છે. નિરાળો દેખાય છે. સમજાણું કાંઈ? થોડો સંબંધ પછી રહે એ વ્યવહારનયનો વિષય જ્ઞાન કરવા માટે રહી જાય છે. એ આદરણીય માટે નથી. અને અનાદિ કાળનો કર્મ ને આત્માનો સંબંધ તો આદરણીય કરીને માની બેઠો છે. સમજાણું આમાં કાંઈ?

પુદ્ગલથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય. ભગવાન ત્રિકાળ જ્ઞાયકજ્યોત ચૈતન્ય સ્વભાવ સ્વરૂપ આત્મા. એની સમીપ જઈ એમાં વળીને, એમાં ઢળીને, એમાં એકાકાર થઈને જો અનુભવ કરવામાં આવે તો એ બદ્ધસ્પૃષ્ટપણું તો એના સ્વભાવમાં ત્રણ કાળ ત્રણ લોકમાં

નથી. સમજાય છે કાંઈ? **'અસત્યાર્થ છે;...'** એ આ ધર્મની રીત બતાવાય છે આ. આ વળી ધર્મની રીત હશે? કાંઈ કરવાનું હોય તો (સમજાય). કો'ક કહેતું હતું, શું કરવું સૂઝતું નથી. કોઈક કહેતું હતું. શું કરવું આમાં? ઘણાં માણસ જુદી જુદી જાતના આવે. શું કરવું આમાં હાથ આવતું નથી. આ કરવું નથી સમજાતું? આ શું છે? સમજાણું કાંઈ?

વસ્તુ છે કે નહિ વસ્તુ? વસ્તુ છે તો એનો તાદાત્મ્ય સ્વભાવ છે કે નહિ? આ એને દ્રવ્ય કહેવાય છે અત્યારે. એ તાદાત્મ્ય સ્વભાવ સ્વરૂપ જે ભગવાન દ્રવ્ય, એકાકાર સ્વરૂપ જે છે એની અંતર્મુખ દૃષ્ટિ કરતાં ઓલો સંબંધ, અસંગ અસંગ પ્રભુ આત્મામાં સંબંધ છૂટી જાય છે. સંબંધ રહેતો નથી. વ્યવહારનય જૂઠી છે આ અપેક્ષાએ કહેવામાં આવી છે. વ્યવહારે વ્યવહાર સાચો છે. એ એક બોલ થયો.

મુમુક્ષુ :- વ્યવહારે વ્યવહાર સાચો તો છે ને.

ઉત્તર :- સાચો જ છે પણ એનો અર્થ શું? નિમિત્તનો સંબંધ... એ.. દેવાનુપ્રિયા! વ્યવહારે વ્યવહાર આ બધા ગોટા વાળે તમારે ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ઠીક પડે. એની વાત ઓલામાં લખાણમાં આવ્યું છે, હોં! આ કોઈ આ કૈલાસચંદજીએ લખ્યું છે. કોઈ કોઈ ધણી (નથી), જેને ઠીક પડે એમ લગાવે છે. જેને ઠીક પડે એમ. કારણ કે કાંઈ જીભને કાંઈ ઓલી છે? શું કહે છે કાંઈક? હાડકું છે કે ન વળે? જેમ વળતું હોય એમ વળે. બોલે જાય દીધે રાખે ધર્મને નામે. વકીલાતમાં કુંભાર કામ ન કરે, કુંભારમાં વકીલાત કામ ન કરે. આમાં બધાય કામ કરે. શું ચીજ છે? બાપુ! આ તો પરમાત્માને પ્રાપ્ત કરવાના ભેટા કરવાની રીત છે. એ કોઈ પામરો સાધારણ પ્રાણી મિથ્યા અજ્ઞાનમાં ભમેલા, ભુસ્કા પડીને પડેલા એ એની વાત ન સમજી શકે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયનો ચિદાનંદ પ્રભુ આમ જુઓ તો સ્પર્શાયેલ, આમ જુઓ તો સ્પર્શાયેલ નહિ. એટલે કે સ્પર્શાયેલો ખોટો થઈ જાય છે. એ દ્રવ્યથી વાત કરી. દ્રવ્યથી એટલે આત્મા પર કર્મના દ્રવ્યથી આત્મા પોતાના દ્રવ્યે સંબંધ વિનાનો છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી આત્મા સ્વદ્રવ્યને લઈને પરના સંબંધ વિનાનો (છે), એમ આત્માની દૃષ્ટિ થવી એને શુદ્ધનય કહે છે, એને અનુભૂતિ કહે છે, એને સમ્યગ્દર્શન કહે છે.

હવે ક્ષેત્રની વાત કરે છે. ભાઈ! માર્ગ તો અજાણ્યા એને લાગે એવા. કોઈ દિ' કાંઈ કર્યું નથી મહેનત એણે. નવ તત્ત્વોની ભિન્ન-ભિન્ન જાત, એના મારગડા એના જુદા છે આખા. એમ ભગવાન આત્મા ચેતના જેનો સ્વભાવ રૂપ છે, ચેતના જેનો સ્વભાવ છે અને ચેતના જેનો સ્વભાવ બેહદ સ્વભાવના સામર્થ્યથી ભરેલો છે. એવા સ્વભાવને જોતાં, એ દૃષ્ટિપાત

કરતાં એ આત્માની કૃપા મેળવીને અંદર પડતાં... એ આત્માની કૃપા છે એમાં. બાકી પુણ્ય-પાપ કરવા, ઢીંકણા કરવા... ધૂળેય નથી. હેરાન થઈને મરી ગયો, ચોર્યાસીના અવતારમાં ક્યાંય હાથ આવ્યો નહિ. જુદો પડ્યો નહિ, હાથ આવ્યો નહિ એટલે. કહો, આ એક બોલ દ્રવ્યથી છૂટો કહ્યો. ક્ષેત્રથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. ચારેય પ્રકારથી પરથી જુદો છે એમ અહીં બતાવવું છે અને પછી વિકારથી જુદો છે એમ બતાવવું છે.

'**વળી જેમ માટીનો,...**' માટીનો દાખલો આપ્યો બીજો. આ કમળનો દાખલો યાદ રહેશે પણ સિદ્ધાંત? સિદ્ધાંત માટે દાખલો છે કે દાખલા માટે દાખલો છે? દૃષ્ટાંત તો સિદ્ધાંત માટે છે. આ જેમ છે, પાંદડું જેમ પાણીને અડ્યું એમ સંયોગથી જોઈએ તો લાગે, સ્વભાવથી નહિ. એમ ભગવાન આત્મા વર્તમાન સંયોગને લક્ષે જોતાં સંયોગ સંબંધમાં છે. સ્વભાવ જોતાં એનામાં નથી.

હવે એ આત્મા... જુઓ! અસ્તિ પણ સિદ્ધ કરતા જાય છે. નિમિત્ત સંબંધ નથી એમ નહિ. તૂટી શકે છે. ત્યારે હોય તો તૂટે કે ન હોય તો તૂટે? સમજાય છે કાંઈ? એ કર્મ જડનો સંબંધ જીવની અવસ્થાનો આમ બેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોય તો સંબંધ તૂટે. જે જોડે તે તોડે. પણ જોડેલો જ ન હોય તો તોડનાર તો કાંઈ આવી શકે નહિ. જોડેલો છે જીવે સંબંધ. એ સ્વભાવની દૃષ્ટિએ જોડનાર તોડી શકે છે. સમજાણું કાંઈ?

ક્યાંક દાખલો આપ્યો હતો ને? કાંઈક આવ્યું હતું. કો'કમાં આવ્યું હતું. સોનાનો દાખલો. આ સોનાનો દાગીનો કરે ને સોની? એને કહે છે એને ઓલા દાગીનામાં ક્યાં રેણ છે એની ખબર પડે. એ જેણે નાખી છે ઈ એને ખોલી શકે. એ ક્યાંક આવે છે. દાખલો આવે છે સિદ્ધાંતમાં, હોં. શાસ્ત્રમાં મૂળ પાઠમાં (આવે છે). આ કુંડળ-બુંડળ નથી થાતા? એની કળા બધી સોનીએ કરી હોય કે આ રીતે અહીં સંધિ મારી છે. એ સંધિ તોડે તો ફડાક દઈને છૂટો પડે. એ જેણે જોડી છે એ તોડે.

એમ ભગવાન આત્માએ કર્મના સંબંધનું જોડાણ અનાદિનું કર્યું છે. એ જોડાણ જેણે કર્યું તે સ્વભાવનો આશ્રય કરીને તોડી શકે છે. એમાં બીજો જોડનાર પણ નથી અને બીજો તોડનાર પણ નથી. એવો દાખલો આવે છે હોં ક્યાંક. સોનાનો દાગીનો... આવ્યું હતું ક્યાંક.

બીજો દાખલો. ક્ષેત્રની વિવિધતા પણ અસ્તિપણે છે એમ બતાવીને એનો નાસ્તિ બતાવે છે. શું કહે છે? દાખલો. '**જેમ માટીનો,...**' માટી, એનું ઢાંકણું, એનો '**ઘડો, ઝારી, રામપાત્ર આદિ...**' શું કીધું? કહો, સમજાણું? એવા '**રામપાત્ર આદિ પર્યાયોથી...**' માટીની ભિન્ન ભિન્ન દશાથી તેને જોતાં, માટીનું એકરૂપ ન જોતાં, માટીની ભિન્ન ભિન્ન અવસ્થાથી જોતાં પર્યાયોથી જ્ઞાન કરતાં '**અન્યપણું તે ભૂતાર્થ છે-**' અનેરી અનેરી અવસ્થા (તે ભૂતાર્થ

છે). માટી એકરૂપ રહેવા છતાં પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-અનેક પ્રકારના રામપાત્ર, ઝારી, ઘડો, ઢાંકણા આદિ અવસ્થા થાય, કમંડળ આદિ. એ બધા સાચા છે. પર્યાયમાં છે, પર્યાયમાં ભેદ છે. એ બિલકુલ આકાશના ફૂલની જેમ નથી.

**'તોપણ સર્વતઃ અસ્ખલિત...'** સર્વ ભેદોમાંથી છૂટો પાડીને લક્ષ કરીને. સર્વ પર્યાય જે માટીમાંથી ભિન્ન-ભિન્ન પાત્રોની અવસ્થા (થાય), એના ભેદોથી **'જરાય ભેદરૂપ નહિ થતાં એવા એક માટીના સ્વભાવની સમીપ જઈને...'** માટીનો સ્વભાવ જુઓ તો એકરૂપ ઠંડો આદિ છે. માટીનો સ્વભાવ ઠંડો એકરૂપ છે. એની આ અવસ્થા તેમાં ગૌણ થઈ જાય છે. **'માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...'** તે માટીથી થતાં ભિન્ન ભિન્ન અવસ્થાઓ જૂઠી છે, અભૂતાર્થ છે, ખોટી છે. એ દૃષ્ટાંત.

**'એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી...'** નરકમાં નરકના શરીર પ્રમાણે પોતાના ક્ષેત્રની પર્યાય. સમજાણું કાંઈ? એ નરકમાં જાય આ બધા મોટા રાજા, મહારાજા અને શેઠીયાઓ. એ ત્યાં આગળ એનું શરીર નરકના શરીર પ્રમાણે અને આત્માનો આકાર થાય. પર્યાયમાં એનો આકાર એવો થાય. એ આકારની અપેક્ષાએ પર્યાયથી જુઓ તો એ આકાર એનામાં છે. શશીભાઈ! વેદાંત-ફેદાંતને ઉડાડી દીધું આમાં. કોઈ કહે, તદ્દન નથી. એક પહેલી નરકે એમ સાતમી નરકે, પોણા આઠ ધનુષ આદિ પહેલી મોટી, સાતમી નરકે પાંચસે ધનુષનો આકાર દેહનો છે. નારકીનો. એના શરીર પ્રમાણે અને આત્માના પ્રદેશની ક્ષેત્ર આકૃતિ થાય છે. એના વ્યંજનપર્યાય, ક્ષેત્રની પર્યાય અસ્તિ છે, છે. સમજાણું કાંઈ?

**'નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...'** આદિ એટલે ઢોર, નિગોદનું શરીર. બટાટા, શક્કરકંદ આદિ એના શરીર પ્રમાણે આત્માના પ્રદેશનો આકાર, વ્યંજન, આકૃતિ તે વ્યવહારે છે. સમજાણું કાંઈ? નિગોદનું શરીર-એક બટાટા, શક્કરકંદ. એનું એક શરીર નજરે પડે નહિ. અસંખ્ય શરીર સિવાય નજરે પડે નહિ. વનસ્પતિનું પણ એક શરીર, આ લીલોતરીનું પણ દાણો આદિ હોય એ જુદી વાત છે. એમાં એક એક શરીરમાં રહેલો આત્મા એ શરીરની આકૃતિ પ્રમાણે તેના ક્ષેત્રની વ્યંજન પર્યાયની આકૃતિ ભૂતાર્થ છે વ્યવહારે. છે, એ છે. અસ્તિ છે. પર્યાય દૃષ્ટિએ, વ્યવહાર દૃષ્ટિએ તે અસ્તિ છે. એમ મનુષ્ય આકારે આ પંચેન્દ્રિય મોટા હાથી-ઘોડા એના પ્રમાણે આત્માનો આકાર એવો જ બરાબર ક્ષેત્રથી છે. એનો ક્ષેત્રનો આકાર એવો પોતાને કારણે છે. કર્મને લઈને નહિ. જુઓ! પોતાથી છે. સમજાણું કાંઈ? કર્મને લઈને આકૃતિ થઈ છે આત્માના ક્ષેત્રના પ્રદેશની, એમ નહિ. પોતાની જ પર્યાય ધર્મની યોગ્યતાને લઈને તિર્યંચમાં, નિગોદથી માંડીને મોટા હજાર હજાર યોજનના મોટા થાય છે... સમજાય છે? વનસ્પતિ. ડોડા, કમળ-કમળ. એક જીવની આકૃતિ એવી આકૃતિ ક્ષેત્રથી હોય છે. એમ

મનુષ્યમાં શરીર પ્રમાણેની આકૃતિ (હોય છે). બાળક હો, યુવાન હો, વૃદ્ધ હો, ત્રણ ગાવના ઊંચા હો, ત્રણ ગાવના ઊંચા ઢોર પણ થાય છે જુગલિયામાં. એ બધાના આત્માના પ્રદેશ અસંખ્ય હોવા છતાં તેની આકૃતિ ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... તે આકૃતિ આકૃતિના વર્તમાન અંશ અવસ્થાની દૃષ્ટિએ છે. સમજાણું કાંઈ? એમ સ્વર્ગમાં દેવો. એનું પણ શરીરના આકારે તેનો પર્યાય સાત હાથના, કોઈ છ હાથના, કોઈ પાંચના, ચાર, ત્રણ, બે, એક એવા દેહના આકાર (હોય છે). ઉપર જેમ જતા જાય એમ દેહનો આકાર નાનો થાય. એ આત્માના પ્રદેશ પણ એ રીતે જ આકૃતિરૂપે પરિણમેલા હોય છે. સમજાણું કાંઈ? એ કાંઈ આકાશના ફૂલ નથી કે કાંઈ છે જ નહિ. છે ખરી પર્યાયની અવસ્થામાં ક્ષેત્રના આકારોનું હોવાપણું. શશીભાઈ! આમાં એકરૂપે ઓલો આત્મા છે એ આમાં ક્યાંય રહેતું નથી. વેદાંત કહે કે આ એકરૂપ. એ રીતે અહીં કહેવા માગે છે? એમ છે જ નહિ.

એક એક આત્માનો ક્ષેત્ર પ્રકાર. અહીં મનુષ્યપણે લ્યોને. એક સ્થૂળ શરીર હોય તો એ પ્રમાણે આકાર થયો. ક્ષય થઈ જાય, ક્ષય. હાડકા ગળી જાય, પાસળા ગળી જાય. એ પ્રમાણે આત્માની આકૃતિ પોતાને કારણે હોં! જડને કારણે નહિ. ટેટા જેવું આમ લાગે શરીર. એવો આત્મા પણ એવા અસંખ્ય પ્રદેશની આકૃતિ (થઈ જાય). ખોંખારો કરે તો થૂંક નીકળી ન શકે. ખોંખારો તો જડનો છે, હોં! પણ એના આત્માના પ્રદેશ અંદરમાં ભિન્ન-ભિન્ન આકૃતિ ધારણ કરે (છે). એ પર્યાયથી, અવસ્થાથી, વર્તમાનથી, વ્યવહારથી એને જોતાં તે આકૃતિ તે બરાબર છે. કોની પેઠે? ઓલા માટીના ભિન્ન ભિન્ન ઠામને જોતાં તે તે ઠામની અવસ્થા વ્યવહારથી બરાબર છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા એને નારક, મનુષ્ય, તિર્યંચ, ઈયળ કીડી-મકોડા જુઓને! કેટલા છે ઓહોહો..! ઓલી આવડી આવડી ઈયળું થાય છે આમ રૂંવાટા. આ કાનખજૂરો. સેંકડો જેના પગ. એ પગ દીઠે એના આત્માના પ્રદેશનો આકાર એવો થઈ ગયો છે. સમજાણું? છે ને આ? કાનખજૂરાના પગ ઘણાં (હોય). એમ નથી દાખલા આપતા? એક પગ તૂટે તો ક્યાં એને ખોટ છે? પણ એમાં એક એક પગમાં જુદા જુદા છે ને આમ આ બાજુ પચાસ અને આ બાજુ પચાસ અને આમ મોઢું, બધામાં આત્માના પ્રદેશનો આકાર એ રીતે પરિણમી ગયેલો છે. તે રીતે આકાર અસ્તિત્વપણે વ્યવહારથી બરાબર છે. સમજાણું કાંઈ? આ વળી સિદ્ધ પણ કરે છે હોં! ભૂતાર્થપણે.

**'નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં (પર્યાયોના બીજા-બીજાપણારૂપ)...'** એટલે અનેરા અનેરાપણારૂપ. અહીં અનન્ય સિદ્ધ કરવું છે ને? અનન્ય સિદ્ધ કરવા માટે અનેરા અનેરાપણું, ક્ષેત્રના આકૃતિમાં અનેરા અનેરાપણું તે બરાબર છે. વ્યવહારથી, પર્યાયથી,

વર્તમાન દૃષ્ટિથી. સમજાણું આમાં કાંઈ? આ બીજો બોલ ચાલે છે. અબદ્ધસ્પૃષ્ટ પહેલામાં ગયો. આ બીજો અનન્ય. પહેલી લીટીમાં ટીકાનો જે બોલ છે ઈ. આત્મા અનન્ય છે. ત્યારે એકાંત અનન્ય છે? કે ક્ષેત્રની પર્યાયે અનેરો... અનેરો... અનેરો.. અનેરો... છે એ બરાબર છે. વ્યવહારથી બરાબર છે. સમજાણું?

'**પર્યાયોથી અનુભવ કરતાં...**' પર્યાયો એટલે ક્ષેત્રના પ્રદેશોનો વ્યંજનપર્યાયનો આકાર બીજો... બીજો... બીજો... બીજો... એ અન્યપણું બરાબર છે. વ્યવહારથી અનેરા અનેરાપણાની આત્મ અસંખ્ય પ્રદેશની આકૃતિ એ વ્યવહારથી બરાબર છે. સ્થપાય છે કે નહિ વ્યવહાર આમાં? વ્યવહારનું સ્થાપન કરવા યોગ્ય તો પહેલેથી કહેતા આવ્યા છે. સ્થાપન કરવા યોગ્ય નથી? આદરવા યોગ્ય નથી. સમજાય છે? બધા આત્માના પ્રદેશો અહીં આમ ગોઠવાય ગયા છે. આંખ હોય મોટી અહીં બધે ગોઠવાય ગયા છે. આકાર એનો જુઓ. આ દેહ નહિ. દેહ તો માટી છે, ભિન્ન છે. પણ એના અસંખ્ય પ્રદેશ છે ક્ષેત્રથી એવા તેના પ્રકાર, ઓલી ટૂંકી આંગળીઓ, લાંબી આંગળીઓ, હોઠ મોટા આમ થઈ ગયેલા, આમ થઈ ગયેલા, આમ થયા. બધાના આકાર ફેર છે, જુઓ! દરેકના આકારના ફેર. દરેકને કોઈને.. આ શું કહેવાય? કાનની બુટ્ટી પણ એકસરખી નહિ હોય કોઈની. તો એના અંદરમાં પ્રદેશનો આકાર પણ દરેકનો ભિન્ન ભિન્ન છે.

એ પર્યાય દૃષ્ટિએ, વર્તમાન દૃષ્ટિએ આકૃતિ ભિન્ન ભિન્ન છે એ બરાબર છે. પણ એક ચૈતન્ય આકાર. '**તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતાં એવા)...**' પણ એવી આકૃતિના ભેદ ઉપર લક્ષ છોડતા '**એક ચૈતન્યાકાર...**' એક ચૈતન્ય સ્વભાવ, ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ, એવા '**આત્મસ્વભાવની સમીપ જઈને...**' લ્યો! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય જ્ઞાયક આકાર એટલે સ્વભાવ. એકરૂપ એનો આકાર છે, એકરૂપ એનું સ્વરૂપ છે. ક્ષેત્રથી પણ એકરૂપ ચૈતન્ય એનો સ્વભાવ છે. એવો એક ચૈતન્યાકાર, એક ચૈતન્યના સ્વભાવરૂપ '**આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' ચૈતન્યનો આકાર એટલે આત્મસ્વભાવ એકાકાર. '**અન્યપણું અભૂતાર્થ છે...**' એ ભિન્ન-ભિન્ન આકૃતિ અવસ્થાનો અંશ જે છે એ ત્રિકાળ એકરૂપ જોતાં તે જૂઠો છે. છતાં એવું એકરૂપ જ્ઞાન થવા છતાં ભિન્ન-ભિન્ન આકૃતિ હોવાનું વ્યવહારુ જ્ઞાન, નિશ્ચય જ્ઞાનની સાથે આવું જ્ઞાન એનું રહી જાય છે. સમજ્યા ને? એ ના પાડતો નથી કે આ નથી જ. એમ નહિ. ચૈતન્ય આકારના સ્વભાવથી જોતા એ નથી. નિશ્ચયનયના, શુદ્ધનયના વિષયમાં સમ્યક્દર્શનના ધ્યેયમાં ચૈતન્ય આકારને જોતાં ભેદ-બેદનું લક્ષ જ જ્યાં નથી. પણ સ્વભાવના આશ્રયે એકાકાર થયો છતાં તે ભેદ આકૃતિ તો વર્તમાન છે. એનું પણ તે જ્ઞાન વ્યવહારે કર્યા વિના રહેતો નથી. આદરણીય

નથી. સમજાણું કાંઈ? આને સમ્યગ્દર્શ કહે છે, લ્યો! ઓહોહો..!

એ ભિન્ન ભિન્ન આકૃતિ ન જોતાં એકરૂપ ચૈતન્ય આકાર, એવો જે આત્મસ્વભાવ, માટીનો જેમ એકરૂપ સ્વભાવ એને જોતાં તેના વાસણો, .. વાસણની આકૃતિનો અભાવ છે. એમ ભગવાન એકરૂપ નિર્વિકલ્પ જે કેવળજ્ઞાનનું બીજ ચૈતન્ય, એનો સ્વભાવ જોતાં એ આકૃતિની ભિન્ન ભિન્ન અવસ્થા ત્રિકાળ દૃષ્ટિના વિષયમાં નથી. એવી દૃષ્ટિ ક્ષેત્રથી પણ અભેદ થાય એને પછી ભેદની આકૃતિનું જ્ઞાન રહી જાય. આદરણીય નહિ. એને સમ્યગ્દર્શન અને શુદ્ધનયનો વિષય આત્મા કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧, શનિવાર તા. ૧૨-૦૮-૧૯૬૧**
**ગાથા-૧૪, પ્રવચન - ૩૫**

આ સમયસારની ૧૪મી ગાથા ચાલે છે. જેમાં શુદ્ધનયથી આત્માનું સ્વરૂપ અંતર્મુખ પ્રતીત કર્યે તેને સમ્યગ્દર્શન થાય. આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે, શિવલાલભાઈ! કાલે ચાલી હતી અને આજે પણ આવશે. સવારમાં પ્રશ્ન કર્યો હતો ને? સમજાણું કાંઈ? આ જગતમાં સર્વજ્ઞ પરમાત્માએ ત્રિલોકનાથ તીર્થંકરદેવે છ દ્રવ્ય જોયા છે. જાતિ અપેક્ષાએ. સંખ્યા અપેક્ષાએ અનંત છે. એમાં એક આત્મામાં શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા તરીકે નવ પ્રકારે એમાં ભેદ પડે છે. અનાદિ અનંત આમ જુઓ તો એની અવસ્થામાં અશુદ્ધ અવસ્થા અને શુદ્ધ અવસ્થા, એ બધી અવસ્થાઓ જુઓ તો એમાં સાતેય તત્ત્વો આવી જાય છે. પણ અહીંયાં એકરૂપ આત્માનું અંતર શ્રદ્ધા-જ્ઞાન કર્યા વિના એને સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય પ્રગટ થતી નથી. સમજાણું કાંઈ?

આત્મા એક સમયની અંદર છએ દ્રવ્યો હો ભલે. અનંત આત્મા પણ ભલે હો એના સ્થાનમાં. આ આત્માની અંદર વર્તમાનમાં કર્મના સંબંધથી એને જો જુઓ તો તે સંબંધપણું વર્તમાન અપેક્ષાએ બરાબર વ્યાજબી છે. પણ એ સમ્યગ્દર્શન એનો વિષય નથી. એ સમ્યગ્દર્શનનો વિષય... એ દૃષ્ટિએ સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. જેમ કમલિનીનું પત્ર એકલો સ્વભાવ એનો જોતાં પાણીથી તે કમળ લેપાયેલું નથી. એમ ભગવાન આત્મા વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે એનો સ્વભાવ જોતાં. દ્રવ્ય એટલે વસ્તુ એનો ત્રિકાળી જ્ઞાયકભાવ પરમ સ્વભાવથી જોતાં એ વર્તમાન કર્મના સંબંધનો તેને અભાવ છે. એવી અંતરમાં વસ્તુ એકરૂપ દ્રવ્ય છે એમ દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અથવા શુદ્ધનયનો વિષય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બીજો બોલ આવ્યો ક્ષેત્રનો. જેમ માટીના અનેક પ્રકારો આકૃતિના વાસણો દેખાય તે તે પ્રકારે એ માટીની પર્યાય ધર્મે તે બરાબર છે. પણ એ માટીનું એકરૂપ નથી. માટીનો એક સ્વભાવ જોતાં તે માટી તે પર્યાયોમાં ભિન્ન ભિન્ન વાસણોના આકાર એ જૂઠા છે. જૂઠાં એટલે ત્રિકાળી એક સ્વભાવની અંદર નથી. વર્તમાન પર્યાયમાં છે એ વાત તો બરાબર. એમ આત્મા વસ્તુ છે, અસંખ્ય પ્રદેશી છે, એનામાં કર્મના નિમિત્તના સંબંધમાં એની આકૃતિ ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... અનાદિથી થઈ રહી છે. ક્ષેત્રથી એની આકૃતિ ભિન્ન ભિન્ન થઈ રહી છે. કોઈ મનુષ્યને આકારે, દેવને આકારે, નારકીને આકારે. એની વ્યંજનપર્યાય એટલે ક્ષેત્રના પ્રદેશ ગુણની આકૃતિ ભિન્ન-ભિન્ન થઈ રહી છે એ વ્યવહારે

યથાર્થ પર્યાય દૃષ્ટિએ બરાબર છે. એ દૃષ્ટિએ આત્માનું એકરૂપ દૃષ્ટિમાં ન આવે અને એકરૂપ દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય નહિ.

તેથી કહ્યું. કાલે ભાઈ પ્રશ્ન હતો ને ચૈતન્ય આકાર. એ મૂળ ટીકામાં નથી. મૂળ તો આટલું જ છે. '**સર્વતઃ અસ્ખલિત એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' તે આકારો જૂઠાં છે. સમજાણું કાંઈ? આમ તો એક વસ્તુ જ આમ લેવી છે. પ્રદેશો અસંખ્ય એની આકૃતિનું વ્યંજન અસ્તિત્વ તેનું તે ભિન્ન... ભિન્ન... ભિન્ન... કર્મના નિમિત્તના સંબંધમાં આકૃતિ વ્યંજનપર્યાય છે. કોઈ બીજા કહેતા હોય કે એવું નથી તો એ તો મૂળમાં હજી પર્યાયમાં ભૂલ્યા છે. શશીભાઈ! એક એક આત્માને કર્મના નિમિત્તના સંબંધમાં એના અસંખ્ય પ્રદેશનો આકાર ભિન્ન ભિન્ન પ્રકારે રોગમાં, નિરોગમાં કે અમુક પ્રકારની ગતિ ફરતા કે ગતિમાં રહેતા ભિન્ન ભિન્ન આકૃતિ છે એ વસ્તુ પર્યાય ધર્મ છે. એનો પર્યાયનો અવસ્થાનો અસ્તિ-અસ્તિ ધર્મ છે એનો એ. એ ભિન્ન ભિન્ન ઉત્પાદ-વ્યય તે પ્રદેશના આકારમાં થાય એ એનો ધર્મ છે. પણ એ ધર્મની દૃષ્ટિ વર્તમાન વ્યવહારનયનો વિષય, એમાં એકરૂપ ચૈતન્ય દૃષ્ટિમાં ન આવે આખું તત્ત્વ, ત્યાં સુધી એને સમ્યક્ સત્યદર્શન પ્રતીત કે અનુભવ થાય નહિ.

માટે કહ્યું... છેલ્લો બોલ હતો એ. આત્મા. આત્માને નારક આદિ પર્યાયોથી જોતાં તે ભિન્ન ભિન્ન અવસ્થાઓ કર્મના સંબંધમાં ભિન્ન ભિન્નપણે ભાસે છે. ભાસે છે તે દૃષ્ટિએ તે બરાબર છે. તોપણ '**સર્વતઃ અસ્ખલિત...**' સ્ખલના ન પામે. જેમાં એકરૂપતા (રહેલી છે). આકારમાં તો સ્ખલના ક્ષણે ક્ષણે આકૃતિની ભિન્નતા વિશેષતા, અનેક પ્રકારતા (થાય). પણ આત્માનો અંતર સ્વભાવ જોતાં, '**સર્વતઃ...**' ચારેય બાજુથી કોઈ પ્રકારથી સ્ખલના સ્ખલના ભેદ-પ્રકાર જેમાં જરાય પડતો નથી. એવા એક આત્મસ્વભાવની સમીપ જઈને. એક આત્મ સ્વભાવ એમાં સમીપ નામ તે તરફની દૃષ્ટિ કરીને '**અનુભવ કરતાં...**' એ અનેરી અનેરી આકૃતિ પર્યાય ત્રિકાળ એક સ્વભાવની અપેક્ષાએ જૂઠી છે. સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. લાલજીભાઈ! આ સમ્યગ્દર્શન-સમ્યગ્દર્શન. જૈનમાં એ મોટી ચીજ. ઓલો કહે, આ મારું સમ્યગ્દર્શન, આ અમે સમકિતી, આ અમે સમકિતી. દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ, અમે સમકિતી. અને અમે વ્રત અને ત્યાગ પાળીએ છીએ તો કાંઈ શ્રદ્ધા વિના કાંઈ પાળતા હશું? એ અમારું સમકિત. બાપુ! એમ સમકિત ન હોય, ભાઈ!

સમ્યક્ એટલે ચીજનો આખો પૂર્ણ સ્વભાવ પ્રતીતમાં ન આવે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન કહેવાય નહિ. એ કાંઈક ભૂલ્યો છે. એ તો ભૂલ ભાંગે ઈ. કાંઈ કોઈ ભાંગી દે અને કોઈ કરી દે એવું તો કાંઈ નથી. જૈન પરમેશ્વરના માર્ગમાં તો નથી. બીજા માર્ગમાં હશે એવું?

શશીભાઈ! માને છે. એથી કાંઈ થઈ જાય?

કહે છે, હે આત્મા! તને કાંઈ શરણ જોવે છે કે નહિ? શાંતિ જોવે છે કે નહિ? તારે સ્વતંત્રતા સ્વતંત્રતાનો કાંઈ પ્રગટ ભાવ કરવો છે કે નહિ? અને એ વિના અનાદિ કાળથી દુઃખી થયેલો. દુઃખી (છો), તને તારા દુઃખની તને ખબર નથી. નિગોદાદિના દુઃખો, નરકાદિના દુઃખો અનંત વાર મનુષ્યમાં, દેવમાં, ચારેય ગતિમાં એકલી આકુળતા જ છે. સમજાય છે કાંઈ? એ ઇન્દ્રના ઇન્દ્રાસનમાં અપ્સરાઓ કરોડો તે વિષય ભોગવે (એમાં) એકલી આકુળતાની બળતરાઓ સળગે છે ત્યાં. દુઃખ, દુઃખ ને દુઃખ ચારેય ગતિમાં. અપેક્ષાથી એમ કહે કે બહુ દુઃખથી ઓછું થાય તો લોકો એમ કહે કે આ સુખી છે. પણ પરમાર્થે તો એ સુખી છે નહિ. દુઃખી, દુઃખી ને દુઃખી છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ પ્રકાશકમાં દાખલો આપ્યો છે ને ભાઈ? એકલો ચાર ડિગ્રીનો તાવ હોય. નવ્વાણું થાય ત્યારે એમ કહે કે સારું છે. સારું ક્યાં હતું? નવ્વાણું પણ તાવ છે. એ તો તાવ છે. સો પણ તાવ છે. એમ બહુ દુઃખ નરક અને નિગોદના (ભોગવ્યા). એમાંથી આવીને જરી માણસ અને દેવ થાય ત્યારે કહે, બહુ દુઃખમાં જરી એને કષાયની કાંઈક (મંદતા થાય), કાંઈક ધાર્યા પ્રમાણે થાય એટલે કષાય મંદ દેખાય એ જાતની આકુળતા, બીજા કરતા અથવા પહેલા એના કરતા, પહેલાની એની દશા કરતા એને સુખી જગત કહે. સુખી છે. એ તો રોગી, રોગી દુઃખી છે. નવ્વાણું ડિગ્રી પણ છ મહિના લાંબો ચાલે તો હોસ્પિટલ આવવું જોઈએ ફોટો લેવા કે કાંઈક લાગે છે ક્ષય ફેફસામાં.

આચાર્ય કહે છે કે ભાઈ! એક સત્યના શરણ વિના તારું દુઃખ કોઈ દિ' ટળશે નહિ. એ સત્યના શરણ માટે શુદ્ધનયનો વિષય આત્મા એટલે કે સમ્યગ્દર્શનનો વિષય આત્મા એટલે કે સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા કેમ થાય? એ વિધિ કહેવાય છે. વિધિ કહેવાય છે. એ વિધિ કહેવાય પણ કરવાની તો એને છે કે કોઈ કરી દે એવું છે? કેમ હશે? શિવલાલભાઈ! એને કરવાનું છે? ભગવાની ભક્તિ-બક્તિથી મળી જતું હશે કે નહિ? નહિ? આખો દિ' ભગવાનની ભક્તિ કરે તો? ગાણા ગાય ભગવાન આવા, તમે ભગવાન આવા. રાગ થાય. સાચી વાત છે. પુણ્ય થાય. અને એમાં માને કે આમાંથી કલ્યાણ થાય તો મોટું મિથ્યાત્વનું લાકડું, વિપરીત અભિપ્રાયનું લાકડું આવે.

અહીં કહે છે, ભગવાન! એકવાર વાત તો સાંભળ, બાપા! તારા હિતની છે, હોં! એ તારા હિતની છે. સમજાણું કાંઈ? જુઓ! આ શશીભાઈ છે મોઢ. ભાવનગરથી સાંભળવા આવે છે. જુવાન માણસ. મોઢની નાત જન્મેલા. તમે તો દશાશ્રીમાળી જૈનના કુળમાં જન્મેલા. કુળમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો માંડ માંડ બે મહિના તો કાઢવા. બહુ ગણતરી .. કહેવાય છે ને? આહાહા..!

આ અનંત કાળનો અજાણ્યો પંથ અને એ પંથમાંથી કેમ નીકળીને બીજે પંથે જાવું? એને ઘણી બહુ વિચાર મંથન માગે, બાપુ! એ મંથન માગે છે. અને જે માર્ગે, જે ભગવાન સર્વજ્ઞે કહ્યો એ માર્ગનો નિર્ણય કરે અને ધર્મ ન પામે એ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? અહીં આચાર્ય મહારાજ, અહીં તો અમૃતને ખોલી નાખ્યા છે અમૃતચંદ્રાચાર્યે. ગાથા ટૂંકી પણ કોણ જાણે ક્યાંથી એવા ભાવ ખેંચી... ખેંચી.. ખેંચી.. આમાં ભરીને કાઢ્યા છે. ગજબ કામ કર્યા છે અમૃતચંદ્રાચાર્યે! અનુભવ દૃષ્ટિ થઈ એ વળી જુદું પણ આ તો ક્ષયોપશમની રેલમછેલ. દરિયો વહેવડાવ્યો છે એમણે તો ભરતક્ષેત્રમાં!!

અરે.. આત્મા! તું આકૃતિને ક્ષણે ક્ષણે છે એ જાણજે, માનજે, હોં! પણ એટલી આકૃતિમાં આખું તત્ત્વ નથી આવતું. આખું તત્ત્વ તો સર્વતઃ અસ્ખલિત કોઈ પર્યાયના પ્રકારથી જરાય એ અનેકરૂપ ન થનારો એક આત્મસ્વભાવ ભગવાન આત્મા, એની અંદર જોજે, અંદર જજે, અંદર દૃષ્ટિ કરજે. **'અનુભવ કરતાં...'** તેનો એકાકાર થતા અન્યપણું એક આકૃતિના અનેક પ્રકારો તે જૂઠા છે. એ એના એક સ્વભાવમાં અંદર નથી. એ બે વાત થઈ છે.

હવે આ ત્રીજી છે આજ તો કાળની. એ દ્રવ્ય અને ક્ષેત્રની બે વાત થઈ. દ્રવ્યે પર સંબંધ વિનાનો અને ક્ષેત્રે આકૃતિના ભેદ વિનાનો. એ અબદ્ધસ્પૃષ્ટ. દ્રવ્યથી એટલે વસ્તુથી અબદ્ધસ્પૃષ્ટ. પરથી બંધાયેલો નથી અને પરને અડેલો નથી, સ્પર્શાયેલો નથી. એવું તારું તત્ત્વ અંદર એકરૂપ છે એને ખ્યાલમાં પહેલું લે. પછી પ્રયોગ અંદર કર. અનન્ય-એ અનેરી અનેરી અવસ્થાઓ જે ક્ષેત્રની દેખાય છે; ક્ષેત્ર એટલે શરીરની નહિ, તારા આત્માના પ્રદેશની ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... આકૃતિ (દેખાય છે).

જેમ પાણી ઊનું થતાં એનો પાણીનો આકાર પણ કેટલો ખદબદ ખદબદ (થાય છે). આ પૈસા પડે એમ પાણી નથી કહેતા? શું કહેવાય છે? ફદીયા પડે એવું. ફદીયા પડે એવું. એ પણ વાત તો ઓલા આમ ખદબદ ખદબદ. એમ અસંખ્ય પ્રદેશી આકાર ક્ષણે ક્ષણે કર્મના સંગમાં આકૃતિ ભિન્ન ભિન્ન છે. પ્રભુ! એ તારું મૂળ સ્વરૂપ નથી. એક સ્વભાવ તરફ જોતાં જ્ઞાયકભાવ, આત્મ સ્વભાવ, વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવ પરમપારિણામિકભાવ. એ તરફ જોતાં સમ્યગ્દર્શન થાય છે. એમાં આ આકૃતિના ભેદો ભૂતાર્થપણે રહેતા નથી. સત્યાર્થપણે રહેતા નથી એમાં. પર્યાયપણે ભલે સત્યાર્થ હો. એનું જ્ઞાન તો બરાબર કરવું જોઈએ, હોં! બિલકુલ નથી એમ કહીને અંદરમાં જઈ શકે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું? કર્મનો સંબંધ

વ્યવહારે બિલકુલ નથી જ, એમ માનનારો અંતરમાં જઈ શકે નહિ. એમ આકૃતિમાં પણ ભેદો નથી જ બિલકુલ, એમ માનનારો વર્તમાન પર્યાયની સ્વતંત્રતાની યોગ્યતાને ચૂક્યો એ ત્રિકાળ સ્વભાવમાં અંતર પ્રવેશ કરી શકે એ બની શકે નહિ.

ત્રીજો. '**જેમ સમુદ્રનો,...**' દૃષ્ટાંત. પહેલામાં તો કમલિનીના પાંદડાનો, બીજો દાખલો હતો માટીનો ક્ષેત્રમાં, ત્રીજો દાખલો કાળમાં દરિયાનો. '**જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ...**' ભરતી ઓટ થાય છે કે નહિ કાંઠે? ભરતી-ઓટ. વૃદ્ધિ એટલે ભરતી અને હાનિ એટલે ઓટ. '**સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી...**' એની અવસ્થા કાઠાંથી વૃદ્ધિહાનિથી જો જોઈએ, એનું જ્ઞાન કરતાં '**અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે-**' એકરૂપ પાણીને કાંઠે ન રહેવું તે સાચું છે. વ્યવહારે તે પર્યાયમાં તે કાંઠે હાલક-લોલ આમ આમ થયા કરે દરિયો. ત્યાં પોરબંદર તો બહુ જોવે આખો દિ'. ત્રણ વાર તો ત્યાં જ મોઢા આગળ જ હતું ને. શું કહેવાય એને? ટાઉન હોલ. દરિયાના કાંઠે છે. હેય.. છોળા મારે ઘડીકમાં આમ જાય અને ઘડીકમાં આમ જાય. એ દરિયાની અવસ્થાની વૃદ્ધિ એટલે ભરતી, હાનિ એટલે ઘટાડો, એ અવસ્થાથી જુઓ તો એ પર્યાયથી વર્તમાન અવસ્થાના કાંઠાની દશાથી જુઓ તો એ વ્યાજબી છે. એ ભૂતાર્થ છે એટલે સાચું છે. સાચું એટલે તે તે પર્યાયદૃષ્ટિએ તે સાચું.

'**તોપણ...**' એ ભૂતાર્થ છે એનો અર્થ જ પછી સત્યાર્થ કર્યો. '**તોપણ...**' ભગવાન આત્મા... અહીં તો દરિયાની પહેલી વાત છે. '**નિત્ય-સ્થિર એવા...**' એ દરિયાને નિત્ય સ્થિર, આમ વ્યવસ્થિત. ટીકામાં ભાઈ મૂળ શબ્દ એ છે. નિત્ય વ્યવસ્થિત મૂળ શબ્દ (છે) એનો સ્થિર અર્થ કર્યો. નિત્ય વ્યવસ્થિત દરિયો આમ છે. એકરૂપ નિત્ય વ્યવસ્થિત. એકરૂપ અવસ્થાના ભેદ વિનાનો. એકરૂપ નિત્ય વ્યવસ્થિત સ્થિર, નિશ્ચળ, વ્યવસ્થિત દરિયાને '**સમુદ્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' મધ્યબિંદુમાં દરિયાનો મૂળ સ્વભાવ, કહે છે, નિત્ય વ્યવસ્થિત સ્થિર નિશ્ચળ છે. એમ સમીપ જઈને અનુભવ કરતાં. એટલે સ્વભાવની એકતાને ખ્યાલમાં લેતા. એમ. અનુભવ ક્યાં એમાં ખ્યાલ છે? અનિતયતપણું એ દરિયાની અવસ્થાનું. સમજાણું? અનિયતપણું અભૂતાર્થ છે. શું કીધું સમજાણું કાંઈ? દરિયાની વર્તમાન અવસ્થામાં ભરતી-ઓટથી જુઓ તો તે પર્યાયથી બરાબર છે. પણ એના મધ્ય દરિયાની નિત્ય વ્યવસ્થિત એકરૂપ દરિયો પડ્યો છે, એ જોઈએ (તો) આ અવસ્થા જૂઠી છે. એ અવસ્થા અંદરમાં પ્રવેશ કરતી નથી. એના મૂળ દરિયાના સ્વભાવમાં એ અડતી પણ નથી. એ દૃષ્ટાંત છે.

હવે સિદ્ધાંત. '**એવી રીતે...**' ઓલામાં પણ હતું ને જેમ. '**એવી રીતે આત્માનો,**

**વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી...**' જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય આદિ ગુણો. એની એક સમયની અનેક અનેક અનેક અવિભાગરૂપ પર્યાયો. દરેક ગુણની એક સમયની પર્યાયમાં અનંતા અનંતા પ્રકાર. એવા વૃદ્ધિહાનિ પર્યાયના પ્રકારથી, પર્યાયની અનેકતાથી, પર્યાયના ભેદથી જાણતા, '**અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે-**' આત્મામાં દરેક ગુણની પર્યાય અગુરુલઘુગુણને લઈને અનિત્યપણું ભજે છે એ વાત બરાબર છે. એ આત્માનો કાળ કહેવાય છે. સ્વકાળ પર્યાયનો. ઓલી દ્રવ્યની વાત હતી, (પછી) ક્ષેત્રની, આ કાળની (છે). એ સમય સમયના અનંતા ગુણો એ ગુણોમાં અગુરુલઘુને કારણે દરેક સમયની પર્યાયમાં હાનિવૃદ્ધિરૂપ, ષટ્‌ગુણ હાનિવૃદ્ધિરૂપ એવી અવસ્થાનું થવું એ અનિયત એટલે પર્યાયદૃષ્ટિએ બરાબર છે. પણ એકરૂપ સ્વભાવ જોતાં. સમજાણું? પર્યાયભેદેથી બરાબર છે.

'**નિત્ય-સ્થિર એવા...**' કાઢી નાખે છે. સમય સમયની અવસ્થા છે, હોં! કોઈ ના પાડે ને કે કૂટસ્થ જ છે આત્મા અને ગુણની પર્યાયમાં ભેદના અનેક પ્રકાર છે જ નહિ, એ તો મૂળમાં ભૂલ્યા છે. જેના વ્યક્ત-પ્રગટ અંશમાં અનેકતાની કાળદશા પર્યાયની છે. એ પર્યાયને ન માને એ તો વ્યક્ત દશાને જ સત્યને અસત્ય માને છે. છે. વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનિયતપણું સાચું છે. બરાબર છે આ? અનંતા ગુણોની પર્યાયમાં અગુરુલઘુને કારણે થતી હાનિ-વૃદ્ધિ એનો સ્વભાવ છે. એ ગુણની પર્યાયનો સ્વભાવ છે. એ પણ એક સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! ચૈતન્ય તત્ત્વ માહાત્મ્યનો દરિયો છે. એની પર્યાયમાં કહે છે કે આવું અનંતગુણ હાનિવૃદ્ધિ અથવા અનંતગુણ ભાગ વગેરે પ્રકારો પડે છે એ પર્યાયો એના સાચા છે. એ ભેદ એના સાચા છે. અનિયતપણું, અચોક્કસપણું એ પર્યાય દૃષ્ટિએ, વર્તમાન દૃષ્ટિએ, વ્યવહાર દૃષ્ટિએ, ક્ષણિક દૃષ્ટિએ એ વાત સાચી છે. જાણવા લાયક છે. જાણવું જોઈએ. એનો નિષેધ કરીને કોઈ આત્મામાં ત્રિકાળ કાળનું એકરૂપ પકડી શકે એમ બને નહિ. એથી પહેલું કહ્યું, વ્યવહારે પર્યાયે પર્યાય સ્વતંત્ર છે. પોતાને કારણે સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? ભલે કર્મના નિમિત્ત લ્યો પણ છે જ્ઞાનનો પર્યાય, દર્શનનો પર્યાય, ચારિત્રનો અનંત ગુણોમાં અગુરુલઘુ એક ગુણ અનંત ગુણની પર્યાયમાં સહાયક છે. અને અનંત ગુણની પર્યાયમાં હાનિવૃદ્ધિ એક સમયમાં થઈ રહી છે. સમજાણું કાંઈ? એ રીતે જોતા બરાબર છે. પર્યાયથી સાચું છે. એ પર્યાયને એને ન માને અને એકલો આત્મા... આત્મા... આત્મા કરે તો એને આત્મા પ્રતીતમાં આવે નહિ. સમજાણું કાંઈ?

'**તોપણ...**' ભલે પર્યાયમાં છે, અંશમાં છે, એ અવસ્થા છે. ભેદ પ્રકાર ષટ્‌ગુણ હાનિવૃદ્ધિના સાચા છે. છતાં એ કાંઈ એના લક્ષે, એને આશ્રયે એટલાને માન્યે સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? એને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. અનંતા ગુણની એક એક સમયની પર્યાય

ભેદ પ્રકાર કાળનો તેનો કાળ સ્વકાળ છે. સ્વકાળે તે તે તેના ગુણની પર્યાય તે પરિણમી રહી છે તે તે કાળે એ બરાબર છે. એને જ જેને ન માને એ તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે. પણ એને માને તો પણ હજી અગૃહીત મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા '**તોપણ નિત્ય-સ્થિર...**' નિત્ય, વ્યવસ્થિત, '**(નિશ્ચલ)...**' એ જ જેનો કાળ છે. ઓલી પર્યાય કાળ એ પર્યાયમાં ગયો, દ્રવ્ય ત્રિકાળ કાળ એક છે જેનો, નિત્ય વ્યવસ્થિત જેનો એકરૂપ સ્વભાવ, નિશ્ચલ '**એવા આત્મસ્વભાવની સમીપ જઈને...**' કાળભેદની પર્યાયનો વિચાર છોડી, ત્રિકાળ રહેનારો નિત્ય વ્યવસ્થિત એકરૂપ જેનો આત્મસ્વભાવ, એમાં એકકાર અનુભવ કરતાં, જોતાં એ પર્યાયના અનંતા પ્રકારની અસ્તિ જે હતી એ ત્રિકાળ સ્વભાવની દષ્ટિની અપેક્ષાએ તેની નાસ્તિ છે. લ્યો, આ અનેકાંત કર્યું. એમાં છે, ત્રિકાળમાં નથી. ત્રિકાળમાં એકરૂપ સ્વભાવ છે. ભેદમાં તે ત્રિકાળ એકરૂપ સ્વભાવ આવી જતો નથી. કહો, સમજાણું કાંઈ? હજી આના વાંધા. ઓલો કહે કે આ આકાર ફરે છે એ કર્મને લઈને ફરે છે. અહીં તો કહે છે કે એના પર્યાયના અસ્તિત્વની તને હજી શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ?

એમ ગુણની પર્યાય ઓછી વત્તી થાય એ કર્મને કારણે જ્ઞાનાવરણી નિમિત્ત ખરું, પણ એને કારણે ગુણની પર્યાય હાનિ-વૃદ્ધિ પામે ઓછી વત્તી એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે? એવી સ્વતંત્ર પર્યાયોની હાજરીને.. પર્યાય છે એમ માને. એક જણો તો કહે, પર્યાય જ નથી. એ તો તીવ્ર મિથ્યાત્વ છે. બીજો કહે, પર્યાય છે પણ કર્મને લઈને હિનાધિકતા છે. સમજાય છે? એ પણ તીવ્ર મિથ્યાદષ્ટિ છે. ત્રીજો કહે છે કે પોતાથી પણ એ પર્યાયના ભેદ છે. એટલાને માને તો પણ અગૃહીત મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? એને સત્ય સત્ય પ્રભુ, સત્ય પ્રભુ એકરૂપ પરમેશ્વર એવો આત્મ સ્વભાવ દષ્ટિમાં ન લે ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી. કહો, આ ભગવાનને માન્યે થાતું નથી પણ એ ભગવાનની પર્યાયના અનેક પ્રકારને માન્યે થાતું નથી એમ કહે છે અહીં તો. એય..! દેવાનુપ્રિયા!

ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર.. આહાહા..! એને માન્યે થાય? કે ના. એ તો એક કુગુરુ-કુદેવ-કુશાસ્ત્રને જે ધર્મમાં વિઘ્નમાં નિમિત્ત હતા એ છૂટ્યા અને ધર્મમાં સહાયક નિમિત્ત તરીકે સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રને કબુલ્યા. પણ એ નહિ. અને અહીં તો પોતાની પર્યાય મારાથી સ્વતંત્ર થઈ, આનાથી નહિ, પરથી નહિ, કર્મથી નહિ, નોકર્મથી નહિ. મારા ગુણોની વર્તમાન અનંતી એક એક ગુણની બધી અવસ્થાઓ મારાથી હાનિ-વૃદ્ધિ થઈ રહી છે. એટલું માને અને એના ઉપર દષ્ટિ રાખે તો એ પર્યાયબુદ્ધિ મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાણું? ઓલો તો સંયોગ બુદ્ધિવાળો છે. ભગવાનથી થાશે, ગુરુ આપી દેશે, શાસ્ત્રમાંથી, બહુ શાસ્ત્રની ભક્તિ કરીને મળી જાશે.

અમરચંદજી! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આ ધર્મનો પહેલો પ્યાલો. સમજાણું?

આ ગાય છે ને આપણા ભાઈ, નહિ? ઉત્તમચંદભાઈ. 'પ્યાલો મને પાયો રે...' આવે છે ને એમાં? 'ગુરુએ મારા પ્રેમ કરી...' પ્યાલો મને પાયો. અમારે રાયચંદ ગાંધી હતા એ બોલતા. .. બહુ હતા ને .. એ બહુ બોલતા. પણ એ પ્યાલો પીવે એને ખબર પડે. એ કાંઈ બહારના પ્યાલાની વાત નથી. આત્મા અજબ જ્યોતિ ચૈતન્ય એક સ્વભાવ એકરૂપ. કહે છે કે પર્યાયથી ભલે બાપા, અનેકપણે છે પણ મધ્યબિંદુ જોતાં ચૈતન્યના ધ્રુવ સ્વભાવમાં એકાકાર થતાં એ સમ્યગ્દર્શન અને શુદ્ધનયનો વિષય પકડતાં તે કાળના પર્યાય ભેદો તો એમાં નથી. એમાં નથી. પર્યાયમાં ભલે હો. સમજાય છે કાંઈ?

'**નિત્ય-સ્થિર એવા આત્મસ્વભાવની સમીપ જઈને...**' વ્યવસ્થિત એવો ચૈતન્ય પ્રભુ એક સમયનો નિત્ય વ્યવસ્થિત. કોઈ અવસ્થા કરવી નથી અને અવસ્થા જેનામાં છે નહિ. એવા આત્મ સ્વભાવમાં એકાકાર અંતર્મુખ જઈને, સમીપમાં દૃષ્ટિ કરતાં એટલે અહીં દૃષ્ટિ છોડીને એકાકાર અંતર થતાં તે '**અનિયતપણું અભૂતાર્થ છે-**' એ અવસ્થાઓના પ્રકાર આ અપેક્ષાએ જૂઠા છે. કહો, સમજાણું કાંઈ? ઝીણી વાતું (લાગે) માણસને. આખો લાડવો જ આખો ચક્ર ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાણુથી તદ્દન ભિન્ન, આમાં રહેલો રજકણ ને કર્મના રજકણના દળથી તદ્દન ભિન્ન કામ કરી રહ્યો છે. લેવા ને દેવા એને કર્મના રજકણ કે આ તૈજસ કે આ ઔદારિક શરીર એની સાથે કાંઈ નથી. અડ્યો ને આભડ્યો (નથી), અડતો પણ નથી એને. અજ્ઞાની પણ કોઈ દિ' અડ્યો નથી અને જ્ઞાની તો પર્યાયબુદ્ધિ વિના વસ્તુ બુદ્ધિએ પરથી જુદો પ્રસિદ્ધ કરી રહ્યો છે. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન થવાની રીત. સમજાણું?

આ તો પહેલી વાત કરી હતી કે પહેલો દ્રવ્યથી છૂટો પડે અને પછી ક્ષેત્રથી (છૂટો પડે) એવું કાંઈ નથી. આ તો સમજાવવામાં એનો ક્રમ પડે. છૂટો પડ્યો એટલે એકસાથે (બધાથી છૂટો પડે). નવ તત્ત્વના વિકલ્પથી જુદો, પ્રમાણ પ્રમેયના ભેદથી જુદો, નયોના પ્રકારથી જુદો અને નિક્ષેપના લક્ષણથી જુદો અને આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદથી પણ જુદો. સમજાવવાની શૈલીમાં તો ક્રમે ક્રમે એનો વિસ્તાર સમજાવાય. આ આટલો નહિ... આ આટલો નહિ... આ આટલો નહિ. એમાં અનેક પ્રકાર આવે. સમજાણું કાંઈ? એ ત્રીજો બોલ થયો. બહુ ઝીણી વાતું છે આ. આ તો મગજ-બગજ કાંઈ હળવું હોય, ચોખ્ખું હોય કાંઈ હળવું (હોય) તો માંડ પકડાય એવી વાત છે. કુંવરજીભાઈ! જો ત્યાં વયા મગજ ક્યાંક. ફાવાભાઈ! ફાવાભાઈને રાતે વયો જાય છે. ... હળવો થઈ જાય એકવાર. કાંઈ કામ નથી એને. કામ એક આ છે. સમજાણું ને? કોઈ બીજું કામ કરી શકતો નથી. કામ આ કરી

શકે કે એની અવસ્થાના અનેક પ્રકારને માને અને કાં એટલી માન્યતા છોડીને ત્રિકાળની દૃષ્ટિ કરે. એ કરી શકે છે. એ એનું કર્તવ્ય છે, એ એનું કાર્ય છે. એ કાર્ય આવું કરી શકે છે. બરાબર હશે? પરનું કાંઈ કાર્ય કરતો નહિ હોય? ભંગારનું-બંગારનું કાંઈ આ ધ્યાન-બ્યાન રાખે તો કાંઈક ફેર પડતો હશે કે નહિ? જરીએ નહિ? આ તમારા કાકા બહુ ધ્યાન રાખતા હશે એને બધું રહ્યું છે એટલે થાતું હશે? જરીએ નહિ? લે!

અહીં તો કહે છે, તારા બે કાર્ય. ક્યા? કે તારી દશામાં અનેક અવસ્થા થાય તે તારું કાર્ય એટલો સ્વીકાર એ પર્યાયદૃષ્ટિનું કાર્ય છે. પરનું તો કાંઈ કરી શકતો નથી. જીભ હલાવવી કે બોલવી કે એનો કોઈ કાળ (એ તારું કાર્ય નહિ). આ તો કાળ આવ્યો છે ને એટલે જરી (લીધું). સમજાણું કાંઈ? બીજા બધા પદાર્થો-આ શરીર આમ આમ થાય, વાણી આમ આમ થાય, બધો કાળ એની પર્યાયનો કાળ એનામાં છે. આત્મા એને કાંઈ કરી શકતો નથી. હાનિવૃદ્ધિ કે એકરૂપતા તારી એમાં નથી. હાનિવૃદ્ધિ તારી પર્યાયમાં, એકરૂપતા તારા દ્રવ્યમાં. આ સિવાય તારા માટે બીજું કોઈ કાર્ય છે નહિ. સમજાણું કાંઈ? ભાઈ ડાહ્યા માણસો બહુ કામ કરે છે, કેટલાક એમ કહે છે લ્યો. નહિ? લાલજીભાઈ! આ લાલજીભાઈને ડાહ્યા માણસ ત્યાં કહે છે. ઘણા .. રાખે. પંદર-પંદર લાખ રૂપિયા ને છોકરાને બધાને જાળવે. હુકમ કરે. કાકા-કાકા કરે. ક્યાંથી લાવ્યા આટલો માલ? ક્યા ભાવે? એ ધ્યાન રાખીને પૈસા પેદા થાતા હશે? ત્રિભુવનભાઈ! રાગ કરે. રાગ કરેને ભાઈ, શું કરે? ક્યાં ગયો રાજેન્દ્ર? આ બધા ધંધાવાળા શું કરે છે? ધંધો કરે કે રાગ કરે?

મુમુક્ષુ :- રાગ કરે છે.

ઉત્તર :- બસ, રાગ કરે. રાગ કરે બસ એટલું. બીજું કાંઈ કરી શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે, પ્રભુ! એકવાર વાત તો સાંભળ, બાપા! આ તારા દ્રવ્યની વર્તમાનકાળની પર્યાયનો તું કર્તા (છો) પણ પરદ્રવ્યની અવસ્થાનો કર્તા ત્રણ કાળ ત્રણ લોકમાં સસલાના શિંગડા જેવો હોય તો તેનો કર્તા તું થા. પણ તારા દ્રવ્યના અનંતા ગુણો, એની અનંતી પર્યાયોમાં હાનિ-વૃદ્ધિની દશામાં હિલોળા (થાય) એના ઉપર કાર્ય માનીને દૃષ્ટિ કર તોપણ દૃષ્ટિમાં દુઃખદાયક મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આ તો હજી બીજા કાર્ય આ કર્યા ને આ કર્યા. ધૂળેય નથી કર્યા હવે. ઉકરડાના અભિમાન કર્યા છે. બરાબર હશે? ફાવાભાઈ!

શું કહે છે? કે ભગવાન આત્માની વૃદ્ધિ-હાનિની દશાથી જોઈએ તો તે તેનું કાર્ય તે તેનું સત્, તે તેનો ઉત્પાદ-વ્યય તે પ્રકાર તેની અનેકતામાં છે. એ એને પોતાને કારણે છે, પરને કારણે નહિ. પણ એટલા પર્યાય ભેદમાં લક્ષ કરતાં પ્રભુ તને આનંદ નહિ આવે. સમજાણું?

સમય સમયની (અવસ્થા થાય).. પરની તો ક્યાંય ગઈ, તારી અવસ્થાના અનેક ભેદ ઉપર લક્ષ કરતાં તો રાગ જ ઉત્પન્ન થશે. અને એમાં લાભ માનતાં કાંઈક મને લાભ થાય છે (એમ માનતા) દૃષ્ટિ વિપરીત અભિનિવેશ, વિપરીત આગ્રહમાં પકડાઈ જાય છે. કહો, બહારમાં લાભ થાય એ લાભ તો ક્યાંય ગયો આમાં હવે. ઓણ લાભ થયો પાંચ લાખનો, પોર થયો હતો ચાર લાખનો. આગળ વળી હજી છ લાખનો કરશું, ઢીકણું કરશું. હરામ છે કોઈ દિ' કરી શક્યો હોય તો તું ત્રણ કાળમાં.

પણ તારી પર્યાયના ભેદનું લક્ષ કરતા મને લાભ થાય (એમ માનતા પણ) એમાં નુકસાન મિથ્યાત્વનું થાય છે. સમજાણું કાંઈ? મગનભાઈ! શું હશે આ બધું? ભારે આ. .. કર્યો હશે? એક જણા કહેતા હતા, નહિ? ઓલા સુખલાલ. સુખલાલ. (સંવત) ૧૯૮૬ની સાલમાં સુખલાલ જીવરાજ. ..માં છે મોટા ઓસા. સાતસોનો પગાર. ... તે દિ' હોં! ૮૬ની સાલ. ..માં. ચારસોનો પગાર. અને દિગંબરના કેટલા પુસ્તકોના ગુજરાતી કરેલા. પદ્ય કરેલા. કવિ હતા. દર્શન કરવા આવ્યા ૮૬માં, ઉમરાળા. આ સંસાર આવો બનાવ્યો કોણે? હવે અમારે પાછો ટાળવો ને. શું કહો છો પણ તમે? શું કહો છો આ? આકાશ ઉપર કેમ? આ શું એનો અર્થ? પાતાળ હેઠે કેમ? એમ આ બનાવ્યો કોણે? ભગવાન આત્મા એક સમયમાં સચ્ચિદાનંદ અનંત ગુણનો પિંડ ખાણ છે. અનાદિથી ભૂલીને તેની દશાઓમાં ભિન્ન ભિન્ન અવસ્થાઓ વિકારની અનેકતાની તે કરે છે. એનું નામ સંસાર છે. કોઈએ કર્યો નથી અને કોઈએ તને અંદર પરાણે નાખી દીધો છે એમ છે નહિ. લોકો વિચાર કરતા નથી. આમ ઉપરટપકે દીધે જાય. પદ્મનંદીમાંથી તો શ્લોક બનાવ્યા, ગાયન બનાવ્યા. કેટલા બનાવ્યા છે? ચોપડીઓ બનાવી હતી. આ પ્રશ્ન પૂછે તો પછી એવી રીતે કહે એને. શું આ પણ તમે .. આ તમે ચારસોના પગારદાર બુદ્ધિવાળા કહેવાઓ લોકમાં. લોકમાં કહેવાય ને. અહીં તો ક્યાં હતા? ૮૬. કેટલા વર્ષ થયા? ૩૧ થયા ને? ૩૧. ચૈત્ર મહિને આવ્યા હતા, ઉમરાળા. આટલો વિચાર નથી કે આ શું આત્મા છે અને આ શું એક વસ્તુની દશા થઈ રહી છે. એ દશાઓમાં એ સંસાર તે કોઈ સંસરણ તારી ક્રિયા છે. એ ક્રિયાનો કરનાર પોતે આત્મા જ છે. એ ક્રિયા કોઈ કર્મે કરાવી છે કે આત્માની ઓછી-વત્તી દશાઓ જ્ઞાનની, શ્રદ્ધાની તીવ્રતા કે મંદતા થાય વિપરીતની, એ કોઈ કરાવનાર નથી. એટલી યોગ્યતાની કબુલાત કરીને પણ તેટલી પર્યાયમાં દૃષ્ટિ રાખવી એ તો અંશમાં આખો અનાદિથી માની રહ્યો (છે). એ કાંઈ નવી વાત નથી.

પણ ભગવાન આત્મા નિત્ય નિશ્ચલ એવા આત્મસ્વભાવ, એનો કાળ, એનો કાળ એટલે એકરૂપ કાળ. એમ. સમજાણું કાંઈ? વસ્તુ... વસ્તુ... વસ્તુ... ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકભાવ.

આ એમાં દૃષ્ટિ મૂકીને જો તો આ કાળના ભેદો તેના ગૌણ થઈ જશે અથવા તે ત્રિકાળમાં તેની નાસ્તિ રહેશે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન અને શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ પહેલું કર્તવ્ય.

નિયમસાર કહે છે કે નહિ? '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી કરવા લાયક હોય તો એક મોક્ષમાર્ગ નિશ્ચયથી કરવા લાયક છે. એ તારું કાર્ય છે. બાકી તો બધા થોથા પર્યાયના કર્યા ને આ ઉઘાડ કર્યો ને આ કર્યા ને આ રાગ કર્યા, વિકાસ નવ પૂર્વનો થયો ને ક્રિયાકાંડમાં નવમી ગ્રૈવેયક ગયો એનો શુભરાગ કર્યો. એ બધા કાર્ય ભાઈ, તારા નથી, હોં! ખરા કાર્ય નથી. છે તો પર્યાયદૃષ્ટિએ એના કાર્ય. પણ એમાં ખરું ખરું કાંઈ આવતું નથી. એમાં ખોટે ખોટા મીંડા આવે છે બધા. પરના કાર્યમાં તો શું આવતું હશે? મીંડાથી વધારે આવતું હશે કાંઈ? પરની તો વાત પણ ક્યાં હતી. એક પાંપણના રજકણને ફેરવવા ત્રણ કાળ ત્રણ લોકમાં ચૈતન્યમાં સત્તામાં તાકાત નથી. પરને માટે પાંગળો, પર્યાય માટે પુરુષાર્થી. પણ પર્યાય માટે પુરુષાર્થી તે તે અસત્ દૃષ્ટિમાં. સમજાય છે કાંઈ? જ્ઞાયકભાવ જોતાં, એક સ્વભાવ જોતાં પછી પર્યાયનો ભેદ જોવે. તેનું જ્ઞાન કરે, જ્ઞાનમાં આવે કે છે. આ અવસ્થાઓ બધી ... વૃદ્ધિ-હાનિ થાય છે એમ જ્ઞાન કરે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. ચોથો બોલ. ત્રણ થયા.

'**જેમ...**' દૃષ્ટાંત. દરેકમાં દાખલો આપ્યો છે. '**સુવર્ણ...**' સુવર્ણ. સોનું-સોનું. સુ-વર્ણ. સોનાનું '**ચીકણાપણું,...**' સોનાનું જોઈએ, સોનાનું '**પીળાપણું,....**' જોઈએ, સોનાનું '**ભારેપણું...**' વજનદારપણું જોઈએ, સુંવાળાપણું જોઈએ વગેરે '**આદિ ગુણરૂપ ભેદોથી...**' આ બધી તો પર્યાય છે પણ દૃષ્ટાંત દઈને એને ગુણમાં વાત કરી છે. સમજાણું? '**ચીકણાપણું, પીળાપણું,...**' એ તો બધી પર્યાયો છે. સ્પર્શગુણ, રંગગુણ એ એનો ત્રિકાળી ગુણ છે. પણ દૃષ્ટાંતમાં એની પ્રગટ પર્યાયને ગુણ વર્ણવીને ગુણ સાથે ભેદની સાથે માપ કરે છે.

'**જેમ સુવર્ણનો, ચીકણાપણું,...**' ચીકણું એ પર્યાય છે એની. '**પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી...**' એ સોનાને જોતાં. ભારે, પીળો, ચીકણો. આનંદઘનજીએ પણ એ કહ્યું છે. સમજાણું? આનંદઘનજીના પદમાં પણ આવે છે. ભારે, પીળો, ચીકણો એ ભેદ અનેક રે. એકાકાર જોતાં તે એકમાં નથી. એવી વાત તો સિદ્ધાંતની કેટલીક વાત આનંદઘનજીમાં આવી ગઈ છે. સમજાણું? '**વિશેષપણું ભૂતાર્થ છે-**' શું કહે છે? સોનું જે છે એમાં પીળાશ, ચીકાશ, વજન, તોલ, સુંવાળપ એ વિશેષ પ્રકાર જોઈએ તો વિશેષ પ્રકારથી એ વાત સાચી છે. વર્તમાનમાં એના પ્રકારો પર્યાયદૃષ્ટિએ એવા દેખાવામાં આવે. ગુણભેદ દેખવામાં આવે છે. સોનામાં. '**તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા**

છે...' પીળાશ, ચીકાશ ને વજન ને સુંવાળપ-બુળાવપ કાંઈ લક્ષમાં રહ્યું નહિ. એક સોનું જોતા. સોની તો સોનાને જોવે બહુ. એનું મૂળ સોનું.

**'સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** ક્યાં વિલય થઈ ગયા? વયા ગયા છે? પર્યાયમાં તો છે. પણ એકરૂપ સોનામાં એ વાત છે નહિ. **'સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** વિલય એટલે વિશેષે લય એટલે નાશ. એટલે કે ત્રિકાળ એક સોનાના સ્વભાવમાં એ ભેદો નથી. એમ. એ અપેક્ષાએ વિલય થઈ ગયા છે. **'એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને...'** સોનાના સ્વભાવની (સમીપ જઈને જોતાં). એકરૂપ સોનાનો સ્વભાવ, એમાં એકાકાર દૃષ્ટિ આપતા. સોનાને જોવાને માટે વાત છે. **'અનુભવ કરતાં તે વિશેષપણું અભૂતાર્થ છે...'** ગુણભેદ છે. વ્યવહારે ગુણભેદ છે સોનામાં. બિલકુલ નથી એમ છે નહિ. પણ એક સોનાને જોતાં તે ગુણભેદ ખોટા છે. સોનાને જોતા ગુણભેદ ખોટા છે. ગુણભેદનો અભાવ છે બિલકુલ, એમ નહિ. ત્રિકાળમાં સોનાનો સ્વભાવ જોતાં એનો અભાવ દેખાય છે. ભેદ છે.

**'એવી રીતે...'** હવે ઉતરે છે આત્મામાં. ભગવાન **'આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી...'** જુઓને! સાતમેથી ભેદથી ઉપાડ્યું છે. .. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. ..માં કહ્યું, જ્ઞાન તે આત્મા. એ વ્યવહારને બધાને અભૂતાર્થ કહીને પાછી વિસ્તારમાં વાત બીજી રીતે પણ લાવ્યા. કહે છે, ભગવાન આત્માનો **'જ્ઞાન,...'** જાણવું, દેખવું, ઠરવું, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનેક **'ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું...'** આત્મામાં વ્યવહારે છે. વિશેષપણું, વિશેષપણું વિશેષની અપેક્ષાએ છે. આત્મામાં ગુણભેદ જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ, સ્વચ્છતા, વિભુતા વગેરે એવા ગુણો તેનામાં ગુણભેદ તરીકે વ્યવહારથી વર્તમાન દૃષ્ટિએ, પર્યાય દૃષ્ટિએ, ભેદ દૃષ્ટિએ, ક્ષણિક દૃષ્ટિએ, ઉપચાર દૃષ્ટિએ જોઈએ તો તે એમાં છે. સમજાણું કાંઈ? એ ઉપચારના વાંધા. ભાઈ! ઉપચારનો અર્થ એ વ્યવહાર. વ્યવહારે તે વિશેષપણે છે. પણ એ ગુણભેદ ઉપર દૃષ્ટિ આપતાં એકાગ્રતા થાય નહિ અને એક દૃષ્ટિમાં આવે નહિ. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ આ. કહો, શિવલાલભાઈ! આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. ભાઈ સવારે પૂછતા હતા રસ્તામાં સમ્યગ્દર્શન કેમ થાય? કીધું, ભાઈ! આખો દિ' એ જ માંડી છે અહીં તો. ગમે તેટલા કથનો હોય પણ લાવી લાવીને ત્યાં ઢાળી દેવાય છે.

પ્રભુ! ભગવાન આત્મા એકલો પોતે એની વાત છે, હોં! બીજા બીજાના ઘરે રહ્યા. એનામાં ગુણભેદ છે, અનંતા ગુણો છે, અનંત ગુણો છે. નથી એમ નહિ. પણ તે ગુણી અને આ ગુણ એવા ભેદો છે વિશેષ પ્રકારે ભેદથી વ્યવહારનયથી બરાબર છે. એ પર્યાય દૃષ્ટિએ વર્તમાન ચિત્તના સંગના લક્ષે એને જોતાં ગુણભેદ તે બરાબર છે. સમજાણું કાંઈ?

ઓલા કહે કે કાંઈ નથી. આવ્યું હતું ને ૧૧મી ગાથામાં? સર્વવ્યાપક, અભેદ ને નિત્ય ને એ બધું આવ્યું હતું. ક્ષેત્રથી એક ને કાળથી એક ને ગુણથી એક ને બધું અહીં નથી. એમ નથી. શશીભાઈ! .. એક હતો તે દુઃખી .. ઘણો થયો પાછો. વળી પાછો બહુ.. માંથી એકલો થાય. છોકરાની રમત જેવી વાતું થઈ. એમ નથી. તારા ચૈતન્યનો સહજાત્મ સ્વભાવ, એની વર્તમાન દશામાં જોતાં ગુણભેદ બધાય છે. ગુણભેદ છે. છે, અનંતા ગુણો છે. એક સમયમાં અનંતા ગુણો. એ ગુણની સંખ્યા સર્વજ્ઞ ભગવાન સાક્ષાત્ જાણે. એટલા ગુણભેદ, વિશેષપણે સોનામાં જેમ પીળાશ, ચિકાશ, વજન છે, એમ છે.

આ ગુણભેદ ન માને બિલકુલ, એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. પણ ગુણભેદમાં રોકાયને આત્મા આટલો છે એમ માને એ પણ ગૃહીત મિથ્યાત્વ ભલે ટળે પણ અગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અગૃહીત એટલે અનાદિથી ઊંધી પક્કડમાં પકડાણો એને અગૃહીત મિથ્યાત્વ કહીએ. જનમ્યા પછી આ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના ઊંધા લાકડાને માનવા... કેમ હશે ફાવાભાઈ? આ હૈદરશાહીથી આ થાય ને ફલાણાથી આ થાય, કુદેવ-કુગુર આદિ એ બધા ગૃહીત મિથ્યાત્વના પાપના લાકડા અંદર મોટા. આ ભગવાનથી આત્માનું કલ્યાણ થઈ જાય અને ભગવાનની મૂર્તિ આપણે સ્થાપીએ તો દીકરા થાય. એ ચાલે છે કે નહિ? ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... ભ્રમણામાં ગરી ગયો છે, કહે છે. તને તારા તત્ત્વની ખબર નથી.

અહીં તો કહે છે કે ગુણભેદમાં રોકાય તોપણ ભગવાન હાથ આવે એવો નથી. સમજાણું? ઓલા ભગવાનના લક્ષે તો આ ભગવાન હાથ આવે એવો નથી. ત્યાં ક્યાં તારો ભગવાન હતો? તારો ભગવાન તો અહીં છે. જ્ઞાયકભાવ, કહે છે કે, ગુણભેદથી જોઈએ તો એ તો બરાબર છે. તોપણ... ગુણભેદથી બરાબર છે વિશેષપણું, સાચું છે વિશેષપણું. વિશેષપણું ન જ માને (તો) સામાન્ય સર્વ .. વત્, સામાન્ય પણ ગધેડાના શિંગડા જેવું છે. વિશેષ વિના એકલું સામાન્ય માને તો એ ગધેડાના શિંગડા જેવું છે.

અહીં તો કહે છે કે એટલા ગુણભેદના વિશેષમાં રોકાય, લક્ષના વિકલ્પની વિચારધારામાં (રોકાય) તો પુણ્યબંધન થાય. અને દૃષ્ટિનો વિષય પૂર્ણ છે તે તેને રોકનારા છે. ગુણભેદ અંતરના એકાકાર દૃષ્ટિના વિષયને તે રોકે છે. એ વિઘન છે. આ ભારે વિઘન, ભાઈ! સમજાણું કાંઈ? ગુણી આ ને ગુણ આ. ગુણી આ ને ગુણ આ. એવા સંકલ્પ-વિકલ્પના હિંડોળે ચડ્યો, એ ચૈતન્યની પ્રતીત અને અનુભવ નહિ થઈ શકે. છે છતાં. કેમ કે અનેકપણાને લક્ષે તો રાગ જ ઉત્પન્ન થાય. એમાં એકાગ્ર થઈને એકનું લક્ષ આવી શકે નહિ.

કહે છે, '**તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' શેમાં? '**એવા આત્મસ્વભાવ...**' એક આત્મા, એક આત્મ સ્વભાવ. આત્માને જ, આત્માનો સ્વભાવ

લીધો અહીં તો બધે. એક ઉપાધિભાવ અને એક નિરૂપાધિભાવ. એક ઉપાધિ સ્વભાવ અને એક નિરૂપાધિ સ્વભાવ. કહે છે, જેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ એવા પ્રકારના ભેદોનું જ્યાં લક્ષ જ છૂટી જાય અને એકલા આત્મ સ્વભાવમાં દૃષ્ટિ જાય ત્યારે તે ભેદો તેમાં તે વિષયમાં નથી. અભેદમાં ભેદ નથી. તેથી તે ભેદ વિલય થઈ જાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ પણ આ તો નિરાલંબની વાતું, ગુણની વાત હા.. હોમાં રોકી દીધી એણે. એમાં આવો નિરાલંબ કેટલો ધીરો! કેટલો ધીરો કે બીજા વિકલ્પો તો છૂટી જાય પણ આ આત્મા, આ આત્મા વસ્તુ અને આ એના ગુણો, એના વિકલ્પમાં રોકાતા ધીરજ થઈને એકપણું એ દ્વારા નહિ પકડાય. સમજાણું કાંઈ?

**'જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને...'** ભગવાન આત્માનો **'અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-'** એ વિશેષપણું ત્રિકાળ એક સ્વભાવમાં નથી. ભેદ ભાવમાં અસ્તિ તરીકે જ્ઞાન કરવા માટે છે. પણ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ થતાં એ ભેદનું જ્ઞાન સાચું થાય. નહિતર સાચું જ્ઞાન થતું નથી. કહો, સમજાણું કાંઈ? આવું છે સમ્યગ્દર્શન. કેવળચંદભાઈ! હવે આ તો કેટલાક કહે, અરે..! સોનગઢવાળાએ સમકિત મોંઘુ કરી દીધું. કોના ઘરનું પણ સમકિત એમાં મોંઘું થયું? જેમ છે એમ છે, બાપા! તને બેસે કે ન બેસે. જેમ છે તેમ છે. ત્રિકાળ જેમ છે તેમ (છે). પણ બહારની વાત... જ્ઞાનમાં અંતર્મુખ થઈને નિર્ણય કરવાનો અવસર નહિ. આ બધા અલક..માં રોકાઈને જાણે કાંઈક ધર્મ થઈ જાય. અમે ગુણને જાણીએ છીએ. આવા ગુણો છે.. આવા ગુણો છે..

હમણાં એક વાત કરતા હતા, આ અધ્યાત્મવાળા તો વાતને એની એ વાત ઘણી કરે. અને અમે પંડિતો તો પ્રમેય જ્ઞેયના વિષયોને આમ કલાકમાં તો પ્રમેયના ઢગલા કરી દઈએ. એક પંડિતજી એમ કહેતા હતા. નામ-બામ ન કહીએ. એ પ્રમેય-પ્રમેય. અહીં તો ઉતરે છે ને આમાં. પ્રમેય એટલે જ્ઞેય તરીકે આ જ્ઞેય ને આ જ્ઞેય ને આ જ્ઞેય. અરે..! ભગવાન બધું છે, સાંભળને બાપા! આ સ્વજ્ઞેયની એકરૂપતા પકડવાની જે વાત છે એ વારંવાર કરવા જેવી છે. એ જ વારંવાર કરવા જેવી, એ જ સાંભળવા જેવી, એને ચિંતવવા જેવી. આવે છે ને કેટલા બોલ નહિ ઓલામાં? ૧૯ બોલ નહિ ઓલામાં? યોગસારમાં ગાથા છે ને. યોગસાર નહિ? આપણે વંચાઈ ગયું છે આખું. વ્યાખ્યાનમાં વંચાઈ ગયું છે. યોગસાર, અમિતગતિ આચાર્ય. ચિંતવવા યોગ્ય, અધ્યવસાય કરવા યોગ્ય, વિચારવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, સાંભળવા યોગ્ય, પૂછવા યોગ્ય એવા ઘણા બોલ એમાં લીધા છે. સમજ્યાને? આત્મા જ પૂછવા યોગ્ય, એ જ જાણવા લાયક, એ જ વાંચવા લાયક, એ જ સાંભળવા લાયક, એ જ કહેવા લાયક, એ જ ધારવા લાયક, એ ગ્રહણ કરવા લાયક, એનું મનન કરવા લાયક

એવા ઘણાં બોલ લીધા છે. કેમ હશે આ? દાસ! આખા .. કામ સંભારવા જેવું...

કહે છે, ભાઈ! તું એક છો, એમાં અનેક છે. એક જ સ્વરૂપે છે સર્વથા એવો એનો ધર્મ છે. એક અને અનેક એના પોતાના બેય ધર્મ છે. પણ અનેક ધર્મને લક્ષે એકપણાની પ્રતીતિ થાય નહિ અને એકપણાની પ્રતીતિ વિના અનેકપણાનું સાચું જ્ઞાન હોય નહિ. સમજાણું કાંઈ? એ કહે છે અહીંયાં. ભાઈ! તારે અનેક છે એને જાણવા છે? તો એ એકપણે ચૈતન્ય સ્વભાવ, એમાં અનેકપણાની નાસ્તિ છે. જુઓ! અનેકાંત આ. એકરૂપ ચૈતન્ય સ્વભાવની શુદ્ધનયના વિષયને જોતાં એટલે કે દૃષ્ટિનો વિષય જોતાં તેમાં અનેકપણાની નાસ્તિ છે, અનેકપણું અનેકપણામાં છે. એકપણામાં તેની નાસ્તિ. આને ભગવાન અનેકાંત વાદ કહેવા માગે છે. એ અનેકાંત તે અમૃત છે. સમજાણું કાંઈ?

**'આત્મસ્વભાવની સમીપ જઈને...'** એટલે જ્ઞાયકભાવમાં એકરૂપ થતાં. દ્રવ્યમાં એ લીધો હતો આત્મસ્વભાવ. ક્ષેત્રમાં પણ એ લીધો હતો અને કાળમાં એ પણ લીધો હતો અને ભાવમાં પણ એ લીધો હતો. એ તો વાત તો એને મૂળ તો પરમસ્વભાવ એકરૂપ અંતર આખું તત્ત્વ આદિ-અંત વિનાનું જેની હદ નહિ. ઓહોહો..! એક સવારમાં આવ્યું હતું ને કે આ નરકગતિ આદિ બાપા, હદવાળી છે, હોં! એક આવ્યું હતું. પંચાસ્તિકાયમાં નહોતું આવ્યું? હદ. આ ગતિ તો મર્યાદા કાળે આવી છે, હોં! છૂટી જશે. હદ-હદ. પાંચ-પચ્ચીસ વર્ષની સ્થિતિની ગતિની હદ છે. હદ છે. અને એમ સમય સમયના પર્યાયની પણ હદ છે. બેહદ પ્રભુ ચૈતન્ય ધ્રુવ એને અંતર જાણ્યા વિના, માન્યા વિના આ તારી હદવાળી ગતિનો કાળ થોડો રહ્યો, પચ્ચીસ રહ્યો, પચાસ રહ્યો એ હદ છે તારી. છૂટી જશે ફડાક દઈને. ફડાક દઈને દેહ છૂટી જશે. હદવાળી, મુદતવાળી ચીજ તે ક્યાં સુધી રહેશે? અનાદિ અનંત પ્રભુ તું પડ્યો છો, ત્યાં હદની ગતિના પ્રકારમાં આવ્યો એ તારી ચીજ નથી. સમજાણું કાંઈ?

આત્મસ્વભાવ ભગવાન એ હદને ટાળવી હોય, મુદતી ગતિ આવે એને ટાળવી હોય,.. મુદતપણે ગતિ રહે, થોડો કાળ રહે ત્યાં ફૂ. દેવગતિ હદવાળી છે એમ કીધું છે. ત્યાં તો હદ કીધી છે ને. એક શબ્દ આવ્યો હતો. ચારેય ગતિની હદ. એક શું અસંખ્ય વર્ષ. હદયુક્ત. વસ્તુ એકરૂપ ત્રિકાળ. આ ગતિ હદ. એની તો વાતેય કાઢી નાખી, બાપા! પણ તારા ગુણભેદ અને પર્યાય ભેદ પણ એ વિકલ્પોની હદ છે, મર્યાદા છે. પ્રભુ મર્યાદા વિનાનો, ભગવાન ચૈતન્ય પ્રભુ, એની અંતર્મુખ દૃષ્ટિ કરતાં એ ભેદની હદનો તેમાં નાશ થાય છે. આ એને સમ્યગ્દર્શન કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૨, રવિવાર તા. ૧૩-૦૮-૧૯૬૧**
**ગાથા-૧૪, પ્રવચન - ૩૬**

વિષય શું છે? સમ્યગ્દર્શનનો વિષય શું? છે તો અહીંયાં શુદ્ધનયનો વિષય. પણ એ શુદ્ધનયના પ્રકારથી જ્ઞાન થતાં એના સ્વભાવનું ભાન થઈને જે અંતર પ્રતીતિ થવી, એને સમ્યગ્દર્શન ધર્મનું પહેલું સોપાન કહે છે. ચાર વાત થઈ ગઈ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની.

આત્મા એક સમયમાં કર્મના સંબંધથી આમ જુઓ, નિમિત્તથી સંયોગ દૃષ્ટિથી જુઓ તો તેનું સંયોગપણું વ્યવહારે વર્તમાન છે. એના ખ્યાલમાં એ વાત આવે એવી છે. પણ તે કાંઈ કાયમની ચીજ અને કાયમનું એનું સ્વરૂપ નથી. ભગવાન આત્મા એક સમયનો આત્મ સ્વભાવરૂપ જે દ્રવ્યભાવ, આત્મ ત્રિકાળી સ્વભાવરૂપ જે દ્રવ્ય વસ્તુનો સ્વભાવ, એની સમીપ એટલે એમાં એકાગ્ર થતાં તે કર્મના સંબંધનો સંગ, પરિચય એ અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? એટલે કે શુદ્ધનયનો વિષય એકલો આત્મસ્વભાવ, દ્રવ્યભાવ, પરમ ત્રિકાળી જ્ઞાયક તાદાત્મ્યસ્વરૂપ તે તેનો વિષય (છે). તેની અંદર દૃષ્ટિ કરતાં તેમાં કર્મના સંબંધની નાસ્તિ છે. સમજાણું કાંઈ?

એમ ક્ષેત્રથી. આકારની આત્મપ્રદેશની આકૃતિ અનેરી અનેરી હોવા છતાં એ અનેરી અનેરીપણે આકૃતિપણે વર્તમાન પર્યાય દૃષ્ટિથી તે ભૂતાર્થ નામ બરાબર છે. પણ આત્મસ્વભાવનું એકરૂપ જોતાં એ અભૂતાર્થ છે. એટલે કે એની આકૃતિ તે અનેક અનેકપણું અંતર સ્વભાવમાં નથી. અંતર ચૈનત્ય સ્વભાવની એકરૂપ દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય. એમાં કર્મના નિમિત્તના સંગમાં આકૃતિના ભેદો, તે ત્રિકાળ દ્રવ્ય સ્વભાવમાં તેની નાસ્તિ છે. સમજાય છે કાંઈ? દેવીલાલજી! શું પણ આમાં ધર્મ કેમ થાય આમાં ધર્મ? આ શેની વાત ચાલે છે આ? સમ્યગ્દર્શન એ ધર્મ છે, સમ્યગ્જ્ઞાન એ ધર્મ છે, સમ્યક્ચારિત્ર પણ ધર્મ છે.

ધર્મ એટલે અહીં હવે જે કહેવું છે કે જે આત્માનો ત્રિકાળી ધર્મ એટલે સ્વભાવ, એમાં એકાકાર થતાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ થાય છે. ત્રીજી કાળની વાત લીધી. અવસ્થામાં ભિન્ન ભિન્ન અવસ્થાઓ અનંત ગુણની, ભિન્ન ભિન્ન હાનિવૃદ્ધિ અવસ્થા અવસ્થાપણે બરાબર છે. વ્યવહારનયે તે બરાબર છે. પણ અંતર આત્માના સ્વભાવ એકકાળરૂપ ભાવ જોતાં તે સમ્યગ્દર્શનના વિષયમાં, અંતરમાં એકાગ્ર થતાં એ અનેક ગુણોની અનેક પર્યાયની હાનિ-વૃદ્ધિ તે ખોટી છે. એટલે કે ત્રિકાળી સ્વભાવમાં નથી.

ચોથો (બોલ). પહેલો દ્રવ્ય, બીજું ક્ષેત્ર, ત્રીજો કાળ અને ચોથો ભાવ. આત્મામાં અનંતા

ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ છે. એ ગુણની ભેદ દૃષ્ટિથી જુઓ તો ભેદપણું બરાબર છે. વ્યવહારથી બરાબર છે. પણ એ ભેદોની દૃષ્ટિ છોડી એકરૂપ ચૈતન્યના સ્વભાવની એક્તામાં જતાં તે ગુણભેદ તે નથી. અભેદમાં ભેદ નથી. એમ અંતર્મુખમાં અભેદ ઉપર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને શુદ્ધનય કહેવામાં આવે છે. એ ચાર બોલ થયા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના.

પાંચમો. પહેલો દૃષ્ટાંત આપે છે. ઓલા ચારેયમાં દાખલા તો આપ્યા હતા દરેકના. '**જેમ જળનો,...**' પાંચમો. '**અગ્નિ જેનું નિમિત્ત છે...**' પાણીમાં ઉષ્ણતામાં અગ્નિ જેનો સંયોગ નિમિત્ત છે. '**એવી ઉષ્ણતા સાથે...**' ઉષ્ણતા સાથે. ઉષ્ણતા તો પાણીની વર્તમાન વિકૃત અવસ્થા છે. પણ એમાં નિમિત્ત અગ્નિ છે. એ '**સાથે સંયુક્તપણારૂપ-**' એ ઉષ્ણતાના સંબંધપણારૂપ, ઉષ્ણતાના સહિતપણારૂપ અગ્નિની વર્તમાન અવસ્થાને ઉષ્ણતા સહિત જોતાં '**તપ્તપણારૂપ-અવસ્થાથી અનુભવ કરતાં...**' એ ઉષ્ણપણું એટલે તપ્ત. પાણી તપેલું વર્તમાન છે. તપેલું એટલે ઉષ્ણ. એવી અવસ્થાથી પાણીનું જ્ઞાન કરતાં '**(જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું...**' ઊનાપણાના સહિતપણું યુક્તપણું તે સાચું છે. અગ્નિ તો તેનું નિમિત્ત છે. અગ્નિને લઈને ઊનું થયું નથી. અગ્નિની અસ્તિ છે તો અહીં ઉષ્ણતાની અસ્તિ છે એમ નથી. પણ અગ્નિનું જેમાં નિમિત્ત છે એવી ઉષ્ણતાના સહિતપણે પાણીને વર્તમાન દૃષ્ટિથી જુઓ તો તે ઉષ્ણતાનું સંયુક્તપણું સાચું છે. ભૂતાર્થ એટલે સાચું છે વર્તમાન દૃષ્ટિએ. એ દૃષ્ટાંત હવે એમાં પાણીમાં ઉતારે છે.

'**તોપણ એકાંત...**' એક ધર્મ. એક ધર્મ પાણીનો શીતળતારૂપ. સમજાણું કાંઈ? પાણીનો શીતળતારૂપ એક ધર્મ. એવા '**જળસ્વભાવની સમીપ જઈને...**' જોતાં. પાણીનું એક ધર્મરૂપ તો શીતળતા છે. ઓલી ઉષ્ણતા તો અનેક પ્રકારે એની અવસ્થામાં વર્તમાન કૃત્રિમ અગ્નિના નિમિત્તના સંબંધમાં પોતામાં થયેલી (દશા છે). પણ એનો એકરૂપ શીતળ સ્વભાવ જોતાં પાણી ઠંડુ... ઠંડુ... ઠંડુ... ઠંડુ... ઠંડુ... '**એકાંત...**' એક-અંત એટલે ધર્મ. એવી '**શીતળતારૂપ જળસ્વભાવની સમીપ...**' એટલે સ્વભાવને જોતાં તે '**અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે-**' કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ તો આ દાખલો સમજાય એવો નથી? દેવલીલાજી! બુદ્ધિવાળા માણસ છે એ તો. એને પૂછ્યું હતું.

પાણી છે ને પાણી? ઉતરશે આત્મા ઉપર. જળ-જળ. પાણીની વર્તમાન ઉષ્ણતા અગ્નિના નિમિત્તના સંબંધમાં આવેલી, વર્તમાન ઉષ્ણતાનું યુક્તપણું, સહિતપણું એ વર્તમાન ઉષ્ણતાની

અપેક્ષાએ બરાબર છે. કહો, સમજાણું કાંઈ? પણ તે જળના એક શીતળતારૂપ ધર્મના સ્વભાવને જોતાં, એક ધર્મ શીતળરૂપ સ્વભાવને જોતાં તે પાણીનો કાયમી એક ધર્મરૂપ સ્વભાવ જોતાં એ ઉષ્ણતાનું વર્તમાન કૃત્રિમપણું તે જૂઠું છે. એટલે કે એક શીતળધર્મમાં એ નથી. એમ. સમજાણું કાંઈ? હવે એમ આત્મામાં. આ તો દૃષ્ટાંત થયો. કહો, પાણીનું તો સમજાણું કે નહિ આમાં? લાલજીભાઈ! પાણીનું તો સમજાય એવું છે કે નહિ? હવે પછી સિદ્ધાંત આકરો પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! અત્યારે. ટાઢા કે દિ'? ટાઢા સદાય છે. એક ધર્મ સદાય એનો અંતર જુઓ તો શીતળરૂપ છે. ઉષ્ણતાના કાળે પણ ઠંડુ તો અવસ્થામાં વળી થાય એ તો પર્યાય. આ તો ઉષ્ણતા સહિતપણાના કાળે એ વર્તમાન અપેક્ષાએ ઉષ્ણતાનું સંયુક્ત-સંબંધ છે તે બરાબર છે. વ્યવહારથી. પણ ખરેખર તે કાળે અગ્નિના નિમિત્તના સંબંધની ઉષ્ણતાનું લક્ષ છોડી, એનો એકરૂપ શીતળતારૂપ જળનો સ્વભાવ, ઉષ્ણ કાળે એકરૂપ અંતર્મુખ શીતળ સ્વભાવ જોતાં એ ઠંડો છે. અને એમાં ઉષ્ણપણું એમાં નથી. કાયમી સ્વભાવમાં ઉષ્ણપણું નથી અને ઉષ્ણપણામાં કાયમનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પણ અહીંયાં સ્વભાવની વાત છે. શક્તિ એટલે સ્વભાવ. ત્રિકાળ શક્તિ કહો, એનો સ્વભાવ કહો. સમજાયું? સ્વભાવની વિશેષ વાત છે. એ શક્તિ એટલે જ એનું સ્વરૂપ છે ને. એનો સ્વભાવ છે કાયમી. જળનો ઠંડો એક ધર્મ છે. એક જ ઠંડો એનો સ્વભાવ ધર્મ કાયમી છે. એને અનુભવ કરતાં એટલે એનું જ્ઞાન કરતાં તે ઉષ્ણતા એકરૂપ ધર્મની અંદર નથી. એ વાસ્તવિક શીતળતાના ધર્મને, જળને ઓળખ્યું કહેવાય. વાસ્તવિક જળના સ્વભાવને ઓળખ્યું કહેવાય. હવે એ સિદ્ધાંત.

**'એવી રીતે...'** જળની પેઠે. જેમ.. એમ હતું. **'એવી રીતે આત્માનો,...'** ભગવાન આત્મા એનો, **'કર્મ જેનું નિમિત્ત છે...'** પાંચમો બોલ ચાલે છે આ. ઓલા ચાર તો થઈ ગયા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વર્તમાન એક સંબંધ વિનાનું એકલું સ્વરૂપ છે. હવે આમાં જે વિકાર છે એનાથી રહિત બતાવવું છે. **'આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે...'** જેનું એટલે કે **'એવા મોહ...'** જેનું એટલે મોહ સાથે. રાગ, દ્વેષ, મોહ, વિકલ્પ દયા, દાન, કામ, ક્રોધ, એવા વિકારી ભાવ. કર્મ જેનું નિમિત્ત છે. નૈમિત્તિક અવસ્થા જીવની વર્તમાન દશામાં છે. નિમિત્ત છે માટે છે એમ નહિ. અને નિમિત્ત કર્તા અને એનું કાર્ય છે એમ નહિ. નહિતર એ નિમિત્ત કહેવાતું નથી. અહીં તો અસ્તિની વાત સિદ્ધ કરવી છે. આ ગાથાઓમાં

કર્તા-કર્મ સિદ્ધ નથી કરવું. અસ્તિ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

એ કર્મ છે માટે મોહ અને વિકાર છે એમ નથી. પણ તેમ જેનું નિમિત્ત છે એવા અંદરમાં ભ્રમણા, મિથ્યાત્વ, રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ, પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ એવો મોહ. '**કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ...**' એટલે પર પ્રત્યેની સાવધાનીનો એકરૂપ ભાવ. અહીં તો મોહ સાથે પરપ્રત્યેનો સાવધાનીનો ગમે તે પ્રકાર પછી મિથ્યાત્વ હો, રાગ હો, દયા હો, દાન હો. સમજાય છે કાંઈ? એ આત્માનો કર્મ જેનું નિમિત્ત એવા મોહ સાથે. મોહ એની દશામાં છે. પર તરફના લક્ષે સાવધાનીએ ઉત્પન્ન થયેલો વિકારી પુણ્ય-પાપ ઉદયભાવ, સંસારભાવ એની દશામાં છે.

એ '**સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' એ વિકારના સહિતપણું. એમ એ દશાથી જ્ઞાન કરતાં-વેદન કરતાં '**સંયુક્તપણું ભૂતાર્થ છે-**' એ મોહનું સહિતપણું દશામાં છે એ પર્યાયબુદ્ધિએ બરાબર છે. વર્તમાનપણે તો એ બરાબર છે. પણ એ કાંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. એ કાંઈ આખું તત્ત્વ નથી. અને આખું તત્ત્વ નથી એટલે અંશ તત્ત્વમાં આખું તત્ત્વ માનવું એ મિથ્યાદૃષ્ટિપણું છે. સમજાય છે કાંઈ?

એક વાત તો એ છે. ક્યાં ગયા? દેવાનુપ્રિયા આવ્યા છે કે નહિ? આમ ક્યાંય દેખાતા નથી. સમજાણું આમાં? એક તો એ વાત છે કે કર્મ સ્વીકાર છે એક. કર્મનો સ્વીકાર, નિમિત્તનો સ્વીકાર છે. એના તરફમાં એ છે તો અહીં છે એમ નહિ. પણ તે તરફના લક્ષવાળો એક મોહનો ભાવ એ પણ અસ્તિરૂપે છે. અસ્તિરૂપે છે. જે કોઈ અસ્તિરૂપે વિકાર એનામાં સંસાર ઉદયભાવ છે એ કર્મને લઈને છે એમ માને એ તો મોટી એની ભૂલ છે. એ તો મોટી સંયોગદૃષ્ટિની મોટી ભૂલ છે.

બીજી વાત. પોતામાં થયેલો વિકાર એમાં વર્તમાન સંયુક્તપણું નથી જ એ પણ મહામિથ્યાત્વની મોટી ભૂલ છે. સમજાણું કાંઈ? ત્રીજું. એ સંયુક્તપણું છે એટલો આત્મા છે એ પણ એક મિથ્યાદૃષ્ટિનો વિષય મિથ્યા ભ્રાંતિ ભ્રમ છે. પણ છે ખરું. છે ખરું. પર તરફના લક્ષવાળો વિષય એમાં રાગ-દ્વેષ, મોહ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ બધો એ સંયુક્તપણું વિકૃતનું વર્તમાનમાં છે. પણ એ બિલકુલ નથી જ એમ માને એ મૂઢ છે, નિમિત્તથી માને એ મૂઢ છે અને એટલો વિકારસહિત જ જીવને માને એ પણ મૂઢ જ છે. સમજાણું કાંઈ?

'**એવા મોહ સાથે સંયુક્ત...**' એટલે સહિતપણું, સમ્યક્ પ્રકારે યુકતપણું. સહિત બરાબર છે એમ કહે છે. એ અવસ્થાથી જોતાં-વેદતાં સંયુક્તપણું સાચું છે. મિથ્યાત્વભાવમાં અને રાગ-દ્વેષનું વેદન છે, વિકારનું વેદન છે એ સહિતપણું કૃત્રિમ સંયોગભાવનું, સંયોગભાવ એટલે

નિમિત્તના સંયોગે ઉત્પન્ન થયેલો પોતાનો પોતામાં ભાવ, એવો સંયોગભાવ વર્તમાન દૃષ્ટિએ સાચો છે. પણ એમાં ધર્મ નથી. આત્માની એમાં શાંતિ નથી.

**'તોપણ જે પોતે એકાંત બોધરૂપ...'** સ્વભાવ. એક-અંત એટલે એક જ ધર્મ. એક ધર્મ, એક ધર્મ. આત્માનો એક ધર્મ. બોધબીજરૂપ. જ્ઞાનના બીજડારૂપ સ્વભાવ. જ્ઞાનના બીજરૂપ સ્વભાવ એટલે ચૈતન્યભાવ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એનો એકાંત-એક ધર્મ. ક્યો? ચૈતન્યભાવ. જે બોધબીજરૂપ સ્વભાવ. સમ્યગ્જ્ઞાનના બીજરૂપ સ્વભાવ. આ એમાંથી કેવળજ્ઞાનાદિ બધું ફાટે છે. બીજમાંથી કેવળજ્ઞાન ફાટે છે. સમજાણું કાંઈ? કાંઈ પુણ્ય-પાપની ક્રિયા અને વર્તમાન પર્યાયમાંથી કાંઈ કેવળજ્ઞાન ફાટતું નથી. સમજાણું આમાં? શું કહે છે?

ભગવાન આત્માને જોવાની બે દૃષ્ટિ. એક વર્તમાન વિકારસહિત દયા, દાન, વિકલ્પવાળો જોવો એ પણ વર્તમાનની અપેક્ષાએ બરાબર. એમાં સત્યતાનો સ્વીકાર ત્રિકાળનો નહિ. એવું સંયુક્તપણું હોવાને કાળે પણ એક ધર્મ, એક ધર્મ, બોધબીજરૂપ સ્વભાવ, બોધબીજ ચૈતન્યનું બીજડું ચૈતન્યભાવરૂપ સ્વભાવ, એ ઉપર નજર કરતાં સમ્યગ્દર્શન થાય, શુદ્ધનયનો વિષય પકડાય. એ દૃષ્ટિએ મોહનું સહિતપણું અંતરના સ્વભાવમાં નાસ્તિ છે. સમજાય છે કાંઈ? ભારે ધર્મ, ભાઈ! આ કઈ જાતનો ધર્મ હશે? એઈ..! દેવાનુપ્રિયા! શું કહે છે આ?

મુમુક્ષુ :- એકાંત બોધબીજ.

ઉત્તર :- એકાંત જ્ઞાન સ્વભાવનું બીજડું પડ્યું છે આખું. જે ફાટીને ફડાક કેવળજ્ઞાન થાય. એમાંથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કૈવલ્ય એ બધાનું બીજડું એકરૂપ ધર્મ ચૈતન્યભાવ. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે અંદર જે વિકલ્પ આદિ ઉઠ્યાને? શુભભાવ, અશુભભાવ, પુણ્યભાવ એ વર્તમાન પૂરતા છે. પણ તેની રુચિ છોડી, તેનું લક્ષ છોડી, તેનો આશ્રય છોડી એકાંત એક ધર્મ બોધબીજ, જ્ઞાનબીજ, સ્વભાવ ચૈતન્ય ભાવ, એના ઉપર નજર કરતાં સમ્યગ્દર્શન થાય એ દ્રવ્યદૃષ્ટિ કહેવાય, એ શુદ્ધનય એને કહેવાય. એને સમ્યક્ નામ આત્માના સત્યનો સ્વીકાર થયો કહેવાય. એવે કાળે પછી કાંઈક જે રહ્યો રાગાદિ એનું વ્યવહારે જ્ઞાન એનામાં આવી જાય છે. સમજાય છે કાંઈ?

આમ એકરૂપ સ્વભાવને જોતાં ચૈતન્યની એકતા, જ્ઞાનની વર્તમાનમાં લીનતા ત્રિકાળ દ્રવ્યસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, એક ધર્મ બોધબીજ સ્વભાવ, એમાં થતાં સમ્યક્ થાય, અનુભવ થાય. આત્માના આનંદનું નિર્વિકલ્પ વેદન થાય. એ કાળે પ્રગટેલું જ્ઞાન, હજી કાંઈક સંબંધ થોડો રાગાદિનો, વ્યવહારનો રહ્યો છે એને જાણે છે. સ્વને જાણતાં આને જાણે છે. એને આદરતું નથી. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

છે એમાં? વાંચો એમાં ભાઈ! જુઓ! આ પાઠ પડ્યા છે અંદરમાં અમૃતના. લોકો ક્યાંકથી ક્યાંક ધર્મ (મનાવી બેઠા), આનાથી થાય ને અહીંથી થાય. કો'કની સેવા કરીએ, કો'કની આ કરીએ, કો'કનું આ કરીએ. ધૂળેય નથી, સાંભળને હવે.

અહીં તો અસ્તિત્વની વાત છે. તારા અસ્તિત્વનો અંશ પરના અસ્તિત્વમાં ત્રણ કાળમાં જતો નથી. અને પરના અસ્તિત્વની હયાતીનો અંશ તારામાં અસ્તિત્વમાં આવતો નથી. પણ તારા અસ્તિત્વના બે અંશો. તારા હોવાપણાના બે પ્રકાર-કે જે એક પર્યાય વર્તમાનમાં મોહ, રાગ-દ્વેષ, મિથ્યા ભ્રાંતિ, ભ્રમ દયા, દાન, વ્રત, તપ, જપનો વિકલ્પ પૂજા આદિ જાત્રા આદિનો રાગ (થઈ રહ્યા છે), એ મોહ સંયુક્તપણું વર્તમાન અવસ્થાપણે જીવને જાણે છે એમ વ્યવહારનયથી બરાબર છે. પણ એનું વ્યવહારનયનું જ્ઞાન યથાર્થ ક્યારે થાય? સમજાય છે કાંઈ? એક ધર્મ સ્વભાવ ભગવાન આત્મા એના ઉપર એકાગ્ર થતાં આવું કાંઈક બાકી રાગાદિ છે એમ ભિન્નપણે વ્યવહારપણે એટલે ભિન્નપણે ભાસે એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આ બધા વાંધા તકરાર લે છે કે નહિ? અરે..! ભગવાન આમાં તકરાર જ નથી કાંઈ. વાંધા... વાંધા. વસ્તુની વિધિ સમજે નહિ ને વાંધા ઉઠાવે. સમજાણું કાંઈ?

વસ્તુ વિચારત ધ્યાતવતૈ મન પામે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઊપજે અનુભવ તાકો નામ.

આ અનુભવની વાત ચાલે છે. પાંચેય બોલમાં અનુભવની તો ક્રમે ક્રમે વાત કરે છે. પણ થાય છે એક કાળે બધું. કર્મના સંબંધનો સંગ પણ એક ચૈતન્યભાવમાં એકાગ્ર થતાં એમાં આવતો નથી. એમ ક્ષેત્રની અનેકતા પણ પ્રદેશની વ્યંજનપર્યાયની એકરૂપ સ્વભાવમાં એ છે નહિ. એમ કાળની પર્યાય અનંતા ગુણની વર્તમાન અર્થપર્યાયો, એ ભેદો અંશો પણ એ ત્રિકાળ જ્ઞાનસ્વભાવમાં નથી, એમ ગુણના ભેદો પણ ત્રિકાળ એક ભાવમાં નથી, એમ મોહનું સંયુક્તપણું પણ ચૈતન્યના એક ધર્મમાં નથી. એક સાથે આ બધું છે. સમજાવવામાં ક્રમ પડે છે. સમજાણું કાંઈ? બહુ પણ વિચાર માગે એને, હોં! મંથન બહુ માગે. નહિ દેવીલાલજી? આમ ને આમ ધર્મ થઈ ગયા.. ધર્મ થઈ ગયા. અરે.. ભાઈ! અને આવું સમજ્યા વિના વ્રત અને નિયમ લઈ લીધા. તપ અને નિયમ લીધા છે હવે આત્મામાં સમજવું નથી. આત્મા સમજવો એ નિયમ લઈ લીધો.

હજી વ્રત, નિયમ કોને હોય વ્યવહારે એના નિશ્ચયના સમ્યગ્દર્શનની ભૂમિકા વિના ક્યાં એકાગ્ર થવું છે અને ક્યાંથી લક્ષને ઉઠાવવું છે? પણ એ લક્ષને ઉઠાવવું એ ચીજ છે. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપના મેલભાવ છે. છે એમાંથી લક્ષ ઉઠાવીને એકરૂપ ધર્મમાં

દૃષ્ટિ કરવી. એને ભગવાન શુદ્ધનયનો વિષય અથવા શુદ્ધનય કહે છે. એને સમ્યગ્દર્શન કહે છે.

કહો, '**તેની સમીપ જઈને...**' એક ધર્મ. બોધબીજરૂપ સ્વભાવ એનો ખુલાસો કર્યો. તેની એટલે કે ચૈતન્યભાવની. એમ. આખા ટોટલનો... ચૈતન્યભાવની '**સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું...**' મોહસહિતપણું, તે ક્ષણે હોવા છતાં ચૈતન્ય સ્વભાવમાં એક દૃષ્ટિ કરતાં તે સંયુક્તપણાનો અભાવ છે. '**અસત્યાર્થ છે;...**' જૂઠો છે. કહો, શિવલાલભાઈ! આ બધું આકરી વાત છે. એ અત્યારે ઓલા દાણા-બાણાના ધંધામાં ઝટ કરે એવું નથી આ. સમજાણું કાંઈ? મોટા દાણાના વેપારી છે ને આમ છે. એમ માણેકચંદભાઈને બહુ વાત કરતા હતા. શિવલાલભાઈને મોટો ધંધો છે દાણાનો. .. દાણા ઉતારે. આ એમ નથી મળે એવું આ. કહો, સમજાણું? જયંતિભાઈ!

કહે છે, આમાં તો ઘણા પ્રયત્નથી એને એના ખાનામાં કઈ ચીજ છે (એ સમજવું જોઈએ). પરને લઈને નહિ અને પરમાં નહિ. એની અહીં વાત છે નહિ હવે અત્યારે. ભગવાન આત્મા એને કર્મના સંબંધનો સંગ, ક્ષેત્રની અનેકતા વ્યંજનપર્યાયની, કાળના અનંત ગુણની અનેકતા, ભાવમાં ભેદતા અને મોહની સંયુક્તતા, એ પાંચેય વર્તમાન દૃષ્ટિએ હોવા છતાં એકરૂપ ચૈતન્ય બોધના સ્વભાવ જોતાં... બીજામાં આત્મસ્વભાવ.. આત્મસ્વભાવ કીધું હતું એ આનું આ કીધું ત્યાં. સમજાણું કાંઈ? એ બધી વાત તો એની એ કરી હતી.

એક ધર્મ જેનો, એકાંત જેનો ધર્મ એક છે. એટલે એકાંતે એટલે એક જ એનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? એવો અંતર ભગવાન આત્મા, ચૈતન્ય બીજડું ચૈતન્યભાવ સ્વભાવ સ્વરૂપ, એની દૃષ્ટિ કરતાં એ વ્યવહાર વિકલ્પો આદિ તે દૃષ્ટિના વિષયમાં નથી. એટલે તેની નાસ્તિ છે. લ્યો, આ વિધિ લેશે. કહો, સવારમાં કહેતા હતા ને ભાઈ? વિધિ-નિષેધ છે ને કેમ આ માનતા નથી? પણ વિધિ-નિષેધ એટલે એમાં નથી પણ ઓલું છે તો કાંઈ થાય છે કે નહિ એમાં? અભાવ-અભાવ ન માનવું. નિમિત્તનો એમાં અભાવ છે... નિમિત્તમાં એનો અભાવ છે. એમ આવ્યું હતું.

ભગવાન! તને એક નિમિત્તની ચીજથી વ્યાખ્યા તો કરી. વાત નથી લીધી પાંચમામાં? પણ નિમિત્ત છે માટે મોહ થયો એમ નથી. અને મોહ છે માટે એનું ત્રિકાળી ચૈતન્યનું સ્વરૂપ છે એમ પણ નથી. તારો કરેલો અથવા તારા ભાવમાં અસ્તિરૂપે રાગ-દ્વેષ-મોહ છે. અસ્તિ છે. એની દૃષ્ટિ છોડી એકરૂપ ચૈતન્ય ગોળો, ચૈતન્ય બિંબ, જ્ઞાનપુંજ, ચૈતન્યભાવ, એના ઉપર દૃષ્ટિ આપતાં એ વિકારનો એટલે વ્યવહારનો-આ વિકલ્પાદિ ઉઠે એવા વ્યવહારનો નિશ્ચયમાં નાસ્તિ (છે). સમજાણું કે નહિ?

નિશ્ચય અને વ્યવહાર બે છે કે નહિ? તો બે છે એમાં એકમાં બીજાની નાસ્તિ થયા

વિના બે રહેશે શી રીતે? નિશ્ચય અને વ્યવહાર બે છે કે એક? નિમિત્ત અને ઉપાદાન બે છે કે એક? બે છે. ઉપાદાન અશુદ્ધ પર્યાયમાં નિમિત્ત નથી અને નિમિત્તમાં અશુદ્ધ પર્યાય નથી. હવે અશુદ્ધ પર્યાયનું સહિતપણું ત્રિકાળ જ્ઞાયકભાવની દૃષ્ટિમાં નિશ્ચયની પર્યાય પ્રગટી, એમાં અંદર પણ નથી અને અહીં નિશ્ચયની પર્યાયમાં પણ વ્યવહાર નથી. સમજાણું કાંઈ?

આમ અંતરના ચૈતન્ય ભાવની દૃષ્ટિ કરવી એને અહીંયાં શુદ્ધનય અને સમ્યગ્દર્શન કહે છે. ઘણા લાકડા ઊંધા ગરી ગયા હોય એટલે ઘણા પ્રકારે એને સમજાવે છે. કોઈકને એટલે કે સાધારણ જીવને એટલા બધા ભંગની ખબર નથી. એક સાથે ખબર હોય આખી કે આ ચૈતન્ય જ્ઞાયકભાવ એકરૂપ છે, એમાં ગયો (ત્યાં) આ બધાના ભુક્કા. વર્તમાન ભંગજાળ તેના ચૈતન્યભાવમાં નથી. અસ્તિ-નાસ્તિ કરી છે. સમજાણું કાંઈ? કહે, સમજાય છે ને ભાષા બાષા? ગુજરાતીનો થોડો અભ્યાસ કરી લેવો. અહીં તો ગુજરાતી ચાલે. સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. છે તો ગુજરાતીમાં પણ બે ભાગ છે ને.

લ્યો, આ પાંચ બોલે ચૌદમી ગાથાની ટીકા પૂરી થઈ. અમૃતચંદ્રાચાર્ય મહારાજે કરી ટીકા એની પૂરી થઈ. હવે જયચંદ્ર પંડિત એને વધારે ચાલતી ભાષામાં સમજાવે છે.

‘**ભાવાર્થ :- આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે :...**’ જુઓ! ઓલા પાંચ પ્રકાર લીધા ને? આત્મા વસ્તુ છે તેને વર્તમાન પર્યાય નામ હાલતમાં પાંચ પ્રકાર તે અનેકરૂપે દેખાય છે. એ શુદ્ધનયનો અને સમ્યગ્દર્શનનો વિષય નહિ. પણ અસ્તિ છે તેનું એ જ્ઞાન કરવા માટે બરાબર છે. એક બોલ. ‘(૧) **અનાદિ કાળથી કર્મપુદ્ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે,...**’ એક બોલ પહેલો. એમાં પણ આવ્યું હતું ને? અનાદિકાળથી બંધાયેલ આત્માનો. એમ આવ્યું હતું. એ આવ્યું. ‘**અનાદિ કાળથી કર્મપુદ્ગલ...**’ જડનો સંબંધ નિમિત્તરૂપે. એવા ‘**બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો,...**’ સંબંધવાળો, સંયોગવાળો વર્તમાન દૃષ્ટિએ દેખાય છે. એ એક બોલ. બરાબર છે? નથી એમ નહિ.

‘(૨) **કર્મના નિમિત્તથી થતા...**’ ઓલામાં નહોતું નાખ્યું, ઓલામાં છેલ્લામાં ભાઈ, નિમિત્ત નાખ્યું હતું. પાંચમાં બોલમાં. આમાં બધાને સમજાવે છે. સમજાવવું છે ને? કે આત્મામાં અસંખ્ય પ્રદેશની આકૃતિ જે બદલતી હતી ભિન્ન ભિન્ન વિભાવરૂપે, એનું નિમિત્ત તો કર્મ છે. પણ એને લઈને નહિ, પણ એ આત્માના અસંખ્ય પ્રદેશની તે તે ક્ષણની આકૃતિ પોતામાં નૈમિત્તિકરૂપે થવાની યોગ્યતા (છે). એ કર્મના નિમિત્તથી થતાં મનુષ્યના આકારે આત્માના પ્રદેશનું-ક્ષેત્રનું થવું. નારકીના દેહના આકારે આત્માના પ્રદેશનું થવું ‘**આદિ...**’ તિર્યંચ, ઢોર,

નિગોદ વગેરે. કીડી, કંથવા, હાથી, ઈતડી-ઈતડી. ઈતડી નથી આવતી? ઈતડી સમજો છો? આ ઢોરને (ચડે). બહુ પગ હોય ઝીણા ઝીણા. લોહી ચૂસે. શું કહે છે? જીણી જીણી ઈતડી-ઈતડી. એ પ્રમાણે એના આત્માના પ્રદેશ એની આકૃતિપણે ત્યાં પરિણમ્યા છે. શરીરને કારણે નહિ, કર્મને કારણે નહિ. એના અસંખ્ય પ્રદેશ તેની આકૃતિપણે... પહેલો દાખલો ઓલાનો આપ્યો હતો આ ખજૂરાનો. શું કહેવાય? કાનખજૂરો. કાનખજૂરો હોય છે કે નહિ? ઘણાં પગ હોય છે.

સર્પ લ્યો. સર્પનો દેહ એવો છે તો એના આત્માના પ્રદેશ એ આકારે પરિણમ્યા છે. એને પગ-બગ નથી એને. પેટેથી (ચાલે). ઓલું જાંજરૂ થાય છે, જાંજરૂ. લીલા-પીળા પટ્ટાનું. પીળા અને કાળા પટ્ટાનું જાંજરૂ આવું થાય. એને પણ પગ કેટલાય હોય. એ આમ.. આમ.. આમ ગતિ કરે. જાંજરૂ નથી આવતું? એરૂ જાંજરૂ કહે છે કે નહિ? એની એવી ગતિ (થાય છે). આત્માના પ્રદેશના શરીરના પ્રમાણે પગ અને એના પ્રમાણે પરિણમી ગયા હોય. એ ખડમાકડી થાય. ખડમાકડી. આમ જુઓ તો તણખલા હોય ઝીણા. ઝીણા ત્રણ તણખલા. તણખલા સમજો છો? આ તિનકા. એ તો પણ સળ્યું દેખો એ તો બરાબર સળી એક આમ. એક આમ સળી અને એક આમ બસ ઈ. આમ ચાલે ત્યારે ખબર પડે કે ઓહો! આ તો જીવ છે. સમજાય છે કાંઈ? એનો આત્મા તે જ પ્રકારે આકાશના પ્રદેશમાં પોતે આકૃતિપણે પરિણમ્યો છે. જોયું છે કે નહિ? ઝીણી બે આમ સળી જેવું. સળીયું જ હોય. એ સળી.. આત્માના પ્રદેશનું. એક કોર હાથી. હજાર યોજનનું માછલું. તો આત્માના પ્રદેશ આકૃતિપણે (પરિણમ્યા છે). '**કર્મના નિમિત્તથી થતા નર, નારક...**' દેવ અને તિર્યંચ. '**પર્યાયોમાં...**' અવસ્થામાં '**ભિન્ન ભિન્ન સ્વરૂપે...**' એના શરીરમાં તે કાળે પોતાના કારણે ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે. એ બરાબર છે વ્યવહારથી, કહે છે.

ત્રીજું. એ ક્ષેત્ર હતું. ત્રીજો કાળ. '(૩) **શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ...**' એક સમયની જ્ઞાનાદિ ગુણની અવસ્થા, એના સામર્થ્યના અંશો ભેદ પાડતા, અવિભાગ-જેનો ભાગ ન પડે એવો પ્રતિચ્છેદ અંશ. લક્ષમાં કાપતા.. કાપતા... કાપતા... જેનો એક અંશ છેલ્લો રહે એને અવિભાગ પ્રતિચ્છેદ અંશ કહે છે. એવા અંશો જ્ઞાનાદિ એક એક સમયની પર્યાયમાં અનંતા ઘટે અને અનંતા વધે. '**ઘટે પણ છે, વધે પણ છે-એ વસ્તુનો સ્વભાવ છે...**' લે! ઓલો કહેવો ત્રિકાળી સ્વભાવ, આ પણ એક સ્વભાવ. પર્યાયનો એનો સ્વભાવ છે, વસ્તુનો સ્વભાવ છે આત્માનો. અનંતા ગુણની એક સમયની જેટલી પર્યાયો (થાય છે) એમાં અનંત ષટ્ગુણ હાનિવૃદ્ધિનું પર્યાયનું થવું એ પણ એક પર્યાય-અવસ્થાના અંશનો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ?

**'તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી,...'** નિત્ય, નિશ્ચય, સ્થિર, વ્યવસ્થિત એકરૂપ દેખાતો નથી. અનંતા આત્માના ગુણોની વર્તમાન અવસ્થામાં હિનાધિકની અવસ્થાના ઘટતા અને વધતા પ્રકાર એનો સ્વભાવ એ એકરૂપ ચીજ એમાં દેખાતા નથી. પણ પર્યાયનયે એ વાત બરાબર છે. જૈન પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય હોતી નથી. એટલે એ અસ્તિપણું પણ બતાવે છે અંશમાં, બીજાથી જુદું પાડીને. અને એમાંથી ઉઠાડીને દ્રવ્ય સ્વભાવમાં જા, એ સાથે બતાવે છે. સમજાણું કાંઈ? બિલકુલ એમ કાંઈ નથી, એક જ છે ને આમ છે ને તેમ છે મારીને ગપ્પા ઉડાવ્યા છે વસ્તુના સ્વભાવને જાણ્યા વિના એની સાથે વાત છે.

એક એક ગુણની એક એક પર્યાયમાં અનંતી હાનિવૃદ્ધિ થાય છે. પર્યાય ધર્મ છે. વસ્તુનો સ્વતઃ સ્વયં અંશનો એ ધર્મ નામ એણે કરેલો, ધારેલો અસ્તિરૂપે ભાવ છે. પણ એમાં એકરૂપ દેખાય નહિ અને એકરૂપ દૃષ્ટિમાં આવ્યા વિના એને સમ્યક્ ધર્મ અને સમ્યગ્જ્ઞાન થાય નહિ.

ચોથો. '(૪) **વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે...'** ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એવો એકરૂપ પ્રભુ અનંત ગુણોના ભેદે ભેદરૂપ ભાસે છે. ભેદરૂપ ભાસે છે. એ ભેદની દૃષ્ટિએ ભેદરૂપ ભાસ બરાબર છે. ચાર બોલ થયા. '(૫) **કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ...'** શુભ-અશુભભાવ વગેરે. **'આદિ પરિણામો સહિત...'** એવા વિકારી આકુળતાના પરિણામ સહિત **'તે સુખદુઃખરૂપ દેખાય છે.'** ભગવાન આત્માની વર્તમાન દશામાં એવા પરિણામથી આકુળતારૂપ સુખદુઃખ એટલે ઓલા મૂળ સુખની વાત નથી આ. કલ્પનાના સુખ અને દુઃખની આકુળતા સહિત એ જીવ દેખાય છે. એમ નથી કે આ દુઃખ એ શરીરનો ધર્મ છે અને શાતા એ શરીરનો ધર્મ છે. એમ નથી. એનો પર્યાયનો ધર્મ છે એણે ધારી રાખેલો. સુખ-દુઃખની કલ્પના એ સહિતપણું જે દેખાય છે એ વર્તમાન પર્યાયે તો બરાબર છે.

પણ **'આ સૌ...'** જુઓ! **'અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...'** કેવો અર્થ કર્યો છે! આ શું કરવા કર્યો છે? કે એની અવસ્થામાં એ દ્રવ્ય જ પોતે અશુદ્ધપણે પોતે પોતાના ભેદપણે પરિણમ્યું છે. કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. નિમિત્તનો અર્થ જ એ છે કે એને લઈને નહિ. સમજાણું કાંઈ? આ પાંચ પ્રકારે અશુદ્ધદ્રવ્યરૂપ, અશુદ્ધદ્રવ્ય એટલે દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ છે પણ એની વર્તમાન પર્યાયમાં, ભેદમાં સંયોગરૂપે પરિણમવું એ અશુદ્ધદ્રવ્યાર્થિક, અશુદ્ધપર્યાયમાં જે મલિનતા (થાય છે) એને એની પર્યાય ગણીને અશુદ્ધદ્રવ્યાર્થિક (અર્થાત્) અશુદ્ધદ્રવ્ય જેનું પ્રયોજન છે, એને અહીંયાં વ્યવહારનયનો વિષય કહ્યો છે. વર્તમાન એનો અશુદ્ધદ્રવ્યાર્થિક પોતે જ પરિણમ્યો છે. એનો ભેદ એના અસ્તિત્વમાં વર્તમાન દશામાં છે. એ દૃષ્ટિથી જોવામાં

આવે તો એ સર્વ સાચા છે. સમજાણું કાંઈ? બીજા આમ કહે, વેદાંત કહે, આ કહે ફલાણું આમ નથી, ઢીંકણું આમ નથી. એ બધી વાતું તો મૂળની અવસ્થાને જ ભૂલ્યા છે. પર્યાયને જ ભૂલ્યા, પર્યાયને ભૂલતા આખું દ્રવ્ય શું છે, જેનાથી ભાન તો પર્યાય વડે થાય છે. સમજાણું કાંઈ? કૂટસ્થ-કૂટસ્થ એક (છે). અરે..! સાંભળ, બાપા! તને ચીજની ખબર નથી. એ ગંભીર દરિયો ચૈતન્ય જેના ક્ષણિક દશામાં પણ આવો એનો સ્વભાવ છે. એ દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ સાચું છે. વર્તમાન અવસ્થાથી તે સાચી વાત છે. નથી, કોઈ આકાશના ફૂલ છે એમ નથી.

'**પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...**' ભગવાન ચૈતન્ય પ્રભુ એક સ્વભાવી, એક જ્ઞાયકભાવી, એક ચૈતન્યભાવી, એક પરમસ્વભાવી, એકરૂપ ભાવ આ દૃષ્ટિથી તે પકડાતો નથી. એ નયથી તે જાણવામાં આવતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય...

ઉત્તર :- કહ્યાને? કહ્યું. એ વાત કહી ગયા, થઈ ગઈને પહેલી? કે દ્રવ્ય જ એ પર્યાયે પરિણમ્યું છે માટે અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. એ વાત તો પહેલી આવી ગઈ. સમજાણું? વાત તો બધી સાથે આવે ખ્યાલમાં. બે વાર, ત્રણ વાર કહ્યું. દ્રવ્ય પોતે જ પર્યાયપણે, અશુદ્ધપણે પરિણમ્યું છે એને પરને લઈને નથી એ બતાવવા અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ કહેવામાં આવ્યું. એના અસ્તિત્વમાં પાંચ બોલ છે એથી તેને અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ પણ છે વર્તમાન પર્યાય અશુદ્ધદ્રવ્યાર્થિક માટે તેને વ્યવહારનયનો વિષય કહ્યો. સમજાણું કાંઈ? નહિતર સીધો કહે, પર્યાયરૂપે વ્યવહારનયનો વિષય છે. એમ કહેતા એના અસ્તિત્વમાં પરિણમેલું છે તે સિદ્ધ થાતું નથી. સમજાણું કાંઈ? એ વસ્તુમાં પાંચ બોલ તેના અસ્તિત્વમાં એના પોતામાં ઉત્પાદ-વ્યયનું એનું સત્ છે એ. એ ઉત્પાદ-વ્યયનું પાંચેય બોલનું એનું સત્ છે. એ પણ મલિન આદિ, ભેદાદિ છે તેથી તેને દ્રવ્યનો વર્તમાન ભાગ એનાથી પરિણમેલો (છે) એમ કહીને એ પર્યાયનો વિષય તે વ્યવહારનયનો અશુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય છે. સમજાણું કાંઈ? ભારે!

'**પરંતુ આત્માનો એક સ્વભાવ...**' એટલે એનું એકરૂપ, એનો એક પ્રકાર આ જ્ઞાનના અંશ વડે જણાતો નથી. અશુદ્ધદ્રવ્યનું પરિણમન વર્તમાન વ્યવહારનયથી જણાય એ તો ભેદરૂપ અનેકરૂપ જણાણું. એકરૂપ સ્વભાવ આ નયથી જાણવામાં, પકડવામાં, અનુભવમાં આવતો નથી. સમજાણું? '**અને એક સ્વભાવને જાણ્યા વિના...**' ભગવાન આત્મા એક આત્મ ધર્મ, એક ધર્મ, એક સ્વભાવ, એક ભાવ, ચૈતન્ય ત્રિકાળી દ્રવ્યરૂપ ભાવ, એની દૃષ્ટિ થયા વિના, એને જાણ્યા વિના, એને ઓળખ્યા વિના '**યથાર્થ આત્માને કેમ જાણી શકાય?**' એને જાણ્યા વિના સાચો આત્મા કેમ ઓળખાય? અને સાચો આત્મા ઓળખ્યા વિના એને

સમ્યગ્દર્શન કેમ થાય? અને સમ્યગ્દર્શન ન થાય તેનું જ્ઞાન પણ સાચું કેમ હોય? અને સમ્યગ્દર્શન, જ્ઞાન નથી ત્યાં એને તપ ને વ્રત ને બધા રણમાં પોક મૂકવા જેવા છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કાયમી આદિ-અંત વિનાની ચીજ એક ધર્મ સ્વભાવરૂપ એનું જ્ઞાન થયા વિના સાચો આત્મા દૃષ્ટિમાં કેમ આવે? અને સાચો આખો આત્મા દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવતું નથી. સમજાણું? ત્યાં સુધી એને સમ્યગ્દર્શન નથી એમ કહે છે. ભલે દયા, દાન, વ્રત ને તપ ને જપ ને ભક્તિ ને શુભને કરી કરીને મરી જતો હોય. લાખ, કરોડ, અબજો વર્ષ સુધી. સમજાણું કાંઈ?

'**એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્મા...**' વસ્તુ પ્રભુ, એ પરમાત્મદ્રવ્યને '**કેમ જાણી શકાય?**' એક સ્વભાવને જાણ્યા વિના પરમાત્મ દ્રવ્ય પોતે એને કેમ જાણી શકાય? સમજાણું કાંઈ? '**આ કારણે બીજા નયને-**' એટલે બીજા જ્ઞાનના પડખાને '**તેના પ્રતિપક્ષી...**' ઓલો અશુદ્ધદ્રવ્યાર્થિક જે દ્રવ્ય પરિણમેલી પર્યાયમાં છે એનાથી આ પ્રતિપક્ષી છે. વ્યવહારનય અશુદ્ધદ્રવ્યાર્થિકનો જે વિષય વર્તમાન એનાથી આ પ્રતિપક્ષી છે. બેયનો વિષય જ વિરોધ છે. '**શુદ્ધ દ્રવ્યાર્થિક નયને-**' લ્યો! શુદ્ધ દ્રવ્ય, એકરૂપ દ્રવ્ય ત્રિકાળભાવ સ્વભાવ જ્ઞાયક પરમસ્વભાવરૂપ છે. એની દૃષ્ટિ કરાવવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયને જાણીને એટલે '**ગ્રહણ કરી, એક...**' શું જાણ્યું એણે? શુદ્ધ દ્રવ્યસ્વભાવ એકરૂપ ભાવ, જે આત્મસ્વભાવ આત્મસ્વભાવ ગાયો હતો બધામાં. ઓલામાં એક ધર્મરૂપ બોધબીજ ગાયો હતો. એવો '**એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ,...**' આવા શુદ્ધનયને લક્ષમાં લઈ. અસાધારણ એક ચૈતન્ય અનંતા ગુણમાં પણ એક જ ગુણ એવો છે એનો. '**જ્ઞાયકમાત્ર...**' જાણનાર... જાણનાર... જાણનાર.. જાણનાર... એવો જ્ઞાયકભાવ. અથવા જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ '**લઈ તેને શુદ્ધનયની દૃષ્ટિથી...**' તેને શુદ્ધનયની દૃષ્ટિથી એટલે કે જે જ્ઞાન અંતરમાં અભેદ તરફ વળ્યું એવી દૃષ્ટિથી. '**સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...**' ઓલો પહેલો બોલ હતો ઈ.

કર્મના સંબંધમાં હતો. કહે કે ના. શુદ્ધનયના અંતર્મુખ સ્વભાવ જોતાં સર્વ દ્રવ્યથી જુદો. કર્મ-ફર્મથી જુદો. '**સર્વ પર્યાયોમાં એકાકાર,...**' એ આત્માના અસંખ્ય પ્રદેશમાં આકૃતિ પડે બધી ભિન્ન-ભિન્ન એમાં પણ એકાકાર ચૈતન્ય સ્વભાવ શુદ્ધનયની દૃષ્ટિ લઈને. '**હાનિવૃદ્ધિથી રહિત,...**' એટલે અર્થ પર્યાય. અનંતા ગુણોની પર્યાયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ થાય એનાથી રહિત એક ભાવ શુદ્ધનયથી લીધો.

આ '**વિશેષોથી રહિત...**' ગુણ-ગુણીના ભેદ અને ગુણોના ભેદથી રહિત શુદ્ધનયની દૃષ્ટિથી '**અને નૈમિત્તિકભાવોથી રહિત,...**' ઓલો વિકારી ભાવ બધો નૈમિત્તિક છે. નિમિત્તના

સંબંધમાં થયેલો નૈમિત્તિક છે. એવા ભાવથી પણ ભગવાન આત્મા અંતર્મુખ જોતા રહિત છે. એ '**જોવામાં આવે...**' આ નયથી, આ દૃષ્ટિથી, આ અપેક્ષાથી જોવામાં આવે '**તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.**' પાંચ પ્રકારે અનેક દેખાય છે તે એક સ્વભાવની દૃષ્ટિએ જોતાં એમાં છે નહિ. પર્યાયમાં છે અને વસ્તુમાં નથી. આ અનેકાંત છે. સમજાણું? એટલે વસ્તુમાં નથી એ અનેકાંત. ભેદમાં આખો અભેદ નથી અને અભેદમાં ભેદ નથી. આવી રીતે અનેકાંત વસ્તુ છે. એક તરફ સ્વભાવને જોઈએ તો તે ભેદો એમાં નથી. તે અભેદમાં ભેદ ગુણો અનંત હોવા છતાં એકરૂપ દૃષ્ટિમાં ભેદ ભાસતા નથી. એવી અભેદ દૃષ્ટિને અહીં સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

'**અહીં એમ જાણવું...**' ઓલું જૂઠું કહ્યું હતું ને? પાંચ અસત્યાર્થ છે. પાંચ બોલ તે અસત્યાર્થ છે. કઈ અપેક્ષાએ અમે અસત્યાર્થ કહ્યા છે? '**અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે,...**' વસ્તુ આત્મા, એનો સ્વભાવ અનંત ધર્મ, અનંતા ગુણો, અનંતા અપેક્ષિત ધર્મો અને પર્યાયધર્મ એવા અનંત ધર્મ સંપન્ન એ ભગવાન આત્મા છે. એક એક આત્મા અનંત ગુણ સંપન્ન છે. '**તે સ્યાદ્વાદથી...**' સ્યાદ (એટલે) અપેક્ષાના કથનથી '**યથાર્થ સિદ્ધ થાય છે.**' યથાર્થ સિદ્ધ થાય છે. એમ. પર્યાયમાં નથી એમ કહે તો ખોટું અને પર્યાયમાં ભેદ છે માટે ત્રિકાળમાં છે એમ પણ ખોટું. બેય છે. અપેક્ષાથી બેય છે, પણ એકને મુખ્ય કરવા માટે બીજું એમાં નથી, એમ કહીને તેને જૂઠું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલો ન્યાયનો વિષય. એકલો પણ જ્ઞાનનો જ પિંડ છે એ તો. જ્ઞાનમાં તો જ્ઞાન જ આવે ને? બીજું શું આવે? એને આ બહારના પડખાને ધામધૂમથી એને પકડવા જાય તો એ પકડાય એવો નથી. એકલો ચૈતન્ય જ્ઞાનસ્વભાવ એ જ આત્મા. કહે છે, એની સાથે આ પર્યાય ધર્મ પણ એ છે અનંતા ધર્મ છે એ વસ્તુમાં. બિલકુલ એ પર્યાયધર્મ જે કહ્યા ખોટા ત્રિકાળની અપેક્ષાએ. એ એમાં નથી એમ નથી.

'**આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે...**' કેટલાક ધર્મો તો સ્વભાવિક છે. જ્ઞાન, દર્શન, જાણવું-દેખવું એ તો સ્વભાવિક છે. '**કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે.**' કેટલાક એનામાં વિકાર, આકૃતિ વગેરે કર્મના નિમિત્તના સંયોગે વિકાર થાય છે. કેટલાક અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિની એક શક્તિઓ તો સ્વભાવિક છે પણ એને પર્યાય પણ સ્વભાવિક છે. એની અવસ્થા પણ સ્વભાવિક છે. અભવિ હો કે ભવિ હો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, કહે છે કે અનંત એમાં ધર્મ નામ ધારેલી શક્તિઓ અને અવસ્થાઓ છે. એમાં કેટલાક ધર્મો સ્વભાવિક છે. પ્રમેયત્વ, અસ્તિત્વ,

વસ્તુત્વ વગેરે પર્યાયમાં નિર્મળતા છે. એમાં કાંઈ વિકાર છે નહિ. અને અંશનું અસ્તિત્વ કાંઈ કર્મના નિમિત્તને લઈને, સંબંધવાળાને લઈને અહીં છે એમ છે નહિ. **'કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્ગલના સંયોગથી થાય છે,...'** છે તો એનો ધર્મ. પુદ્ગલના કર્મના સંબંધથી હિણાપણું જ્ઞાનમાં દર્શનનું ચારિત્રનું વિપરીતપણું, આનંદનું ઉલ્ટાપણું વગેરે સહિતપણું એ કર્મના નિમિત્તે (થાય છે), પણ ભાવ તો એનો ધર્મ છે. એનો ધર્મ છે. એણે ધાર્યો (છે) અને એમાં એ અસ્તિત્વપણે છે.

**'જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે...'** આત્મામાં પુણ્ય અને પાપ, અસંખ્ય પ્રદેશની આકૃતિની ભિન્નતા કે રાગ-દ્વેષની વિપરીતતા કે બીજા ગુણોની પર્યાયની હિનતા કે વૃદ્ધિ એમાં પર્યાયમાં, એટલો આશ્રય કરવા જાય વિકારનો તો એ તો સંસાર છે. એ તો સંસાર પરિભ્રમણ-સંસરણં ઈતિ સંસાર. સંસારમાં રખડી રહ્યો છે. **'અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે...'** તે સંબંધી ભેદ અને વિકલ્પનો આશ્રય લેતાં રાગ-દ્વેષ જ ઉત્પન્ન થાય અને રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં એ દુઃખી જ છે. સુખ-દુઃખ એટલે? આ કલ્પના ધૂળની. પૈસા મળ્યા (તો) અમે સુખી છીએ. એ કલ્પનાની આકુળતા મૂઢની. સમજાણું કાંઈ? આ છરો વાગ્યો, અમે દુઃખી છીએ. એ પણ કલ્પના મૂઢની દુઃખની. એ પણ છે એની દશામાં, હોં! નથી એમ નહિ. પણ એ વિભાવીભાવ છે. એ સંસારનું દુઃખ છે, એ સંસારના ભાવના અસ્તિત્વને પોતે ભોગવે છે. કર્મને ભોગવે છે એ કાંઈ વાત અહીં છે નહિ. કે પૈસાને-ધૂળને ભોગવે, કોઈ ત્રણ કાળ ત્રણ લોકને અડતો નથી પરને. કહો, સમજાણું આમાં?

એક સમયની અવસ્થાની અનેકતાના આશ્રયે તો વિકાર જ ઉત્પન્ન થાય. એ તો સંસારની પ્રવૃત્તિ છે. સ્વભાવમાંથી ખસીને પ્રવૃત્તિ-પરિણતિ એ વિકારી તે સંસાર પરિણતિ છે. એમાં આ અજ્ઞાની અનાદિથી ત્રિકાળી સ્વભાવના ભાન વિના એ પ્રવૃત્તિથી દુઃખ જ ભોગવી રહ્યો છે. સમજાણું કાંઈ? સુખદુઃખાદિ એટલે હરખ, શોક, રતિ, અરતિ, એ બધી કલ્પના આકુળતાની. આદિ એટલે. રતિ થઈ જાય, રાજી થઈ જાય, અરાજી થઈ જાય, દિલગીર થઈ જાય, ઢીંકણું થઈ જાય. એ તો એની દશાના એને આનંદના ઉલટા વિકારના ફદફદાટ એની દશામાં છે. એને ભોગવે છે અનાદિથી. નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધી. સમજાણું કાંઈ?

**'આ આત્માને અનાદિ અજ્ઞાનથી,...'** આ આત્માને અનાદિ અજ્ઞાનથી **'પર્યાયબુદ્ધિ છે;...'** એ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે. કર્મને લઈને છે એમ નહિ. આખો ભગવાન ચૈતન્યભાવની દૃષ્ટિમાં ન લેતો સમય સમયની અવસ્થાની વિકૃત કે હિણી એ જેટલા લક્ષમાં લઈને આત્મા માને તે અનાદિ અજ્ઞાનથી અવસ્થાબુદ્ધિ છે. વર્તમાન અંશબુદ્ધિ છે, વર્તમાન ભેદબુદ્ધિ છે,

વર્તમાન સંસાર-મિથ્યાબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

**'અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી.'** ઓલી તો ક્ષણ ક્ષણની જ્ઞાનની એક અવસ્થા અને દર્શનની એક અવસ્થા અને ફલાણું આમ. ઉઘાડ દેખાણો, કાંઈ વિભાવ દેખાણો ને કાંઈ... સમજાણું? એટલો તો વર્તમાન દશાના અંશનો સ્વીકાર એ તો પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ, ભ્રમબુદ્ધિ છે. **'એને અનાદિઅનંત...'** એકરૂપ ભગવાન આત્મા આદિ-અંત વિનાની ચીજ ધ્રુવ નિત્ય.. નિત્ય.. નિત્ય.. વ્યવસ્થિત એવા **'એક આત્માનું જ્ઞાન તેને નથી.'** એવા એક સ્વભાવી ભગવાનનું જ્ઞાન નથી.

**'તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે.'** અનાદિઅનંત અને એમાં તદ્રૂપ ત્રિકાળી એકરૂપ ભાવ સર્વજ્ઞ સિવાય કોઈ બતાવી શકે નહિ. લ્યો, અહીં તો સર્વજ્ઞની આજ્ઞા, અહીં તો સર્વજ્ઞને મુખ્ય કર્યા. ધર્મમાં સર્વજ્ઞને મુખ્ય કર્યા, લ્યો. નહિ તો તો સર્વજ્ઞની અહીં શું કામ માંડી છે? એમ કહે. અરે..! પ્રભુ! આવી ચીજ અંદર એ તો અનુભવમાં પણ વસ્તુ તો પરોક્ષ છે. એ તો વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ (છે). પણ આખી ચીજ આવી છે અને આ પૂર્ણ છે એ તો બધું આગમ અને શુદ્ધનયના વિષયથી નક્કી કર્યું છે. પ્રત્યક્ષ ભાળીને નક્કી નથી કર્યું. સમજાણું કાંઈ? સર્વજ્ઞના ન્યાય, આગમથી આગમનું જ્ઞાન થયું. આગમનું એટલે પોતાના શ્રુતનું. અનુમાન જ્ઞાન એમાં થાય. આ વસ્તુ વર્તમાન આટલી છે એ વસ્તુ છે ને પોતે? એ વસ્તુ છે તો એકરૂપ આખી જોઈએ. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... એ પણ.. સમજાણું? ... સમજાણું કાંઈ? એકરૂપ વસ્તુ અનુમાનથી પણ વસ્તુ એક છે ને એને.

અહીં તો બીજું કહેવું છે કે સર્વજ્ઞે જોઈને કહ્યું છે અને આને એના ભાસથી કરવું છે. એના પ્રકારો ખ્યાલમાં લઈને કે આ ચીજ છે, આ અવસ્થા ચાલે છે ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... નવી થાય, જાય પણ આખી ચીજ છે એ પૂર્ણ છે, એકરૂપ છે, અખંડ છે એ બધું જ્ઞાન આગમનું જ્ઞાન કરી, અનુમાનથી કરી અને અંતરમાં વળતાં તે આ રીતે તેનું ભાન થાય છે. સમજાણું કાંઈ? માટે સર્વજ્ઞને જાણ્યા વિના સર્વજ્ઞના આગમ પીછાણ્યા વિના એ જ્ઞાન થાતું નથી. એમ આ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'આગમ છે.'** તેમાં શું કહ્યું છે હવે? એ વાત વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૩, સોમવાર તા. ૧૪-૦૮-૧૯૬૧**
**ગાથા-૧૪, પ્રવચન - ૩૭**

... એની ૧૪મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. એમાં શું કહે છે? જુઓરૂ ભાવાર્થમાં થોડું ચાલ્યું છે. એમાં એમ કહ્યું કે આ આત્મા વસ્તુ જે છે પદાર્થ અનાદિ અનંત ધ્રુવ, એની દૃષ્ટિની અપેક્ષાએ કર્મનો એને સંબંધ નથી. એમાં પર્યાયોના ભેદો પણ તે દૃષ્ટિના વિષયમાં નથી. એ દૃષ્ટિમાં ગુણ-ગુણી ભેદ પણ નથી અને એ દૃષ્ટિમાં વિકાર સહિતપણું, સુખ-દુઃખની કલ્પના સહિતપણું પણ વસ્તુમાં નથી. એવી આત્માના એક સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એને શુદ્ધનયનો વિષય અને એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ? વિરજીભાઈ આવ્યા છે. સમજાણું?

ત્યારે અહીંયાં ભાવાર્થમાં જયચંદ્ર પંડિત એની ચાલતી ભાષામાં જરી સમજાવે છે. અનાદિથી આત્માનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ધ્રુવ એકરૂપ છે એને જાણ્યા વિના વર્તમાન દશામાં રાગ કે અલ્પજ્ઞપણું કે નિમિત્તના સંબંધપણું એ દૃષ્ટિ તો પર્યાયબુદ્ધિ છે, વર્તમાન બુદ્ધિ છે અને એ દૃષ્ટિએ અનાદિથી દુઃખી થઈને પરિભ્રમણ કરી રહ્યો છે. એને અનાદિ અનંત એક આત્માનું જ્ઞાન અનાદિથી નથી.

ભગવાન આત્મા આદિ-અંત વિનાનો ચૈતન્યઘન ભાવ સ્વભાવનો પિંડ એનું અનાદિનું જ્ઞાન અનંત કાળમાં એક સેકન્ડ પણ એણે કર્યું નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. અહીં સુધી આવ્યું હતું કાલે. તેને કહેનાર... કેમ કે અનાદિ-આદિ નહિ, અંત નહિ એવું અનાદિ નિધન નામ આદિ અને નાશ વિનાનું એવું તત્ત્વ જેણે સર્વજ્ઞ પરમાત્માએ પ્રત્યક્ષ કર્યું અને ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ પણ જેણે પ્રત્યક્ષ કર્યા. એવા સર્વજ્ઞ ભગવાને પર્યાયબુદ્ધિનો એકાંત મટાડવા ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ શું છે એને ભગવાને બતાવ્યો.

'**તેમાં...**' તેમાં એટલે સર્વજ્ઞના આગમમાં '**શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે...**' શુદ્ધ દ્રવ્ય એટલે કાયમી સ્વભાવ, એના પ્રયોજનવાળું જે જ્ઞાનનું પડખું (તે શુદ્ધદ્રવ્યાર્થિક નય). સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ ધ્રુવ જ્ઞાયકભાવ એવા શુદ્ધ દ્રવ્યને બતાવનાર, જે જ્ઞાનનું પ્રયોજન શુદ્ધ સ્વભાવને બતાવવું છે એવા જ્ઞાનની અપેક્ષાવાળો જે દ્રવ્યાર્થિકનય (તેણે એમ બતાવ્યું છે) કે '**આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે...**' એમ બતાવ્યું. આગમમાં. આગમ એટલે બાહ્ય આગમ, પણ અંદરના જ્ઞાનમાં પણ એ આગમ એના ખ્યાલમાં આવે છે. એટલે એ આગમમાં એમ બતાવ્યું કે અસાધારણ ચૈતન્યભાવ,

એકરૂપ ચૈતન્ય જ્ઞાન છે, આનંદ છે. ધ્રુવ ધ્રુવ ધામ ચૈતન્યપ્રભુ છે. '**તે અખંડ છે,...**' તેમાં અવસ્થાના ભેદો કે ગુણ-ગુણીના ભેદો એ એકરૂપમાં નથી. તે ત્રિકાળ નિત્ય પ્રભુ આત્મા છે. અનાદિઅનંત છે. '**તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે.**' સમજાય છે? અનાદિ કાળથી વર્તમાન સંયોગ સંબંધને જોવું અને વર્તમાન રાગ ને અલ્પજ્ઞ અવસ્થાને લક્ષમાં લઈને એટલો સ્વીકાર કરવો એ તો મિથ્યાદષ્ટિ, દુઃખદષ્ટિ અને ત્રિકાળી જ્ઞાયકભાવ, ચૈતન્યભાવનો અનાદરભાવ, વિરાધકભાવ એ દુઃખદાયક સંસાર છે. એ સંસારથી મુક્ત થવા ભગવાનના આગમમાં એમ કહેવામાં આવ્યું કે, ભાઈ! શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ ત્રિકાળમાં એકરૂપતા છે. એકરૂપમાં અખંડતા છે અને અખંડ પદાર્થ તે ત્રિકાળ નિત્ય છે. એને જાણવાથી એટલે કે જ્ઞાનની દશાને અંતર્મુખના કાયમી સ્વભાવ તરફ વાળવાથી વર્તમાન અંશ બુદ્ધિનું એકાગ્રપણું તે પક્ષપાત એનો મટી જાય છે. પક્ષપાત મટી જાય છે. પર્યાય વઈ જાય છે એમ નથી. સમજાણું કાંઈ? પર્યાય છે, ગુણો અનંત છે, કર્મનો, નિમિત્તનો સંબંધ પણ છે. પણ ત્રિકાળ અનાદિ અનંત ચૈતન્ય સ્વભાવ, એના અંતર્મુખ દૃષ્ટિ કરતાં વર્તમાન દશાના અંશ પૂરતો જે પક્ષપાત અનાદિનો છે એ મટી જાય છે. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યોથી,...**' પછી પર્યાય મટી જાય છે એટલે શું છે કહે છે? કે શરીર, કર્મ આદિ અનંત જે પરવસ્તુથી તેનું ભિન્ન સ્વરૂપ ભાસે છે. '**તેમના ભાવોથી...**' કર્મ આદિનો વિપાક અને શરીરાદિની અવસ્થાઓ એનાથી પણ ભગવાન ચૈતન્ય જ્ઞાયકભાવ તે દૃષ્ટિએ ભિન્ન ભાસે છે. '**તેમના નિમિત્તથી થતા...**' અને કર્મના અનુભાગ અને વિપાકના રસનું નિમિત્ત અને પોતાના થતાં તેના નિમિત્તના સંબંધમાં પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા ને દાન એવા જે વિકારી વિભાવભાવ એનાથી પણ પોતાના આત્માને ભિન્ન જાણી. સમજાણું કાંઈ? પરવસ્તુથી જુદો, પરવસ્તુના પાકથી-અવસ્થાથી જુદો અને પરવસ્તુના સંગે, સંબંધે થયેલા શુભાશુભ વિકારી વિભાવ એનાથી ભગવાન જ્ઞાયકમૂર્તિ જુદો (છે) એમ જાણવું '**તેનો અનુભવ જીવ કરે...**' એનું વેદન જ્ઞાન આનંદનું કરે '**ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી;...**' ત્યારે પરદ્રવ્યના નિમિત્ત સંબંધે નિમિત્તના જે ભાવ, નિમિત્તમાં એના સંગે ભાવ થતાં એ રૂપે થતો નથી.

પહેલા તો કહ્યું હતું કે તેમના ભાવોથી અને નિમિત્તથી થતાં. અહીં '**પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી;...**' એટલે કે કર્મના નિમિત્તના સંબંધવાળી જે દૃષ્ટિ હતી અને એને લઈને સંબંધમાં જે ભ્રમણા અને અજ્ઞાન ઉત્પન્ન થતું હતું એ સ્વભાવની ત્રિકાળ ચૈતન્ય સત્તાની અંતર દૃષ્ટિના સંભાળથી એ વિકારની એકતાબુદ્ધિએ પરિણમતો નથી. સમજાણું કાંઈ? બહુ પણ વાત... આ તો મૂળ રકમની વાત છે. એટલે મૂળ રકમની વાત તો સમજવા માટે

એને ઘણો પ્રયાસ અને સાવધાની જોઈએ ને, ભાઈ! એ ચીજ એવી છે કે એમ ને એમ આમ ને આમ બાહ્ય કાંઈ કરવું અને ધરવું અને મૂકવું એવી કલ્પનાઓ, એ કલ્પનાથી કાંઈ હાથ આવે એવી નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કાળનો જેને ક્રમ લાગુ પડતો નથી અને કાળનો જેને ભેદ લાગુ પડતો નથી એવી જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય સત્તા, એની દૃષ્ટિ કરતાં જે આત્માનો અનુભવ, મતિ શ્રુતજ્ઞાનમાં એનો અનુભવ થાય ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપે એટલે વિકારપણે તે પરિણતો નથી. સમજાણું કાંઈ?

**'તેથી કર્મ બંધાતા નથી...'** તેથી તેને નવા કર્મોનો સંગ, સંબંધરૂપી બંધ એને થતો નથી. **'અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે.'** ભગવાન આત્મા એક સમયનો પૂરો ચૈતન્ય પ્રભુ અંતર્મુખના દૃષ્ટિમાં લેતાં અને તે સન્મુખ થઈને સ્થિરતા કરતાં ક્રમે એને સંસારના ઉદયભાવ નાશ થઈ જાય છે. એને સંસારભાવની નિવૃત્તિ થઈ જાય છે. એને દુઃખની દશાનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ?

**'માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને...'** એટલે કે એને કર્મનો સંબંધ નથી, એને વર્તમાનમાં ક્ષેત્રની આકૃતિ, અસંખ્ય પ્રદેશની ભિન્ન ભિન્ન આકૃતિ એ પર્યાયનયથી જે અવસ્થાથી જોવામાં આવે છે, એની અનંત ગુણની એક એક પર્યાયમાં હાનિ-વૃદ્ધિ જોવામાં આવે છે, ગુણભેદ જોવામાં આવે છે અને હરખ-શોકના, સુખ-દુઃખની કલ્પના જોવામાં આવે (છે) એ તો પર્યાયનો વિષય છે-અવસ્થા દૃષ્ટિનો વિષય છે. **'માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને...'** ભેદને જોનાર જ્ઞાનના અંશથી એને **'ગૌણ કરી...'** નાખીને. અભાવ નથી કાંઈ. પણ તેને લક્ષમાં છોડાવા માટે વર્તમાન કર્મનો સંબંધ અને વિકાર દશા અને અનેકતા દશામાં પર્યાયમાં હોવા છતાં તેને ગૌણ કરી એનો આશ્રય અને એની સત્તાનું ધ્યેય લક્ષમાંથી છોડાવી **'ગૌણ કરીને અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે...'** એ પાંચેય બોલો. કર્મનો સંબંધ નથી, આત્માના અસંખ્ય પ્રદેશની આકૃતિ ભિન્ન ભિન્ન થાય એ પણ નથી. એને ગૌણ કરીને જૂઠું છે એમ કહ્યું છે. પણ એની અવસ્થામાં અને આ સંબંધ બિલકુલ નથી, આકાશના ફૂલ જેવી એ વાત હતી એમ નથી.

**'અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી...'** ભગવાન આત્મા તરફના વલણવાળાના ધ્યેયને સાચું કહી જ્ઞાનનો જે ભાગ અંતર ત્રિકાળ જ્ઞાયકભાવ તરફ વળે અને એ ચીજ જે અંતર સામાન્ય દૃષ્ટિમાં બેસે એને અહીંયાં ભૂતાર્થ, સત્યાર્થ સાચી વાત કહેવામાં આવી છે. **'તેનું આલંબન દીધું છે.'** સ્વભાવ તરફ વાળવા માટે તેનું આલંબન આપ્યું છે. વિકારના પર્યાયભેદથી દૃષ્ટિ છોડાવી અને ત્રિકાળ જ્ઞાયકભાવ (તરફ) વાળવા એને આલંબન એ જાતનું

આપ્યું છે.

‘**વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી...**’ જેટલે અંશે સ્થિરતા અંદરમાં એકાગ્રતા દષ્ટિ આદિની થઈ, ‘**પછી તેનું આલંબન પણ રહેતું નથી.**’ પછી તેમાં અંતર્મુખ વળવું એ પણ રહેતું નથી. ‘**આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો...**’ એટલે કે કાયમી સ્વભાવ જે ધ્રુવ ચૈતન્ય તેને સત્ય કહ્યો ‘**તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.**’ તેથી ગુણભેદ નથી કે વિકારની અવસ્થા એનામાં નથી કે કર્મનો સંબંધ સંયોગરૂપે નથી એમ ન જાણવું. સમજાણું કાંઈ?

‘**એમ માનવાથી...**’ સર્વથા એ પ્રમાણે માનવાથી ‘**વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે...**’ વેદાંતમત નિશ્ચયની વાત કરવા ગયા પણ તેની પર્યાયો, ગુણભેદો, વિકારો એનામાં બિલકુલ નથી એમ માને છે. એમ છે નહિ. ભગવાન આત્મામાં ગુણભેદ પણ ગુણો અનંત છે. ક્ષણે ક્ષણે અસંખ્ય પ્રદેશની આકૃતિ પણ પોતાના કારણે નિમિત્ત સંબંધે પરિણમી રહી છે. અનેક ગુણોની અનંત અવસ્થામાં પણ એક એક પર્યાયમાં હાનિ-વૃદ્ધિનું પરિણમન થઈ રહ્યું છે અને કર્મથી, વિકારથી કર્મના સંબંધે થતો વિકાર એના સહિતપણું પણ પર્યાયદષ્ટિમાં તો છે. બિલકુલ નથી એમ નથી.

‘**એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે...**’ એ તો માયા કહે છે. આ પર્યાય, વિકાર એ તો યામા-એ નથી. માયા-યામા-એ તે નથી. એમ નથી. એ કાયમી ચીજ નથી. પણ ક્ષણિક વિકાર અવસ્થા કે ક્ષણિક નિર્મળ અવસ્થા કે ગુણના અનંતા પ્રકાર જીવમાં છે, અસહાય દરેક ગુણ એવો ભગવાન આત્મા બિલકુલ એક જ રૂપ છે એમ નથી. સમજાણું કાંઈ? એમ ‘**માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે...**’ સર્વથા એકાંત પક્ષ. એકલો ધ્રુવ અને એક જ રૂપ સર્વથા માને અને અવસ્થાનો પક્ષપાત છોડાવવા અવસ્થાને, ભેદોને અસત્યાર્થ કહ્યા હતા એને બિલકુલ ન માને તો મિથ્યાત્વ આવી જશે. તો વિપરીત માન્યતા, વિપરીત રુચિ, અનાદિનો એકાંત મિથ્યાત્વ છે તે મિથ્યા થઈ જશે. સમજાણું કાંઈ?

‘**એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ...**’ એકલા ધ્રુવ સ્વભાવના આલંબનને કારણે પર્યાયના લક્ષને છોડાવી પક્ષપાત છોડાવવા માટે કહ્યું છે. પણ એ પક્ષપાત છોડાવવા કહેતા વસ્તુ જ નથી એમ જો માને, આત્મામાં અનંતા ગુણો કે પર્યાયભેદ કે વિકાર કે દુઃખ-સુખની કલ્પનાનું અસ્તિત્વ જ નથી એમ માને તો તો ‘**વેદાન્તીઓની જેમ મિથ્યાદષ્ટિપણું લાવશે.**’ ભારે ઝીણું! સમજાય છે કાંઈ? નિશ્ચયની કેટલીક વાતું સાંભળે ને એટલે વેદાંતવાળાને પણ એમ લાગે, જાણે આ તો આપણી સાથે બધો મેળ ખાય એવી વાત છે. એમ નથી.

આ વાત જ કોઈ બીજી છે. સર્વજ્ઞ ભગવાને પ્રત્યક્ષ જોઈ અને છે અને શાસ્ત્ર જ્ઞાનથી, અનુમાનથી એને કઈ રીતે છે એમ પણ નક્કી કરાવ્યું છે અને એમ નક્કી થઈ શકે છે. એમ ન માની લે કે આત્મા શુદ્ધ-શુદ્ધ જ એકરૂપ-એકરૂપ આમાં ગાયો છે.

શ્રીમદ્ કહ્યું એક ઠેકાણે કે સમયસાર વાંચતા કેટલાકને એક જ આત્માની માન્યતા થઈ જાય છે. એમ નથી, એમ નથી. આત્મા અનંત છે. પરમાણુ આદિ પુદ્ગલો અનંત છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ પણ એક એક છે. કાળના દ્રવ્યો અણુઓ પણ અસંખ્ય અનાદિ અનંત સત્તા શાશ્વત ધરાવે છે. એક આત્મામાં અનંતા ગુણો શાશ્વતપણે રહેલા છે. એક આત્મામાં અનંત અનંત જ્ઞાન, દર્શન આદિ... સંખ્યાએ હોં! કાળે ટકતા એમ નહિ, સંખ્યાએ એક આત્મામાં અનંતા અપરિમિત ગુણ શાશ્વત રહ્યા છે. દ્રવ્ય શાશ્વત છે એમ ગુણ પણ તેની સાથે શાશ્વત છે. એને બિલકુલ ભૂલી જાય અને માને જ નહિ તો તો વેદાંતનો મત થઈને મિથ્યાદષ્ટિપણું લાવશે.

'**માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ...**' વ્યવહારનો વિષય પણ છે, નિશ્ચયનો વિષય પણ છે, ભેદ પણ છે, અભેદ પણ છે. જે જે જ્ઞાનની અપેક્ષાથી કોઈ રીતે કહ્યું છે તે રીતે તે સત્યાર્થપણું છે. સમજાણું કાંઈ? ભારે વાત આ. હજી તો પાધરી વ્રત, નિયમ, પૂજા અને ભક્તિ કરે તો ધર્મ થઈ જાય અને દયા પાળે તો ધર્મ. સહેલુંસટ હતું, લ્યો. સહેલું હતું રખડવાનું. અરે..! પ્રભુ! તારા ચૈતન્યના નાટકની રીત કોઈ અલૌકિક છે. તારી લીલા એ એકરૂપ પણ છે, અનેકરૂપ પણ છે, દ્રવ્યરૂપ પણ છે, પર્યાયરૂપ પણ છે. નિર્મળ પણ છે, મલિન પણ છે, ભેદ પણ છે, અભેદ પણ છે, અનંત પણ છે, એક પણ છે. સમજાણું કાંઈ? જે જે અપેક્ષાએ તે વસ્તુ કીધી તે તે અપેક્ષાએ તે બરાબર છે. એક જ ચૈતન્યની લીલા એવી છે. અનંત અનંત છે એ ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે.

કહે છે, '**સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી...**' એમ કીધું છે, હોં! સર્વ નયોનો આશ્રય કરવાથી એમ નહિ. અહીં કહે કે, જુઓ! બધા નયોને સત્યાર્થ માનવી એટલે આશ્રય કરવો અને એનું લક્ષ કરવાને સમ્યગ્દર્શન કહ્યું છે. એમ નહિ. એકરૂપ છે, અનેકરૂપ છે, શુદ્ધ વસ્તુ છે, પર્યાય અશુદ્ધ છે એમ જે જે નયે જે જે કહ્યું તે તે રીતે તેને સત્યાર્થ છે. બધા નયોનો સરવાળો કરીને એ બધું સાચું છે.

'**સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે.**' પણ તે બધા નયોનો આશ્રય કરવાથી એમ નહિ. સમજાણું કાંઈ? આશ્રય અને અવલંબન તો ભગવાન જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એનું આલંબન અને એનો આશ્રય કરવાથી જ એને ધર્મ થાય છે. પણ બધા નયોએ કહેલી વાત એણે કથંચિત્ સાચી છે એમ માનવી તો જોઈશે. સમજાણું કાંઈ?

અહીં પાછા લે છે. **'સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી...'** વાત. એ તો છે એમ માનવું. પણ બધા નયો નિશ્ચયથી પણ મોક્ષ થાય અને વ્યવહારથી પણ મોક્ષ થાય એમ નથી અહીં વાત. અહીં તો વ્યવહારને લક્ષે રાગ થાય છે અને એ પણ એક છે ખરું. નથી એમ નહિ. અને નિશ્ચયના લક્ષમાં એકલી સામાન્ય વસ્તુ છે એ પણ છે. એ બધા નયોનો ભાગ જે બતાવે તે બધું સાચું છે. આશ્રય કરવા લાયક તો એક દ્રવ્યનો આશ્રય છે. સમજાણું કાંઈ?

**'આ રીતે સ્યાદ્વાદને સમજી...'** જે વાત અપેક્ષાએ પર્યાયની દશા, વિકારની દશા, ગુણભેદની દશા એને ગૌણ કરીને ત્રિકાળ દ્રવ્ય તરફ આલંબન આપવા રાગી પ્રાણી બેને એક સાથે જોવા જાય કે એને રાગ પર્યાય ઉપર જોવા જાય તો એને વિકલ્પ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એથી એને વર્તમાન દશા અને ગુણભેદ અને વિકાર હોવા છતાં અપેક્ષાએ તેને નથી એમ કહ્યું છે. એવા સ્યાદ્વાદને સમજી વીતરાગમતનું સેવન કરવું. વીતરાગ ત્રિલોકનાથ ભગવાને કહેલો ચૈતન્ય ભગવાન, એની દૃષ્ટિ અને જ્ઞાન અને રમણતાનું સેવન કરવું. બીજી વાતને લક્ષમાં અસ્તિ છે એમ રાખીને. **'મુખ્ય-ગૌણ કથન સાંભળી...'** આત્મા અબદ્ધસ્પૃષ્ટ અનન્ય એકરૂપ છે એની મુખ્યતા કરાવવા, બીજાની ગૌણતા કરાવવા આ કથન કરવામાં આવ્યું છે. **'મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.'** સમજાણું કાંઈ? સર્વથા એક પક્ષ પકડવો નહિ.

**'આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતા ટીકાકાર આચાર્યે પણ...'** અમૃતચંદ્રાચાર્ય **'આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં...'** વ્યવહાર વર્તમાન ઉપચાર નિમિત્તના સંબંધના લક્ષવાળી દૃષ્ટિમાં એ બધા **'બદ્ધસ્પૃષ્ટ...'** કર્મના સંબંધવાળો, વિકારવાળો, ભેદવાળો, અનેક પર્યાયવાળો છે એ દેખાય એ દૃષ્ટિમાં સાચા છે. વર્તમાન વ્યવહારના આશ્રયે જોતા તે વાત સાચી છે. પણ વ્યવહારના આશ્રયે જોતા ધર્મ થાય એમ નથી. એમ કહેવું છે અહીં તો. એને ગૌણ કરાવીને નિશ્ચયના વિષય તરફ એને વાળ્યો છે. વીર્યનું વલણ અહીં કર્યું છે. એથી કરીને વર્તમાન દશાઓ બિલકુલ નથી કે વિકાર જ જીવમાં નથી, તો તો સંસાર નથી, તો સંસારનો અભાવ કરવાનો પ્રયત્ન પણ નથી. કાંઈ નથી એમ શૂન્ય થઈ જાય.

**'પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં...'** વ્યવહારનયની દૃષ્ટિમાં એ પાંચ ભાવો છે. પાંચનો નકાર કર્યો તે પાંચ વ્યવહારનયે વર્તમાને છે. **'શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.'** અપેક્ષાથી કથન કર્યું છે એમ (જાણવું). સર્વથા કથન એમ છે એમ જાણવું નહિ. કહો, સમજાણું આમાં? ઓહો..! કેટલો એણે ખુલાસો (કર્યો છે)! ગાથાની ટીકા છોડીને પાનું આખું ભર્યું છે. હજી

બાકી છે. વસ્તુ કોઈ એકાંત ન લઈ જાય અને મૂળ મુદ્દાની રકમ તરફ વાળવા વાત જ્યાં કરી ત્યાં પાછી અવસ્થાની રકમ ન રહી જાય. સમજાણું કાંઈ? એકદમ આત્મા શુદ્ધ છે, અબદ્ધસ્પૃષ્ટ છે, કર્મથી બંધાયેલો નથી. એ તો કઈ અંતરની દૃષ્ટિમાં તે બદ્ધસ્વભાવ દૃષ્ટિનો વિષય નથી. પણ બદ્ધસ્વભાવ અને રાગાદિ આદિ વર્તમાન અંશમાં નથી એમ માનવા જાય તો મિથ્યાદૃષ્ટિપણું આવી જાય છે. અને મુખ્યપણે વાત કરતા ગૌણપણાની વાતનો નિષેધ કર્યો તો ન માને તો મિથ્યાત્વ છે અને ગૌણપણું કરીને એનો આશ્રય કરવા જાય, ગૌણપણું કરતાં આને ગૌણ કરી નાખે, પર્યાય પણ બેય ચીજ છે તો ત્રિકાળને ગૌણ કરીને નાખીને વર્તમાનને મુખ્ય કરી નાખે તોપણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કોઈપણ નયે ગૌણ મુખ્ય કરવું છે ને? એમ ન હોય. દ્રવ્યદૃષ્ટિ ત્રિકાળ વસ્તુ છે તેને ગૌણ કરી નાખો. ગૌણ કરો એટલે શું?

જેમાંથી સાધન સંપન્ન દશા પ્રગટ થાય મોક્ષના માર્ગની, એ તો અંદર ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થાય છે. એને કોઈ રીતે ગૌણ કરી શકાય ત્રણ કાળ ત્રણ લોકમાં બની શકે નહિ. સાધકપણે કોઈ દિ' ગૌણ ન કરાય. પણ વર્તમાન જે વ્યવહારનયનો વિષય છે એને ગૌણ એટલે લક્ષમાંથી છોડાવી, છે તો ખરો, ત્યારે લક્ષ છોડાવ્યું છે ને? ત્રિકાળ ચૈતન્યની સત્તા એકરૂપ છે એમાં એણે દૃષ્ટિને વાળી છે. એમ બેને યથાર્થ સમજી અને મુખ્ય પ્રત્યેનું વલણ રાખવું અને ગૌણની વાત બિલકુલ નથી એમ માનવી નહિ. એને સમ્યગ્દૃષ્ટિપણું પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત. પણ આમાં કેટલું યાદ રહે? શું ફાવાભાઈ! યાદ કેટલું રાખવું? ઝીણું પણ એને ખ્યાલમાં આવી શકે એવું છે ને. ઝીણું આ કાંઈ એવી વાત નથી કે આમ અંદર જ્ઞાન આ છે એમ પકડાય નહિ પ્રત્યક્ષ, એવી આ વાત નથી. સમજાય છે?

આ વસ્તુ છે. આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં બે અંશવાળો છે. બે એટલે એક ત્રિકાળી વસ્તુનો સ્વભાવનો એક અંશ અને એક વર્તમાન પર્યાયનો ભાગ અંશ એક સમયની સ્થિતિ. વિકાર કે ઉઘાડ, વિકાસ કે વિકાર. વિકાસ એટલે જ્ઞાન, દર્શન, વીર્યનો ઉઘાડ અંશ છે અને વિભાવ છે. એ છે, છે. એક ત્રિકાળ અંશ દ્રવ્યનો છે. બેય છે અને બે છે એમાંથી એકેય નથી એમ માને તો પણ મૂઢ થઈ જશે અને બેમાં વર્તમાન દશાને ગૌણ કરીને અંતરમાં વાળ્યો એ પ્રયોજન લક્ષમાં ન રાખે અને ત્રિકાળ દ્રવ્યને ગૌણ કરીને વર્તમાનને મુખ્ય કરી દે તો એ દૃષ્ટિ અનાદિની છે એની એ એની રહેશે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ... વાત તો ભાઈ, જે હોય એવી હોય. બીજી શું થાય?

છજા જાળિયા માળિયાની વાત છે. લગન થતા હતા કો'કના. લગન સમજ્યાને? લગનને

શું કહે તમારે? શાદી હોતી થી. લગનમાં એક આવ્યો પંડિત. એક પંડિત પોતે શાસ્ત્ર ભાષાથી એની લગનની વિધિ બોલતો હતો. ઓલા કહે કે કાંઈ સમજાતું નથી. એક આવ્યો બીજો ભણાવા. ભરવાડના લગન થતા હતા ૨૫-૩૦ એક સાથે પરણે. એમાં આવે છે ને ગાયન 'છજા જાળિયા માળિયા ખુબ છાજે...' આ ખરા શાસ્ત્રી છે. આ તો પરણીએ તો છજા જાળિયા માળિયા મળશે અને મેડીયું મળશે એમ કહે છે. પણ એની લગન સાથે આનું શું કામ છે આને? પણ ઓલી ભાષા એવી ને. 'છજા જાળિયા માળિયા ખુબ છાજે...' આવે છે ને ગાયન? ભણતરમાં આવતું પહેલા. આ પંડિત લાગે છે. એમ ગપ્પા મારે વાર્તાના અને કથાઓમાં ઓલાને સમજાય એવા, આ પંડિતાઈ સાચી. મૂર્ખાઈ છે.

ભગવાન આત્મા એક સમયનો આમ જ્ઞાયક જ્યોત ચૈતન્ય છે, અનંત ગુણનો પિંડ છે. એની સમય સમયની અનંતી અવસ્થાઓ થઈ રહી છે. એમાં કેટલીક વિકાર અને કેટલીક નિર્મળ અનાદિની છે. અનાદિની છે. નિર્મળ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાનની અહીં વાત નથી. અસ્તિત્વ ગુણ આદિની પર્યાય અનાદિની નિર્મળ છે. એવી જ વસ્તુની સત્તાનું સ્વરૂપ છે. એમાં અનાદિથી એના અંશ વર્તમાન ઉપર જેની સત્તાના સ્વીકારની બુદ્ધિ છે. કેમ કે ત્રિકાળ શું છે એ તો કોઈ દિ' જોયું નથી, જાણ્યું નથી, સાંભળ્યું નથી, વિચાર્યું નથી. વર્તમાન... વર્તમાન... વર્તમાન... રાગ કરવો ને આ કરવું ને આ કરવું. એ ઉપર ધર્મ માનીને અનાદિથી બેઠા. એને આ વાત કરે કે એલા! એ વાત છે. એને ગૌણ કરજે. લક્ષ છોડીને પક્ષપાત છોડી દેજે. આ કહે છે. કોણે કીધું તને ના? પણ એના પક્ષપાતમાં ઊભો રહીશ નહિ. કાયમી જ્ઞાયક ચૈતન્યભાવ ધ્રુવ આનંદકંદ છે એવા એક ભાવ ઉપર નજર કરજે તો તારા કલ્યાણના રાહ ત્યાં નીકળશે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અંકુર એમાંથી ફૂટશે. કાંઈ વર્તમાન પર્યાયના અંશ ઉપર દૃષ્ટિ આપતા એ ફૂટશે નહિ. કહો, સમજાણું? પણ એ વાત લાગે આકરી. એમ કહે છે. છજા માળિયા જેવી હોય તો કહે, આમ પુણ્ય થાય, એ પુણ્યથી આમ પૈસા મળે, પૈસાથી પાછા ધન અને ધનથી પાછો ધર્મ થાય. ધર્મથી મળે ધન અને ધનથી પાછો થાય ધર્મ. આ વાત સાચી કહે છે. ધૂળમાંય સાચી નથી, સાંભળને હવે. સમજાણું કાંઈ?

આ ક્રિયાઓ કરવી, આ વ્રત પાળવા, અપવાસ ફલાણા.. સમજ્યાને? ષોડ્શ કારણભાવના, ફલાણું. લાવો ભાઈ ગાઈએ. અરે..! ભગવાન! એ વાણી પણ જડ અને એમાં ઉઠ્યો વિકલ્પ એ પણ એક વિકાર અને વિકારના કાળે તેને જાણવાના ક્ષયોપશમનો અંશ પણ વર્તમાન પૂરતી દશા. એ કાંઈ કાયમી ચીજ નથી. કાયમી ચીજ ઉપર અંતર દ્રવ્યાર્થિકનયથી અંતર જોયા વિના એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, એના ત્રિકાળ આશ્રય વિના ચારિત્ર ત્રણ કાળ ત્રણ લોકમાં થાય નહિ. પડે ઝીણું, લાગે આકરું. ભાઈ! પણ તેં અભ્યાસ કર્યો નથી ને,

પ્રભુ! જે રસ્તો જોયો નથી એ રસ્તો આકરો તો લાગે. પણ હવે એને સુખી થવું હોય તો તો આ પંથ સિવાય બીજો રસ્તો નથી. સુખી થવું હોય, ધર્મ કરવો હોય, સ્વતંત્રતાની જાહેરાત પ્રસિદ્ધિ કરવી હોય (તો) ભગવાન આ રીતે છે પૂર્ણ, અનંત ગુણનું એકરૂપ, અનંત ગુણનું એકરૂપ એ દ્રવ્ય. અનંતગુણો ભેદ એ દૃષ્ટિનું લક્ષ છોડી દેજે. વર્તમાન અવસ્થા તે પણ તે ગુણનો એક અંશ, એક ગુણનો એક કાળ એ એક સમયનો ચાલુ કાળનો એક અંશ તે ઉપરથી દૃષ્ટિ છોડી દેજે. અને ધ્રુવ ચૈતન્યમાં અંતર્મુખ વળજે કે જેથી તને પૂર્ણ સ્વભાવ દૃષ્ટિમાં આવતા શાંતિના વેદનની દશા પ્રગટ થાય. એટલે કે ધર્મ દશા પ્રગટ થાય. એ સિવાય કોઈ રીત ત્રણ કાળ ત્રણ લોકમાં બીજું કોઈ કહે (તો) વસ્તુમાં એમ નથી. કલ્પનાથી સંતોષ મનાવે. માને અનાદિથી. એ ક્યાં નવી વાત છે? કહો, સમજાણું કાંઈ?

**'વળી,...'** હજી એક વાત બાકી રહી જાય છે કે આ નય શું છે એની. **'અહીં એમ જાણવું કે આ નય છે...'** નય એટલે જ્ઞાનનો એક ભાગ. નય એટલે આત્મા વસ્તુ ત્રિકાળી છે એનો જ્ઞાન એક ત્રિકાળી ગુણ છે એની એક વર્તમાન દશા શ્રુત પ્રમાણ, શ્રુતરૂપી પ્રમાણજ્ઞાન કે જે શ્રુત ભાવશ્રુત, હોં! વાણી-બાણીની અહીં વાત નથી. ભાવશ્રુતરૂપી જ્ઞાન પ્રમાણ એ પ્રમાણ બેને જાણે. ત્રિકાળી દ્રવ્યને પણ જાણે અને વર્તમાન પર્યાયને જાણે એવું પ્રમાણ. એ પ્રમાણનો એક ભાગ એ કાં ત્રિકાળને જોવે અને કાં વર્તમાનને. એવા એક ભાગના જ્ઞાનના અંશને નય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ હવે એને કોઈ દિ'... નકાર પણ કરે કે આ સમજાય નહિ, સમજાય નહિ એ તો અનંત કાળથી એણે માંડી છે.

**'આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે;...'** જુઓ! ભગવાન આત્મા પોતામાં આગમના નિમિત્તથી પોતામાં થતું જ્ઞાન, નિમિત્ત તો એ. ઉપાદાનમાં થતું સમ્યગ્જ્ઞાન કે જે સમ્યગ્જ્ઞાન શ્રુત પ્રમાણ છે. છે તો એક સમયની અવસ્થા. ઉપયોગ ભલે અસંખ્ય સમયે કામ કરે પણ એ શ્રુતપ્રમાણ છે તો આત્માના દ્રવ્યના ગુણની જ્ઞાનની એક અવસ્થા. એ એક અવસ્થાનો પણ એ નય એક ભાગ છે. ઝીણું ભારે, ભાઈ! સમજાણું કાંઈ?

**'શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે; શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે;...'** શ્રુતજ્ઞાન કાંઈ આત્મા અસંખ્ય પ્રદેશી અને આ જ્ઞાન છે એમ કાંઈ ત્યાં જાણતું નથી. પણ આ જ્ઞાનાદિ આ પૂર્ણ સ્વભાવ છે. અંશ વર્તમાન પ્રગટ અંશ છે અને અંતર આ ચીજ આખી આ રીતે છે એમ પરોક્ષ રીતે જાણે છે. **'તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે.'** સમજાણું કાંઈ? નય એટલે શ્રુતજ્ઞાનનો એક ભાગ. એ પણ આત્માના ત્રિકાળી ભાવને પરોક્ષ જ જણાવે છે. **'શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત,...'** એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય નામ સ્વભાવ, એનો જે વિષય એટલે એવા નયનો જે વિષય **'બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી**

**રહિત...**' એ શુદ્ધ દ્રવ્યનો વિષય એટલે કે એ શ્રુત પ્રમાણનો એક ભાગ જે નય. જે નય એટલે જ્ઞાનનું એક પડખું, કે જે જ્ઞાનનું પડખું સ્વ આખા જ્ઞાન તરફ વળે તે જ્ઞાન બદ્ધસ્પૃષ્ટ આદિ રહિતથી આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે એમ બતાવે છે. ચૈતન્ય શક્તિ, ચૈતન્ય ભાવ, બોધબીજ ભાવ, ત્રિકાળ એક ભાવ એમ એ નય બતાવે છે.

'**તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ.**' એ જ્ઞાયકભાવરૂપી ત્રિકાળ સ્વભાવ જે સમ્યગ્દર્શનનો વિષય એ તો પરોક્ષ જ છે. પ્રત્યક્ષ નથી. ત્રિકાળ શક્તિ ક્યાં પ્રત્યક્ષ છે? '**વળી તેની વ્યક્તિ...**' એટલે જ્ઞાનશક્તિની પ્રગટતા. જ્ઞાનગુણની વર્તમાન દશાની પર્યાયરૂપ-અવસ્થારૂપ- પ્રગટતા, '**કર્મસંયોગથી...**' એટલે કે કર્મનું એમાં નિમિત્ત છે. એમ. '**મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે...**' નિમિત્તના સંબંધમાં છે ને એટલે ત્યાં કેવળજ્ઞાન નથી. મતિ-શ્રુત, અવધિ આદિ જ્ઞાનરૂપ છે. એમાં મતિ-શ્રુત આદિ. મતિજ્ઞાન દ્વારા આત્મા આ છે એમ જાણી અને પછી શ્રુત દ્વારા અનુભવમાં સ્થિર થાય એવો જે મતિ શ્રુતજ્ઞાનનો ભાગ '**તે કથંચિત્ અનુભવગોચર હોવાથી...**' મતિ શ્રુતજ્ઞાન તે કોઈ અપેક્ષાએ આત્મ સાપેક્ષની અપેક્ષાએ પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ અને એની જ્ઞાનરૂપ શક્તિ તે ગુણ. એની પ્રગટ અવસ્થા તે મતિ અને શ્રુત એની દશા. એ દશાને પણ કોઈ અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવાય છે. એટલે? જેમાં રાગ અને નિમિત્તની અપેક્ષા નથી અને એકલા આત્માની સાપેક્ષતાથી જે મતિ શ્રુત પ્રગટ્યું તેને પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન બતાવાય છે. શિવલાલભાઈ! બહુ ઝીણું છે.

એકલી ભક્તિ કરે, આમ આમ કરે એમાં કાંઈ વળે એવું નથી, એમ કહે છે. ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુદ્ધ કહેવાય. અને શુદ્ધની ભક્તિ કાંઈ રાગ કહેવાય? લ્યો! એમ પ્રશ્ન એકવાર થયો હતો. અરે..! રાગ કહેવાય કે એ ચિત્તનો વિસ્તાર છે, પ્રસાર છે. ભગવાન ત્રિલોકનાથ અરિહંત સિદ્ધ પરમાત્મા કે પંચ પરમેષ્ઠી, એના તરફનું વલણ એ મનનો વિસ્તાર, પ્રસાર ચિત્તનો છે. એ જ્ઞાનનો વિસ્તાર નથી. એ રાગ છે. ચિત્તના સંગે રાગ થાય છે. એનાથી કલ્યાણ માને (એ) મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. જે મહાન ખાણ પ્રભુ ચૈતન્ય, એમાંથી જે દશા નીકળે એના તરફ વળતો નથી અને જે ભગવાન બહાર છે, બહાર છે, જે એની સત્તામાં નથી, બહારની સત્તાના ભગવાનને અવલંબીને આ ભગવાન જગાડવા માગે એ ભગવાન એવો જાગે એવો નથી. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા એમાં જ્ઞાનરૂપી શક્તિ જે ગુણ એ તો ત્રિકાળ છે પરોક્ષ. એમાં થતી મતિ-શ્રુત જ્ઞાનની અવસ્થા-દશા-હાલત-પર્યાય-તે કોઈ અપેક્ષાએ અનુભવગમ્ય

હોવાથી. કેમ કે તે રાગ વિના આ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમ મતિ શ્રુતમાં આત્મસાપેક્ષ અનુભવ થાય તેને પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. એક ફેરી કહ્યું હતું કે મતિ શ્રુત પરોક્ષ છે. અહીં કહ્યું કે એનો નય ભાગ એ પરોક્ષ છે. સમજાય છે? એ તો આમ દેખાતું નથી. પણ ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિને અંતર્મુખ મતિ-શ્રુત વડે પકડતા તેમાં કોઈ મન અને રાગની અપેક્ષા નથી. તેથી તે મતિ શ્રુતજ્ઞાનને પણ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાય છે આમાં?

રાગ અને નિમિત્તની સાપેક્ષતા જ્ઞાનને આવે તો તેને પરોક્ષ કહેવાય. એ તો પરસત્તા અવલંબન ભાવ એ મોક્ષમાર્ગ નહિ. સમજાણું કાંઈ? સ્વસત્તા ચૈતન્યના આલંબનશીલ જે જ્ઞાન તે મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? ઝીણી તો વાત (છે). એને સત્તા, સ્વસત્તામાંથી કાઢવું છે કે પરસત્તામાંથી કાઢવું છે? તો જે જ્ઞાનનો એક અંશ પરસત્તાવલંબી કામ કરે એને મોક્ષમાર્ગ, છૂટવાનો માર્ગ હોઈ શકે નહિ એમાં. સમજાણું કાંઈ? એથી સ્વસત્તા જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એનું હોવાપણું મતિ શ્રુતજ્ઞાન દ્વારા પકડીને જે પ્રત્યક્ષ દશા થઈ એને અનુભવની અપેક્ષાએ પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કે જેમાં પરસત્તાનું અવલંબન નથી તેથી એને પ્રત્યક્ષ કહ્યો છે. આનંદની અપેક્ષા અત્યારે નથી. અત્યારે તો જ્ઞાનની અપેક્ષા છે. મતિ શ્રુતના જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. વસ્તુ છે એમ એને લક્ષમાં તો લેવી જોઈએ કે નહિ? સમજાણું?

પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે કેમ? કે એને પરોક્ષ પણ પહેલી કીધી છે. કારણ મતિ શ્રુત જ્ઞાન આમ સીધે સીધું દેખાતું નથી માટે પરોક્ષ કીધું. પણ મતિ શ્રુતજ્ઞાન અને પરની અપેક્ષા રહી નથી અને એકલા આત્મ સાપેક્ષે કામ કર્યું માટે તેને પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સમજાય છે આમાં? ભારે! આ તો સમજવું, સમજવું ને સમજવું. એમાં સમજવું એ કરવું નથી? કાંઈ કરવાનું આમાં નથી આવતું, કહે છે લ્યો. પણ શું કરવું છે? જેવી ચીજ છે કાયમી તેના પ્રત્યેનું જ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતા કરવી એ કરવું. '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કરવાલાયક કર્તવ્ય તો એ છે. સમજાણું કાંઈ?

ચિઠ્ઠીમાં લખ્યું છે ને કે અજ્ઞાની મૂઢ જીવને આગમ પદ્ધતિ સારી લાગે છે. કારણ કે જે પ્રત્યક્ષ પ્રમાણ આમ કાંઈક કરે. આ પાળ્યા, આ દયા પાળી, આ વ્રત કર્યા, આ કર્યું, આ છોડ્યું એમ એને દેખાય છે ઓલા રાગની (ક્રિયા). માટે એને એ વ્યવહાર કહે છે. અધ્યાત્મના વ્યવહારને પણ એ સમજતો નથી. ભગવાન આત્મા એક સમયનો નિષ્ક્રિય બિંબ એમાં એકાગ્ર થાય તેને અહીંયાં અધ્યાત્મનો વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ દેખાય, આ કર્યું, આ છોડ્યું, આ વ્રત પાળ્યા. એ તો આગમ પદ્ધતિનો શુભભાવ

એ તો બંધ પદ્ધતિના ભાગની વાત છે. એમાં અબદ્ધસ્પૃષ્ટ જે વાત છે, પરથી બદ્ધસ્પૃષ્ટ વિનાનો ચૈતન્ય પ્રભુ એવી દૃષ્ટિમાં જે અબંધ, અબંધ દૃષ્ટિમાં આવતા પરિણામ અબંધ પરિણામે પરિણમે. અબંધ પરિણામે પરિણમે એ અબંધ પરિણામ કહો કે મોક્ષનો માર્ગ કહો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરથી બદ્ધસ્પૃષ્ટરહિત અબદ્ધ છે, એકરૂપ છે. એવા અબદ્ધની દૃષ્ટિમાં એકાકાર થતાં પર્યાયમાં-અવસ્થામાં-અબંધ પરિણામ પ્રગટ્યા એનાથી બંધ ન હોય અને એનાથી છૂટ્યા વિના રહે નહિ. અબંધ પરિણામથી રાગથી છૂટકારો થયા વિના રહે નહિ. એને અબંધ પરિણામને અબંધ સ્વભાવના આશ્રયે થતાં ભાવને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ બધા વ્યવહારના વિકલ્પો ને આ ને આ ને... એ બધા હોય ખરા. ભૂમિકા પ્રમાણે નિમિત્ત તે તો હો, એ બંધનું કારણ છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન જે અબંધ પરિણામ એની જાતમાં એ ભળતા નથી. સમજાણું કાંઈ?

**'અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન...'** આ પર્યાયની વાત છે અત્યારે. પૂર્ણ કેવળજ્ઞાન જે એક સમયની દશા થાય **'તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી...'** છદ્મસ્થ, છદ્મ નામ આવરણમાં સ્થ-રહેલા. છદ્મ નામ આવરણને સ્થ-રહેલા એમાં રહેલા, એને કેવળજ્ઞાન પ્રત્યક્ષ આ પર્યાય એમ ખ્યાલમાં આવતું નથી. **'તોપણ આ શુદ્ધનય...'** જે જ્ઞાનનો અંશ વર્તમાન અલ્પ હોવા છતાં જેનો એ છે તે પૂર્ણ સ્વભાવે એકરૂપ છે એમ શુદ્ધનય પરોક્ષ તેને દેખાડે છે. આ પૂર્ણ છે અને તેનાથી પર્યાય પ્રગટ થાય એ પણ પૂર્ણ હોય. શું કીધું સમજાણું કાંઈ?

પલટતો જ્ઞાનનો એક અંશ, એ અંશ શુદ્ધનય જે સ્વભાવની એકતાને બતાવી તે જ શુદ્ધનય આ સ્વભાવની એકતામાં ભેદ નથી, તેથી એની પૂર્ણતાની અભેદ દશા જ્ઞાનની થાય એને પણ એ શુદ્ધનય બતાવે છે. સમ્યગ્જ્ઞાનમાં કેવળજ્ઞાન કેવું હોય એની પ્રતીત એને આવી જાય છે. સંપૂર્ણ કેવળ, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક આત્મસાપેક્ષ થઈને જાણે એવું આ શુદ્ધનય પણ બતાવે છે. સમજાણું કાંઈ?

**'કેવળજ્ઞાન પરોક્ષ જણાવે છે.'** જણાવે છે. કેમ? કે જ્ઞાન ભાગ અંતર્મુખ વળ્યો અને સમ્યક્ વિશેષતાની જાત પ્રગટી, તો સમ્યક્ વિશેષતાનો વિષય જ્યાં સ્વજ્ઞેય પૂર્ણ છે. કેમ કે અવસ્થા પલટે છે તો આ ચીજ જે છે અંતરમાં એ એકરૂપ ધ્રુવ છે એટલે પૂર્ણ છે. એને આશ્રયે એકાકાર થતાં પૂર્ણ સર્વજ્ઞદશા પ્રગટે. એમ શુદ્ધનય બતાવી રહી છે. રાજમલજી! આમાં વળી વાર્તા ઓછું આવે. બાહુબલીજી આમ ઊભા હતા બાર મહિના સુધી. એ જ ચાલે છે. એ ત્યાં ક્યાં ઉભા હતા કેમ? એની વાત ચાલે છે. ઓલા જોવે સર્પને દેખે

આમ સર્પ વીંટાયેલા હતા, વેલડી હતી ને આમ ઉભા હતા. પણ ઉભા હતા એ અંદર દ્રવ્યને આશ્રયે અંદરમાં પડ્યા હતા. સમજાણું? એ તો જરી વિકલ્પ થોડો રહી ગયો. ક્યાંક ઉભો છું. એટલે ત્યાં નિર્વિકલ્પ સ્થિરતાની શ્રેણી થવી જોઈએ એ થઈ નહિ. એટલે અટકી. હતા તો ભાવલિંગી સંત. આ મતિ શ્રુતથી પકડેલો આત્મા એમાં એ રમતા હતા. સમજાય છે કાંઈ? પણ એણે કર્યું શું એ અહીં વાત ચાલે છે. એણે કર્યું હતું આમ. એક સ્વરૂપ પ્રભુ આત્મા છે. આ આત્માને અટકેલી દશા એ તો સંગના લક્ષે ઉત્પન્ન થાય છે. આ અસંગ પ્રભુ આત્મા એના પૂર્ણ લક્ષની એકાગ્રતા થતા અસંગપણાની દશા પૂર્ણ થાય એમ શુદ્ધનય શ્રુતનો પરોક્ષ ભેદ તે એને બતાવી પ્રતીત કરાવી રહ્યું છે. સમજાણું કાંઈ?

‘**જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી...**’ અનાદિ કાળથી એણે આ નયના વિષયને નયને જાણ્યો (નથી). એ તો નયને જાણ્યું કહો કે નયના (વિષયને જાણ્યો નહિ કહો, એકાર્થ છે). ‘**આ નયને જીવ જાણે નહિ...**’ કઈ આ નયને? આ ત્રિકાળી બતાવનાર શુદ્ધનય. એને જાણે નહિ, એના વિષયને ઓળખે નહિ ‘**ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી.**’ ભગવાન જ્ઞાન સ્વરૂપે, આનંદ રૂપે પૂર્ણ છે. જેનું તદ્રૂપ, તદામ્યરૂપ દ્રવ્ય સાથે તાદાત્મ્યરૂપ છે, એ દ્રવ્ય જેમ અખંડ અને પૂર્ણ છે તેમ એનો ગુણ પણ અખંડ અને પૂર્ણ છે.

‘**પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન...**’ પર્યાયદૃષ્ટિથી ‘**થતું નથી.**’ આ નયને જાણ્યા વિના. ‘**તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને...**’ ભગવાન કુંદકુંદાચાર્ય આદિ એની આ કથનપદ્ધતિ અલૌકિક જેની ચમત્કારીક. સમજાય છે કાંઈ? બધા શાસ્ત્રો જુઓ તો એમાંથી આ બીજડા અહીંથી નીકળશે. હજારો શાસ્ત્રોના મૂળિયા (આમાં પડ્યાં છે). કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે ગયા. આહાહા..! ભરતના માનવી માનવપણે જાત્રા ભગવાનની કરે. પંચમકાળમાં જન્મેલા (એને) સાક્ષાત્ તીર્થંકરના ભેટા થાય, આત્મભેટા કર્યા અને ભગવાનના બહાર ભેટા થયા. અને એ લાવ્યા. સમજાણું? કે ભગવાન પાસેથી હું આ લાવ્યો છું. પરદેશથી આવે તો છોકરા માગે બાપ પાસે? બાપા! શું લાવ્યા? મારા માટે શું લાવ્યા? મારા માટે શું લાવ્યા? બધા વળગે. ચાર-છ મહિના બહાર ગયા હોય તો શું લાવ્યા? તારા માટે રમકડાં, તારી મા માટે કપડા, આ ઢીકણા માટે આ, આના માટે આ સોનાના દાગીના થોડા. તો ખુશી ખુશી થઈ જાય.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પાસે જઈ કુંદકુંદાચાર્ય કહે છે કે જો હું આ લાવ્યો છું, હોં! સમજાણું કાંઈ? અમે આ વાત કહીએ છીએ તે સાંભળજો. એમ કીધું છે ને? સાંભળજો. અનંત કાળમાં એ સાંભળી નથી. એમ કહ્યું છે. સાંભળી નથી અત્યાર સુધી એમ નક્કી

કર. નથી સાંભળેલું સંભળાવીએ છીએ એમ (નક્કી) કર. અરે..! પણ અમે તો અનંત વાર સમયસાર શાસ્ત્ર નહોતા ભણ્યા? અગિયારમાં અંગમાં નહોતું આવ્યું એ? નવ પૂર્વમાં નહોતું? નથી ભણ્યો પણ સાંભળને. જે ભણવું જોઈએ તે ભણ્યો નથી.

ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ આમ કહેતા હતા. જ્યાં-ત્યાં મૂકે છે ને એ? જિનવરદેવ આમ કહેતા હતા. આગળ બધામાં આવશે. આમ માને પરને જીવાડું-મારું, જિનવરદેવ તેને મૂઢ કહે છે. પણ તમે સીધું કહો ને ભાઈ! ભગવાન એમ કહે છે એમ અમે કહીએ છીએ. કહો, સમજાણું કાંઈ?

'**તેથી શ્રીગુરુએ આ શુદ્ધનયને...**' ભગવાન આત્માના પૂર્ણ ધ્યેયને પકડાવે તેવી નયને '**પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત...**' કર્મના સંબંધ ને ભેદથી રહિત '**પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવ...**' પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવ '**આત્માને જાણી...**' પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવ આત્મા. એમ. પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવ. કારણ કે જ્ઞાન છે એનું સત્ત્વ છે એના શક્તિમાં અપૂર્ણતા કે ભેદભાવ, દોષ કે દુઃખ એમાં હોઈ શકે જ નહિ. એકરૂપ ચૈતન્ય પૂર્ણ જ્ઞાનઘન એવા સ્વભાવનાન આત્માને '**જાણી શ્રદ્ધાન કરવું,...**' એવા આત્માને જાણી ચૈતન્યપુંજ છે એમ અંતર્મુખથી જાણીને શ્રદ્ધાન કરવું.

'**પર્યાયબુદ્ધિ ન રહેવું.**' વર્તમાનનાં અંશબુદ્ધિમાં આખો માનીને રખડી રહ્યો એમ ન કરવું. કહો, સમજાણું કાંઈ? '**અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે-એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી...**' લ્યો, એ નાખ્યું. આવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી '**અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે.**' વિના દેખે શ્રદ્ધાન શી રીતે અમારે કરવું? દેખ્યા વિનાનું શ્રદ્ધાન તો ખોટું કહેવાય. '**તેનો ઉત્તર :-**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નમુનો દેખાડે છે ને.

આ '**દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે.**' એકલો દેખીને માનવું કે આ જ છે. નદીનો કાંઠો આની કોર છે દરિયાનો. એટલો જ માનવું. સામે કાંઠે નથી? પાણી શેના આધારે રહ્યું છે? સમજાણું? એકલા દેખેલાને જ માનવું તે નાસ્તિક છે. કહો, વાંસો કોઈ દિ' જોયો છે એણે કોઈ દિ'? આંખ પણ ક્યાં જોઈ છે? ત્યાં તો સામું જડ દેખાય છે? અરિસામાં આંશ છે? એ તો વાત કરે છે. ઓલી આંખ ન હોય તો આ આંખ ન જણાય અને આ આંખ ન હોય તો ઓલી આંખ ન જણાય. પંચાધ્યાયીમાં આવે છે ને. આમ બંધ કરે ત્યાં પણ બંધ થાય, એ ન હોય તો આ પણ ન જણાય, આ ન હોય તો ત્યાં પણ ન જણાય. પણ છે તો આંખ અહીં. ત્યાં કાંઈ છે નહિ. એ તો નિમિત્ત

છે. એમ ખરેખર તો આંખનો આ ભાગ છે એ પરમાં ક્યાંય આવતો નથી. છતાં શરીર કાંઈ પરમાં આવે છે? એ તો પર્યાય છે. વાંસો આમ દેખાય આમથી આમ. આ વાંસો દેખાય એ તો જડની પર્યાય છે. દેખવાને જ માનવું અને વાસ્તવિક ચીજ છે એને ન માનવી એ તો નાસ્તિક મત છે, કહે છે.

**'જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ-બન્ને પ્રમાણ માનવામાં આવ્યા છે.'** બે પ્રમાણ. પ્રમાણ એટલે જ્ઞાનનો તોલ કરનાર, જ્ઞાનમાં તોલ વસ્તુનો માપ કરનાર બે પ્રકાર માનવામાં આવ્યા છે. એક પ્રત્યક્ષ અને એક પરોક્ષ. **'તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે.'** એ કહ્યું. આગમ જ્ઞાન સર્વજ્ઞે કહેલું એના જ્ઞાનમાં આવ્યું એ પરોક્ષ છે. **'તેનો ભેદ શુદ્ધનય છે.'** આગમ તો નિમિત્ત છે, હોં! ઈ. અહીં તો ભાવઆગમ લેવું છે. આગમમાં અહીં જ્ઞાન થયું-ભાવઆગમ, એનો એક ભાગ નય શુદ્ધનય એનો એક અંશ છે.

**'આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું,...'** એ જ્ઞાનના અંશ દ્વારા આ આમ બહિર્મુખ છે એ વસ્તુ નહિ પણ એ અંશ જેનો તેમાં આ અંતરમાં એક વસ્તુ છે એમ પરોક્ષપણે શુદ્ધનયથી જાણી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું. **'કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.'** અમને તો એમ દેખાય નજરે તો (માનીએ). તને શું દેખાય છે? તારી છ પેઢી, ત્રીજી પેઢી, ચોથી પેઢી આમ જોઈ નથી. માને છે કે નહિ? ન્યાયથી માને છે કે નહિ? અંદર હાડકા-બાડકા ક્યાં જોવામાં આવે છે? આ પણ ઓલા ફોટામાં દેખાય છે, ફોટામાં દેખાય છે તો શું છે? ત્યાં હાડકા છે. ત્યાં ક્યાં હાડકું ગરી ગયું હતું ફોટામાં?

ભગવાન આત્મા જ્ઞાનના ન્યાય દ્વારા આગમે કહેલા લક્ષ કરીને પોતાનું લક્ષમાં શ્રુતજ્ઞાન લઈને, એનો એક ભાગ શુદ્ધનય તેને પરોક્ષ રીતે આત્માને પૂર્ણ પ્રતીતમાં લેવો. કેવળ એકાંત વ્યવહારનો પક્ષ રાખવો નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૪, પ્રવચન - ૩૬૩

આ સમયસાર. ગાથા-૧૪. શિષ્યનો પ્રશ્ન હતો કે તમે શુદ્ધ આત્મા જે કહો છો એ શું છે? જેનું સમ્યગ્દર્શન થાય, જેનું સાચું દર્શન થાય, જેનો અનુભવ થાય એ ચીજ છે શું? એવો શિષ્યનો પ્રશ્ન શુદ્ધતાનો હતો. અશુદ્ધતાનો પ્રશ્ન એનો નહોતો. પુણ્ય અને પાપ કેમ થાય એવો એનો પ્રશ્ન નહોતો. એનો ઉત્તર અપાણો છે. અહીં સુધી આવ્યું છે આપણે.

નિશ્ચયથી આ આત્મા મુક્તસ્વરૂપ છે. દ્રવ્ય જે છે દ્રવ્ય એટલે વસ્તુ એ અબદ્ધ છે. બંધાયેલી નથી. એને રાગ અને કર્મનો સંબંધનો બંધ નથી. ત્રિકાળી ચીજ છે એ નિરાલંબ છે. ઝીણી વાત છે, પ્રભુ! ત્રિકાળી ચીજ છે એ નિરાલંબ અંદર અબદ્ધ છે. પહેલો શબ્દ છે ને અબદ્ધ? એને બંધ-સંબંધ નથી. એવી ચીજ એક છે અંદર. અનન્ય છે, એટલે કે અનેરા અનેરા ભાવરૂપે નથી. એના અનન્યભાવ સ્વભાવ ચૈતન્યરૂપ છે. અને નિયત નિશ્ચય છે. એની પર્યાયમાં અનેકપણું દેખાય છે એ વાસ્તવિક એ તત્ત્વ નથી. નિયત નામ નિશ્ચય ત્રિકાળી ચીજ છે એને અહીંયાં નિયત કહેવામાં આવે છે. નિશ્ચય કહેવામાં આવે છે.

'**અવિશેષ,...**' એમાં વિશેષપણું પણ નથી. એટલે? આત્મા વસ્તુ છે અને એના જ્ઞાન ને દર્શન ને આનંદ એવા ગુણો એવા ભેદરૂપ વિશેષ નથી. એ અવિશેષ છે. સામાન્ય છે. ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત એ અલૌકિક છે. અનંત કાળમાં એણે પુણ્ય-પાપ અનંત વાર કર્યા અને ચાર ગતિમાં રખડી મર્યો છે એ તો. વર્તમાન કાંઈક સગવડતા ભાળીને ત્યાં ચોંટી જાય છે. એવી તો અનંત વાર બહારની સગવડતા મળી છે. અંતરની સગવડતા કોઈ દિ' જોઈ નથી એણે. અને જોવાનો એણે પ્રયત્ન પણ કર્યો નથી. એ કહે છે. એ તો અવિશેષ છે. શું કહે છે? વસ્તુ છે એ વિશેષ નથી. એટલે કે સામાન્ય છે એટલે કે ગુણ-ગુણીના ભેદ પણ જેમાં નથી. આહાહા..! આવી વસ્તુ.

'**અને અસંયુક્ત...**' છે. તેને દુઃખનો સંબંધ છે જ નહિ. આકુળતા એના સ્વભાવમાં છે જ નહિ. એ તો નિરાકુળ આનંદકંદ પ્રભુ છે. '**એવા આત્માની જે અનુભૂતિ...**' આહાહા..! એવા આત્માનો જે અનુભવ, વસ્તુ છે ત્રિકાળી સામાન્ય. પણ તે ધ્રુવનો અનુભવ પર્યાયમાં (થવો), એ પર્યાયમાં અનુભવ છે એને અહીંયાં અનુભૂતિ કહે છે. દ્રવ્યમાં અનુભૂતિ ન હોય. દ્રવ્ય ધ્રુવ છે એ એકરૂપ ત્રિકાળ છે. એના સન્મુખ થતાં, રાગ ને પર્યાય ને વિકારથી વિમુખ થતાં અને સ્વભાવની સન્મુખ થતાં તેનો જે અનુભવ થાય '**તે શુદ્ધનય છે.**' તે શુદ્ધનય

એટલે વાસ્તવિક નય તે છે. યથાર્થ દૃષ્ટિ તે છે. આહાહા..! '**અને એ અનુભૂતિ આત્મા જ છે;...**' આહાહા..!

રાગ અને પુણ્ય-પાપનો અનુભવ એ તો અણાત્મા છે. એ આત્માનો અનુભવ નથી. આહાહા..! અનંત કાળમાં સ્વર્ગમાં અનંત વાર ગયો. નવમી ગ્રૈવેયક. ગ્રીવાક એટલે ગ્રૈવેયક. આ ચૌદ બ્રહ્માંડ છે એ પુરુષને આકારે છે. ખાલી ભાગ પછી આકાશ. આ જીવ, જડથી ભરેલું છે એ ચૌદ રાજલોક અસંખ્ય યોજનમાં છે. એ પુરુષને આકારે છે. આ ચૌદ બ્રહ્માંડ. એની ગ્રીવા એટલે આ ડોક. ગ્રીવાને સ્થાને દેવના વિમાન છે, જેને ગ્રૈવેયક કહે છે. એ ગ્રૈવેયકમાં પણ ક્રિયાકાંડ કરીને, મહાવ્રત આદિ પાળીને અનંત વાર નવમી ગ્રૈવેયકે અનંત અનંત પુદ્‌ગલ પરાવર્તન કર્યા છે. નવમી ગ્રૈવેયકે અનંતા ભવ કર્યા છે. આહાહા..! પણ એણે આત્મજ્ઞાન શું ચીજ છે તે તરફ એણે ધ્યાન આપ્યું જ નથી. એની દરકાર કરી નથી. વાત આવે ત્યારે એ સૂક્ષ્મ છે, એ ઝીણું છે, એ આપણે માટે નહિ એમ કરીને વાત કાઢી નાખી છે.

મુમુક્ષુ :- નકાર કરીને.

ઉત્તર :- નકાર કરીને. આહાહા..!

પ્રભુ! અહીં એ કહે છે કે '**અનુભૂતિ તે આત્મા જ છે.**' આત્મા જ છે. એમ લીધું, ચંદુભાઈ! આત્મા નહિ, આત્મા જ છે. એટલે? ભગવાન આત્મા જે અતીન્દ્રિય આનંદ અને નિશ્ચય સ્વભાવ શુદ્ધ છે એનો અનુભવ થવો, એની સન્મુખ થઈને અનુભવ થવો એ રાગ ને વિકાર નથી, એ નિર્વિકારી દશા છે, સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, અનુભવ છે, એ આત્માની પર્યાય છે તેને અહીંયાં આત્મા કહેવામાં આવ્યો છે. આહાહા..! છે? પાનામાં તો છે અંદર. પાનામાં તો છે, આત્મામાં નથી. આહાહા..!

'**અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' અંતર સમ્યક્ શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જોતાં પર તરફના વલણને છોડી દઈને અંતર્મુખ જોતાં આત્મા એકરૂપે પ્રકાશમાન છે. એમાં ભેદ નથી, વિકાર નથી, પર્યાયનો ભેદ પણ તેમાં નથી. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! '**એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' એક જ પ્રકાશમાન છે, એમ કીધું છે. પર્યાયનો ભેદ પણ ત્યાં પ્રકાશમાન નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સૂક્ષ્મ વાત છે. અનંત કાળથી એને પકડવાની દરકાર કરી નથી. ભાષા કેવી છે! '**આત્મા એક જ પ્રકાશમાન છે.**' ગુણ-ગુણીના ભેદ પણ નહિ, રાગ નહિ, વિકલ્પ નહિ. એકરૂપ ચૈતન્ય સ્વરૂપ અંતરદૃષ્ટિ મૂકતાં એકલો આત્મા જ લક્ષમાં, અનુભવમાં આવે છે. એને શુદ્ધનય કહો,.. છે તો અનુભૂતિ. એટલે કે ત્રિકાળી ચીજનો અનુભવ. એટલે કે અતીન્દ્રિય આનંદનો અનુભવ. એ અનુભવ છે એ પર્યાય છે. પર્યાય એટલે કે દ્રવ્યની વર્તમાન દશા છે. ત્રિકાળી

એ નહિ. એ વર્તમાન દશા હોવા છતાં ત્રિકાળને અવલંબે જે અનુભૂતિ નિર્મળ થઈ તે પર્યાયને આત્મા પણ કહ્યો છે. આહાહા..! આવી વાતું છે!

**‘એક જ પ્રકાશમાન છે. (શુદ્ધનય કહો,...’** સમ્યગ્જ્ઞાનનો શુદ્ધનય કહો, **‘અનુભૂતિ કહો...’** આત્માની અનુભૂતિ કહો **‘યા આત્મા કહો-એક જ છે,...’** ત્રણ વાત એક જ છે. **‘જુદાં નથી.’** આહાહા..! રાગથી જુદો પડતાં પ્રભુ અનંત મુક્તિમાં ગયા છે. અનંત આત્માઓ મુક્ત પધાર્યા છે. સિદ્ધાંતમાં એ લેખ છે પરમાત્માની વાણીમાં કે, છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિને પામે. છ મહિનાને આઠ સમયમાં આ અઢી દ્વીપની અંદર મનુષ્ય છે. બાકી અસંખ્ય દ્વીપ સમુદ્ર તો ઢોરથી ભરેલા છે. તિર્યંચ. અઢી દ્વીપ છે એમાં જ મનુષ્ય છે. એ સિવાયના અસંખ્ય દ્વીપ સમુદ્ર છે એમાં એકલા તિર્યંચો, ઢોર, સિંહ, વાઘ, દરિયામાં માછલા અને મગરમચ્છ ને એ ભરેલા છે. માણસ તો ફક્ત આ અઢી દ્વીપની અંદર છે. ૪૫ લાખ યોજનની અંદર. એમાંથી પણ છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મુક્તિને પામે છે. આહાહા..! અત્યારે અહીંયાંથી ભલે મુક્તિ નથી. ભરત અને ઐરાવત. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે ત્યાંથી પણ છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિને પામે છે. અત્યારે પણ પામે છે. આહાહા..!

એ અહીં કહે છે. એ અનુભૂતિ એ આત્મા જ છે. એ આત્મા એક જ પ્રકાશમાન છે. એને શુદ્ધનય કહો, આત્માની અનુભૂતિ કહો, આત્મા કહો એ કોઈ જુદા નથી. **‘અહીં શિષ્ય પૂછે છે...’** હવે. હવે શિષ્યનો પ્રશ્ન છે **‘કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?’** પ્રભુ! તમે આ વાત કરો છો પણ આ બધું દેખાય છે, રાગ, દ્વેષ, શરીર, કર્મ બધો સંબંધ દેખાય છે એ છે અને તમે આ વાત આવી કરો છો? તો એ અનુભવ થાય શી રીતે એનો? ચીજ બહારની નથી એનામાં? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ બધું ભર્યું છે. કર્મનો સંબંધ છે. એમ પોતે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? આ બધું પડ્યું છે ને. આહાહા..! આ હોળી બધી સળગે છે ને અંદર પુણ્ય-પાપની. એ છતી વસ્તુએ તમે કહો છો કે અનુભવ કર.. અનુભવ કર... અનુભવ કર. આહાહા..! હેમરાજજી! વાત આવી છે. ભગવાન અહીં તો વાત આવી છે આ. આ દેખાય બધું અને મૂકીને-છોડીને રાગ દેખાય, પુણ્ય દેખાય, પાપ દેખાય અને તમે કહો કે ઉપર આવો આત્મા (કહ્યો) તેનો અનુભવ કરવો. તો એ શી રીતે છે? એનું થવું કેમ બને છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

**‘તેનું સમાધાન :-’** સંતો વીતરાગી મુનિ પરમાત્મા કરી રહ્યા છે. ત્રણ લોકના નાથના મુખમાંથી નીકળેલી વાણી ‘ૐ કાર દવનિ સુણી ગણધર અર્થ વિચારે...’ ત્રણ લોકનો નાથ

પરમાત્મા એની ૐ ધ્વનિ હોય. આવી ભાષા ન હોય. એને હોઠ હલે નહિ. કંઠ કંપે નહિ, જીભ હલે નહિ અને આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઉઠે. ૐ એવો અવાજ ઉઠે. એ 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...' સંતોના ટોળાના ગણધર, ગણના ધરનારા, મુખિયા, એનો વિચાર કરે અને એમાંથી આગમ રચે. 'ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિકજીવ સંશય નિવારે.' એની આગમની રચના કરી અને ભવિ પ્રાણી-યોગ્ય જે પ્રાણી છે તે સાંભળીને પોતે સંશય નિવારીને મિથ્યાત્વ નિવારીને અનુભવ કરે. એવી વાત છે કહે છે. બનારસીદાસમાં, બનારસી વિલાસમાં છે આ. આ શબ્દ કહ્યા એ. બનારસીવિલાસ પુસ્તક છે ને? ઘણાં લાખો પુસ્તકો જોયા એકે એક. ધંધો જ અહીં તો જિંદગી આખી.. એક પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. એ દુકાન ઉપર પણ વાંચતો હતો હું આ શાસ્ત્ર. આહાહા..! આ વસ્તુ તો અંતરથી આવી છે.

કહે છે કે એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આ વાત દેખાય છે, પ્રભુ! બંધ ને રાગ ને તમે કહો છો કે આનો અનુભવ થાય અને એ રાગાદિનો અનુભવ ન થાય. આ શું કહો છો તમે આ? શિષ્યનો પ્રશ્ન છે. છે? **'જેવો ઉપર કહ્યો...'** અનુભૂતિ અભેદ અને નિશ્ચય, **'તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?'** આવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? કારણ કે આ બધું પડ્યું છે ને? વાત સમજાય છે કાંઈ? આહાહા..! પુણ્ય પરિણામ, પાપ પરિણામ અસંખ્ય પ્રકારના, અસંખ્ય પ્રકારના પુણ્યભાવ છે. પાપ પણ અસંખ્ય પ્રકારના છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના અસંખ્ય પ્રકાર છે. પાપમાં પણ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ-વાસના એ પણ અસંખ્ય પ્રકારના છે. તો આવા અસંખ્ય પ્રકારના પુણ્ય અને પાપની હયાતી દેખાય છે. એમાં તમે કહો છો કે એનાથી રહિત અનુભવ કરવો, આ છતિ ચીજ છે એમાંથી અમારે અનુભવ કરવો એ શું કહો છો આપ? ઝવેરચંદભાઈ! આહાહા..!

**'તેનું સમાધાન :- બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી...'** આહાહા..! શું કહ્યું? ભગવંત! એ રાગ અને પુણ્ય-પાપનો સંબંધ જે દેખાય છે એ અસત્ય છે, જૂઠો છે, આત્મામાં એ નથી. આહાહા..! એ કહ્યું? શું કહ્યું? **'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી...'** રાગાદિ છે પણ એ કાંઈ સ્વરૂપમાં નથી. એ તો કલ્પનાનો જૂઠો ભાવ પર્યાયમાં ઊભો કરેલો છે. આહાહા..! તમે કહો છો કે અનુભૂતિ આત્માની કરવી. પણ આ બધું દેખાય એનું શું કરવું? એ દેખાય છે એ બધું જૂઠું છે. અને ત્રિકાળી અંદર જ્ઞાયકભાવ ભગવાન બિરાજે છે તે તેનાથી જુદો છે. આમ પહેલેથી કહ્યું કે **'બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...'** પાંચ કહ્યાને માથે? અબદ્ધની સામે બદ્ધ, સ્પૃષ્ટની સામે અસ્પૃષ્ટ, અનન્યની સામે અન્ય, એકની સામે વ્યવહાર, અવિશેષની સામે વિશેષ, અસંયુક્તની સામે સંયુક્ત. એ પાંચ ભાવો કહ્યા.

આહાહા..! એમાં આત્માની કેમ અનુભૂતિ થાય? પ્રભુ! બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો જૂઠા છે. આહાહા..! ત્રિકાળી ચીજમાં એ નથી. એક સમયની પર્યાયમાં એ દેખાય છે એ જૂઠા છે. જૂઠા શબ્દે? છે તો ખરા પણ વસ્તુમાં નથી માટે તે જૂઠા છે. આહાહા..! આવી વાત છે. પર્યાયમાં છે, પર્યાયમાં નથી એમ નહિ. ન હોય તો તો અનુભવ હોવો જોઈએ. આનંદનું વેદન હોવું જોઈએ. ભગવાન તો આનંદસ્વરૂપ છે. જો એની પર્યાયમાં પણ જો આનંદ હોય તો આ દુઃખનો અનુભવ ક્યાંથી આવ્યો? આ દુઃખ શું છે આ? આ શેઠાઈ અને રાજાઈ ને દેવ ને એ બધા દુઃખી પ્રાણી છે. રાગ અને દ્વેષમાં અકળામણમાં અકળાઈ ગયા છે. એની એને ખબર નથી. એ દુઃખ છે. દુઃખ નથી એમ નહિ. પણ તે અભૂતાર્થ છે. એટલે કાયમ ટકનારા નથી, કાયમ ટકનારું તત્ત્વ અંદર જુદું છે. આહાહા..! ભભુતમલજી! આ પૈસાથી જુદી વાત છે આ બધી. આહાહા..! શું કહ્યું સમજ્યા?

**'બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...'** જૂઠા છે. કાયમ ટકે એવા નથી. એક સમયની અવસ્થા છે. ધ્રુવ ત્રિકાળી એનાથી જુદો છે. આહાહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ, નિત્ય, સામાન્ય, એકરૂપ એ બદ્ધસ્પૃષ્ટ ભાવથી ભિન્ન છે. બદ્ધસ્પૃષ્ટ ભાવ છે તે એક સમયના છે અને વસ્તુ છે એ ત્રિકાળ અંદરથી જુદી પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! આહાહા..! ભાવ તો જે છે ઈ છે. આ તમારી ગાથા લખેલી છે કે ૧૪મી વાંચવી. આહાહા..!

**'બદ્ધસ્પૃષ્ટિ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે.'** શું કહ્યું એ? પુણ્ય અને પાપના ભાવ, દયા, દાનના વિકલ્પો એક સમયની અવસ્થા હોવાથી કાયમ ટકતા નહિ હોવાથી તેને જુદા પાડીને અનુભવ થઈ શકે છે. કારણ કે એ કાયમ ટકતી ચીજ નથી. પુણ્ય અને પાપ, દયા અને દાન આદિ ભેદ જે વ્યવહાર છે એ કાયમ ટકતી ચીજ નથી. એ તો એક સમયની છે. એક સમયમાં રહી, બીજા સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી. પણ એની મુદત તો એક જ સમયની છે અને ભગવાન અંદર એનાથી ભિન્ન ત્રિકાળ પડ્યો છે. આહાહા..! આવી વાત છે. આફ્રિકામાં, નાઈરોબીમાં આ વાત આવી. આહાહા..!

કહે છે કે, **'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને તે દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :-'** એનો દૃષ્ટાંત આપે છે. ઓલાને સમજાય નહિ કે વળી બદ્ધસ્પૃષ્ટ છે એ જૂઠા છે અને વસ્તુ ત્રિકાળ સાચી છે, એનો અર્થ શું? અમે એને સમજી શકતા નથી. તો એને દૃષ્ટાંતથી સમજાવે છે. **'આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :-'**

**'જેમ કમલિનીનું પત્ર...'** કમલિની આ વેલડી થાય છે ને પાણીમાં કમળ? એનું **'પત્ર**

**જળમાં ડૂબેલું...**' દેખાય. કમળ છે એ પાણીમાં ડૂબેલું દેખાય. છે? '**તોપણ તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' આહા..! પાણીમાં એ કમળ રહેલું છે. વેલડી થાય છે ને જળમાં? કમળની વેલડી. એમાં કમળ પાકે. એ પાણીમાં દેખાય છે. કહે છે કે એ પાણીમાં સ્પર્શવારૂપ દેખાય છે. '**તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-...**' જળનો-પાણીનો સંબંધ એક સમયનો છે. એ ભૂતાર્થ છે. ભૂતાર્થ નામ એક સમયમાં છે. બિલકુલ નથી જ એમ નહિ. પણ એક સમયની મુદ્દત છે એની. આહાહા..! '**સત્યાર્થ છે.**'

'**તોપણ...**' એક સમયમાં એ રાગ અને દ્વેષ ને સંસાર, ત્રિકાળી ભગવાન આત્મામાં, એની દશામાં એક સમયમાં આ બધું દેખાય છતાં... આહાહા..! '**તોપણ...**' એ હોવા છતાં પણ, પર્યાયમાં એ ભાવ હોવા છતાં પણ. આહાહા..! છે? '**જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમપી જઈને...**' કમળનો સ્વભાવ જોઈએ તો પાણીને અડતું નથી. પાણીથી ઊંચું કરો કમળને તો પાણી બિલકુલ એને અડ્યું નથી. કમળના પત્રની સુંવાળપ એવી છે રૂંવાટીની કે એ રૂંવાટીમાં પાણી અડતું નથી. એ કમળનું પત્ર જ્યાં આમ ઊંચું કરો તો પાણી જીરીએ અડ્યું નથી એને. આહાહા..!

ડૂબેલું દેખાય છે એ અપેક્ષાએ એક સમયની બરાબર વાત છે. પણ એને બહાર કાઢતાં જુઓ તો પાણીને અને કમળની સુંવાળપના રૂંવાટાને તે પાણી અડ્યું નથી. આહાહા..! આ દૃષ્ટાંત છે. કમળ કમળ, એની રૂંવાટી સુંવાળી હોય છે. પાણીમાં પડ્યું છતાં એ રૂંવાટીને પાણી અડે જ નહિ. ઊંચુ કરો તો ત્યાં ... નીકળે. પાણી પાણીમાં રહી જાય, કમળ એકલું છૂટું પડી જાય. આહાહા..!

'**તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...**' આહાહા..! કમળના પત્રનો સ્વભાવ જોઈને '**અનુભવ કરતાં...**' સમીપ જતાં શું કીધું ઈ? કે પાણીની નજરમાં જોતાં ભલે એ પાણીનો સ્પર્શ છે, પણ કમળની સમીપ જોતાં, પાણીને ન જોતાં કમળના સમીપને જોતાં, કમળની સુવાળપને પાણીનું નહિ અડવું એમ જોતાં.. આહાહા..! '**જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...**' એ શું કહ્યું? એ કમળની અંદર પાણી દેખાય છે એ વર્તમાન પૂરતું ભલે છે. પણ ત્યાં નજર તમારી પાણીમાં છે. પણ પત્રની સમીપ નજર કરો, કમળના પત્રની સમીપ જઈને એટલે જળના લક્ષને છોડી દઈને, કમળનો સ્વભાવ છે તેના સમીપ જઈને, તેના સ્વભાવની સમીપ જઈને. આહાહા..! પાણીને અડેલું છે એ સમીપપણું નથી. એ તો એક સમયનો સ્વભાવ અંદર પડ્યો છે. પણ કમલિનીનો સ્વભાવ છે એના

સમીપ જઈને નજર કરો... આહાહા..! તો જળથી સ્પર્શવાપણું જૂઠું છે. છે?

**'જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-'** એને જળ અડ્યું પણ નથી. આહાહા..! જોકે અહીં તો જળને સ્પર્શ કર્યો એ તો નિમિત્તથી કથન છે. બાકી નિશ્ચયથી તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. શું કહ્યું એ? ત્રીજી ગાથામાં. ત્રીજી ગાથા સમયસારની એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી. કદી અડતું નથી. કેમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યની વચ્ચે અત્યંત અભાવ છે. એકનો સદ્ભાવ પોતાનો અને પરનો એમાં અભાવ છે. અભાવને લઈને એકબીજાને અડતું નથી. એ દરેક દ્રવ્યનો એવો સ્વતઃ સ્વભાવ છે. પણ અહીંયાં એક વ્યવહારથી વાત કરી કે પાણીમાં ડૂબેલું છે એટલું જોતાં, સ્પર્શ છે. સ્પર્શ એટલે છે ડૂબેલું એટલું. ખરેખર તો એ કમળ પાણીને અડતું જ નથી. પંડિતજી! પણ પાણીનો સંયોગ દેખીને તને લાગે એમ કે આ પાણીમાં ડૂબેલું છે. તો એ અપેક્ષાએ ભલે વ્યવહાર હો. પણ કમળને જોતાં, કમળના સ્વભાવને જોતાં, કમળના સમીપમાં જઈને, પાણીના સમીપની દૃષ્ટિ છોડી દઈને. આહાહા..! છે? એ અભૂતાર્થ છે. જૂઠો છે પાણીનો સ્પર્શ. કમલિનીનો સ્વભાવ જોતાં પાણીનું અડવું તે જૂઠું છે. એ દૃષ્ટાંત થયો. સમજાણું કાંઈ? દૃષ્ટાંત હજી... દૃષ્ટાંત જ ઝીણો છે.

પહેલું સ્પર્શાવા યોગ્ય કહ્યું હતું વ્યવહારે. એક બાજુ એમ કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહિ. અને અહીં કહ્યું કે જળને કમળ સ્પર્શ્યું છે. એનો અર્થ કે એમાં ડૂબેલું દેખાય છે. અંદર પડ્યું ઈ. એ અપેક્ષાએ સ્પર્શવા યોગ્ય છે એમ કહેવામાં આવ્યું છે. બાકી તો કમળ પાણીને અડ્યું છે નહિ. આહાહા..! એ કમળને જોતાં, કમળના સ્વભાવની સમીપે નજર કરતાં, દૂર નજર ન કરતાં, પાણી તરફની નજર ન કરતાં, કમળના સ્વભાવના સમીપની નજર કરતાં તે કમળનો સ્વભાવ પાણીને અડ્યો નથી. એ પાણીને સ્પર્શ્યો નથી, પાણીનો સ્પર્શ તે અભૂતાર્થ અને જૂઠો છે.

**'એવી રીતે...'** આ દૃષ્ટાંત થયો. હવે આત્મામાં ઉતરે છે. આહાહા..! આવી વાતું છે ઝીણી. **'અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...'** અનાદિ કાળથી કર્મના સંયોગમાં રહેલો કર્મને અડ્યો નથી. આત્મા કર્મને અડ્યો નથી, કર્મ એને અડ્યું નથી. પણ એના સંયોગમાં રહેલો છે. છે? **'અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...'** એ કર્મના નિમિત્ત તરફના લક્ષથી જોતાં, રાગ-દ્વેષનો અનુભવ કરતાં તે કર્મનો સંબંધ છે એમ વ્યવહારથી ભૂતાર્થ છે. વ્યવહાર તરીકે છે. પણ એ આત્માનો સ્વભાવ જોતાં. એમ કહે છે જુઓ!

**'અવસ્થાથી અનુભવ કરતાં...'** **'પુદ્ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ...'** પાણીને અડેલું નથી

કમળ એ રીતે જોતાં. એમ કર્મને અને રાગને અડ્યો નથી એવો આત્માના સ્વભાવને જોતાં. સમ્યગ્દૃષ્ટિ જીવ, સમ્યગ્જ્ઞાની જીવ, ધર્મની પહેલી શ્રેણીવાળો જીવ, ધર્મની પહેલી સીઢી–પગથીયાવાળો જીવ રાગ ઉપરના લક્ષને છોડી દઈને આત્માના સ્વભાવની સમીપમાં જઈને.. છે? '**આત્માના સ્વભાવની સમીપ જઈને...**' શબ્દ છે. ઓલું રાગનું સમીપપણું માન્યું હતું. રાગ ને દ્વેષ ને પુણ્ય ને દયા, દાન, વ્રતના પરિણામ એ સ્પર્શ છે એમ વ્યવહારથી માન્યું હતું. પણ તેનું સમીપણું છોડી દઈને, આત્માના સ્વભાવની સમીપ જઈને. આહાહા..!

એટલે શું કહે છે? કે રાગ અને દ્વેષ તરફની જે તારી દૃષ્ટિ છે, પર્યાયબુદ્ધિ છે એને છોડીને સમીપ, '**આત્મસ્વભાવની સમીપ જઈને...**' જે દૂર જઈને તું રાગને જોતો, આત્માના સ્વભાવથી દૂર જઈને રાગને જોતો, હવે એને છોડીને આત્માની સમીપમાં આવી જા. આહાહા..! સૂક્ષ્મ વાત છે. અપૂર્વ વાત છે, બાપુ! એણે કોઈ દિ' કરી નથી. આહાહા..! સાંભળી છે પણ રુચિ નથી. સાંભળી છે અનંત વાર. સમવસરણમાં અનંત વાર સાંભળ્યું છે. પણ એનો ભાવ જે છે તે એને રુચ્યો નથી. અંદર શું ચીજ છે? કેમ કે એનો અનુભવ નથી. અનુભવ તો અનાદિનો રાગ અને દ્વેષનો છે, પુણ્ય અને પાપનો અનુભવ છે. પણ કહે છે કે એનું લક્ષ છોડી દઈને આત્માના સ્વભાવની સમીપ જઈને, જે રાગના લક્ષમાં હતો ત્યારે આત્માના સ્વભાવથી દૂર હતો. રાગનો અનુભવ કરતાં આત્માના સમીપથી દૂર હતો. એ રાગનું લક્ષ છોડી દઈને આત્માના સ્વભાવમાં સમીપ જઈને... આહાહા..! છે ને એમાં?

'**એવા આત્મસ્વભાવની સમીપ જઈને...**' આહાહા..! ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. શુદ્ધ આનંદઘન જ્ઞાનનું નૂરનું પુર છે. આનંદ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો, અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો ભગવાન છે. એની સમીપમાં જઈને, રાગની આકુળતાનું લક્ષ છોડી દઈને અનાકુળ એવો જે આનંદકંદ પ્રભુ તેના સમીપ જઈને અનુભવ કરતાં '**બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે.**' એ આત્માના સ્વભાવને જોતા રાગનો સંબંધ તે બધો જૂઠો છે. આહાહા..! આવી વાત છે.

રાગનો સંબંધ જોતા રાગનો સંબંધ છે. પણ સ્વભાવનો સંબંધ જોતાં સ્વભાવની સમીપ દૃષ્ટિ કરતાં.. વાત નથી, આ તો ભાવની ઝીણી વાત છે, બાપુ! આત્મા જે અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન છે એને અંદર પુણ્ય-પાપના વિકલ્પોના લક્ષમાંથી છૂટીને એનો સ્વભાવ છે તેની સમીપમાં એટલે દૃષ્ટિ ત્યાં કરતાં એ રાગાદિ બધો જૂઠો છે. રાગાદિ એ સ્વરૂપમાં છે નહિ. પુણ્ય અને પાપના બેય પરિણામ જાત એ આત્માની જાતમાં છે નહિ. આહાહા..! આવી વાતું છે. આ ૧૪મી ગાથા સમ્યગ્દર્શનની છે. સમ્યગ્દર્શનની ગાથા છે આ. પહેલો ધર્મ, પહેલો ધર્મ. પહેલો શરૂઆતનો ધર્મ.

ભલે હજી ચક્રવર્તીનું રાજ હો, ગૃહસ્થાશ્રમમાં પડ્યો હોય, છતાં એને સમ્યગ્દર્શન થઈ શકે છે. પણ આ રીતે. રાગના, પુણ્યના પરિણામ હોવા છતાં, તેની છતી પર્યાયદૃષ્ટિ છે એવું હોવા છતાં તેનું લક્ષ છોડી દઈને ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના સમીપમાં જઈને, રાગથી દૂર થઈને, સ્વભાવમાં સમીપ જઈને અનુભવ કરતાં એ રાગ અને પુણ્ય-પાપ તે જૂઠા છે. એ આત્મામાં છે નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ છે. સમ્યગ્દર્શન થયું એને તો અલ્પ કાળમાં મોક્ષ થાય. બીજ ઊગે અને પૂનમ થાય જ. એમ સમ્યગ્દર્શન થાય અને અલ્પ કાળમાં સિદ્ધપદ થયા વિના રહે જ નહિ. એના વિના ગમે તેટલું કરે, એકડા વિનાના મીંડા, પુણ્ય અને પાપના પરિણામ લાખ અને કરોડ અને અનંત વાર કર્યા, એના ફળ તરીકે ચાર ગતિએ રખડવાનું છે આ બધું. આહાહા..! ભલે પછી બહારની સામગ્રી અબજો રૂપિયાની દેખાય, અબજોના મકાન-મહેલ દેખાય એ બધી ધૂળધાણી છે. એના તરફનો રાગ છે એ પણ ધૂળધાણી છે એમ કહે છે. એ ચીજ તો ઠીક એ તો બહાર જ રહી. એની તો અહીં વાત છે પણ નહિ. અંતરમાં રાગ અને દ્વેષ થાય તેને પર્યાય તરીકે જોઈએ તો છે. અવસ્થા તરીકે જોવે અને લક્ષ દ્રવ્યનું ન કરે તો તો છે. એ છે અનાદિ સંસાર છે. અનાદિ સંસાર છે રખડવાનો. સંસાર નથી એમ નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ જે કહે છે એમ નહિ. આ આત્મા સત્ય છે અને રાગાદિ નથી જ તે એમ નહિ. છે. છતાં એક સમયની મુદ્દતવાળો છે. એની દૃષ્ટિ છોડીને આત્માના સ્વભાવના સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું જૂઠું છે. રાગાદિનો સંબંધ અને ભેદ એ ગુણ-ગુણીનો ભેદ પણ જૂઠો છે. આહાહા..! ૧૪મી ગાથા એ સમ્યગ્દર્શનની ગાથા છે. અપૂર્વ વાત છે. સૂક્ષ્મ છે પણ અપૂર્વ છે. એને સાંભળવું મળવું એ પણ ભાગ્યશાળીને મળે છે. આહાહા..! અને એની અંદરથી હા પડવી એ તો અલૌકિક પુરુષાર્થ છે. અને હા પાડીને પછી હાલત થવી... આહાહા..!

રાગ વિનાનો મારો સ્વભાવ છે અંદર એની પહેલી હા પડીને પછી અંદર જાય ત્યારે હાલત થઈ જાય. હાની હાલત થઈ જાય ત્યાં અનુભવ થઈ જાય. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એ તો વિસામાનું વાક્ય છે. સૂક્ષ્મ વાત છે, બાપુ! એકદમ પકડાય એવી નથી. અનંત કાળથી એણે સાંભળ્યું નથી. પ્રેમથી સાંભળ્યું જ નથી. જેવો જગતનો પ્રેમ... આહાહા..! એને સ્ત્રીનો, દીકરાનો, પૈસાનો, મકાનનો પ્રેમ. એમાં બે-પાંચ કરોડનું મકાન હોય ને એમાં બે-પાંચ અબજની મુડી હોય, એમાં છોકરા વળી એવા પાક્યા હોય રૂપાળા, જુઓ! તમારી એની ગાંડપણ. આહાહા..!

પરમાત્મપ્રકાશમાં કહે છે, ધર્મીજીવ સૂક્ષ્મ વાત કરે એ પાગલને પાગલ જેવું લાગે. એવો

પાઠ છે. પાગલ જીવોને પાગલ જેવું લાગે. આ શું કહે છે? સમજાય છે કાંઈ? પરમાત્મપ્રકાશમાં છે. એ જ્યારે સૂક્ષ્મ વાત કરે અને સત્ય કરે ત્યારે સાંભળનારને પાગલાઈ છે એને પાગલપણું લાગે કે આ શું પાગલ જેવી વાતું કરે છે? સમજાય છે?

એક પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથ છે-શાસ્ત્ર છે. એના અધિકાર ૨૬ છે પણ નામ પચ્ચીસ પડે છે. પદ્મનંદી પંચવિંશતિ છે અહીં. હશે અહીં. એમાં બ્રહ્મચર્યનો એક લેખ આપ્યો. સંતોએ પંચ પરમેષ્ઠીના મુનિએ બ્રહ્મચર્યનો લેખ આપ્યો. બ્રહ્મ નામ આત્મા એમાં ચરવું એનું નામ બ્રહ્મચર્ય. શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એ બ્રહ્મચર્ય નહિ. સ્ત્રીનો સંગ આદિ કર્યો નહિ માટે બ્રહ્મચારી, એ બ્રહ્મચારી નહિ. બહુ સૂક્ષ્મ વાત કરી છે કે શરીરથી તેં સંગ ન કર્યો એ તો શરીરનો સ્વભાવ હતો તે સંગ ન થયો. તેં માન્યું કે મેં વિષય સેવ્યો નથી. પણ એ તો શરીરનો સ્વભાવ અડવાનો નહોતો માટે અડ્યો નથી.

પછી કહે છે, કોને કહેવું બ્રહ્મચર્ય? કે બ્રહ્મ નામ આત્મા, પૂર્ણાનંદનો નાથ એમાં ચરવું નામ રમવું એને બ્રહ્મચર્ય કહીએ. એ બ્રહ્મચર્યની વ્યાખ્યા ઘણી કરી, ઘણી ગાથાઓ છે. મારે તો બીજું કહેવું છે કે એ બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી ને પછી પદ્મનંદી આચાર્ય મુનિરાજ એમ બોલ્યા, હે યુવાનો! મારી વાત તમે ન રુચતિ હોય, મારી વાત બ્રહ્મચર્યની જે હું કહું છું, બ્રહ્મ નામ આત્મા એમાં રમવું તે બ્રહ્મચર્ય. એકલો વિષય સેવવો એ તો પાપ, પણ વિષય ન સેવતા શરીરથી બ્રહ્મચર્ય પાળે એ પણ પુણ્ય, એ ધર્મ નહિ. આહાહા..! ગજબ વાત છે! ત્યારે કહે, બ્રહ્મચર્ય કોને કહેવું? કે આત્મા આનંદસ્વરૂપ બ્રહ્મ છે તેમાં ચરવું-રમવું એનું નામ બ્રહ્મચર્ય. એ સૂક્ષ્મ વાત કરી પછી એમ કહ્યું મુનિરાજે, દિગંબર મુનિ હતા. એણે એમ કહ્યું કે, હે યુવાનો! તમને જો આ વિષયનો રસ હોય અને હું આવી વાતું કરું એ તમને કદાચિત્ ન ગમે, પ્રભુ! માફ કરજે. એમ કીધું છે. આહાહા..! જેઠાલાલભાઈ! મુનિરાજ એમ કહે છે કે ભાઈ! માફ કરજે. મારી પાસેથી શું તું લેવા માગીશ? મારી પાસે છે એ આપું, લઈ જા તું, બીજું મારી પાસે છે નહિ અહીં. એટલે જે હું બ્રહ્મચર્યની વાત કરતા તમને જુવાન અવસ્થા અને પૈસા કાંઈ પાંચ પચ્ચીસ કરોડ હોય અને સ્ત્રી અનુકૂળ હોય અને એના રસ ચડી ગયા હોય, અમારા બ્રહ્મચર્યની વાત તમને ન ગોઠે, મુનિરાજ એમ કહે છે, પદ્મનંદિ આચાર્ય એમ કહે છે, પ્રભુ! માફ કરજે. મારી પાસે બીજી શું આશા રાખીશ? આહાહા..!

એમ અહીંયાં આચાર્ય કહે છે કે હું સૂક્ષ્મ વાત કરું છું આત્માના સ્પર્શવાની. રાગાદિ અભૂતાર્થ-જૂઠા છે અને આત્માના સમીપ જતાં આત્માનો અનુભવ તે સત્ય છે એ વાત સૂક્ષ્મ તને પડે અને ન પકડાય તો મારી પાસે આશા શું રાખીશ? માફ કરજે, પ્રભુ! હું

આ સૂક્ષ્મ કહું છું એ સાંભળવું હોય તો સાંભળજે. આહાહા..! કહો, કરમણભાઈ! મુનિરાજ એમ કહે છે. સાચા સંત કહે છે. જંગલમાં રહેનારા. અમે સૂક્ષ્મ વાત કરીએ, પ્રભુ! તને ન ગોઠે તો માફ કરજે. મારી પાસેથી શું બીજી આશા રાખીશ? અમારી પાસે બીજું શું છે? આહાહા..! અમારી પાસે તો આત્માની વાત છે, પ્રભુ! એ વાતને સાંભળતા તને ન રુચે તો અમને માફ કરજે, પ્રભુ! આહાહા..! આવી કરુણા છે. પ્રભુ! તને સૂક્ષ્મ લાગે, પ્રભુ! તારા અનુભવમાં આ વાત ઝટ ન આવે, આ અમે વાત કરી એ વાતમાં તારો ગમ પડે નહિ ઝટ, તેથી તને અણગમો લાગે (તો) માફ કરજે પ્રભુ! માર્ગ તો આ છે એ કહીએ છીએ. બાકી બીજું શું કહીએ? પ્રભુ! નાથ!

મુમુક્ષુ :- આચાર્ય માફી માગે છે?

ઉત્તર :- હા. પદ્મનંદી આચાર્યે માફી માગી છે. અહીં પુસ્તક નથી. છે? અહીં હશે પદ્મનંદી. પદ્મનંદી પંચવિંશતિ પુસ્તક છે. એમાં છેલ્લો ૨૬મો અધિકાર છે. અહીં તો લાખો પુસ્તકો જોયા છે ને. અહીં તો ધંધો આખી જિંદગી (પુસ્તકો વાંચ્યા છે). પાંચ વર્ષ વેપાર સિવાય બીજું કર્યું નથી. સ્ત્રીનો સંગ કર્યો નથી. લગનનો પ્રસંગ આવતો હતો ના પાડી કે ભાઈ! મારે તો બ્રહ્મચારી રહેવું છે. સ્ત્રી-બીસ્ત્રી (નહિ). એટલે અહીં તો ધંધો જ આ કર્યો આખો દિ'. પાંચ વર્ષ એક વેપારમાં જરી રોકાણા. તે પણ એમાં હું તો શાસ્ત્ર જ વાંચતો ત્યાં. ૧૯-૨૦ વર્ષની ઉંમરથી. પણ વાત વાતું બીજી નીકળી, બાપુ! એ સમયસાર જ્યાં હાથમાં આવ્યું... આહાહા..!

મુમુક્ષુ :- અમારા ભાગ્ય બાકી હતા ને!

ઉત્તર :- સાચી વાત છે. એ આવ્યું અંદરમાં આખો ફેરફાર... ફેરફાર.. ભાઈ! હું આમાં નહિ રહી શકું. આ સ્થિતિ કાંઈક બીજી છે. આહાહા..!

અહીં મહારાજ પ્રભુ કહે છે, આ તો કુંદકુંદાચાર્યની ગાથા છે. અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલા થયા તેની આ ટીકા છે. એ અમૃતચંદ્રાચાર્ય સૂક્ષ્મ વાત કરે છે કે બંધાયેલો ભાવ... આહાહા..! રાગાદિ છે એ દેખાય છે એટલું અસત્ય છે. પણ પ્રભુ એ કમળનો જેમ સ્વભાવ જોતાં પાણીને અડતો નથી. એમ ભગવાનનો સ્વભાવ જોતાં તે કર્મને અને રાગને અડતો નથી. આહાહા..! આવી વાત પ્રભુ તને સૂક્ષ્મ લાગે. પ્રભુ! માફ કરજે. બીજું શું થાય? અમારી પાસે બીજું શું લેવા માગીશ? તને ઠીક પડે એવું માગ એવું તો અમારી પાસે છે નહિ. આહાહા..!

અહીંયાં એ કહે છે. આહાહા..! **'પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...'** રાગને નહિ અડવાયોગ્ય એવો ભગવાન આત્માનો સ્વભાવ અંદર છે. ચૈતન્યમૂર્તિ પરમાત્મા ચૈતન્યના

પ્રકાશના નુરનું પૂર ભર્યું છે આખું. તારી નજરને આળસે.. સ્વામિ નારાયણમાં એ, કહેવાય છે.

મારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ,
મારા નયણને આળસે રે નિરખ્યા ન નયણે હરિ.

હરિ આ આત્મા, હોં! પંચાધ્યાયીમાં હરિ આત્માને કીધો છે. કેમ? કે રાગ-દ્વેષ અને અજ્ઞાનને હરે તે હરિ. રાગ-દ્વેષને અને અજ્ઞાનને બાળી નાખે તે હરિ. એવો જે આ ભગવાન હરિ. અને શ્રીમદ્દે પણ એક પત્રમાં કહ્યું છે કે આ જગતમાં એક અધિષ્ઠાન હરિ છે. એ હરિ હું આ હૃદયમાં દેખું છું. એટલે આ આત્મા હરિ છે. શ્રીમદ્ રાજચંદ્ર.

એ અહીં કહે છે, તારો નાથ જે હરિ છે એના સ્વભાવની સમીપ જતાં... બાપા! આહાહા..! એ વ્યવહારના રાગના સમીપમાં તો પડ્યો છો અનાદિથી. પ્રભુ! એ કોઈ નવીન વાત નથી. એ અપૂર્વ વાત નથી. પૂર્વે અનંત વાર થઈ ગઈ છે એની એ તારી જાત છે. હવે એકવાર આત્મ સ્વભાવમાં સમીપ જા, રાગની હયાતી છે તેની હયાતી નથી, મારી હયાતી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે- અસત્યાર્થ છે.'** આહાહા..! એક દૃષ્ટાંત આપ્યો આ કમળનો. પાણીને અડ્યું છતાં અડેલું નથી. અડેલું છે એ વ્યવહાર છે, નથી અડેલું તે નિશ્ચય છે. એમ આત્મામાં રાગ છે પર્યાયમાં એ વ્યવહાર છે. પરમાર્થે રાગમાં અડેલો આત્મા નથી. રાગને સ્પર્શ્યો પણ નથી. રાગને અડ્યો પણ નથી આત્મા. એ તો ત્રિકાળ નિરાવરણ અખંડાનંદ પરમાત્મસ્વરૂપ છે. એના સમીપમાં જતાં એ રાગાદિ જૂઠો તને લાગશે. આહાહા..! આવી વાતું છે. આવો ઉપદેશ છે આ. અમારે સોનગઢમાં તો ૪૫ વર્ષથી ચાલે છે. અહીં તો વળી પહેલાવહેલા આવ્યા. બધા આ તમારે લક્ષ્મીચંદભાઈ, જેઠાભાઈ ને બધાને.

મુમુક્ષુ :- અમારા ભાગ્ય હતા ને.

ઉત્તર :- માગણી હતીને બાપા તમારી. આહાહા..!

અરે..! ક્યાં કાને પડે વાત, પ્રભુ! એવા અંતરના ઘરની વાતું કાને પડે એ અમૃતની ધારા છે. શાસ્ત્રમાં લેખ છે. ભગવાનની દિવ્યધ્વનિ અમૃતની ધારા છે. કાનમાં જાણે અમૃત વરસતા હોય એવી વીતરાગની વાણી છે. આહાહા..! પહેલામાં આવે છે ને. પહેલી ગાથાઓમાં. સમયસારમાં. વીતરાગની દિવ્યધ્વનિ જે છૂટે છે અને ઈન્દ્રો સાંભળે છે. વાઘ ને નાગ ને સિંહ જંગલમાંથી જેની સભામાં સેંકડો સિંહ, સેંકડો નાગ અને સેંકડો વાઘ અને ઈન્દ્રો ચોસઠ આવીને સાંભળે છે. સો ઈન્દ્રો. એ વાણી અમૃતધારા વરસે છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. પણ અંદરમાં જા ત્યારે અમૃત તારા વરસે એ સાચી વાત છે. આહાહા..! બહુ વાત કરી છે.

આહાહા..! એ એક દાખલો થયો. એક અબદ્ધનો કીધો. અબદ્ધસ્પૃષ્ટનો થયો. પાંચ બોલ છે ને? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત પાંચ બોલ છે. એમાં એક બોલની વ્યાખ્યા થઈ.

હવે બીજા બોલની. '**જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અનન્યપણું ભૂતાર્થ છે-**' માટીના કમંડળ થાય, ઘડો થાય, ઝારી થાય, રામપાત્ર આ શંકોરુ. શંકોરાને રામપાત્ર કહે છે. શંકોરુ નથી આવતું? માટીનું શકોરુ. એને રામપાત્ર કહે છે. એક ડોશી હતી તેને રામનું નામ જ ગોઠતું નહોતું. પછી એને એક શકોરુ બતાવીને આમ (પૂછ્યું). એમ કોઈ રીતે આ રામપાત્ર બોલે છે? આ શું છે બા? કહે, શકોરું છે. રામપાત્ર બોલે તો રામ આવી જાય. એ શબ્દ એને ગોઠે નહિ. આહાહા..! પંડિતજી! આમ બનેલું છે, હોં! રામ આત્મા. અંદર રમે સો રામ આત્મા, અને રામચંદ્રજી તો મોક્ષ પધાર્યા છે. રામચંદ્રજી તો મોક્ષ પધાર્યા છે. પરમાત્મા થઈ ગયા છે, સિદ્ધ થઈ ગયા છે. એ રામનું નામ પણ બાઈને ગોઠતું નહોતું. એટલે કોઈ રીતે મરતા રામનું નામ એને આવે. એટલે આમ શકોરું બતાવ્યું. બા! મા! આ શું છે? આ રામપાત્રને કહે શકોરું છે. રામપાત્ર બોલવામાં પણ એને વાંધો આવતો હતો. આહાહા..! એવી વાત છે બાપુ! ગજબ!

એમ અહીં કહે છે, '**માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અનન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે,...**' પર્યાય છે. '**તોપણ સર્વતઃ અસ્ખલિત (-સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનન્યપણું અભૂતાર્થ છે.**' ઝારી ને ઘડો ને એ પર્યાયો જૂઠી (છે), માટી જ છે એ તો. માટી... માટી... માટી.. માટી... માટી... માટી... પર્યાયભેદ જેમાં નથી. આહાહા..! પર્યાયભેદથી જુઓ તો એ પર્યાય છે. પણ માટી ભેદથી જુઓ-માટીના સ્વભાવથી જુઓ તો એ પર્યાયભેદ છે નહિ. આહાહા..! આવી વાતું છે. છે? એ રામપાત્ર આદિ પર્યાયથી જોતાં તે છે. તો પણ સર્વતઃ એક માટી જોતાં, માટીનું એકરૂપ જોતાં એ બધા પર્યાયોના ભેદો માટીમાં નથી. એ જૂઠા છે. માટી તો માટી જ છે અંદર. આહાહા..! '**માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે...**' આ તો દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. દૃષ્ટાંત સિદ્ધાંત માટે છે. દૃષ્ટાંત દૃષ્ટાંત માટે નથી. દૃષ્ટાંત દૃષ્ટાંત માટે નથી. દૃષ્ટાંત સિદ્ધાંત માટે છે. સત્ સમજવા માટે સહેલું પડે માટે દૃષ્ટાંત છે. એ દૃષ્ટાંત સાંભળીને ત્યાં રોકાઈ જવું એમ નથી. આહા..!

'**આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**' આહાહા..! શું કહે છે?

જેમ માટીમાંથી જેમ ઝારી, ઘડો દેખતા એ બરાબર છે. એમ આત્માને ચાર ગતિ દેખો (તો) છે. નારકની ગતિ છે, એકેન્દ્રિય છે, લીલોતરી છે, કીડા છે, કાગડા છે. અવતાર ધારણ કર્યા છે. એ અવતાર છે. છે? **'નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...'** નારકી છે, મનુષ્ય છે, દેવ છે, ઢોર છે. એમ પર્યાયભેદથી જોતાં એ વસ્તુ છે. આહાહા..! **'એવી રીતે આત્માનો, નારક આદિ અનુભવ કરતાં...'** આહાહા..! હું નારકી છું, હું મનુષ્ય છું, દેવ છું, હું શેઠીયો છું, મુરખ છું, પંડિત છું એ બધી પર્યાયોમાં કહેવામાં આવે છે. વસ્તુ સ્વરૂપમાં એ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

**'આત્માનો નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...'** એ છે. ચાર ગતિના ભવ છે. આહાહા..! માંસ ખાય, દારૂ પીવે, શરાબ પીવે, પરસ્ત્રીના લંપટીઓ છે, અનીતિના આચરણ કરે એ મરીને નરકમાં જાય. નરક ગતિ છે. ત્યાં નરકમાં જાય છે એ. નરકગતિ ગતિ તરીકે છે. આત્મા તરીકે જોઈએ તો એ ગતિ એમાં નથી. એ તો પછી આવશે. સમજાય છે કાંઈ? નારક આદિ કહ્યું ને? એમ તિર્યંચ. સિંહ, પશુ, વાઘ, એકેન્દ્રિય, લીલોતરી, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય એ બધા જીવો છે. કષાયભાવ કરે છે એ મરીને તિર્યંચમાં જાય છે. માંસ અને દારૂ ખાનારા-પીનારા તો મરીને નરકમાં જાય. પણ માંસ અને દારૂ નહિ ખાનારા, ધર્મ નહિ પામેલા, આડોડાઈ કરી કષાયની, માયા ને લોભ ને રાગમાં લીલ થઈ ગયા, લીલ થઈ ગયા. એવા જીવો મરીને તિર્યંચમાં જાય છે. તિર્યંચપણું છે. તિર્યંચગતિ છે. વ્યવહાર તરીકે એ છે. નથી એમ નહિ. જેવા એ પુણ્ય કરે, પાપ કરે તેવા એના ફળ છે. નારક આદિ એટલે ચાર ગતિ લીધી છે.

દયા, દાન, વ્રત, ભક્તિના, શુભ પરિણામ કરે તો એનું ફળ સ્વર્ગ અને મનુષ્ય શેઠાઈ એ છે. પુણ્યનું ફળ એ છે. પણ આત્માના ધર્મની સમીપ જોતાં એ વસ્તુ જૂઠી છે. આહાહા..! લક્ષ્મીચંદભાઈ! વાત તો આવી છે. નારક આદિ લીધું ને? ચારે ગતિ. દેવ છે, ભવનપતિ, વ્યંતર દેવ, જ્યોતિષ દેવ છે. આહાહા..! અઢી દ્વીપની અંદર મનુષ્ય છે. બાકી અસંખ્ય દ્વીપ સમુદ્ર પડ્યા છે એમાં અસંખ્ય સિંહ અને વાઘ પડ્યા છે. અને અસંખ્ય સમુદ્ર છે (એમાં) હજાર-હજાર યોજનના મોટા મગરમચ્છ અને મચ્છ પડ્યા છે. ત્યાં પણ ભગવાન કહે છે, એ જીવો પણ ત્યાં અંદરમાંથી સમકિતને પામી ગયા છે. આહાહા..! અસંખ્ય જીવો સમકિતી છે બહાર. અઢી દ્વીપ બહાર સિંહ ને વાઘ ને નાગ ને વાઘ અને મગરમચ્છ અને માછલા અસંખ્ય પડ્યા છે એ સમકિતી કેટલાક છે. અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ છે અને અસંખ્યમા ભાગના આત્મજ્ઞાની પણ ત્યાં તિર્યંચમાં પડ્યા છે. આહાહા..! એ ગતિ છે. ... છે, અજ્ઞાની છે એ તિર્યંચગતિ છે. એમ મનુષ્યગતિ છે એ તો દેખાય છે. એમ દેવગતિ છે. એ વ્યવહારથી

દેવગતિ આદિ ચાર ગતિ છે. પર્યાયમાં બીજા બીજાપણું અન્યપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પણ આત્માને જોતાં.. એ વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૪, પ્રવચન - ૩૬૪

આ સમયસાર. ૧૪મી ગાથા ચાલે છે. સમ્યગ્દર્શન કોને કહેવું? કોઈ પૂછતું હતું કે સમ્યગ્દર્શન એટલે શું? એમ કોઈ પૂછતું.

મુમુક્ષુ :- મોટરમાં ..ભાઈએ પૂછ્યું હતું. કરણભાઈના દીકરા.

ઉત્તર :- હા.

સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. અંતરમાં અભેદ આત્મા એની દૃષ્ટિ થઈને અતીન્દ્રિય આનંદનું વેદન આવવું અને તેમાં પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન, સાચી શ્રદ્ધા, ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. એ વિના ધર્મ ક્યાંય છે નહિ. એથી સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. પણ સાચી શ્રદ્ધા એટલે? કહ્યું નહિ? એક દાખલો આપ્યો નહિ? કે માટીના અનેક આકારો થાય વાસણો. એ વાસણ ભલે હો. પણ ખરેખર માટી તો એ ચીજ છે. એ વાસણ આદિ છે તે અભૂતાર્થ છે, જૂઠા છે. કારણ કે કાયમ ટકનારી એ ચીજ નથી. માટી છે એ કાયમ ટકનારી ચીજ છે, માટી છે તે યથાર્થ છે.

'**એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**' આહાહા..! છે? એ આવી ગયું છે કાલે. આ જીવ નારકી છે, મનુષ્ય છે, દેવ છે, તિર્યંચ છે એમ જો અનુભવ કરો તો એ છે. પણ એ પર્યાયથી છે, વર્તમાન વ્યવહારનયના વિષયથી છે. એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ. '**दंसणं मूलो धम्मो**'. આ શબ્દ છે સિદ્ધાંતનો. ધર્મનું મૂળ દર્શન છે. પહેલું સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે. પછી ધર્મ એને ચારિત્ર આદિ પછી પ્રગટે. એ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન એ અનંત કાળમાં, અનંત ભવમાં, અનંત વાર ત્યાગી પણ થયો, સાધુ પણ થયો, મહાવ્રત પણ અનંત વાર પાળ્યા, શાસ્ત્રના જ્ઞાન અગિયાર અંગ પણ અનંત વાર કર્યા છતાં જે નારકી આદિ છે એ જ માન્યું છે. હું મનુષ્ય છું, હું નારકી છું, હું તિર્યંચ છું, હું સ્ત્રી છું, પુરુષ છું, એમ એણે માન્યું છે. એ માન્યતા તદ્દન વિપરીત અને મિથ્યાત્વ માન્યતા છે. આહાહા..! ઝીણી વાત છે.

એ આત્માનો નારકી આદિનો અનુભવ કરતાં એ અન્યપણું છે. '**તોપણ સર્વતઃ અસ્ખલતિ...**' આહાહા..! એ પાંચેય ગતિના પર્યાય તરફનું લક્ષ ન કરતાં અંતર્મુખ અસ્ખલિત દ્રવ્ય સ્વભાવ છે. ચૈતન્ય સ્વરૂપ ધ્રુવ જે છે એને અહીંયાં અસ્ખલિત કીધો છે. '**(સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા)...**' ચાર ગતિની દશાથી કે રાગ અને

દ્વેષથી, જે ચૈતન્ય સ્વરૂપ અંદર ધ્રુવ છે, એ આ પર્યાયોથી ભેદપણે પામતો નથી. આહાહા..! આવી વાતું છે. અસ્ખલિત. છે?

સર્વ પર્યાયોમાંથી અસ્ખલિત દ્રવ્ય, પર્યાયોમાંથી જરાય ભેદરૂપ નહિ થતો '**એક ચૈતન્યાકાર...**' આ વાત છે. એક ચૈતન્ય સ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ અનાદિ અનંત જેને પર્યાયથી પણ ભિન્ન એવું ચૈતન્યાકાર ચૈતન્ય સ્વરૂપ જે ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, વસ્તુ સ્વભાવ એ ચૈતન્યાકાર (છે). છે? '**ચૈતન્યાકાર...**' આકાર એટલે? ચૈતન્ય સ્વરૂપ. આકાર એટલે કાંઈ આકાર ત્યાં નથી. આ ઝીણી વાત છે. આ તો સમ્યગ્દર્શન હજી ધર્મની શરૂઆત, ધર્મનું મૂળ દર્શન છે. એ દર્શનની વ્યાખ્યા-સમ્યગ્દર્શનની વ્યાખ્યા આ છે. સમ્યગ્દર્શન એટલે અંતરમાં અભેદ આત્માને ચૈતન્યાકારપણે આત્મસ્વભાવની સમીપ જઈને (અનુભવીને પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે). ઝીણી વાત છે, પ્રભુ! એ પર્યાયો જે દેખાય છે આ નારકી, મનુષ્ય, દેવ આદિ કે રાગ-દ્વેષ એનું લક્ષ છોડી દઈને, ચૈતન્ય આકાર જે અંદર ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વભાવ એ સર્વ પર્યાયોથી જરાય ભેદરૂપ નહિ થતો. આહાહા..! એવો જે આત્મ સ્વભાવ, ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ સ્વભાવ, તેની સમીપમાં જઈને એટલે કે નારકી આદિ, મનુષ્ય આદિ છું એવી દૃષ્ટિ છોડી દઈને. આહાહા..!

ચૈતન્યાકાર એવો આત્મ સ્વભાવ ત્રિકાળ, તેના સમીપ જઈને, તેની સન્મુખ થઈને, તેનો સત્કાર કરીને, તે સ્વભાવનો આદર કરીને, તેનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથીયું કહેવામાં આવે છે. આહાહા..! આવી ચીજ છે. સમ્યગ્દર્શન એટલે શું? સમ્યક્-સત્ય દર્શન. ત્રિકાળી ચૈતન્યાકાર સ્વભાવ આત્માનો જે ધ્રુવ છે તેના સમીપમાં જઈને તેનો અનુભવ કરવો. આહાહા..! અપૂર્વ સૂક્ષ્મ વાત! અનંત કાળમાં જેણે તે તરફ દૃષ્ટિ કરી નથી, ચૈતન્યસ્વભાવી ભગવાન આત્મા તેની સન્મુખ જોયું નથી. તેથી તે પર્યાયબુદ્ધિ રાગ અને મનુષ્ય ને દેવ ને નારકી ને સ્ત્રી ને પુરુષ છું, મૂરખ અને પંડિત એ પર્યાયના ભેદ છે. એમાં એ રોકાઈ ગયો છે. આહાહા..!

'**ચૈતન્યાકાર આત્મસ્ભાવ...**' જેનું ચૈતન્ય જ સ્વરૂપ જાણવું-દેખવું, જાણવું-દેખવું, જ્ઞાતા જ્ઞાનરસનો પિંડ (છે). આહાહા..! જ્ઞાનના તેજનું પુર એકલો ચૈતન્યાકાર ભર્યો છે અંદર. આહાહા..! એવા '**આત્મસ્વભાવની સમીપ જઈને...**' તે સ્વભાવની સન્મુખ થઈને મનુષ્ય આદિ ગતિ છે એના તરફનું લક્ષ છોડી દઈને ચૈતન્યાકાર એવા આત્મ સ્વભાવની સમીપ જઈને '**અનુભવ કરતાં...**' અનુભવ કરતાં. છે? '**અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.**' નારકી ને મનુષ્યપણું એ બધું જૂઠું છે.

અન્યપણું. આત્મા ચૈતન્ય એકરૂપ છે તેની દૃષ્ટિ થતાં, અનેરી ગતિ આદિના ભાવો છે

તે અંતરમાં નથી, તેથી તેને જૂઠા અને અસત્ય કહેવામાં આવ્યા છે. આહાહા..! છે, છે ખરું. પણ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના અનુભવની અપેક્ષાએ તે પર્યાયભેદને અસત્ય અને જૂઠા કહેવામાં આવ્યા છે. આહાહા..! બહારની ચીજની તો અહીં વાત જ નથી. પૈસા ને મકાન ને આબરૂ એ તો ક્યાંય બહાર રહી ગયા. એની સાથે કાંઈ સંબંધ નથી. પણ એની પર્યાયમાં નારકી, મનુષ્ય, દેવ અને તિર્યંચગતિ છે તે પણ આત્માના સ્વભાવ સમીપ જોતાં તેમાં એ નથી. બીજી ચીજ તો નથી.. આહાહા..! સૂક્ષ્મ વાત છે, પ્રભુ! સમ્યગ્દર્શન એ વાતને હજી સમજે નહિ. સમ્યક્ એટલે સત્ય. જેવું ત્રિકાળી એનું સ્વરૂપ છે-જ્ઞાનાકાર ચૈતન્ય સ્વભાવ, તેનો અનુભવ થવો, તેમાં વેદનમાં આવવું, તેની પ્રતીત (થવી), અનુભવ આનંદનો કરીને પ્રતીત કરવી કે આ આત્મા તે શુદ્ધ ચૈતન્ય છે એનું નામ સમ્યગ્દર્શન, સાચી શ્રદ્ધા, સત્યના પંથે પડ્યો એમ કહેવામાં આવે છે. નહિતર તો અસત્યને પંથે છે. નારકી ને મનુષ્ય ને દેવ ને એ ગતિ બધી અસત્યના પંથે ચાર ગતિમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વસ્તુ સ્વભાવ અંદર જોતાં એ ચાર ગતિના ભાવો જૂઠા છે. અંતર ત્રિકાળ ચૈતન્ય સ્વભાવની સમીપમાં સમ્યગ્દર્શન કરતાં, એનો અનુભવ કરતાં એ ચાર ગતિના ભાવો તે જૂઠા છે. કેમ કે એ ચાર ગતિ તે અંદરમાં નથી. આહાહા..! નિશ્ચયથી તો સિદ્ધગતિની પર્યાય પણ અંદર નથી. પણ એ વાત અત્યારે સાધારણ... આ તો નારકીપણું, આ મનુષ્યપણું, આ દેવપણું, આ ઢોરપણું એ બહારની જે ગતિ છે એ ત્રિકાળીના સ્વભાવની સમીપ જોતાં, તેનો અનુભવ કરતાં, તેના અનુભવના આનંદની પ્રતીત કરતાં, સમ્યગ્દર્શન કરતાં તે ચાર ગતિના ભાવો તે જૂઠા છે. સત્ય તો ત્રિકાળી સ્વભાવ છે તે એક સત્ય છે. આહાહા..! આવી વાતું છે.

નારકી આદિ ગતિ ગતિની અપેક્ષાએ છે, ભૂતાર્થ છે. વ્યવહારથી વ્યવહાર છે. વ્યવહાર છે. પણ અંતરમાં સ્વભાવ જોતાં તે વ્યવહાર જૂઠો છે. આ બે વાત છે. તદ્દન કોઈ ગતિ નથી જ એમ કોઈ કહે અને એકલો આત્મા જ છે (તો) એમ નથી. ગતિ છે, મનુષ્યપણું છે, મનુષ્યપણું એટલે આ શરીર નહિ હોં! શરીર આ મનુષ્યપણું નહિ. આ તો જડ-માટી-ધૂળ છે. અંદર આત્મામાં મનુષ્યને યોગ્યતાની ગતિ જે છે, આત્મામાં પર્યાયમાં તિર્યંચને યોગ્ય, મનુષ્યને યોગ્ય, દેવને યોગ્ય જે ગતિ છે અંદર પર્યાય, એને અહીંયાં ગતિ કહેવામાં આવે છે. મનુષ્ય-આ શરીરને મનુષ્યગતિ કહેવામાં આવતું નથી. આ તો જડ છે, માટી છે. આ કાંઈ મનુષ્યગતિ નથી. આહાહા..!

મનુષ્યગતિ તો અંદરમાં ઉદયભાવ 'હું મનુષ્ય છું' એવો જે ઉદયભાવ, એવો જે અસિદ્ધભાવ, એવો જે આત્મ સ્વભાવથી વિપરીત ભાવ, તેને અહીંયાં મનુષ્યગતિ કીધી

છે. આહાહા..! એ ગતિ પણ છે. વ્યવહારનયે પર્યાયદૃષ્ટિએ દેખતાં એ છે. પણ વસ્તુને જોતાં એ વસ્તુ એમાં નથી. સમ્યગ્દર્શનથી, સમ્યગ્જ્ઞાનથી આત્માના સ્વભાવ સમીપ જઈને (જોતાં તે નથી). ધારણાએ નહિ, જાણપણું કર્યું એટલી ધારણાએ નહિ, પણ એ સ્વરૂપ છે તેની સમીપ જઈને અનુભવ કરતાં, આનંદનું વેદન કરતાં એ ગતિ આદિ તે જૂઠા છે. કહો, સમજાય છે કાંઈ? આ એક બોલ કીધો. આહાહા..! આ મનુષ્યગતિનો એક બોલ. પહેલો અબદ્ધસ્પૃષ્ટનો તો કહી દીધો હતો. એ પહેલો કીધો હતો. આ બીજો બોલ છે. બે બોલ થયા. હવે ત્રીજો બોલ.

પહેલો કયો બોલ થયો? અબદ્ધસ્પૃષ્ટ. આત્મા અબદ્ધ અને અસ્પૃષ્ટ છે, પરથી અબદ્ધ અને અસ્પૃષ્ટ છે. પોતાથી અંદર સ્વરૂપે અખંડાનંદ છે. એ પહેલો બોલ થયો. બીજા બોલમાં ચાર ગતિ નહિ અને આત્મા એકલો સ્વભાવ છે એ બીજો બોલ થયો. એ આત્મસ્વભાવની સમીપ (જઈને તેને) માનવું એનું નામ સમ્યગ્દર્શન. એ બીજો બોલ થયો. હવે ત્રીજો બોલ. કયો ત્રીજો છે? નિયત. છે ને પાંચ બોલ? આહા..!

**'જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં...'** સમુદ્રની ભરતી અને ઓટ. ઓટ સમજાય છે? પાછું ફરવું. ભરતી અને ઓટ એમ જોતાં તે ભરતી-ઓટ છે. તેની પર્યાયમાં-તેની અવસ્થામાં ભરતી-ઓટ છે. એ કહે છે. શું કીધું? કે વૃદ્ધિહાનિરૂપ. વૃદ્ધિ એટલે ભરતી, હાનિ એટલે ઓટ. એ ભરતી સમુદ્રની પર્યાયથી આમ દેખો બહારથી કાંઠેથી (તો) ભરતી-ઓટ છે. છે? એ **'અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે-'** પર્યાયમાં કાંઠે એવા ભરતી અને ઓટ આવે છે અને એ પણ વ્યવહારનયથી છે.

પણ નિશ્ચયથી જોતાં **'તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને...'** પણ સ્વભાવ જે સમુદ્રનો છે એકરૂપ એને જોતાં તે ભરતી-ઓટ એમાં નથી. ભરતી-ઓટ કહે છે? હિન્દીમાં બાઢ-બાઢ કહે છે. બાઢ. બાઢ અને હાનિ એ તો પર્યાયમાં એના કાંઠામાં છે. બાઢ અને હાનિ, ભરતી અને ઓટ કાંઠામાં છે. અંદરમાં નથી. આહાહા..! એ કાંઠે ભરતી અને ઓટ, બાઢ જોતાં છે. પણ એના સમુદ્રનું સ્વરૂપ જોતાં.. છે? આહાહા..! નિત્ય અને સ્થિર સમુદ્ર છે. **'એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને...'** સમુદ્રનો સ્વભાવ એ છે ત્રિકાળી એમ જોતાં, **'અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-'** એ ભરતી-ઓટ, બાઢ અને ઓટ એ જૂઠાં છે. ત્રિકાળ સમુદ્રના સ્વભાવની અપેક્ષાએ એ ભરતી-ઓટ આદિ જૂઠા છે. એ ભરતી-ઓટ અંદરમાં છે નહિ. આ તો દૃષ્ટાંત થયો.

**'એવી રીતે...'** એ દૃષ્ટાંતની રીતે **'આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ**

**કરતાં અનિયતપણું ભૂતાર્થ છે-**' શું કહે છે? આત્માનું પર્યાયમાં હિનાધિકપણું છે. અગિયાર અંગનું જ્ઞાન થાય, અક્ષરના અનંતમા ભાગે નિગોદમાં જાય તો અક્ષરના અનંતમા ભાગે રહે, નિગોદમાં જાય તો અક્ષરના અનંતમા ભાગે પર્યાય રહે. અને નવમી ગ્રૈવેયક જાય તો સાધુ થઈને અજ્ઞાની અગિયાર અંગનું જ્ઞાન થાય. એ બધું જ્ઞાન છે અજ્ઞાન. પણ એ જ્ઞાન ભરતી... છે? આહાહા..! '**અનિયતપણું ભૂતાર્થ છે-**' એ વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી જોતાં જૂઠું છે. એમ આત્માને પણ એ પ્રમાણે છે. એની પર્યાયમાં વૃદ્ધિ-જ્ઞાન વધે અને ઘટે એ બધી પર્યાય છે. મૂર્ખાઈ અને પંડિતાઈ એ પર્યાય છે. આહાહા..! એ અપેક્ષાએ મૂર્ખાઈ અને પંડિતાઈની પર્યાય અવસ્થા દૃષ્ટિથી જોઈએ તો છે, વ્યવહારથી જોઈએ તો એ છે. છે.

'**તોપણ...**' આહાહા..! '**નિત્ય-સ્થિર...**' સ્થિર ધ્રુવ સ્વરૂપ. અવિચળ-ચળે નહિ તેવું તત્ત્વ અંદર પડ્યું છે. નિત્ય અને ધ્રુવ એવો સ્વભાવ, નિત્ય અને સ્થિર '**આત્મસ્વભાવની સમીપ જઈને...**' આહાહા..! આ તો હજી સમ્યગ્દર્શન, ધર્મની પહેલી શ્રેણીની વાત ચાલે છે. ચારિત્ર અને એ તો કોઈ અલૌકિક બીજી વાતું છે. એ તો સમ્યગ્દર્શન વિના એ હોઈ શકે નહિ. હજી તો સમ્યગ્દર્શન કોને કહીએ અને કેમ થાય એની ખબરું ન મળે. એને ચારિત્ર અને વ્રત ને તપ આવી જાય, એકડા વિનાના મીંડા છે બધા એ. આહાહા..! ઝીણી વાત છે આ.

કહે છે કે, વૃદ્ધિ-હાનિ જોઈએ તો છે. આત્મામાં પણ પર્યાયમાં, હોં! '**તોપણ નિત્ય-સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' પર્યાયમાં-અવસ્થામાં ઓછાવત્તાપણું છે એ ન જોતાં એનો ત્રિકાળી સ્વભાવ જોતાં, તેના સમીપમાં જઈને નિત્ય સ્થિરનો અનુભવ કરતાં તે અભૂતાર્થ છે. ઓછા-વત્તાપણું જ્ઞાનનું જે હતું એ બધું જૂઠું છે. એકરૂપ ત્રિકાળ આત્મા છે. આહાહા..! આ ૧૪મી ગાથા .. ઝીણી વાતું છે, બાપુ! આહાહા..!

કહે છે કે નિત્ય અને સ્થિર. છે? '**એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું...**' એ પર્યાયમાં જે હાનિવૃદ્ધિરૂપ એ બધું જૂઠું છે. ત્રિકાળમાં નથી. અને દૃષ્ટિનો વિષય ત્રિકાળ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ત્રિકાળી દ્રવ્ય છે. એમાં જોઈએ તો ઓછા-વત્તાપણું કાંઈ છે નહિ. જ્ઞાનની હિણી-અધિક દશા છે નહિ. બહુ ઝીણી વાત, બાપુ! અપૂર્વ વાત છે. અનંત કાળમાં એણે સમ્યગ્દર્શનનો વિષય શું છે? અને એ કેમ થાય એ વાત એણે રુચિથી સાંભળી નથી. આહાહા..! મુદ્દાની રકમ તો આ છે. બાકી બધું વ્યાજ. આહાહા..!

એ બાજુ એક અમારે દાખલો બનેલો. વડોદરા, વડોદરા. રાજ છે ને?

મુમુક્ષુ :- ગાયકવાડ.

ઉત્તર :- ગાયકવાડ. એને એની નીચેના માણસો વાણિયા પાસે ઘણાં ઘણાં જમીન હતી. જમીન ૫૦-૫૦ હજાર, લાખ-લાખ, બબ્બે લાખની ઊપજ થાય એવી જમીન વાણિયાના ઘરે. પણ હતી બધી બીજા કણબીની. એટલે એ ગાયકવાડ સરકાર તરફથી કાયદો કાઢ્યો કે જે કોઈ જમીનના ૨૦ વર્ષથી વાણિયા ખાતા હોય કણબીનું એ છોડી દયો. અને જેની છે જમીન એને આપી દ્યો. જેઠાલાલભાઈ!

એમ અહીંયાં કહે છે કે અનાદિથી પર્યાયનો અનુભવ કરે છે એ છોડી દે. મૂળ રકમને પકડી લે. ત્યાં અમારે દામોદર શેઠ છે વાણિયા. એને ઘરે જમીન છે. ઘરે ગામ છે. દસ હજારની ઊપજ તે દિ' હોંસ્રૂ અત્યારનું તો મોંઘું. તે દિ' આ તો ૬૦-૭૦ વર્ષ પહેલાં. મૂળિયાપાટ કરીને એક ગામ પોતાના ઘરે .. નીચે. ૪૦ હજારની ઉપજ તે દિ' ૬૦ વર્ષ પહેલા. અને છે આપણા વાણિયા અમારી નાતના. દશાશ્રીમાળી. એને આ જ્યારે જમીન ખાતા હતા કણબીની, એ મૂકવાનું થયું તો ગાયકવાડ સરકાર પાસે ગયા. કે સાહેબ! આ અમારે તો આટલા આટલા વર્ષ થયા, ખાઈએ ને આ બધું જાય છે. અમારું બધું કાંઈ રહેતું નથી. ગાયકવાડ સરકાર કહે કે આ કાયદો કાંઈ તમારા એકલા માટે મેં કર્યો છે? આ કાયદો તો આખા ગાયકવાડ સરકારને માટે કર્યો છે.

એમ અહીં કહે છે કે આ કાયદો તે વર્તમાનમાં હિનાધિક પર્યાય છે કાંઈ એકલા તારે માટે નથી. બધા આત્માઓને માટે જે પર્યાયમાં હિનાધિકતા છે તે છોડી દે (અર્થાત્) તેનું લક્ષ છોડી દે. આહાહા..! અને ત્રિકાળી જ્ઞાયકભાવ છે... જુઓ! છે? '**આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-**' એ ઓછી-વત્તીપણાની અવસ્થા તે જૂઠી છે. આહાહા..! કાલે તો દાખલો આપ્યો હતો. નહિ?

શિવભૂતિ. શિવભૂતિ અણગારને માતુષ અને મારુષ એટલા શબ્દો યાદ નહોતા આવતા. એટલા શબ્દ યાદ નહોતા. પણ અંદરમાં આત્માનો અનુભવ હતો. આત્મા અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ છે એનું વેદન આનંદનું હતું. શબ્દોનું જ્ઞાન નહોતું અને લાખ અગિયાર અંગ ભણ્યો છતાં તેને આત્માનું જ્ઞાન નથી. કેમ કે આત્મા છે એ પર્યાયથી ભિન્ન ચીજ છે. જેની અંદર આ ઓછાવત્તાની પર્યાયનો પણ જેમાં અભાવ છે. એકરૂપ ત્રિકાળ આત્મ સ્વભાવ છે. આહાહા..! એવા આત્મ સ્વભાવના સમીપે, નજીક જઈને એનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય. એ અપેક્ષાએ ઓછાવત્તાપણાનું જે જ્ઞાન છે તેને અહીંયાં અસત્ય નામ જૂઠું કહેવામાં આવ્યું છે. આહાહા..! વાત તો ઝીણી છે. ગાથા એવી છે જરી. બહારની વાત તો ક્યાંય રહી ગઈ. પુણ્ય-પાપ તો ક્યાંય રહી ગયા. બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ, એ તો દૂર. પુણ્ય-પાપ પણ ક્યાંય રહી ગયા. આ તો જ્ઞાનમાં ઓછાવત્તાપણાની પર્યાયનો ઉઘાડ

અને ઓછો ઉઘાડ થાય એ પણ સ્થિતિ ત્રિકાળ સ્વભાવના સમીપ જોતાં એ પણ જૂઠું છે. આહાહા..! સમજાય છે કાંઈ આમાં?

પર્યાયમાં ઓછાવત્તાપણાનો ઉઘાડ અગિયાર અંગનો થઈ જાય. નવ પૂર્વનો થઈ જાય. અને અક્ષરના અનંતમે ભાગે નિગોદ-આ લસણ, ડુંગળી, એ જીવને અક્ષરને અનંતમે ભાગે ઉઘાડ રહી ગયો છે પર્યાયમાં. દ્રવ્ય તો છે એ છે ભગવાન પૂર્ણાનંદ. એ અક્ષરને અનંતમે ભાગે હો કે નવ પૂર્વનું જ્ઞાન હો. એ પર્યાય છે તે પર્યાય દૃષ્ટિએ બરાબર છે. પણ વસ્તુની દૃષ્ટિએ જોતાં તે વસ્તુ જૂઠી છે. આહાહા..! લસણ અને ડુંગળીમાં રહેલો આત્મા, એની પર્યાયમાં તો એને અક્ષરના અનંતમા ભાગનો જ ઉઘાડ છે. અલ્પ ઉઘાડ અલ્પ રહી ગયો છે. એટલો ન રહે તો જડ થઈ જાય. પણ એ અને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન, નવમી ગ્રૈવેયકે ગયો અનંત વાર. અગિયાર અંગ ને નવ પૂર્વનું કર્યું. છતાં તે અક્ષરનો અનંતમો ભાગ અને એ નવ પૂર્વ બે હિનાધિક અવસ્થા પર્યાયની છે. એ કોઈ ચીજ નથી. આહાહા..! એનું પણ લક્ષ છોડીને ત્રિકાળી નિત્ય સ્થિર વસ્તુ ભગવાન આત્મા છે એનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય. આહાહા..! ત્યારે તેને ધર્મના મૂળની શરૂઆત થાય. શરૂઆત થાય. આહાહા..! આવી વાતું છે. છે? '**અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.**' એ ત્રીજો બોલ થયો. ત્રીજો બોલ થયો ને એ?

હવે, '**જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-**' સોનાનું ચીકણાપણું, પીળાપણું, ભારેપણું તો છે પર્યાયમાં. '**તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' એ ચીકાશ ને એ બહારની પર્યાયનું લક્ષ છોડી દે. '**વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને...**' સોનાના સ્વભાવને અંતર જોતાં તેમાં તે ચીકાશ અને બીકાશના ભેદ પડતા નથી. આહાહા..! આવી ઝીણી વાત છે. છે? '**સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' એ સોનાની ચીકાશ અને જે એના દાગીના કે ઝવેરાત થાય, એ બધી અવસ્થાઓ જૂઠી છે. એ વિશેષપણું તે અભૂતાર્થ-અસત્યાર્થ છે. શેમાં? સોનાનું દૃષ્ટાંત છે તેમાં.

'**એવી રીતે આત્માનો,...**' આહાહા..! આ વિશેષ આવે છે. ચોથો બોલ છે. '**જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-**' આહાહા..! બીજી વાત તો અહીં મૂકી દીધી. પણ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ છે એવો ભેદ પણ વ્યવહારનયે, પર્યાયનયે વર્તમાન દૃષ્ટિએ છે. પણ ત્રિકાળની દૃષ્ટિએ જોતાં તે ગુણભેદ પણ એમાં નથી. આહાહા..! બહુ આકરું કામ છે આ.

સમ્યગ્દર્શનનો વિષય એ જ્ઞાન ને દર્શન ને આનંદ એવા ભેદ એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય એ નથી. સાચી શ્રદ્ધાનો આશ્રય એ નથી. આ જ્ઞાન ને દર્શન ને આનંદ એવા ગુણભેદ પણ સાચી શ્રદ્ધાનો વિષય નથી. આહાહા..! ક્યાં જાવું? હજી તો બહારમાંથી પાછો ફરતો નથી. એમાં કહે છે કે આ ગુણભેદ. એક ચીજ છે એમાં ગુણભેદ, વિશેષ, જૂઠા છે. વિશેષની અપેક્ષાએ વિશેષ છે. છે ને? વિશેષપણું તે '**આત્માનો, જ્ઞાન, દર્શન, આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' આહાહા..! જેમાં જ્ઞાન, દર્શન, આનંદ અને ચારિત્ર એવા ભેદોનું લક્ષ જ્યાં છૂટી ગયું એટલે એ વિલય થઈ ગયું ત્યારે તેને આત્મા અખંડાનંદ નજરમાં આવ્યો. ગુણભેદની દૃષ્ટિ છોડતાં... આહાહા..! રાગની તો ક્યાંય રહી ગઈ વાત, ગતિની એક કોર રહી ગઈ. બહાર પૈસા-બૈસાની ધૂળની તો ક્યાંય એનામાં છે નહિ. આ તો એની પર્યાયમાં છે, છે એની વાત કરે છે. એનામાં જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણ છે. એ અનંત ગુણ છે એ અપેક્ષાએ પર્યાયનયે, વ્યવહારનયે એ બરાબર છે. આહાહા..!

'**તોપણ...**' છે? '**જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' વિશેષનું લક્ષ જ છૂટી ગયું. આહાહા..! ઝીણા દાખલા છે. આ તો મૂળ સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. આ કોઈ જૈનશાસન હવે કહેશે આગળ. ૧૫મીમાં. આ વીતરાગભાવ છે એ જિનશાસન છે. એ આત્માને અંદરમાં અનુભવ કરવો અને આનંદ પ્રગટ કરવો અને વીતરાગતા પ્રગટ કરવી એ જૈનશાસન અને જૈન ધર્મ છે. આહાહા..! ગુણના ભેદને પણ લક્ષમાંથી છોડી દે. જો તારે સમ્યગ્દર્શન અને આત્મા જોઈતો હોય તો આત્મામાં ગુણ જે અનંત છે એ અનંત ગુણના ભેદનું લક્ષ છોડી દે. ભેદનું લક્ષ કરીશ તો રાગ થશે, વિકાર થશે, સંસાર ઊભો રહેશે. આહાહા..!

મુમુક્ષુ :- અપૂર્વ વાત છે અપૂર્વ! મીઠી મધુરી વાત છે.

ઉત્તર :- વાત તો આવી છે, બાપુ! શું થાય? અંદરની વાત. કેશવલાલભાઈ! અંદરની વાત છે, બાપા! આ તો. આહાહા..! અંદરની વાત છે, પ્રભુ! અનંત કાળમાં એ અંતરની વાત એણે રુચિથી સાંભળી નથી. એ વસ્તુ આવી છે તો એને કાઢી નાખી. એ બધું ઝીણું.. ઝીણું.. એ ઝીણું.. ઝીણું... એ આપણે સમજીએ નહિ. આપણું કામ નહિ. એમ કરીને કાઢી નાખી છે. આહાહા..!

મુમુક્ષુ :- દરકાર કરી નથી.

ઉત્તર :- દરાકર કરી નથી. ટાણા આવ્યા તેને ચૂકી ગયો છે. મનુષ્યપણાનું ટાણું આવ્યું છે, પ્રભુ! સમ્યગ્દર્શન કરવાના ટાણા સબ અવસર આ ગયા હૈ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે.

ટોડરમલ કહે છે મોક્ષમાર્ગ પ્રકાશમાં. સબ અવસર આ ગયા હૈ. સબ અવસર આ ગયા હૈ. હવે તારી એક વાત (રહી જાય છે કે) પર્યાયબુદ્ધિ છોડી, ગુણબુદ્ધિ છોડી અને અંદરમાં જા એ તારે કરવાનું છે. આહાહા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. સબ અવસર આ ગયા હૈ. મનુષ્યપણું મળ્યું, પંચેઈન્દ્રિય, નિરોગતા અને લાંબુ આયુષ્ય. જન્મીને તરત મરી જાય તો તો બિચારાને (કાંઈ મળે નહિ). આ તો લાંબુ આયુષ્ય છે. એમાં જિનવાણી સાંભળવાનો યોગ મળ્યો. આવા યોગમાં સબ અવસર આવી ગયો છે. આહાહા..! હવે તારે અંદર જવાનું છે, બાપુ! એ તારે કરવાનું છે. આહાહા..! ટાણા જગતને આવ્યા. આ લોકો કહે છે ને? ટાણા આવશે પણ .. નહિ મળે એમ કાંઈક ગાય છે ને.

મુમુક્ષુ :- નાણા મળશે પણ ટાણા નહિ મળે.

ઉત્તર :- નાણા મળશે પણ ટાણા નહિ મળે માટે નાણા ખરચો. એમ. અહીં કહે છે, નાણા મળશે પણ ટાણા નહિ મળે. એમ કહે છે એ. આપણે કાઠિયાવાડમાં કહે છે. તમારે ભાષા હશે હિન્દીમાં. પૈસા મળશે પણ ટાણા આવા નહિ મળે. નાણા મળશે પણ ટાણા આવા નહિ મળે.

એમ અહીં કહે છે કે જ્ઞાન આદિની પર્યાયનો ઉઘાડ અનંત વાર થયો એ મળશે, પણ અંદરમાં અભેદની દૃષ્ટિ મળવી તે મહામુશ્કેલ છે. આહાહા..! તમારી કાંઈક ભાષા હશે, ભભુતમલજી! નાણા મળશે પણ ટાણા નહિ મળે એમ કહે છે. અમારે કાઠિયાવાડમાં એમ કહે છે. તમારે ભાષા તો હશે કાંઈક હશે હિન્દી. આ તો આપણે કાઠિયાવાડમાં ગુજરાતમાં આ કહે છે કે નાણા મળશે પણ ટાણા નહિ મળે. માટે ટાણામાં બરાબર કરી લ્યો.

એમ અહીં કહે છે કે અનંત વાર એ જ્ઞાનના હિનાધિકની પર્યાય આવી ગઈ. એવું તો અનંત વાર થયું. પણ એની દૃષ્ટિ છોડીને અંતર સ્વરૂપ ભગવાન આત્મા એકરૂપ સમીપ છે અંદર ત્યાં ગયો નથી. ત્યાંથી તેનું કાંઈ વળ્યું નથી. એનું એ રખડવાનું ઊભું રહ્યું છે. આહાહા..! ગતિ પણ કાઢી નાખી, પર્યાયની હિનાધીકતા કાઢી નાખી, અહીં ગુણભેદ હવે કાઢી નાખ્યા. પહેલો અબદ્ધસ્પૃષ્ટ (કહ્યો એમાં) બદ્ધસ્પૃષ્ટ જે છે કર્મનો સંબંધ છે એ કાઢી નાખ્યું. પછી ગતિ કાઢી નાખી, પછી પર્યાય કાઢી નાખી, હવે આ ગુણભેદ કાઢી નાખે છે. આહાહા..! ચોથો બોલ છે ને આ? શું કહ્યું એ?

ભગવાન આત્મા અંદર ચિદાનંદ પ્રભુ, એને કર્મનો સંબંધ છે અને રાગનો સંબંધ છે એને કાઢી નાખ્યો પહેલા બોલમાં. એ અબદ્ધસ્પૃષ્ટ છે, એ પરથી બંધાયેલો નથી મુક્ત સ્વરૂપ છે અંદર એવી દૃષ્ટિ કર. એનાથી આગળ જતાં નારકાદિ ગતિની વાત કરી. નારકી આદિ ગતિ છે. પણ એ પર્યાયમાં છે, વસ્તુમાં છે નહિ. એ વાત કરી. ત્રીજી વાત પર્યાયમાં હિનાધિકતા

છે, જ્ઞાનની દશા હિનાધિકતા છે એ વાત કરી. પણ એનું પણ લક્ષ છોડી દઈને ત્રિકાળનું લક્ષ કર્યું એમ ત્રણમાં કીધું. આ ચોથા બોલમાં ગુણભેદ છે અંદર છતાં ગુણભેદની દૃષ્ટિ છોડી દે. આહાહા..! આવું ઝીણું છે.

આઠ વર્ષની બાલિકા પણ સમકિત પામે છે. પણ જેને દરકાર હોય એને મળે કે ન દરકાર ન હોય એને મળે? આહાહા..! આઠ વર્ષની બાળિકા, અરે..! તિર્યંચ હોય તિર્યંચ. આહાહા..! એ પણ સમકિત આત્મજ્ઞાન પામેલા અસંખ્ય પડ્યા છે. સાંભળ્યું છે? આ અઢી દ્વીપ છે ને આપણે આ જે મનુષ્યક્ષેત્ર? એટલામાં ૪૫ લાખ યોજનમાં મનુષ્ય છે. પછી મનુષ્ય નથી. મનુષ્યનો આંકડો છે. ૨૭ આંકડે મનુષ્ય હોય. એટલે શું? એક.. એક.. એક.. એક.. એક... એવા ૨૭ આંકડા મૂકો એટલા મનુષ્ય હોય. ઝાઝા હોય તો નવ... નવ... નવ... નવ... નવ... ૨૭ નવ મૂકો તો એટલા મનુષ્ય હોય. ઓછા હોય તો એક.. એક.. એક.. ૨૭ મૂકો એટલા મનુષ્ય હોય. અને ઝાઝા હોય તો નવ.. નવ.. નવ... ૨૭ વાર મૂકો અને એનો આંકડો થાય એટલા મનુષ્યો છે. ત્યારે તિર્યંચ છે એ તો અસંખ્ય-અસંખ્યગુણા છે. અઢી દ્વીપ બહાર એકલા તિર્યંચ સિંહ ને વાઘ ને મત્સ્ય ને મચ્છરને એવા તિર્યંચ પડ્યા છે. એ તિર્યંચમાં પણ અસંખ્ય જીવો સમકિતી પડ્યા છે, અત્યારે. આહાહા..! કોઈને જાતિસ્મરણ થયું, કોઈને પૂર્વની આવી વાત યાદ આવી ગઈ. ઢોરમાં પણ અસંખ્ય જીવો સિંહ અને વાઘ સમકિતી અઢી દ્વીપ બહાર છે. એ સિંહ અને વાઘ. ખોરાક એનો આ ન હોય. વનસ્પતિનો ખોરાક હોય. સમકિત થાય એ માંસ ખાય નહિ. સમકિતી જીવને માંસ ને દારૂ એ હોય નહિ. માંસ ને દારૂ પિનારા કે માછલીના તેલ આ શું કહેવાય એ? કોડલિવરને વાપરનારા એ તો બધા મિથ્યાદૃષ્ટિ નરકગામી છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ તિર્યંચ સમકિત પામે સિંહ ત્યારે એને માંસનો ખોરાક ન હોય. અત્યારે છે. અસંખ્ય સિંહ પડ્યા છે, અસંખ્ય વાઘ છે બહાર. અઢી દ્વીપની બહાર. એ હજાર યોજનનું કમળ હોય છે કમળ. એ કમળ ખાય. કમળના ડોડા ખાય. પણ માંસ ને દારૂ ન ખાય. માછલાને ન મારે, કોઈ પંખીને ન મારે. સિંહ અને વાઘ! આત્મજ્ઞાન થયા જેને છે.. આહાહા..! એને આવો ખોરાક હોઈ શકે નહિ. આહાહા..! અને એવો ખોરાક હોય એ ધર્મી નથી, અધર્મી અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એ ચાર ગતિમાં રજળનારા, રખડનારના લક્ષણ છે એ. આહાહા..!

મુમુક્ષુ :- પણ .. આ વાત કરતા એને આ કર્યું હોય તો અમે કાંઈક. જૈનો હોવા છતાં. અમે જૈન નામ ધરાવવા છતાં આવું કર્યું હોય તો શું કરે?

ઉત્તર :- એ વાત સાચી, બાપા! એ છોડવું જોઈએ, બાપા! એ છોડવું જોઈએ, બાપા!

જૈન નામ ધરાવે અને આવી વાત હોય તો છોડી દેવું જોઈએ, પ્રભુ! એ શોભે નહિ. જૈન નામ ધરાવે એને દારૂ, માંસ ને માછલી અને એ કોડલીવર આદિ... આહાહા..! એ શોભે નહિ નાથ! ભાઈ કહે છે બાપા ઠીક કહે છે. સમજાણું કાંઈ? જૈન નામ ધરાવે અને આવી વાત હોય, સ્વપ્ને પણ ન હોય. આહાહા..! એના સ્વપ્ના ન હોય. એના ખાણા તો ન હોય પણ સ્વપ્ના ન હોય. આહાહા..!

અહીં તો ઉત્કૃષ્ટ બીજી વાતું ચાલે છે, બાપા! આહાહા..! અહીં તો કહે છે, પ્રભુ! એ ખોરાક તો એક કોર રહી ગયો. ખોરાકના ખાનારા તો મૂઢ મિથ્યાદૃષ્ટિ નરક અને નિગોદમાં જવાવાળા છે. પણ જે જીવ ગુણભેદની દૃષ્ટિ પણ જેને છોડવી છે. આહાહા..! અનંત ગુણનો પિંડ પ્રભુ, અનંત ગુણનું ચિત્રિત જેમ ચિતરામણ કરે ને એમ અનંત ગુણનું ચિતરામણ છે આત્મામાં. એવા અનંત ગુણના ભેદની પણ દૃષ્ટિ છોડી દે, કહે છે. આહાહા..!

સમ્યગ્દર્શન કરવું હોય, ધર્મની શરૂઆત કરવી હોય, પહેલો ધર્મ શરૂઆત કરવો હોય તો કહે છે કે આ ગુણભેદ છોડી દે. '**સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' વિલય થઈ ગયાનો અર્થ ગુણભેદ દૃષ્ટિમાં રહ્યા નહિ. આહાહા..! માંસ ને દારૂની તો ક્યાં વાત રહી, ભાઈ! કેશવલાલભાઈ કહે એ વાત સાચી. જૈન નામ (ધારીને) એ વાત તો હોય જ નહિ. આહાહા..! પ્રભુ! અહીં તો આત્માની વાત છે, નાથ! જેનાથી જન્મ-મરણ મટી જાય એની વાત છે, પ્રભુ! માંસ ને દારૂ ને શરાબ ને માછલીના ઓલા ખાય, પ્રભુ! એના ફળ નરકમાં એવા આવશે, તારા એક ક્ષણના દુઃખ કરોડો ભવે અને કરોડો જીભે કહી શકાય નહિ. નાથ! એવા ત્યાં દુઃખ છે. આહાહા..!

ભગવાન એમ કહે છે કે ત્યાં નરકમાં ભાઈ! તું અનંત વાર ગયો છો. મનુષ્યના ભવ કરતાં પણ નરકના ભવ અસંખ્યગુણા અનંતા કર્યા છે. મનુષ્યના જે અનંતા ભવ કર્યા એ સંખ્યા કરતાં અસંખ્યગુણા અનંતા નરકના કર્યા છે. કારણ કે એવા માંસ ને દારૂ ને શરાબ પીને મરીને નરકે ગયા. ક્યાંય આરો ન મળે એના દુઃખનો. પરમાધામી મારે, કચડે, ભુક્કા કરે, ઘાણીમાં પીલે એવા દુઃખો એક ક્ષણમાં (ભોગવ્યા). આહાહા..! રત્નકરંડ શ્રાવકાચારમાં એ લેખ છે કે નરકના ક્ષણના દુઃખો, પહેલી નરક છે. પહેલું સિદ્ધ કર્યું હતું એકવાર કે એક માણસને મારે (અને) સાક્ષી પડે તો રાજા એકવાર ફાંસી આપે. પણ એને ૨૫-૫૦ માણસ માર્યા હોય તો રાજમાં એનો શું કાયદો છે? ૨૫ વાર ફાંસીએ ચડાવે? ૨૫ મનુષ્યને માર્યા, ૫૦ને મારી નાખ્યા. ઓલો હતો ને કોણ? હતો નહિ કોણ?

મુમુક્ષુ :- હિટલર.

ઉત્તર :- હિટલર. હિટલરે લાખો માણસોને મારી નાખ્યા, લાખોને માર્યા. એના વિરૂદ્ધના

માણસો હતા ને તો લાખોને માર્યા.

અહીં તો પરમાત્મા એમ કહે છે કે એક વાર જેણે ખુન કર્યું એને એક વાર રાજમાં સાક્ષીમાં પડે તો, કદાચ પુણ્ય હોય તો છૂટી જાય પણ છતાં એનું પાપ છે એ નહિ છૂટે. પુણ્ય હોય તો વકીલાતમાં પૈસા-બૈસા દઈને વળી છૂટી જાય કોઈ. પણ અંદર જે પાપ કર્યું છે એ નહિ છૂટે. એ પાપનું ફળ... આહાહા..! એ નરકની યોનિ, એના દુઃખો દસ હજાર વર્ષની સ્થિતિના દુઃખનો પાર ન મળે, એવા એવા તો અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય ત્યાં છે. અસંખ્ય અબજ! આહાહા..!

અત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તી (નરકમાં) છે. છન્નું હજાર સ્ત્રી હતી, છન્નું કરોડ ગામ હતા, સોળ હજાર દેવ સેવા કરતા. એવો ચક્રવર્તી પણ માંસ ને દારૂ ને અધર્મ કર્યા અને હીરાના... શું કહેવાય તમારા? સૂવાના ઢોલિયા. ભૂલી જાય નામ તમારા. હીરાના ઢોલિયામાં સૂતેલો. એ મરીને ગયો, સાતમી નરકે ગયો છે અત્યારે. ૮૫ હજાર વર્ષ થયા. અસંખ્ય અબજ વર્ષ ત્યાં રહેવાનો છે. એ.. બાપા! અહીંના એક ક્ષણનું કલ્પનાનું સુખ, એનું અસંખ્ય ભવનું અસંખ્ય વર્ષનું દુઃખ. એ એક આંકડો કર્યો હતો ભાઈએ .. ધનજીભાઈએ.

અહીંયાં એક ક્ષણનું દુઃખ, એક ક્ષણનું સુખ કલ્પના એના આટલા અમુક પલ્યોપમનું દુઃખ નરકમાં છે. એવો આંકડો એક ફેરી કર્યો હતો. અહીં કાંઈ યાદ રહે છે. એક ધનજીભાઈ છે કચ્છી. એને યાદ છે. એક ક્ષણનું પાપ કરેલું જે માંસ અને દારૂ આદિ, એના ફળ તરીકે અસંખ્ય અબજવાળો પલ્યોપમ, એવા દુઃખના ફળમાં તે ત્યાં જવાના છે. આહાહા..! ત્યાં કાંઈ સિફારીશ કોઈની પોગે એવી નથી. તેમ ત્યાં કોઈનો કોઈ સથવારો મળે એવો નથી ત્યાં. આહાહા..!

અહીં તો એથી વાત આગળ જઈને... એની તો વાત જ શી કરવી? પણ કહે છે કે ગતિ આદિ મળી એની વાત પણ શું કરવી? અરે..! જ્ઞાનનું ઓછા-વત્તાપણું મળ્યું એની શું વાત કરવી? અરે..! ગુણભેદ થાય એની શું વાત કરવી? આહાહા..! સમજાણું કાંઈ? અનંત ગુણનો પિંડ છે પ્રભુ. જેમ સોનું પીળાશ ને ચીકાશ ને વજન આદિ ગુણોનો પિંડ છે. તેમ આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણનો પિંડ છે. પણ અહીં કહે છે, એ ગુણભેદ છે તે વિશેષ છે. એ સામાન્ય દ્રવ્ય નહિ. એ વિશેષ ઉપર લક્ષ કરતાં રાગ થશે. રાગ થતાં તેનું બંધન થશે. આહાહા..!

માટે તને જો સમ્યગ્દર્શન, ધર્મની શ્રેણીની પહેલી ધારા કરવી હોય તો એ ગુણભેદને છોડી દે. આહાહા..! બહારની ચીજ તો ક્યાંય વાત રહી ગઈ. છે? આહાહા..! '**જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' વિશેષ એટલે ગુણો. જ્ઞાન ને દર્શન ને આનંદ ને અસ્તિત્વ,

વસ્તુત્વ અને પ્રભુત્વ એવા અનંત ગુણ આત્મામાં છે. એ અનંત ગુણોનું લક્ષ છૂટી જાય છે. એટલે વિશેષ વિલય થઈ જાય છે. વિલય એટલે દૃષ્ટિમાંથી. વસ્તુ કાંઈ વઈ નથી જાતી. અહીં વિલય થઈ ગયું કીધું છે. ગુણભેદ વિલય થઈ જાય છે. એટલે? અંદરમાં લક્ષ ગુણભેદ ઉપર ન કરતાં... આહાહા..! **'આત્માના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...'** એ ગુણના ભેદોનું પણ લક્ષને છોડી દઈ, એ ગુણો અનંત છે તેનો પણ વિલય તારી દૃષ્ટિમાંથી વિલય કરી નાખ. વસ્તુ તો રહેશે. ભેદ ઉપરથી દૃષ્ટિ છોડી દે. આહાહા..! આવો માર્ગ સાધારણ માણસને કઠણ પડે. પણ પ્રભુ! આવા મનુષ્યપણામાં આવું નહિ કરે તો પ્રભુ! શું થશે? ક્યાં જઈશ? બાપા! ચોર્યાસીના અવતારની ખાણ પડી છે. ચોર્યાસી લાખ યોની. એક એક યોનીમાં અનંત વાર જન્મ્યો અને અનંત વાર મર્યો. એ મિથ્યાત્વ અને અજ્ઞાન ને આવા પાપ કરીને. પ્રભુ! હવે અવસર મળ્યો છે ને ટાણું, નાથ! આવે ટાણે નહિ કર તો પ્રભુ! ક્યારે કરીશ તું? આહાહા..!

અહીં તો છેલ્લી હદ આવી ગઈ આ. ગુણભેદની દૃષ્ટિ છોડી દે. રાગની તો છોડી દે, નરક આદિની તો છોડી દે, ગુણભેદ છે (એની) દૃષ્ટિ છોડી દે. અવિશેષ છે એ. આત્મા અવિશેષ એટલે સામાન્ય છે. એ ગુણભેદ છે એ વિશેષ છે. વિશેષ એટલે ભેદ છે, ભેદ છે એટલે પ્રકાર છે. એ ભેદ પ્રકારની દૃષ્ટિ છોડી દે. આહાહા..! જેમાં વિશેષપણું વિલય થઈ ગયું છે. આહાહા..! એટલે કે લક્ષ છોડી દીધું છે. વિશેષ ઉપરથી, ગુણભેદ ઉપરથી લક્ષ છોડી દીધું છે. અહીં જવાનું છે, બાપા! આહાહા..!

ભગવંત! તારી મહિમાનો પાર નથી, નાથ! પણ તેં કોઈ દિ' સાંભળ્યું નથી. આહાહા..! અહીં તો પરમાત્મા પ્રભુ તરીકે તો બોલાવે છે. આહાહા..! જેમ હાલરડું ગાય એની મા, એમ ભગવાન હાલરડું ગાય છે. હે ભગવાન! હે ભગવાન! હે ભગવાન! એમ કરીને. આહાહા..! હે ભગવાન! તને આ ન શોભે. ભગવાન! તું તો શુભાશુભભાવ મલિન છે એનાથી રહિત છો ને પ્રભુ! આહાહા..! એ શુભાશુભભાવ જડ છે એનાથી રહિત છો ને નાથ! કાલે બતાવ્યું હતું. ૭૨ ગાથામાં ત્રણ વાર ભગવાન કીધા છે. આહાહા..! આ છપાયેલું છે તમારે. ત્રણ વાર ભગવાન તરીકે બોલાવ્યો છે. આહાહા..! ૭૨મી ગાથામાં છે.

પુણ્ય અને પાપ બે મલિન છે, અસુચિ છે, મેલ છે. ત્યારે ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમ કીધું છે ત્યાં. છે, એમાં જુઓ. આહાહા..! અરે.. પ્રભુ! તને ભગવાન તરીકે બોલાવે અને તને શરમ ન આવે? આહાહા..! તારી મોટપ કરીને તને બોલાવે પ્રભુ, ભગવાન આત્મા. આહાહા..! એ અશુચિ-મેલથી ભિન્ન છે. ભગવાન આત્મા એ પુણ્ય-પાપ છે એ અજીવ છે, જડ છે, એમાં ચૈતન્યપણાનો અભાવ છે. એનાથી ભગવાન આત્મા જુદો છે. અને

દુઃખ જે છે તે દુઃખનું કારણ આત્મા નથી. વસ્તુ સ્વભાવ. કે દુઃખનું કાર્ય નથી. એ તો ચિદાનંદ મૂર્તિ અંદર પ્રભુ છે. તો ભગવાન! ત્યાં જા ને. તારા ઘરમાં જા ને. આહાહા..!

બેનનું તો કહ્યું હતું એક ફેરી. વચનામૃતમાંથી. સમકિતદષ્ટિ રાગમાં આવે છે ત્યારે સમકિતીને એવું લાગે છે કે અરેરે..! અમે ક્યાં પરદેશમાં જઈ ચડ્યા? વંચાવ્યું હતું ને વચનામૃતમાં? આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ, એ કહે છે કે પુણ્યના પરિણામ પણ આવી જાય તો એને એમ થાય છે કે અરેરે..! અમે ક્યાં પરદેશમાં આવી પડ્યા? અમારો પરિવાર આ નહિ. ભભુતભાઈ! આ પરિવાર નહિ. રૂપિયા-બુપિયા તો ક્યાંય રહી ગયા તમારા. એ.. ભભુતમલ (છે). આઠ લાખ રૂપિયા નાખીને મંદિર બનાવ્યું છે. બેંગ્લોર. આઠ લાખ. એમણે એકલાએ આઠ લાખ આપ્યા છે. ચાર લાખ ભાઈએ આપ્યા છે. ત્યાં મીઠાલાલ છે ને. આ મીઠાલાલ. એ બેઠા. એણે ચાર લાખ એના બાપે આપ્યા છે. બાર લાખ અને ત્રણ લાખ એમ પંદર લાખનું મંદિર બેંગ્લોરમાં કર્યું છે. બેંગ્લોર દેશમાં. આ તો આફ્રિકા પરદેશ છે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તને ભગવાન તરીકે બોલાવે. આહાહા..! હાલરડા ગાય છે તારા. એની મા કહે મારો દીકરો ડાહ્યો, પાટલે બેસીને ન્હાયો. એવું ગાય છે ને? મામાને ઘરે ગયો હતો ને ગુંજામાં ફલાણું ભરીને લાવ્યો. એ ગાય. સાંભળ્યું હોય. આપણે ક્યાં કર્યું છે કાંઈ. અહીં ત્રણ લોકનો નાથ ચૈતન્યને હાલરડું નાખે છે આમ. ભગવાન! તું ત્રણ લોકનો નાથ થઈને ક્યાં રખડ્યો? શું છે તને આ? અરેરે..! તને શરમ નથી આવતી? આહાહા..! એમ કહે છે. તને લાજપ નથી આવતી તું કોણ છો? ખાનદાનના દીકરાને.. આહાહા..!

એક કરોડપતિ કે અબજપતિ આદમી હોય, એનો છોકરો વ્યભિચારે ચડી ગયો હોય ત્યારે ઘરમાંથી માલ પણ લઈ જાય, આપે. ત્યારે એનો બાપ કહે, બેટા! આ આપણું ઘર નહિ ખમે. તું વ્યભિચારે ચડી ગયો અને આ... શું કહેવાય તમારે આ? પૈસાના ભરેલા. પટારા. સંસારના નામ ઓછા થઈ જાય છે, આ ધર્મના નામ યાદ આવે. એ પટારા ભર્યા હોય છે. બેટા! પટારામાંથી તું લઈ જા, આ ઘર નહિ ખમે. એમ ત્રણ લોકનો નાથ એમ કહે છે કે તું બહારચલો.. ચલો પ્રભુ! આ તારું ઘર નહિ ખમે હવે. આહાહા..! એ ઘરમાં નહિ શોભે. આહાહા..!

એક તો એ આવ્યું છે. ધર્મધ્યાનનો એક બોલ આવ્યો છે દ્રવ્યસંગ્રહમાં. ધર્મધ્યાન છે ને? એના ચાર બોલ છે ને? આણાવિજય, વિભાગવિજય, અવાયવિજય.. એમાં દ્રવ્યસંગ્રહમાં છે. દ્રવ્યસંગ્રહ છે ને? અહીં તમારી પાસે હશે. દ્રવ્યસંગ્રહ. બધા જોયા છે. અમારે ત્યાં તો તૈયાર બધા રાખ્યા હોય બતાવવા માટે. એ દ્રવ્યસંગ્રહમાં ધર્મધ્યાનની વ્યાખ્યા કરતા

ધર્મધ્યાનનો વિચાર કરનારો જીવ.. અવાયવિચય નામનો એક અધિકાર છે. એ અવાયવિચયમાં એવો વિચાર કરે છે ધર્મી, સમકિતી, જ્ઞાની... આહાહા..! અરે..! હું પૂર્ણાનંદને પામી જાઉં અને બધા ભગવાન થાઓ. એમ ત્યાં ભાવના ભાવે છે.

દ્રવ્યસંગ્રહમાં ધર્મધ્યાનનો બીજો બોલ છે. સમજાય છે કાંઈ? અહીં તો પુસ્તક નથી એટલે... ... પાછું ગોતવું. ત્યાં તો ચિહ્ન કરેલું હોય ને. એમાં છે દ્રવ્યસંગ્રહમાં. અહીં તો હજારો શાસ્ત્રો જોયા છે ને. દ્રવ્યસંગ્રહ હશે. છે? નથી? ઠીક. ઝવેરચંદભાઈ લાવશે. દ્રવ્યસંગ્રહ લાવી દેજો. જોજો તો ખરા. ત્યાં એક ધર્મધ્યાનના અવાય ભેદનો વિચાર કર્યો છે. તો ધર્મધ્યાન કરનારો અવાયમાં એવો વિચાર કરે છે.. આહાહા..! હું પૂર્ણાનંદની પ્રાપ્તિને પામું. હું તો ઠીક પણ બધા આત્માઓ ભગવાન થઈ જાઓ. આહાહા..! મારા બધા સગાવ્હાલા છે, મારા સાધર્મી જીવ છે આત્માઓ. દ્રવ્ય સ્વરૂપ જે છે અંદર એ તો મારા સાધર્મી છે. એની પર્યાયમાં ભૂલ છે. દ્રવ્ય સ્વભાવ સાધર્મી એટલે મારા ભગવાન તમે બધા ભગવાન થઈ જાઓ! એવી ભાવના ધર્મી ભાવે છે. સમજાણું કાંઈ?

એમ અહીંયાં ગુણભેદ કાઢી નાખીને... આહાહા..! અભેદ દૃષ્ટિ કરાવીને સમકિત દૃષ્ટિ કેમ થાય એ કરાવ્યું છે. વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૪, પ્રવચન - ૩૯૫

સમયસાર. ગાથા-૧૪. શુદ્ધનય કોને કહે છે? એનો અધિકાર છે. શુદ્ધનયનો અર્થ આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાન પ્રકાશનો સ્વભાવ, એકરૂપ જે સામાન્ય છે એને અહીંયાં શુદ્ધનય કહે છે. અને તેની દૃષ્ટિને સમ્યગ્દર્શન કહે છે. આ વિષય સમ્યગ્દર્શનનો છે. ઝીણું છે ઘણું, ભાઈ! ઉપર ટપકે આ પકડાય એવું નથી. આ તો ઊંડાણમાં જઈને, ભોંયતળિયામાં જઈને જેમ તપાસે, એમ અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય (શોધે તો પકડાય એવું છે).

પાંચ બોલ આવ્યા. એક તો બદ્ધસ્પૃષ્ટ છે એમ દેખાય છે, છતાં એની દૃષ્ટિ છોડી અબદ્ધસ્પૃષ્ટ અનન્ય અંદર છે તેને જોવો. આહાહા..! અનેરી અનેરી ગતિ દેખાય છે તેને ન જોતાં અનન્ય સ્વરૂપ અંદર પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એને જોવો, જાણવો અને માનવો એનું નામ અહીંયાં સમ્યગ્દર્શન અથવા શુદ્ધનય કહેવામાં આવે છે. પર્યાયના ભેદો દેખાય છે, ઓછી-વત્તી અવસ્થાઓ તે છે. પણ તેનું લક્ષ છોડીને એકરૂપ ચૈતન્ય જે અંદર છે એને જોવો, જાણવો અને માનવો એને અહીંયાં સમ્યગ્દર્શન અને શુદ્ધનય કહે છે.

પછી ગુણ-ગુણીના ભેદ. આવી ગયા છે ચાર. બહુ આકરી વાત છે. ભગવાન આત્મા સામાન્ય એકરૂપ સ્વરૂપ છે એમાં ગુણી ગુણનો ભેદ પણ વિકલ્પનું, રાગનું કારણ છે. એ સમ્યગ્દર્શનનું કારણ નથી. આહાહા..! ક્યાં જઈને જાવું? દેહ છોડીને જશે આત્મા ક્યાંક. કયે ઠેકાણે જાશે? બાપુ! એ કાંઈ આત્માનો નાશ થાય એવો નથી. એ આત્માને અંતરમાં ગુણ ને ગુણીનો ભેદનો પણ વિચાર છોડી... આહાહા..! એકરૂપ ચૈતન્યની અંદર દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એનું નામ અહીંયાં ધર્મની શરૂઆતનું સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! આવી ઝીણી વાત છે. ચાર બોલ આવી ગયા છે. ચાર બોલ આવી ગયા છે. પાંચમો બોલ આજે છે. પાંચમો બોલ. છે નીચે પાંચમો?

**'જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે...'** પાંચમો બોલ છે. બદ્ધસ્પૃષ્ટનો નિષેધ કર્યો, ચાર ગતિનો નિષેધ કર્યો, પર્યાયના ભેદનો નિષેધ કર્યો, ગુણના ભેદનો નિષેધ કર્યો. ચાર બોલ આવી ગયા છે, ભાઈ! પાંચમો બોલ. આ તો મૂળ ચીજ છે. પાંચમામાં (એમ કહે છે), **'જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે...'** એટલે શું? પાણી ઊનું થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે પણ તેમાં અગ્નિનું નિમિત્ત છે. **'એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ...'** ઉષ્ણતા સાથે પાણીને સહિતપણું જોતાં તે ભૂતાર્થ છે. **'તપ્તપણારૂપ-**

**અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે,...**' શું કહ્યું એ?

જળ તો નિર્મળાનંદ તેને જળ કહીએ. પણ અગ્નિના નિમિત્તે ઉષ્ણતા જે છે, એ ઉષ્ણતા એની પર્યાયમાં પોતાથી છે. પણ નિમિત્ત અગ્નિ છે. એ ઉષ્ણતાને ગૌણ કરી દઈને, એ ઉષ્ણતા ભૂતાર્થ છે છતાં તેને ગૌણ કરીને એકલું જળ જોવું શીતળ... શીતળ... શીતળ.. એને યથાર્થ જળનો જોનાર કહેવામાં આવે છે. એમ... હવે એમ આત્મા. છે? '**તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' એ પાણીને અગ્નિના નિમિત્તની ઉષ્ણતાથી જોઈએ તો છે. પણ જળના સ્વભાવની સમીપ જઈને જોતાં જળનો સ્વભાવ ઠંડો છે. એ ઠંડા સ્વભાવથી જોતાં '**(ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે;...**' આહાહા..! એ અગ્નિના નિમિત્તથી ઉષ્ણતા જે દેખાય છે એ જળના સ્વભાવની સમીપ જોતાં તે ઉષ્ણતા જૂઠી છે. ઉષ્ણતા એ કોઈ ચીજ અંદરમાં છે નહિ. આ તો દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત.

'**એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે...**' આહા..! પાણીને જેમ અગ્નિનું નિમિત્ત છે અને ઉષ્ણતા દેખાય છે, એમ આત્મામાં કર્મનું નિમિત્ત છે અને અંદર દુઃખરૂપી દશા સંકલ્પ વિકલ્પનું સંયુક્તપણું દેખાય છે. કર્મ નિમિત્ત છે અને એની સાથે સંયુક્ત નામ પુણ્ય અને પાપ, હરખ અને શોક એવું સંયુક્તપણું આત્માને, પાણીમાં જેમ ઉષ્ણપણું દેખાય છે, એમ આત્મામાં એ સંયુક્ત નામ વિકારના સહિતપણું દેખાય છે. એ અપેક્ષાએ ભલે હો. પણ દૃષ્ટિનો વિષય કરતાં... આહાહા..! છે?

'**એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ...**' બહુ ઝીણું, ભાઈ! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એને મોહ સાથેનું સંયુક્તપણું વર્તમાનમાં રાગ અને દ્વેષની અપેક્ષાએ છે. '**તોપણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે...**' પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનરૂપથી એક જીવસ્વભાવને જોતાં. આહાહા..! એ સંયુક્ત નામ વિકારનું સંયુક્તપણું ન જોતાં સંયુક્તપણું વ્યવહારે પર્યાયમાં છે. પણ જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, જેને ધર્મની પહેલી દશા પ્રગટ કરવી છે, એણે એ મોહનું સંયુક્તપણું ન જોતાં આત્માના ચૈતન્યના સ્વભાવને જોવો. આહાહા..! છે?

આત્મા જ્ઞાનરૂપ જે છે '**એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.**' શું કીધું ઈ? જળમાં જેમ ઉષ્ણતા છે એ શીતળ સ્વભાવની અપેક્ષાએ જૂઠી છે. એમ આત્મામાં મોહના નિમિત્તથી રાગ-દ્વેષ અને મિથ્યા ભ્રાંતિ આદિ જણાય, વિકારનું સંયુક્તપણું જણાય તે વ્યવહારથી, પર્યાયથી, વર્તમાનથી છે. પણ જળનો

જેમ સ્વભાવ જોતાં ઉષ્ણતા નથી, એમ ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ જોતાં એ તો જાણનાર-દેખનાર પ્રભુ છે. એવો જાણવા-દેખવાનો સ્વભાવ જોતાં મોહનું સંયુક્તપણું એટલે રાગ-દ્વેષ અને દુઃખનું સહિતપણું, એ બધું જૂઠું છે. આહાહા..! આવી વાત છે. ધર્મની ઝીણી વાત છે આ. ૧૪મી ગાથા આખી સમ્યગ્દર્શનની છે.

સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. સાચી શ્રદ્ધા એટલે કહેવામાત્ર એમ નહિ. આત્માનો નિજ સ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવો સ્વભાવ બોધ જોતાં, આત્માનો બુદ્ધ જોતાં, બોધ નામ જ્ઞાન જોતાં તે મોહનું સંયુક્તપણું, દૃષ્ટિની અપેક્ષાએ આત્માને જોતાં મોહનું સંયુક્તપણું, રાગપણું જૂઠું છે. આવી વાત છે. આહાહા..! સમ્યગ્દર્શન એને કહીએ, પ્રભુ! ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થાય છે. આ બહારની આ બધી વાતું છે એમાં એ શુભભાવ હોય, પણ એ મોહનું સંયુક્તપણું છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

એ કહે છે કે મોહનું સંયુક્તપણું અનાદિથી છે. પર્યાયમાં એની દૃષ્ટિ વર્તમાન હોવાથી તે રાગને, દ્વેષને, મોહને જ ભાળે છે. પણ તેને ન જોતાં મોહના સંયુક્તપણા રહિત બોધ-જ્ઞાન સ્વભાવ જોતાં એ મોહનું સંયુક્તપણું જૂઠું છે. એટલે કે મોહ રહિત આત્માને જોતાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરતાં એને આનંદનું વેદન આવતાં મોહનું સંયુક્તપણું, દુઃખપણું તે જૂઠું છે. આત્માનો આનંદ અનુભવ આવતાં જ્ઞાન સ્વભાવ સાથે આનંદ છે. ભાષા અહીં બોધ શબ્દે જ્ઞાન લીધું છે. જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ છે. આ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદને જોતાં, રાગ જે દુઃખરૂપ દશા છે તે જૂઠી છે. આહાહા..!

આટલે બોલે પહોંચાડવું. વજાભાઈ! મારગ તો આવો છે, પ્રભુ! બહારની વાતું બધી ગમે તેટલી હો. શુભભાવને પણ અહીં મોહમાં નાખ્યો છે. શુભભાવ. એ પણ મોહ સંયુક્તપણામાં નાખ્યો છે. એ મોહ સંયુક્ત નામ મોહ રાગને શુભને જોવો તો પર્યાયમાં શુભ છે. પણ એ કોઈ વસ્તુ સ્વરૂપ નથી. આહાહા..! એ કંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી, એ કંઈ શુદ્ધનય જે પૂર્ણાનંદના નાથને જણાવે એ શુદ્ધનયની દૃષ્ટિએ, એ શુભભાવ મોહનું સંયુક્તપણું-શુભભાવનું સહિતપણું નથી. આરે આરે..!

શુભભાવનું સહિતપણું એની દૃષ્ટિએ જોતાં વર્તમાન દૃષ્ટિએ, પર્યાય દૃષ્ટિએ, મિથ્યાદૃષ્ટિએ દેખાય છે. આહાહા..! પણ તેનો સ્વભાવ જોતાં ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ! ઓહો..! શુદ્ધનય કહ્યું છે ને આને? આ શુદ્ધનય કેમ કહેવાય એની વ્યાખ્યા છે ને? મથાળું એ છે. મથાળું એ છે ને? શુદ્ધનય કોને કહેવી? મથાળું એ છે. આહાહા..! ઘણાં ઘણાં ધીરજની વાતું છે, પ્રભુ! આ કોઈ બહારથી મળી જાય ચીજ ધમાધમ કરવાથી (એવું નથી). આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવનું ફરમાન છે કે, શુભભાવ સહિત આત્માને જો તો મોહ

સહિત તેં જોયો. તેં આત્માને ન જોયો. સમજાય છે કાંઈ? શુભભાવની ક્રિયા ઉપર જો તારી દૃષ્ટિ હોય તો મોહ સંયુક્તપણે તેં આત્માને જોયો, દુઃખવાળો તેં જોયો. પણ અંતર દૃષ્ટિએ જોતાં એ દુઃખના સંયુક્તપણાનો અભાવ છે. અંતર આનંદમૂર્તિ છે. આહાહા..! આ પાંચમો બોલ છે. ચાર બોલ આવ્યા હતા.

જ્ઞાનરૂપ છે એવા જીવસ્વભાવની સમીપ જોતાં... આહાહા..! છે? એ અભૂતાર્થ છે. સમીપ જઈને અનુભવ કરતાં.. આહાહા..! એ શુભરાગ તરફનું લક્ષ છોડી.. આ તો ભવના અભાવની વાત છે, પ્રભુ! જન્મ-મરણ રહિત કેમ થવાય એની વાત છે, પ્રભુ! અહીં તો. બહારની વાતના ભભકા બધા, મહાણના હાડકા જેમ તેજ મારે એમ બધા હાડકા તેજ મારે છે આ બહારના વૈભવ. અંતરનો વૈભવ જે ચૈતન્ય...

કુંદકુંદાચાર્યે જ્યારે શરૂઆત કરી ત્યારે એમ કહ્યું, હું મારા નિજ વૈભવથી આ સમયસાર કહીશ. પાંચમી ગાથા. મારા નિજ વૈભવથી સમયસાર કહીશ. નિજ વૈભવ શું વળી? નિજ વૈભવ જ્ઞાન, આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા એ જેનો નિજ વૈભવ છે. એ વૈભવ છે. નિજ વૈભવ એ છે. જગતનો વૈભવ આ ધૂળ પૈસા, મકાન ને મોટરું-ફોટરું ને દાગીના ને લૂગડા, ઠાઠ પહેરેલા શરીરમાં... આહાહા..! એ બધા મહાણના હાડકામાં ફોસ્ફરસ જેમ દેખાય એવો એ ફોસ્ફરસ છે. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાન સમીપે જોતાં, એ જઈને જોતાં એ અનુભવ મોહ ને રાગનો સંયોગ જૂઠો છે. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ પ્રાપ્તિની આ કળા છે?

ઉત્તર :- આ જ કળા છે. ધર્મ પામવાની પ્રભુ આ એક રીત છે. બીજા ભલે બીજા રસ્તા બતાવતા હોય, એ છેતરાઈ જશે. બાપા! આવો ભવ મળ્યો. એ ક્યાં જશે? દેહ તો છૂટી જવાનો છે. દેહની મુદ્દત તો અમુક છે. તે મુદત તો એક સમય પણ ફરે એવી નથી. લાખ વૈદ આવે અને એના ઇંજેક્શન લગાવે. જે સમયે દેહ છૂટવાનો ક્ષેત્રે-નિમિત્તે તે છૂટ્યે છૂટકો છે. પ્રભુ ચાલ્યો જશે અહીંથી. આહાહા..! એ ક્યાં જશે પ્રભુ? એ તો નિત્ય રહેનાર છે. જેની દૃષ્ટિ રાગ અને પુણ્ય અને મોહ ઉપર છે એ નરક અને નિગોદ ને એકેન્દ્રિયના ભવમાં જશે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

અને જેની દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય હીરલો, હીરાને જેમ પાસા હોય, એમ પ્રભુમાં અનંત ગુણના પાસા ભર્યા છે. પણ એ અનંત ગુણના ભેદને પણ ન જોતાં.. આહાહા..! એકલો આત્મા અંતરમાં જોતાં, એના સમીપ જોતાં એ રાગનું સહિતપણું તે જૂઠું છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! મારગડા જુદા, બાપા! દુનિયાની સાથે મેળ ન ખાય એથી જૂઠું લાગે, એકાંત લાગે પણ માર્ગ તો આ છે. આહાહા..! એ પાંચ બોલ થયા.

એનો ભાવાર્થ. ભાવાર્થ છે ને?

'**ભાવાર્થ :- આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે :**' પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે. '**અનાદિકાળથી કર્મપુદ્ગલના સંબંધથી બંધાયેલો, કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે,...**' એ પહેલો બોલ. બદ્ધસ્પૃષ્ટનો. '(૨) **કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ...**' ગતિ દેખાય છે. ગતિ છે. મનુષ્યગતિ, નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ એ કર્મના નિમિત્તના સંગે જોતાં તે ગતિ છે. આહાહા..! છે? '**આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે,...**' એટલે શું? નારકીપણે એકવાર થાય, એકવાર કીડો થાય, એકવાર કાગડો થાય, એકવાર હંસલો થાય અને એકવાર સિંહ થાય અને એકવાર વાઘ થાય. આહાહા..! આવી ગતિના ભિન્ન ભિન્ન અવતારો વર્તમાન પર્યાયદૃષ્ટિથી જોતાં તે છે. એ ગતિ છે. પછી કાઢી નાખશે.

'(૩) **શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ...**' એ ઝીણી વાત છે જરી. જ્ઞાનની પર્યાયમાં અનંત ગુણી પર્યાય ખીલે કે ઓછી ખીલે એ બધી પર્યાયના ભેદો છે તે અવિભાગ પ્રતિચ્છેદ (છે). એટલે? જ્ઞાનની જે પર્યાય છે.. ઝીણી વાત છે. એમાં એટલી તાકાત છે કે એના અવિભાગ-જેના ભાગ ન પડે એવા જો અંશ ગણો તો એ જ્ઞાનની પર્યાયના અંશો અનંત છે. ઝીણી વાત છે. જ્ઞાનની એક સમયની પર્યાયમાં એ પર્યાય અનંતને જાણે છે માટે તે પર્યાયના અવિભાગ નામ ભાગ ન પડે એવા પ્રતિચ્છેદ અંશો જુઓ તો અનંત છે. પર્યાય દૃષ્ટિથી જુઓ તો તે અનંત અંશો છે. છે?

'**એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી,...**' આહાહા..! એ વસ્તુનો સ્વભાવ છે એમ કીધું. શું કીધું? પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ અંશો દેખાય છે એ વસ્તુનો સ્વભાવ છે, પર્યાયનો. પર્યાયનો. એનો નિષેધ કરે કોઈ ખોટી રીતે એમ પણ નહિ. પર્યાયમાં એ ભાગ છે. છે કીધું? શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ છે. વધે પણ છે, ઘટે પણ છે. પર્યાયમાં વધે ને ઘટે એવું થયા જ કરે છે. એ વસ્તુનો સ્વભાવ છે. નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી તેથી.

'(૪) **વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે...**' જ્ઞાન, દર્શન, આદિ ગુણોના ભેદથી અનેક દેખાય છે. આહા..! '**અને (૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે.**' આહાહા..! જગતની કલ્પના સુખની અને દુઃખની એવી કલ્પના પણ પર્યાયમાં છે. આહાહા..! પણ એ કાંઈ ચીજ નથી. જગતમાં સુખની કલ્પના પૈસામાં, ધૂળમાં, શરીરમાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરૂમાં સુખ છે એવી કલ્પના છે એ છે. પ્રતિકૂળતામાં દ્વેષનું દુઃખ છે એ દુઃખ પણ

છે. પણ એ પર્યાયમાં છે. ત્રિકાળી વસ્તુમાં છે નહિ. એ શુદ્ધનયનો વિષય નહિ. આહાહા..!

**'આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...'** અશુદ્ધ દ્રવ્યાર્થિક કેમ કહ્યું? કે દ્રવ્ય પોતે પર્યાયમાં પરિણમે છે તેથી અશુદ્ધદ્રવ્યાર્થિક કહ્યું. ઝીણી વાત છે. છે પર્યાય પાંચ. પણ અશુદ્ધ દ્રવ્યાર્થિક કીધી. કેમ? એ દ્રવ્ય પોતે પર્યાયપણે પરિણમે છે. એથી અશુદ્ધ દ્રવ્યાર્થિક કીધું છે એને. ત્રિકાળી શુદ્ધ દ્રવ્યાર્થિક છે એ તો નિર્મળ છે અને આ પર્યાય જે છે અશુદ્ધ, અશુદ્ધ દ્રવ્યાર્થિક દ્રવ્ય એટલે વસ્તુ, અશુદ્ધ એટલે મલિન. એને જોતાં **'વ્યવહાર નયનો વિષય છે.'** એ પાંચ ભાવો છે. છે?

**'એ દૃષ્ટિ (અપેક્ષા)થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ આત્માનો એક સ્વભાવ...'** આહાહા..! **'આ નયથી ગ્રહણ નથી થતો,...'** વ્યવહારનય, પર્યાયનય, વર્તમાન અવસ્થાને જોનારું જ્ઞાન જોતાં તે વસ્તુનો સ્વભાવ જોઈ શકાતો નથી. આહાહા..! તેથી તે પાંચ બોલો તે વસ્તુના સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ જૂઠા છે. આહાહા..! બહારની તો વાત જૂઠી છે. બાહ્ય પદાર્થ તો બહાર રહી ગયા. પણ એની પર્યાયમાં આ પાંચ પ્રકાર છે એની વાત છે. શરીર, વાણી, મન, કર્મ એ આત્માના પર્યાયમાં નથી. શું કીધું ઈ? આ શરીર, વાણી, મન, પૈસો, સ્ત્રી, કુટુંબ એ આત્માની પર્યાયમાં પણ નથી. આત્માના દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં એ ચીજ નથી. આહાહા..! એની પર્યાયમાં હોય તો આ પાંચ બોલ છે. બદ્ધસ્પૃષ્ટ, ગતિ, પર્યાયની અનેકતા, ગુણભેદ અને મોહ સંયુક્તપણું એ એની પર્યાય-અવસ્થામાં દેખાય છે. એની અવસ્થામાં બાયડી, કુટુંબ, છોકરા, પૈસો એ એની પર્યાયમાં પણ નથી. આહાહા..! શું કીધું સમજાય છે કાંઈ?

આ શરીર છે એ આત્માની પર્યાયમાં નથી. આ વાણી છે એ આત્માની દશામાં નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી, એનો પ્રશ્ન અહીં છે નહિ. આ તો આ શરીર ને કર્મ જે છે આઠ, એ પણ આત્માની એક સમયની પર્યાયમાં કર્મ નથી. કર્મના નિમિત્તનો રાગ ને દ્વેષ ને મોહ એ એની પર્યાયમાં છે. કર્મ નથી. આહાહા..! લક્ષ્મીચંદભાઈ! આવી ઝીણી વાતું છે. આફ્રિકામાં નાઈરોબી આ.

મુમુક્ષુ :- અહો ભાગ્ય અમારા!

ઉત્તર :- આહાહા..! વાત સાચી. આવી વાત કાને પડવી પણ અત્યારે મુશ્કેલ થઈ પડ્યું છે. હિન્દુસ્તાનમાં મુશ્કેલ થઈ પડ્યું છે ત્યાં પરદેશમાં તો..

અહીં કહે છે, એ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે પાંચ બોલ કર્મનો સંબંધ, નારકી, દેવાદિ ગતિ, જ્ઞાનની પર્યાયની હિનાધિકતા, ગુણભેદ અને મોહથી સંયુક્ત રાગ-દ્વેષ અને દુઃખ એ પર્યાયદૃષ્ટિએ અશુદ્ધ દ્રવ્યાર્થિક જોઈએ તો વ્યવહારનયે એને કહીએ. અશુદ્ધદ્રવ્યાર્થિક કહો કે વ્યવહાર કહો

કે પર્યાયદૃષ્ટિ કહો, ત્રણે એક છે. આહાહા..! **'અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે. એ દૃષ્ટિ (અપેક્ષા)થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે.' 'પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** આહાહા..! વ્યવહારનયથી આત્માનો એક સ્વભાવ, એકરૂપ જે સમ્યગ્દર્શનનો વિષય એ આ નય-વ્યવહારનયથી પકડાતો નથી. વ્યવહારનયથી તે જણાય એવો નથી. આહાહા..!

કહે છે કે એ પુણ્ય અને પાપના ક્રિયાના પરિણામથી આત્મા જણાય એવો નથી. આહાહા..! શુભ અને અશુભરૂપના ભાવ અસંખ્ય પ્રકારના છે તેનાથી, એ પર્યાયનો વિષય છે વ્યવહારનો એનાથી આત્મા જણાય એવો નથી. આહાહા..! જ્ઞાનનો ઉઘાડ અગિયાર અંગ અને નવ પૂર્વનો હોય, એનાથી પણ કાંઈ આત્મા જણાય એવો નથી, એમ કહે છે. આહાહા..! એ તો એની વર્તમાન અવસ્થામાં છે. વસ્તુ ત્રિકાળ જોતાં એ પર્યાયની દૃષ્ટિ જૂઠી છે. આહાહા..! અગિયાર-અગિયાર અંગના જ્ઞાન અને ચામડા ઉતરડીને ખાર છાંટે અને ક્રોધ ન કરે એવી ક્રિયા પણ અનંત વાર કરી છે. એ બધી રાગની ક્રિયા, મોહની ક્રિયા છે. એને જોતાં તે છે. એ વ્યવહારનયે જોતાં અશુદ્ધ દ્રવ્યાર્થિક, અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર કહ્યો કેમ? કે દ્રવ્ય પોતે પરિણમ્યું છે માટે અશુદ્ધ દ્રવ્યાર્થિક કીધું. પર્યાયરૂપે. એથી એને વ્યવહારનય કીધો. અને એ નયથી જોતાં અશુદ્ધદ્રવ્યાર્થિક કીધું. પર્યાયરૂપે. એથી એને વ્યવહારનય કીધો. અને એ નયથી જોતાં આત્માનો એક સ્વભાવ ગ્રહણ નહિ થાય. સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા..! આ પાંચને જોતાં સમ્યગ્દર્શન નહિ થાય. શુભરાગને જોતાં સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા..! ભગવાનની ભક્તિ આદિનો રાગ એને જોતાં સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા..! હોય છે. નબળાઈને લઈને એ અશુભથી બચવા શુભભાવ આવે પણ એનાથી આત્મા જણાય એવો નથી. છે?

**'આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** આહાહા..! ઝીણી વાત છે. પાંચ ભાગ જે કહ્યા એ વડે કરીને આત્માનું સમ્યગ્દર્શન થઈ શકતું નથી. એ વડે આત્મા જાણવામાં આવી શકતો નથી. અને **'એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય?'** આહાહા..! છે? એકરૂપ સ્વભાવ આત્માનો ત્રિકાળ, એને જાણ્યા વિના યથાર્થ આત્માનું જ્ઞાન કેમ થાય? ભેદથી, ગુણભેદથી અને મોહના શુભરાગથી જોતાં સમકિત થાય નહિ. આહાહા..! છે?

મુમુક્ષુ :- અનુપમ વાત છે, મીઠી મધુરી વાત છે. આ વાત બહુ અલૌકિક છે.

ઉત્તર :- વાત તો આવી છે, બાપુ!

મુમુક્ષુ :- વાત તો બરાબર છે પણ હવે આ ઉદય..

ઉત્તર :- એ કરવું કેશવલાલભાઈ ત્યાં ઓલામાં રસ પડ્યો છે બહાર એ ફેરવી નાખવો. એ તો હાથની વાત છે, બાપા! સંસારનો રસ પોતે કર્યો છે ને? તો એ રસ પોતે કર્યો એ ફેરવી શકે. અને એ વિના એનો કા ેઈ ઉપાય નથી. લાખ ઉપાય બીજા કરે, અનંત ઉપાય કરે પણ આ પાંચ પ્રકારથી આત્મા જાણ્યો જાય એવો નથી. આહાહા..! જેઠાલાલભાઈ! એમાં શુભભાવ આવ્યો, હોં! મોહસંયુક્તપણું આવ્યું ને?

મુમુક્ષુ :- દૃષ્ટિ ફેરવી નાખવી.

ઉત્તર :- ત્યાં દૃષ્ટિ છે ત્યાં સુધી અહીં જોઈ નહિ શકે એને. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ ફેરવવાનું અમારાથી હજારો માઈલ દૂર છે.

ઉત્તર :- વાત તો એક જ છે આ. દૃષ્ટિ ફેરવવાનો ઉપાય આ એક જ છે. બીજો એકેય ઉપાય છે નહિ. પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી, વ્યવહાર છોડીને નિશ્ચય કરવો, ભેદ છોડીને અભેદ જોવો, રાગ છોડીને સ્વભાવને જોવો. આ વિના બીજો કોઈ ઉપાય એનો છે નહિ. આહાહા..!

એ વિના તો ચાર ગતિ પડી છે, બાપા! ચોર્યાસીના અવતાર પડ્યા છે. આહા..! એ અવતારની વાતું શાસ્ત્ર કરે. એકેન્દ્રિય ને પૃથ્વી ને પાણી ને અગ્નિ ને વાયુ ને વનસ્પતિ. એ કંદમૂળમાં અવતર્યો બટાટામાં, ડુંગળીમાં, લસણમાં એ અવતર્યો અનંત વાર. એમાં એને અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન રહી ગયું. બાકી મહા દુઃખ છે. મહાદુઃખી. નારકી કરતાં એ (વધારે) દુઃખી છે. નારકીને તો હજી ક્ષયોપશમભાવ છે અને સંયોગો પ્રતિકૂળ છે તેનું દુઃખ છે. અને નિગોદના જીવને સંયોગ પ્રતિકૂળ છે નહિ. એની પર્યાયમાં પ્રતિકૂળ છે. પર્યાયમાં હિણી દશા કરી નાખી છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિપણે જીવને બરાબર જાણ્યો નહિ એથી એવી સ્થિતિમાં ઊપજી ગયો કે એને બીજા જીવો જીવ માને નહિ એવી સ્થિતિમાં ઉપજી ગયો. જીવ માને નહિ. આ જીવ! લસણમાં અનંત જીવ? ડુંગળીમાં અનંત જીવ? કેમ ન માને? કે એણે પોતે પોતાના આત્માને માન્યો નહોતો. આહાહા..! સમજાય છે કાંઈ?

એ બીજી ભાષાથી અમે સંપ્રદાયમાં કહેતા. આ સંપ્રદાયમાં વાત કરતાં ૫૦ વર્ષ પહેલાં, ૬૦ વર્ષ પહેલાં. આ તો ૬૭ વર્ષ થયા દીક્ષાને. જે આત્માને આળ આપે છે. એવો પાઠ છે. જે આત્માને રાગવાળો માને છે, પરનો કર્તા માને છે, પરથી મને લાભ થશે એમ માને છે એ આત્માને આળ આપે છે. આળ આપે છે એનું પરિણામ-એવી સ્થિતિમાં એ જવાનો કે બીજા એને જીવ માની શકશે નહિ એમાં જવાનો. પંડિતજી! આ શબ્દ છે. (સંવત) ૧૯૭૪ની સાલથી વ્યાખ્યાન ચાલે છે હજારો માણસોમાં. ૭૪થી. ૬૨ વર્ષ થયા. હજારો માણસોમાં વ્યાખ્યાન (ચાલતા). ત્યાં પણ માણસોના ટોળા ગામડામાં પણ આવે. કાનજીસ્વામી આવે

છે, વ્યાખ્યાન સાંભળો. માણસના ટોળા આવતા. પણ વાત આ અમારી હતી. આત્મામાં જે રાગાદિ થાય છે એ હું છું એમ માનનાર આત્માને આળ આપે છે. અભ્યાખ્યાન આપે છે.

મુમુક્ષુ :- આળ આપે એટલે?

ઉત્તર :- આળ આપે એટલે કે આ નહિ, એમ આળ આપે છે. આળ નથી કહેતા આળ? કહે છે ને આપણે ગુજરાતીમાં કહે છે. કલંક, આળ શું કહે છે?

મુમુક્ષુ :- આરોપ.

ઉત્તર :- આરોપ કહો. અમારે આપણે કાઠિયાવાડી ભાષામાં આળ-આરોપ આપે છે.

જે રીતે છે તેનાથી વિપરીત માન્યતા હોવાથી તે આત્માને આળ-આરોપ આપે છે જૂઠો. એટલે હું નથી. એમ માનનારાઓ એવે ઠેકાણે જવાના કે બીજા જીવો એને જીવ માની શકશે નહિ. એ પોતે પોતાના જીવને માની શક્યો નથી તેથી એવી સ્થિતિમાં ઉત્પન્ન થવાના કે બીજા જીવો એને જીવ નહિ માની શકે. આહાહા..! એને તો ખબર નથી પણ બીજા જીવ (એને જીવ નહિ માને). આ લસણમાં અનંતા જીવ કોણ માને? ડુંગળીની એક કટકીમાં અનંતા જીવ કોણ માને? ભલે એ જૈનમાં જન્મ્યા હોય અને એને લઈને હા પાડે વ્યવહારે, પણ અંદર પરમાર્થે અનંત આત્માઓ છે. એક એક આત્મા અનંત ગુણનો પિંડ છે, એક એક આત્માને તૈજસ અને કાર્માણ શરીર છે. એક એક આત્મામાં અનંત આનંદ ભર્યો છે. લસણ અને ડુંગળીની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ અને એક જીવમાં અનંત આનંદ ભર્યો છે. આહાહા..! કોણ માને?

મુમુક્ષુ :- અત્યાર સુધી ખાધું છે. અને બાબુભાઈએ અમને બટેટા મુકાવી દીધા હતા બે વર્ષ પહેલાં. આજે પ્રતિજ્ઞા લઉં છું લસણ નહિ ખાવાની. લસણ ખુબ ખાધું છે. આજથી પ્રતિજ્ઞા કરું છું કે હવે લસણ નહિ ખાવાનું. બાબુભાઈ પ્રતિજ્ઞા આપી ગયા હતા.

ઉત્તર :- એ તો બાપુ સાધારણ વાત છે ને. કંદમૂળ ખાવા, કંદમૂળ ખાવા એ અનંતા જીવ. લસણ, ડુંગળી... ઓલા શું કહેવાય? શક્કરિયા. શક્કરિયા કહવાયને? શું કહેવાય? શક્કરકંદ. એ એક એક કટકીમાં અસંખ્ય શરીર અને અનંત જીવ. એ ખોરાક જૈનને હોય નહિ. આહાર છોડી દેવો જોઈએ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે, જેણે આત્માને આળ આપ્યા છે એટલે આરોપ ખોટો આપ્યો છે કે હું તો રાગી છું, હું તો પરનો કર્તા છું, પરનું ભલું-બુરું કરી શકું છું, એવું જે જ્ઞાન સ્વરૂપમાં નથી એવો જેણે આત્માને આળ આપ્યો એ એ રીતે અવતરશે કે બીજા જીવો એને જીવ માનશે એ સ્થિતિમાં નહિ રહે. નિગોદમાં જીવ છે એ કોણ માને બાપા? આહાહા..! એવી સ્થિતિ કરીને ગયો છે ત્યાં. અને બાકી તો અનંતા જીવ અનાદિના ભ્રાંતિમાં પડ્યા છે.

અહીં કહે છે કે એણે '**એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય? આ કારણે બીજા નયને-તેના પ્રતિપક્ષી શુદ્ધ દ્રવ્યાર્થિક નયને-...**' પાંચ પ્રકારથી જોવો એ વ્યવહારનય છે અને અશુદ્ધદ્રવ્યાર્થિક છે. એની વિરૂદ્ધનો શુદ્ધ દ્રવ્યાર્થિક છે. શુદ્ધ દ્રવ્ય એટલે આત્મા. એને જોવાના નયથી '**ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર...**' આહાહા..! એક જાણનાર-દેખનાર ચૈતન્યસૂર્ય ચૈતન્યચંદ્ર અંદર શીતળ... શીતળ... શીતળ... શીતળ... પ્રકાશનો શીતળમય પ્રભુ, એ અસાધારણ જેનો જ્ઞાયક સ્વભાવ છે એને આત્માનો ભાવ લઈ તેને શુદ્ધનયની દૃષ્ટિથી '**સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...**' કરી શરીર, કર્મ, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ આદિથી જુદો '**સર્વ પર્યાયોમાં એકાકાર,...**' બધી ગમે તેટલી અવસ્થા હોય પણ વસ્તુ તો અંદર એકાકાર પડી છે. એને ત્રણે કાળમાં આવરણ નથી. એવી એ વસ્તુ અંદર પડી છે. ત્રિકાળ સર્વ નિરાવરણ. નિરાવરણપણું એટલે આવરણ એને છે જ નહિ. એવી ચીજ પડી છે અંદર. એ દૃષ્ટિએ જોતાં '**જ્ઞાયક આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિવૃદ્ધિથી રહિત,...**' એ પાંચ બોલની વાત કરી. અને '**વિશેષોથી રહિત...**' એ ગુણના ભેદથી રહિત. '**અને નૈમિત્તિક ભાવોથી રહિત જોવામાં આવે તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.**' પાંચેય ભાવો તે આત્માનું સમ્યગ્દર્શન કરતાં, ત્રિકાળી સ્વભાવને જોતાં એ પાંચ ભાવ તે અભૂતાર્થ નામ જૂઠા છે. સત્ય એક પ્રભુ પરમાત્મા ત્રિકાળી છે એની દૃષ્ટિ કરવી એ ભવના અંતનો ઉપાય છે. બાકી ભવના અંતનો બીજો કોઈ ઉપાય છે નહિ. ભક્તિ હો, સ્તવન હો, સ્તુતિ હો, હો. પણ એ બધું વિકલ્પ અને રાગ છે. એથી અહીં કહે છે કે રાગના સહિતપણાને ન જોતાં, રાગરહિત છે પ્રભુ. તારે ભવનો અંત કરવો હોય તો. ભવનો છેદ કરવો હોય તો.. આહાહા..! આ રીતે આત્માને આત્માને પાંચ ભાવોથી રહિત (જોવો). અનેક પ્રકારનું છે તે જૂઠું છે.

હવે '**અહીં એમ જાણવું...**' આ તો વિશેષ વાતું છે. ભાવાર્થમાં ઘણી વાતું છે. સમજવી કઠણ પડશે. પંદરમી ગાથા લઈએ. ૧૫મી. હવે પંદરમી ગાથા. કારણ કે દિવસ દસ તો થઈ ગયા. ગાથાઓ તમે ઘણી લખી છે આમાં. એ કાંઈ બધી ચાલશે નહિ. આહાહા..! હિન્દી છે હિન્દી? લાવોને જરી હિન્દી હોય તો હિન્દીમાં સાંભળે. આ માલની ગાથા છે, હોં! જૈનશાસનની ગાથા છે આ. કેટલા થયા?

પંદરમી ગાથામાં શું કહે છે? પા કલાક હિન્દી સાંભળો.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

'**ટીકા :- જે આ અબદ્ધસ્પૃષ્ટ,...**' છે. જે ૧૪મી ગાથામાં કહેવામાં આવ્યું હતું એ '**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે...**' એ પાંચ ભાવથી ભિન્ન આત્માની અનુભૂતિ છે. પાંચ ભાવ એ આત્માની અનુભૂતિ નથી. '**તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' આહાહા..! શું કહે છે? એ પાંચ બોલના ભેદથી રહિત, બદ્ધસ્પૃષ્ટથી રહિત, નરકગતિ આદિથી રહિત પર્યાયના ભેદથી રહિત, ગુણભેદથી રહિત અને છેલ્લે મોહસહિત રાગભાવથી રહિત, એમ આત્માને જોતાં.. છે? એ આત્માની અનુભૂતિ છે એ જૈનશાસનની અનુભૂતિ છે. એણે જૈનશાસન જાણ્યું. એને જૈનશાસનમાં જાણવામાં આવ્યું.

જેણે આ પાંચ ભાવથી રહિત, જે ૧૪માં બોલ કહ્યા હતા તે, એ પાંચ બોલથી રહિત અંદર આત્મ સ્વભાવનો અનુભવ કરવો એ જૈનશાસન છે. આ સાર આવ્યો બધો. ધનકુમારજી! .... આહાહા..! જૈનશાસન એને કહે છે કે આત્માને પાંચ બોલથી રહિત અંદર જોવો એનું નામ જૈનશાસન છે. જૈનશાસન કોઈ સંપ્રદાય નથી, જૈનશાસન કોઈ પંથ-વાંડો નથી. જૈનશાસન એ વસ્તુ વીતરાગસ્વરૂપ આત્મા છે. એ વીતરાગસ્વરૂપ આત્મા છે એને પાંચ ભાવથી રહિત જોવો એ અનુભૂતિને જૈનશાસન કહેવામાં આવે છે. આહાહા..! એને જૈન ધર્મ કહેવામાં આવે છે. એને વીતરાગી ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! બીજો કોઈ ધર્મ છે નહિ.

અબદ્ધસ્પૃષ્ટ છે? '**તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' આહાહા..! ચાર અનુયોગ, બાર અંગ એમાં બધામાં આ સાર છે. સમસ્ત બાર અંગની અંદર જે કહેવામાં આવ્યું હોય, તાત્પર્ય જે કહેવામાં આવ્યું હોય તો એ પુણ્ય અને પાપ અને પાંચ ભેદ જે કહ્યા એનાથી રહિત આત્માને જાણવો, અનુભવ કરવો એ જૈનશાસન છે. એ જૈનશાસન કોઈ સંપ્રદાય નથી. એ વસ્તુની અનુભૂતિ, વસ્તુ વીતરાગ સ્વરૂપ છે. આત્મા એનો મૂળ સ્વરૂપ વીતરાગ સ્વભાવ છે. એની અનુભૂતિ પણ વીતરાગ પર્યાય છે. એ વીતરાગ પર્યાયને અહીં જૈનશાસન કહેવામાં આવ્યું છે. ભભુતમલજી! પૈસા-બૈસા તો આમાં કાંઈ કામ એવા નથી. આઠ લાખ નાખ્યા છે ને એમણે? બેંગલોર મંદિરમાં આઠ લાખ નાખ્યા છે. પણ કીધું કે રાગ મંદ હોય તો શુભ હો, પુણ્ય છે. ધર્મ નથી. ચોખ્ખી વાત છે અહીં તો.

મુમુક્ષુ :- .. કરે તો પુણ્ય છે.

ઉત્તર :- એ ધર્મ કરે તો પુણ્ય નહિ. ધર્મ કરે તો આનંદ આવે. ધર્મ કરે તો આત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે. એ અતીન્દ્રિય સ્વરૂપ ઉપર જો દૃષ્ટિ પડે તો એને અતીન્દ્રિય આનંદ આવે. એને રાગ નથી. રાગ એ જૈનશાસન નથી. જૈન શાસન વીતરાગ શાસન છે. જૈનશાસન

વીતરાગ શાસન છે. તો જેમાંથી વીતરાગ પર્યાય ઉત્પન્ન થાય એ જૈનશાસન છે. તો વીતરાગ પર્યાય કેમ ઉત્પન્ન થાય? એ પાંચ બોલથી રહિત અંતર અખંડાનંદ આત્મા.. આવ્યું ને?

**'આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી...'** પાંચથી રહિત છે એમ આવ્યું ને? **'અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે. કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.'** જરી ઝીણી વાત છે. શું કહે છે? કે આત્મા જે જ્ઞાયક સ્વરૂપ છે એ આ પાંચ બોલ જે કહ્યા, જે બદ્ધસ્પૃષ્ટપણું, નરકગતિ આદિ પર્યાયના ભેદો, ગુણના ભેદો અને મોહનો રાગ એ પાંચ રહિત આત્માને જોવો એ નિશ્ચયથી જૈનશાસન છે અને એ જિનશાસન શ્રુતજ્ઞાન છે. પંડિતજી! જિનશાસન શ્રુતજ્ઞાન છે-ભાવશ્રુતજ્ઞાન છે. શાસ્ત્રના પાના ભણવા, ભણ્યા એ નહિ. અંદરમાં રાગથી રહિત ચૈતન્યમૂર્તિનો અનુભવ કરવો એનું નામ ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. એનું નામ ભાવશ્રુત કહેવામાં આવે છે અને ભાવશ્રુતજ્ઞાન એ જૈનશાસન છે. કેવળજ્ઞાનની અહીં વાત નથી. સમજાણું કાંઈ? છે?

**'શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.'** તે અનુભૂતિ શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. **'તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.'** ૧૪મામાં સમ્યગ્દર્શનનો અધિકાર હતો. આ સમ્યગ્જ્ઞાનનો અધિકાર છે. સમ્યગ્દર્શન સહિતનું સમ્યગ્જ્ઞાન. પણ સમ્યગ્જ્ઞાન કોને કહેવું? કે આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે, એ પાંચ બોલ જે ચૌદમાં કહ્યા હતા એનાથી રહિત અસંયુક્ત છે. આહાહા..! શુભરાગના ભાવથી રહિત છે એવા આત્માને જોવો, એવા આત્માનો અનુભવ કરવો એને જૈનશાસન (કહે છે). એને શ્રુતજ્ઞાન એ શ્રુતજ્ઞાન એ આત્મા. એ શ્રુતજ્ઞાનને આત્મા કહ્યો અહીંયાં. છે તો શ્રુતજ્ઞાન પર્યાય. પણ એ રાગ નથી ને તો અંતરમાં શ્રુતજ્ઞાન થયું ભાવનું, આ શાસ્ત્રના શબ્દો એ નહિ, ભાવશ્રુતજ્ઞાન અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદ છે, એવું ભાવશ્રુતજ્ઞાન થયું એ ભાવશ્રુતજ્ઞાન એ જૈનશાસન છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્માને ધ્યેય બનાવનારું ભાવશ્રુતજ્ઞાન.

ઉત્તર :- એ ભાવશ્રુત આત્માને ધ્યેય બનાવીને પ્રગટ્યું છે. આત્માને ધ્યેય બનાવીને પ્રગટ થયું છે. બનાવવું એ પહેલા સાધન છે. પણ અહીં તો ધ્યેય બનાવીને પ્રગટ્યું છે. શું કહ્યું? આત્મા જે અંદર પાંચ ભાવોથી ભિન્ન છે એવું જ્ઞાન થાય છે એ તો ધ્યેય થઈને જ્ઞાન થઈ ગયું. અને જ્ઞાન ભાવશ્રુત થયું. ભાવશ્રુત, દ્રવ્યશ્રુત નહિ. વાણીનું જ્ઞાન નહિ, અગિયાર અંગનું જ્ઞાન નહિ. એ ભાવશ્રુત જે છે એ આત્મા છે. ભાવશ્રુત છે એ જૈનશાસન છે અને ભાવશ્રુત છે એ આત્મા છે. આહાહા..! સમજાય છે? દ્રવ્યશ્રુત છે એ આત્મા નથી. શાસ્ત્રનું

જ્ઞાન ને એકલા ... એ આત્મા નહિ. આહાહા..!

ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એનું જ્ઞાન એનું નામ શ્રુતજ્ઞાન કહે છે. એ શ્રુતજ્ઞાન અરૂપી આનંદની સાથે છે. એ શ્રુતજ્ઞાનની સાથે આનંદ આવ્યો છે. દ્રવ્યશ્રુતમાં આનંદ નથી. અગિયાર અંગ ભણ્યો એમાં આનંદ નથી. આનંદ, જે આ ભાવશ્રુત થયું.. આહાહા..! જેમાં શુભરાગથી રહિત થયો. કોઈ એમ કહે કે શુભરાગ કરતા કરતા ભાવશ્રુત જ્ઞાન થયું, શુભરાગ કરતા અંદર નિશ્ચય સમ્યક્ થશે. એ બધી વાત જૂઠી છે. સમજાણું કાંઈ? હિન્દી ભાષા એ સાદી ભાષા છે. ગુજરાતીને સમજાય એવું છે. બહુ હિન્દીવાળા જેવી ભાષા નથી. બહુ સાદી ભાષા છે. અહીં કાંઈ શીખ્યા નથી. આહાહા..!

નિશ્ચયથી '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' એમ કીધું ને? એ ત્રિકાળી જ્ઞાયકભાવ જાણવામાં આવ્યો પાંચ બોલથી રહિત, એ શ્રુતજ્ઞાન ભાવશ્રુતજ્ઞાન. કેવળજ્ઞાન નહિ. કેવળજ્ઞાન તો જૈનશાસનનું આખું ફળ છે. અહીં તો પહેલું જૈનશાસન શ્રુતજ્ઞાન એ જૈનશાસન છે. ભાવશ્રુત જ્ઞાન એ જૈનશાસન છે. ભાવશ્રુતજ્ઞાન એ રાગ વિનાની નિર્મળ પર્યાય છે. એ પર્યાયને અહીં જૈનશાસન કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મ છે એ પર્યાય છે. ધર્મ છે એ પર્યાય છે અને ધર્મી છે એ દ્રવ્ય વસ્તુ છે. એ દ્રવ્યને ધ્યેય કરીને જે પર્યાયધર્મ થયો એ પર્યાયને અહીં જૈનશાસન કહ્યું. શ્રુતજ્ઞાનને જૈનશાસન કહ્યું. આહાહા..! પકડાય છે? '**નિશ્ચયથી સમસ્ત જિનશાસન...**' જુઓ! ચારેય અનુયોગ. ચરણાનુયોગ, કરણાનુયોગ, દ્રવ્યાનુયોગ, કથાનુયોગ આદિ બધા અનુયોગનો સાર આ '**સમસ્ત જિનશાસનની...**' શબ્દ છે? આખું જૈનશાસન. ચારેય અનુયોગમાં આ કહેવામાં આવ્યું છે. આહાહા..! એ રાગથી અને પાંચ...

મુમુક્ષુ :- સમસ્ત જિનશાસનમાં દ્રવ્યશ્રુત લેવું?

ઉત્તર :- દ્રવ્યશ્રુત નહિ, ભાવશ્રુત. દ્રવ્યશ્રુત નહિ. ભાવશ્રુત એ જૈનશાસન છે. દ્રવ્યશ્રુત તો નિમિત્ત છે. દ્રવ્યશ્રુત તો નિમિત્ત છે. નિમિત્તનો અંદર અભાવ છે. ભાવશ્રુતજ્ઞાનમાં દ્રવ્યશ્રુતનો અભાવ છે. એ વસ્તુ નહિ. દ્રવ્યશ્રુત તો અભિવી પણ કરે છે. અભવિ જીવ છે એ પણ દ્રવ્યશ્રુત તો કરે છે. અનંત વાર કર્યું.

ભાવશ્રુત. જ્ઞાનસ્વરૂપ પ્રભુ જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, આત્માનો અનુભવ, આત્માની અનુભૂતિ, આત્માનો આનંદ, વીતરાગી પર્યાય, આત્મા વીતરાગ સ્વરૂપ, એના આશ્રયે જે વીતરાગી પર્યાય થઈ એ ભાવશ્રુતજ્ઞાન, એ જૈનશાસન, એ સમસ્ત જૈનશાસનનો સાર. આહાહા..! છે અંદર? '**સમસ્ત જિનશાસન...**' શબ્દ પડ્યો છે. સમસ્ત જૈનશાસન શબ્દ છે. ચરણાનુયોગમાં આમ કહ્યું છે અને ફલાણામાં આમ કહ્યું છે, ચરણાનુયોગમાં વ્યવહારનયથી

લાભ થાય એમ કહ્યું છે. એ બધું અહીં છે જ નહિ. એ વાત અહીંયાં છે જ નહિ. સમસ્ત જૈનશાસન. આહાહા..! ચારેય અનુયોગોમાં કરણાનુયોગ, ચરણાનુયોગ, કથાનુયોગ, દ્રવ્યાનુયોગ. ચારેયમાં સમસ્ત જૈનશાસન, એની અનુભૂતિ.. આહાહા..!

એ '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ...**' આહાહા..! આત્માના આનંદ ને જ્ઞાનનો અનુભવ, અંતર્મુખ થઈને એ અનુભૂતિ (થવી) આત્માની અનુભૂતિ છે. એ આત્માની અનુભૂતિ છે. રાગની અનુભૂતિ એ આત્માની અનુભૂતિ નથી. શુભરાગ, વીતરાગ શાસન છે. તો આત્માની અનુભૂતિ એ વીતરાગભાવ છે. આત્મા વીતરાગસ્વભાવ છે, આત્મા વીતરાગસ્વભાવ છે અને ચારેય અનુયોગનો સાર વીતરાગભાવ છે. પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથામાં ચારેય અનુયોગનો સાર વીતરાગતા કહ્યું છે. તો વીતરાગતા ક્યારે થાય છે? કે આત્મા વીતરાગસ્વરૂપ છે એનો આશ્રય કરતાં વીતરાગ પર્યાય ઉત્પન્ન થાય છે. એ કારણે વીતરાગ પર્યાયને જૈનશાસન કહ્યું. રાગને નહિ. આહાહા..! આવે વચ્ચે. રાગ હો, પણ એ જૈનશાસન નહિ. આહાહા..! આવી વાત છે.

'**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' હવે એમાં જરી ઝીણી વાત છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)